Vol. 41, No. 12
April 2021
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

અનહદ બાની



□ સુભાષ ભટ્ટ

જીવન હોય કે ધર્મ, આપણી પાસે બે કેડીઓ છેઃ બાખૂદી (આત્મસ્મરણ) અને બેખૂદી (આત્મવિસ્મરણ). એકમાં અહં છે અને બીજામાં અહંનો લોપ છે. એકમાં બા-હોશી અને બીજામાં બે-હોશી છે. પણ આપણે ક્યારેય સ્પષ્ટ રીતે એક માર્ગે નીકળી નથી પડતા. તેનું કારણ એ છે કે બુદ્ધિને જાણવું છે અને હૃદયને જીવવું છે. એકને બધું જ પકડવું છે અને બીજાને બધું પામવું છે. સૂફી (તસ્સવુફ) માનવીના પરમ સાથેના સંબંધને આશિક અને માશૂકા સ્વરૂપે કલ્પે છે. લૈલા અને મજનુ તેવી જ કથા છે. તે બન્ને એકમેકની એવી પરિપક્વ અને પરિશુદ્ધ પ્રતિજ્ઞા કરે છે કે તે ઇબાદત બની જાય છે. જાણે આશિક અને માશૂકા એકમેકમાં ઓગળી જાય છે અને ઇશ્ક જ બચે છે. તે માટે બસારત (ચર્મદૃષ્ટિ) નહીં બસીરત (મર્મદૃષ્ટિ) જોઈએ.

હારૂન અલ-રશીદ અબ્બાસીદ રાજવંશ (ઈ.સ. ૭૫૦-૧૨૫૦)નો એક ખલીફા હતો. તેણે લૈલા-મજનુના ઇશ્ક વિશે ખૂબ સાંભળેલું. તેણે સેવકોને કહ્યું, 'લૈલાને અહીં લઈ આવો, મારે તેને જોવી છે.' અનેક પ્રપંચો પછી સેવકો તેને લઈ આવ્યા. ખંડમાં મીણબત્તીના ઉજાસમાં તેને જોઈ પણ તેની અપેક્ષા જેટલી સુંદર તે ન લાગી. ખલીફાએ સંદેહ સાથે પ્રશ્ન કર્યો, 'શું તું લૈલા છો?' પેલી કહે, 'હા, હું નિઃસંદેહ લૈલા છું પણ તમે મજનુ નથી. તમારી પાસે મજનુની આંખો નથી. માશૂકાને આશિકની દૃષ્ટિથી નીરખવી જોઈએ.'

આપણી આ જ સમસ્યા છે, પરમાત્માને આપણે મનબુદ્ધિ, શબ્દ-શાસ્ત્ર, તત્ત્વજ્ઞાન-દર્શનથી જોઈએ છીએ અને ચૂકી જઈએ છીએ. હાફિઝ શિરાઝી એટલે તો કહે છે,

ઇશ્ક કરતા હૈ તો ફિર ઇશ્કકી તૌહિન ન કર,
યા તો બેહોશ ના હો, હો તો ફિર હોશ મેં ન આ.

□□□

૧૧૬

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૧ અંકઃ ૧૨, એપ્રિલ ૨૦૨૧

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ : વૃંદાવન સોલંકી,
મધર એન્ડ ચાઈલ્ડ, કાગળ ઉપર સેરીગ્રાફ,
૪૦ x ૪૦ ઈંચ, ૨૦૧૮. સૌજન્યઃ આર્ચર આર્ટ ગેલેરી, અમદાવાદ

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગે : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.



મુનશીવાણી

ઇતિહાસનું પરિવર્તનબિંદુ

મારા નવયુવાન મિત્ર,

તાકીદની પરિસ્થિતિમાં સામૂહિક શિસ્ત વધે છે, પણ આ શિસ્તનું પાલન પ્રજાએ સ્વયંસ્ફુરણાથી કરવું જોઈએ. નાગરિકોમાં અને ખાસ કરીને કામદારો અને વિદ્યાર્થીઓમાં આવા સંજોગો વધુ શિસ્ત પ્રેરે છે, આપણા જાહેર જીવનને રૂંધનારા દેખાવો અને કહેવાતા સત્યાગ્રહો ઓછા થઈ જાય છે.

આપણા રાષ્ટ્રીય જીવનમાં એક બીજો સંઘર્ષ છેઃ એક તરફથી આપણને પરંપરા માટે પ્રેમ છે. બીજી તરફથી આપણે અર્વાચીનતાને ઝંખીએ છીએ. ભૂતકાળવાળાં અને અર્વાચીન જગત સાથે તાલ મિલાવવા આતુર એવાં વિકાસશીલ રાષ્ટ્રોમાં આવો સંઘર્ષ અનિવાર્ય હોય છે. થોડો સમય આ સંઘર્ષનું મહત્ત્વ ઘટતું લાગશે. તાકીદની પરિસ્થિતિના ભાર હેઠળ આપણી પ્રાચીન પરંપરાના પાયા કંપતા હોય એમ લાગશે. આપણા જીવનના અનેક સ્તરોમાં અર્વાચીનતાએ પ્રવેશ કર્યો છે. ઘણાબધા લોકો પશ્ચિમાભિમુખ બનતા જશે.

પરંતુ જો આપણે તાકીદની પરિસ્થિતિ અંગે સજાગ બનીશું તો આપણે વિકસતા પ્રમોદવાદથી તો અવશ્ય બચી શકશું. અર્વાચીન પશ્ચિમી સંસ્કૃતિની નીપજ સમો આ પ્રમોદવાદ છેલ્લા કેટલાક સમયથી આપણા સમાજનાં પ્રાણતત્ત્વોનો ક્ષય કરી રહ્યો હતો. એ પ્રમોદવાદમાંથી આપણે બચશું એટલે આપણા સમાજજીવનમાં નિશ્ચિત હેતુ આરોપાઈ જશે. આપણા સાધનસંપન્ન વર્ગમાંથી કરકસર વિદાય લેવા માંડી છે. પણ હવે તેઓ આત્મ-નિયમન દ્વારા કે પછી આ કરવેરાથી નવી દરખાસ્તોને પરિણામે આ અંગે સજાગ બનશે.

જો તાકીદની પરિસ્થિતિ લંબાય - અને આપણા જીવન પરનો ક્રાંતિકારી પ્રભાવ ટકાવી રાખવો હોય તો એ લંબાવી જ જોઈએ - તો વાસ્તવિકતાની સૂક્ષ્મ સમજમાંથી આવતી અસરકારક સંરક્ષણ તૈયારીઓ આરંભી દેવી જોઈએ.

[ક્રમશઃ]

॥ શબ્દમૂળની શોધ ॥



બંદર

☐ હેમન્ત દવે

માલસામાન અને મુસાફરોની હેરફેર માટેનું નદી અથવા દરિયાકાંઠાનું સ્થળ અથવા એવું ગામ કે નગર એટલે બંદર. આમ તો બંદર ખૂબ પ્રાચીન સમયથી વિદ્યમાન છે. *સાર્થ ગુજરાતી જોડણીકોશ*માં એની વ્યુત્પત્તિ ફારસીમાંથી અને સમાંતરે દેશ્ય ‘બંદિર’માંથી સૂચવી છે. એને અનુસરીને જ વ્યુત્પત્તિની દૃષ્ટિએ થોડા વધારે પ્રમાણભૂત રતિલાલ સાં. નાયકના *મોટો કોશ*માં આ જ વ્યુત્પત્તિ સૂચવવામાં આવી છે. *દેશ્યશબ્દસંગ્રહ*માં ‘બંદિર’ શબ્દ નથી માટે કોઈ બીજા દેશ્ય કોશમાંથી *સાર્થ જોડણીકોશ*માં આ લેવાયો હોઈ શકે. પણ મુદ્દો એ નથી. ‘બંદર’ ફારસીમાં છે પણ એ મૂળે અરબી શબ્દ છે (بَندر; બહુવચન بَنادر બનાદિર). માટે કોશે એની વ્યુત્પત્તિ ફારસીમાંથી નહીં પણ અરબીમાંથી દર્શાવવી જોઈએ. અરબ સાગરખેડૂઓ સાથેના પ્રારંભિક વેપારી સંપર્કો જોતાં એ શબ્દ ગુજરાતીમાં ફારસી કરતાં અરબીમાંથી આવ્યો લાગે છે.

સામાન્ય ને વ્યાપક માન્યતા એવી છે કે સંસ્કૃતમાં ‘બંદર’ માટે કોઈ શબ્દ નથી. એનું કારણ જૂના અને અપૂરતી સામગ્રીના આધારે રચાયેલા કોશ છે. અભિલેખોમાં બંદર માટેનો ‘વેલાકુલ’ અથવા દક્ષિણ ભારતના સંદર્ભમાં ‘વેલાપુરમ્’ શબ્દ વારંવાર પ્રયોજાયો છે. દંડીના *દશકુમારચરિત*માં બંગાળના સુખ્યાત બંદર તામ્રલિપ્તિ માટે ‘વેલાકુલ’ શબ્દ આવ્યો છે. મધ્યયુગીન ગુજરાતના વહીવટી ઇતિહાસ માટે ખૂબ અગત્યની કૃતિ *લેખપદ્ધતિ*માં ‘વેલાકુલકરણ’ એટલે કે બંદરોની દેખરેખ રાખનારું ખાતું શબ્દ જોવા મળે છે.

❑❑❑

સંવાદીય

ધરતીના છોરુનો સાદ-૨

☐ દીપક દોશી



મોકોમ્પો ઓલે સિમેલ

માર્ચ અંકમાં આજની વૈશ્વિક વિસંવાદની સ્થિતિમાં જીવન વિશે નવો દૃષ્ટિકોણ શોધવા નીકળી પડેલા મરજીવા સમા જે કુટુંબની વાત છે એ પોતાની શોધસફર આગળ વધારે છે. નોવાટનના જ્ઞાનથી પ્રભાવિત કુટુંબ સાચા જ્ઞાનની શોધમાં પૃથ્વીના છ ખંડ ફરી વળે છે. જંગલનો અજ્ઞાત ખૂણો એમની વિશાળ યાત્રાનું દ્વાર બની રહે છે. વિશ્વમાં ઠેરઠેર ફેલાયેલા પ્રજ્ઞાશીલોને- પૃથ્વીનું જતન કરનારાઓને મળીને જીવન માટેનો એમનો અભિગમ જાણે છે અને ફિલ્માંકન દ્વારા વિશ્વ સમક્ષ મૂકે છે.

લોઇટા હિલ્સ, કેન્યા પહોંચ્યાં. યાત્રા સરળ નહોતી. પૂર્વતૈયારી અને માહિતીની એક મર્યાદા હતી. સાચી વ્યક્તિ મળવી મુશ્કેલ હતી, વળી બદલાતા પરિસરથી કુટુંબ ટેવાયું નહોતું. ભયંકર બીમારી આવી. એવો ડર પણ લાગ્યો કે આ યાત્રા પ્રાણઘાતક તો નહિ નીવડે? પણ કહે છે ને કે શોધે છે તે પામે છે. ભવિષ્યની ચિંતા છોડી લક્ષ્યને વળગી રહ્યાં. એમને પ્રતીતિ થઈ કે સૌથી મોટો ખતરો આપણો ભય જ છે. ત્યાંના આદિવાસીઓને મળે છે. એમના મુખિયા મોકોમ્પો ઓલે સિમેલને મળીને પહેલો પ્રશ્ન પૂછે છે: 'તમને અમારી જેમ ભય લાગે છે?' જવાબ સાંભળો: 'ના, અમે ભય કાઢી નાખ્યો છે, સાથે નથી રાખતા. ઓછાં

સાધનો સાથે અમે રાજી છીએ. અમારા આનંદનો આધાર અમારા પરસ્પરના સંબંધો ઉપર છે, અમારી સામાજિક ઘનિષ્ટતામાં છે, અમારા ઐક્યમાં છે. પ્રેમના સૂત્રે અમે બધા બંધાયેલા છીએ.'


સવાલ: 'અમારો સમાજ વ્યક્તિનિષ્ઠ છે અને તમે મોટાભાગે સામૂહિક જીવન જીવો છો. શહેરમાં વિકાસ વધુ છે. તમે શું માનો છો?'

મોકોમ્પો: 'તમારા વિકાસે કેટલો ભોગ લીધો? કેટલાં રાષ્ટ્રોનો, લોકોનો, આપણે બધા ધન ચાહીએ છીએ પણ ધન ક્યારેક અનિષ્ટને નોતરી શકે છે. એ અમારી સૃષ્ટિ ખરીદી રહ્યું છે. અમારી જમીન, વસતી અને પ્રકૃતિને હણી રહ્યું છે. આખરે ધન છે શું? કાગળની એક ચબરખી. પણ એને તમે ખૂબ મોટી સત્તા આપી દીધી છે. લોકોનો સંહાર કરે છે. સ્વાર્થકેન્દ્રી બનાવે છે. અહમકેન્દ્રી અભિગમને લીધે લોકો અન્યોનું શોષણ કરે છે. ખાસ કરીને સત્તાવાહી લોકો. એટલે જ આજનું વિશ્વ વ્યથિત છે. બધા પોતાનો જ વિચાર કરે છે. એકબીજા માટેનો પ્રેમ નાશ પામ્યો છે. વધુ પડતી છત વિનાશકારી છે, અછતમાં સાચું ડહાપણ છુપાયેલું છે. ખાલી પેટ ડહાપણનો ભંડાર છે. તમારી જાતની કઈ રીતે કાળજી રાખવી, કઈ રીતે પ્રકૃતિનું જતન કરવું એ શીખવે છે અને શાંતિ કઈ રીતે મેળવવી એ પણ શીખવે છે.'

'લોકોને નવાઈ લાગે છે કે કેમ અમારું જંગલ જળવાયું અને બીજાં નાશ પામ્યાં! તમે આ રીતે જમીન અને જંગલનો નાશ કરશો તો જીવનનો કોઈ અર્થ જ નથી સરતો. તમે જાતે કરીને મરી ગયા છો. ધરતી વરસાદ ન વરસાવીને જવાબ આપે છે. ધરતી વસવા લાયક રહેતી નથી. એને લીધે આધ્યાત્મિક દરિદ્રતા પણ વધે છે. અમારો આધ્યાત્મિક આધાર પ્રકૃતિ અને જંગલ સાથે જોડાયેલો છે. આપણે આ પ્રકૃતિના અંશ માત્ર છીએ... તમે પક્ષીઓનું ડહાપણ જુઓ, તમે એમને ક્યારેય હવામાં માળો બાંધતાં જોયાં છે? તમે સમજ્યા હું શું કહેવા માગું છું? પક્ષીઓ ઝાડની ટોચ પર માળો બાંધે છે. ઝાડ કેટલાં મહત્ત્વનાં છે? આખા જંગલનો નાશ કરશો તો આ પક્ષીઓ ક્યાં જશે?'

આ કુટુંબને કોઈ નવો જીવનપર્યાય મળ્યો? મળ્યો તો કઈ રીતે એમને ખપમાં આવ્યો? એ જાણવા માટે તમે પણ થોડો પ્રયાસ કરો. જુઓ 'Down to Earth' ફિલ્મ. યુ ટ્યુબ ઉપર છે. દિગ્દર્શન અને નિર્માણ રેનેટા હેઈનેન અને રોલ્ફ વિંટર્સનું છે. ફિલ્માંકન પણ એમનું જ છે. કદાચ તમને પણ તમારો પર્યાય મળી આવે.

❑❑❑



અભ્યાસ અને ઉપાસના

☐ મકરન્દ દવે

અભ્યાસ અને ઉપાસના એ આપણી પ્રગતિ માટે અને જીવનના સમગ્ર દર્શન માટે મુખ્ય વસ્તુઓ છે. આપણે અભ્યાસ કરીએ છીએ ત્યારે કોઈ વસ્તુની માહિતી મેળવીએ છીએ, એનું જ્ઞાન સંપાદન કરીએ છીએ, એની પ્રક્રિયા જાણીએ છીએ. એમાં આપણી બુદ્ધિ અને મગજ કામ કરે છે એટલે આપણને સમજાય છે. એ જ્ઞાન આપણને શાસ્ત્રોના અભ્યાસ, શ્રવણ, ચિંતન અને મનન દ્વારા પ્રાપ્ત થાય છે. માત્ર બુદ્ધિથી સમજવાથી કે માત્ર અભ્યાસથી કામ સરતું નથી, બળ મળતું નથી. આ સાચો જ રસ્તો છે અને તે લેવાનો પણ છે. તેમાં અંતરાય આવી જાય છે. જે અંતરાય આવી જાય છે, નિર્બળતા આવી જાય છે તે ઉપાસના

દ્વારા દૂર થાય છે.

અભ્યાસ દ્વારા દિશા સ્પષ્ટ થાય છે. દિશા ચોખ્ખી દેખાય છતાં માણસ કાંઈ ચાલી શકતો નથી. ઘણીવાર એવું બને કે દિશા સ્પષ્ટ હોય છતાં પણ નિર્બળતાને લીધે, ઇચ્છાશક્તિના અભાવે ચરણ ચાલતાં નથી. ઉપાસના બળ આપે છે અને ચરણને ગતિ આપે છે. અભ્યાસ દિશા પ્રગટ કરે છે. અભ્યાસ વગરની ઉપાસના ખોટી. સમજ્યા વિના ઉપાસના કરવામાં આવે તો ક્રિયાકાંડમાં સપડાઈ જવાય, વૃથા વાતોમાં શક્તિ વિખેરાઈ જાય. શક્તિ કેન્દ્રિત ન થાય.

અભ્યાસ અને યોગ યુક્ત થાય છે ત્યારે પરમાત્મા પ્રગટ થાય છે એમ શાસ્ત્રો કહે છે. પરમાત્મા કેમ પ્રગટ નથી થતા કારણ કે આપણું અભ્યાસ-ઉપાસના બંને પાંખોની સાથે ઉડ્ડયન થતું નથી. એટલે પક્ષી આકાશમાં વિહાર કરી શકતું નથી. ઉપાસના એકાન્તિક હોવી જોઈએ, સતત હોવી જોઈએ, દીર્ઘકાલીન હોવી જોઈએ અને પરિણામની ગણતરી વગરની હોવી જોઈએ. પરિણામલક્ષી ન હોવી જોઈએ. જો મારી ક્રિયા ભાવયુક્ત છે, સત્યનિષ્ઠ છે તો પરિણામ આવશે જ. મેં બીજ બરાબર પસંદ કર્યું છે, વાવણી બરાબર કરી છે, વરસાદ થયો છે તો બીજ ઊગશે જ. પાક કેમ ન થયો? હજી કેમ પરિણામ ન આવ્યું? એમ આપણે ખોતરીએ છીએ. હજી બીજ વાવ્યું નથી, ફણગો ફૂટ્યો નથી, પૂરું ખાતર-પાણી કર્યું નથી ત્યાં જ આપણે કહેવા લાગીએ કે, 'હજી કેમ કાંઈ ન થયું?' ઉપાસનામાં કોઈ અંતરાય હોય તો તે પરિણામની ઉતાવળ. ઉપાસનામાં રત રહો, ભાવપૂર્વક રહો, જ્ઞાનપૂર્વક રહો તો ઉપાસનાનો પિંડ બંધાશે અને પરિણામ આવવાનું જ છે, ફળ પ્રગટ થશે જ.

અભ્યાસ-ઉપાસનાનાં ચાર પગલાં છે – જ્ઞાન, ચર્યા અને યોગ. અભ્યાસમાં જ્ઞાન આવ્યું. માત્ર જ્ઞાન ખોટું છે. તે ક્રિયાયુક્ત થવું જોઈએ, અને તે પગલે ચાલવું જોઈએ. ત્યારે પ્રયત્ન કરવો પડે છે, મન લગાવવું પડે છે. ક્રિયાની અંદર પ્રયત્ન છે. જ્યારે ક્રિયાની અંદર ચિત્ત પરોવાય છે, સંલગ્ન થાય છે ત્યારે ચર્યા થાય છે. ચર્યા સહજ થાય છે. ચર્યા - વિચરણ થાય છે, આચરણ થાય છે અને યોગ સાથે જોડાઈ જાય છે. જ્ઞાન-ક્રિયા-ચર્યા-યોગને આપણે ભજન-યજન-તજન-દર્શન કહી શકીએ. ભક્તિ દ્વારા ભજન કરીએ છીએ પણ યજન થતું નથી. ભજનની સાથે આખું શરીર જોડાયેલું હોવું જોઈએ તે યજ્ઞ, તે ક્રિયા. જીવનનો યજ્ઞ પ્રદીપ્ત હોવો જોઈએ. હું દીવો દીવો બોલ્યા કરું પણ દીવો પેટાવું નહીં તો? યજન પેટાવવા માટે છે. તજન ચેતનની જાગૃતિ છે. અને છેલ્લે દર્શન થવું જોઈએ. તત્ત્વની મને અનુભૂતિ થવી જોઈએ. આમ સમગ્રપણે જીવનમાં આપણે પ્રાપ્ત કરીએ ત્યારે આપણા મનમાં થતો સંશય નાશ પામે છે, વ્યથા નાશ પામે છે. અને શાસ્ત્રોએ

કહેલી, સંતોએ કહેલી વાતની આપણે અનુભૂતિ કરીએ છીએ.

દેવં ભૂત્વાદેવં યજેત

દેવ થઈને દેવોનું યજન કરવું. દેવત્વની પૂજા કરતાં કરતાં આપણા દેવત્વનું પ્રાગટ્ય થાય, એનું સ્ફુરણ થાય, એનું સ્પંદન અનુભવાય ત્યારે ભક્તિ સચેતન થઈ કહેવાય. ત્યાં સુધી તે નિશ્ચેતન છે, માત્ર વાણીમય છે, બહિર્મુખ છે. એકનિષ્ઠ ઉપાસના, સતત ઉપાસના, સાતત્યભરી ઉપાસના અને પરિણામની કોઈ ઉતાવળ કર્યા વગરની નિરંતર દૃઢ ઉપાસના પર સંતો ખાસ ભાર મૂકે છે. જો આમાં આપણું ચિત્ત પરોવાય તો બેડો પાર થઈ જાય. જ્યારે ચિત્ત નથી પરોવાતું ત્યારે વાતાવરણ ઊભું કરવા આનુષંગિક ભાવોની મદદ લેવી જોઈએ. મંત્ર-જપમાં ચિત્ત ન લાગતું હોય તો સાથે રટણ કરવાથી, સંતોની કથા વાંચવાથી, સત્સંગ કરવાથી સહાય મળે છે. એક વાતાવરણ બંધાય છે. જો વાતાવરણની બહાર પગ મૂકીએ તો બહારના વાતાવરણમાં ખેંચાઈ જવાય છે. વાતાવરણ રક્ષા કવચ છે. ઉપાસનાને દૃઢ કરવા માટે પ્રયત્નો કરવા પડે છે. નથી થતું એમ કહી ભાગવાનો પ્રયત્ન ન કરવો, ફરિયાદ ન કરવી. અંતે જો ન થાય તો આપણે સ્થાન ફેર કરીએ છીએ. મનમાં એમ થાય છે કે અહીં દિલ નથી લાગતું તો ત્યાં લાગશે. આમ કરવાથી પાંચ દિવસ સારું લાગશે અને છઠ્ઠે દિવસે મન ઊઠી જશે. પણ કાંઈ પ્રગટ થશે નહીં.

મન ચંચળ છે ને? મન સ્થિર નથી. ગોરખનાથે કહ્યું છે કે,

ચંચળમાંહી નિહચળ બેઠા
ચંચળ ભેદી નિહચળ બેઠા
નિર્મળ હોય સમાધિ

પહેલા ચંચળતાને મારો. ચંચળ મન કહેશે કે, 'હું કેમ કરું?' ત્યારે આપણે કહીશું કે 'મન, તારે હું કહું તેમ કરવું પડશે.' મનના નચાવ્યા બધા નાચે છે. પણ મનને નચાવે તેનું નામ યોગી. પરંતુ મનને મિત્ર બનાવીએ તો? મનને સમજાવવું. મન તો બાળક જેવું છે. મનની નામમાં રુચિ થશે. પણ જો ન થાય તો સમજણપૂર્વકના વૈરાગ્ય અને વિવેકનાં જે સાધનો છે તે એકત્રિત કરવાં. વિવેક દૃઢ થાય, વૈરાગ્ય દૃઢ થાય, ભક્તિ દૃઢ થાય, જ્ઞાન સમૃદ્ધ થાય એવી હવામાં રહેવું. એટલા માટે મંત્ર સાથે સ્તોત્ર કરીએ છીએ, કથા વાંચીએ છીએ, સંતોના જીવન વાંચીએ છીએ કે સંતની વાણી સુણીએ છીએ. ત્યારે ધીમે ધીમે ઉઘાડ થાય છે. ગતિ ધીમી છે પણ નિશ્ચિત છે. અને એની પ્રાપ્તિ અંતરમાંથી જ થાય છે. આંતરિક પરિવર્તન વિના બાહ્ય દેખાતાં પરિવર્તન મિથ્યા છે. બાહ્ય જરૂર સહાયભૂત થાય પણ અંતે તો કાર્ય અંદર થવું જોઈએ. અભ્યાસ સાથે ઉપાસના ભળશે તો પરમાત્મા પ્રગટ થશે, આપણી પ્રાપ્તિ થશે અને આપણો ફેરો સફળ થશે.

મારે મન તો ફરી ફરી એ જ છે

કે બાહ્ય ઘટના જીવનમાં થાય છે એની આનુષંગિક ક્રિયાઓ એકત્રિત થાય છે. એ એની સહાયકર્તા ક્રિયાઓ છે કારણ કે એ તત્ત્વ તો પોતે જ પ્રગટ થાય છે. હું તમને આમંત્રણ આપું પણ આવવું-ન આવવું એ તમારા હાથમાં છે. હું આંગણું ચોખ્ખું રાખું પણ પગલાં મૂકવાં તમારા હાથમાં છે. હું રોજ આંગણું સાફ કરું, આમંત્રણ આપું, રોજ ઉપાસના કરું, પ્રાર્થના કરું, શબરીની જેમ પ્રતીક્ષા કરું તો એ જરૂર આવશે. ઉપાસના દ્વારા આંગણું ચોખ્ખું થાય. અભ્યાસથી સમજણ આવે કે હજી કચરો રહી ગયો છે, હજી બરોબર સાફ નથી થયું પણ અધૂરપ રહી ગઈ છે. હજું ખૂણા રહી ગયા છે, સમગ્ર શિવલિંગ ગોળાકાર નથી થયું. હજી આપણને અંદરથી કાંટા વાગે છે એ દૂર કરવા માટે નિત્ય ઉપાસના, નિત્ય પ્રાર્થના, નિત્ય ભક્તિ, નિત્ય જ્ઞાનચર્યા થાય તો અંદરનું પિંડ બંધાશે. નહીં તો બધું વેરવિખેર થઈ જશે. આપણે આપણાં મૂળિયાં રોપવાં છે, એકત્રિત થવું છે, બળ પ્રાપ્ત કરવું છે અને આ જીવનમાં જ આંખો મીંચાય તે પહેલાં આંખો ઉઘાડી નાખવી છે, અંતરદૃષ્ટિ ખોલવી છે.

રે અંતરદૃષ્ટિ કરી જોયું
કે ડહાપણ ઝાઝું નવ ડોળ્યું
હરિવર શું માથું ઘોળ્યું
રે શિર સાટે નટવરને વરીએ
પાછાં તે પગલાં નવ ભરીએ
ને ભરીએ તો કટકા થઈ પડીએ.

નિશ્ચયબળ હશે તો બધું જ થશે. નિશ્ચયબળ, નિયમ, દૃષ્ટિ સમતાથી પ્રાપ્તિ થશે. જો નિશ્ચયની ખામી હશે તો આપણે અહીંથી તહીં ને તહીંથી અહીં એક તરણાની જેમ હવામાં ઊડવાના છીએ. અને વંટોળિયો આવ્યો તો આપણને લઈ જશે. જેમ શેષનાગની ફણા પર ખિલ્લો ઠોકાઈ ગયો તેમ આપણે દૃઢપણે પ્રાપ્તિ કરવાની છે. શેષનાગ તે નિહિત રહેલી, છુપાયેલી શક્તિનું પ્રતીક છે. આટલું બ્રહ્માંડ પ્રગટ થયું પણ હજી તે શક્તિ પડેલી જ છે. તે કોઈ કાળે ખાલી થાય તેમ નથી. એ અમૃતની નાભિ છે. વિષ્ણુ (વ્યાપક પરમતત્ત્વ) ત્યાં શયન કરી રહ્યા છે.

આપણી ઉપાસના, આપણો અભ્યાસ, આપણા જીવનની ગતિ-સર્વાંગીણ ગતિ પ્રગટ થાય એવી ભગવાનને પ્રાર્થના કરીએ અને આ વાતને સદાય રટ્યા કરીએ, ઘૂંટ્યા કરીએ, એકરસ કર્યા કરીએ - આપણા લોહીમાં ભળીને લોહી બને ત્યાં સુધી ઘૂંટ્યા કરીએ તો જીવનનું બળ પ્રાપ્ત થશે. રોજ વાતો જ કરીશું તો બધું હવામાં વેરાઈ જશે. આપણે ઊગવા માટે આવ્યા છીએ, દટાઈ જવા આવ્યા છીએ, ફળ પ્રાપ્ત કરવા અને ફળ બીજાને ચખાડવા આવ્યા છીએ. મારી ભાવના છે કે સહુને અમૃતફળ પ્રાપ્ત થાય અને નવી પેઢી તે ફળ ચાખે.

*પ્રાતઃપ્રાર્થના પછી મકરન્દભાઈ જે વાત કરતા હતા તેમાંથી. સં. મીનુ ભટ્ટ

રસપર્વણી

☐ વિનોદ જોશી

(પંડિત ઉદયશંકર અને કેલુચરણ મહાપાત્ર જેવા ધુરિણ નર્તક-ગુરુઓ પાસેથી નૃત્યદીક્ષા પ્રાપ્ત કરેલ સ્વ.ધરમશી શાહે ભાવનગરમાં 'કલાક્ષેત્ર' સંસ્થા સ્થાપી તેમાં સેંકડો શિષ્યાઓને કથક નૃત્યની તાલીમ આપી. હું એમને પ્રશિષ્ટ કાવ્યભાષામાં નવ રસ લખી આપું અને તેઓ તેનાં સાંગીતિક કમ્પોઝિશન પર પોતાની શિષ્યાઓ માટે કોરીઓગ્રાફી કરે તેવી એમની ઇચ્છા હતી. એમની હયાતીમાં ન થયું તે છેક હવે થયું. એમને અંજલિસ્વરૂપે આ રસપર્વણી અર્પણ કરું છું. - વિનોદ જોશી)

અનુપમ રસરંજન મનભાવન, સહજ પૂર્ણ રસરૂપ,
હૃદયકુંજ અભિલાષ વિલસતો, સકલ વિશ્વ તદ્રૂપ;
કરુણ વીર શૃંગાર રૌદ્ર અદ્‌ભુત બિભત્સ ને શાન્ત,
હાસ્ય ભયાનક અનુપમ રસનો વૈભવ પુનિત નિતાન્ત...

શૃંગાર રસ
મધુમય પરિસર રુચિર પ્રસન્ન અનંગ અંગ પર ધારે,
ઉત્કટ નયનકટાક્ષ કનકકટિ કઠિન ઉરોજ સંવારે;
મદભર અંગમરોડ મદનચકચૂર મધુર મનમુગ્ધા,
કંપિત અધર મિલનઉત્સુક અનહદ આશ્લેષ વિલુબ્ધા...


શૃંગાર રસ

કરુણ રસ
વિરહિત વ્યાકુળ દ્રવિત હૃદય, ઉત્કંઠ ચિત્ત અનુરાગી,
અશ્રુધાર થકી નયન સભર, અંતર પિયુ વિણ વિતરાગી;
શુષ્ક સકંપિત ઓષ્ટ, રિક્ત મન, વિવશ દૃષ્ટિ લયલુપ્તા,
અંગ અંગ અવસાદ વિકટ અતિ, પ્રતિપળ વેદનયુક્તા.


કરુણ રસ

વીર રસ
ઉત્તુંગ ધ્વજ રણવીર રંગ ઉમંગ કટ્ટર કાલિકા,
જયઘોષ દુંદુભિનાદ શરસંધાન વિઘ્નવિદારિકા
ઉત્સાહમંડિત શૌર્ય અચ્યુત વજ્રભુજ ગજગામિની,
ઉદ્‌ગ્રીવ ઉન્નતભ્રૂ પ્રહાર પ્રચંડ શત્રુવિનાશિની.


વીર રસ

રૌદ્ર રસ
અપાર ક્રુદ્ધ ગાત્ર અંગ અંગ રક્તરંજિતા,

પ્રચંડ વેગ તંગ ભાલ રુદ્રરૂપ મંડિતા;
સ્વયં પ્રપાત ભીતરે ભરી સકંપ તત્પરા,
ભ્રૂભંગચાપ ધૂર્ણિતા ધ્રૂજાવતી રહે ધરા.


રૌદ્ર રસ

હાસ્ય રસ

સુસ્મિત મુખ પુલકિત નયનન વિહસિત મધુમંજુલ લલના,
દંતપંક્તિ ઉજ્જ્વલ અતિ શોભિત સહજ પ્રફુલ્લિત છલના;
ઓષ્ટપ્રવાલ મુદિત મન નખશિખ પ્રાંજલ પરમ પ્રસન્ના,
વદન સુરમ્ય સકલ આલોકિત શાશ્વત મુક્તવિપન્ના.


હાસ્ય રસ

ભયાનક રસ

કંપિત થર થર ગાત્ર સકલ ભયભીત વિમૂઢ વિવર્ણા,
વ્યાકુળ વ્યથિત યથા અસહાય સુકંપિત લતા સુપર્ણા;
મૂર્ચ્છિત શ્વસન વદન પ્રસ્વેદિત શુષ્ક ઓષ્ટ ભયયુક્તા,
ત્રસ્ત કાય વિચલિત વિક્ષોભિત સંભ્રમ શેષ વિમુક્તા.


ભયાનક રસ

બિભત્સ રસ

મુખે ચૂસતી તર્જની જીર્ણ વેશે, સરે લાળ જીહ્વા થકી અંગઅંગે,
શિરે કેશના ઝુંડ જામ્યા ચિકાશે, વલૂરે નખાગ્રે જુગુપ્સિત ઢંગે;
વિચિત્રા વિરૂપા વિવર્ણા પ્રમત્તા, અતંત્રા સ્વયંભૂ પ્રતાડિત ક્ષુબ્ધા,
મલિન અટ્ટહાસે મરડતી અભંગા, ઘૃણિત કોઈ જાણે વિપથમાર્ગ કુબ્જા.


બિભત્સ રસ

અદ્ભુત રસ

અવાક્ થતી અભૂતપૂર્વ અંગઅંગ વિસ્મિતા,
ઉમંગ સ્પંદ ચક્ષુમાં ભરે ત્રિભંગ સ્પંદિતા;
વિરાટ સ્વપ્નસૃષ્ટિની નિતાન્ત તેજતારિકા,
અફાટ આભમાં સરે અનન્ય દીપમાલિકા.


અદ્ભુત રસ

શાંત રસ

પરમ પ્રશાંત નિમીલિત નયન નિમજ્જિત મુદિત અનંતા,
વિશદ વિશાલ હૃદય મન મધુર ચિરંતન પદ અરિહંતા;
સૌમ્ય હસિત મૃદુ મંદ સુનંદન પાવક પુનિત અનૂપા,
તેજ ધવલ ઉદ્ભાસ નિરંતર શાશ્વત શાંતસ્વરૂપા.


શાંત રસ

બે ગઝલ

□ સાહિલ

આઠે પ્રહરનું રાવણું - સરવાળે શૂન્ય છે
વિરાટ હો કે વામણું - સરવાળે શૂન્ય છે

પાછળ છે સજ્જ લશ્કરો અંધારનાં અપાર
આ સૂર્ય જેવું તાપણું - સરવાળે શૂન્ય છે

જીવન મળ્યું છે જીવવા તો મોજથી જીવો
થોડુંક હો કે હો ઘણું - સરવાળે શૂન્ય છે

આ ઘરનો ઝળહળાટ છે ઊછીના તેજથી
થાતાં જ બંધ બારણું - સરવાળે શૂન્ય છે

અજ્ઞાનમાં ડૂબું યા તરું જ્ઞાન-સાગરે
જગને ભણાવું યા ભણું - સરવાળે શૂન્ય છે

પડછાયો મારો પણ કદી મારો નથી થયો
ખુદને ગણું કે અવગણું - સરવાળે શૂન્ય છે

'સાહિલ' હું મર્મ આયખાનો જાણી શું કરું
સોહામણું - બિહામણું - સરવાળે શૂન્ય છે.

□

વ્યક્તિ મટીને જે ક્ષણે વિચાર થઈ ગયા
ને વિશ્વના ખૂણે ખૂણે સ્વીકાર થઈ ગયા

આંખો મીંચી ખુશી અમે લૂંટાવતા રહ્યા
આંખો ખૂલી તો જોયું - બેશુમાર થઈ ગયા

દોડ્યા છે હાથ ઝાલવા એનો સ્વયં પ્રભુ
શબ્દોનો હાથ ઝાલી જે ખુવાર થઈ ગયા

લોકોની હોશિયારી શું ગજબની નીકળી
સમજ્યા વિના કથા-કથાનો સાર થઈ ગયા

નિર્વિઘ્ને અંધકારનાં વનો વીંધ્યાં અમે
સૂરજના ગામ પ્હોંચી અંધકાર થઈ ગયા

ખૂણામાં બેસી જોયો વિશ્વનો ખૂણેખૂણો
આકાશ નીચે સાવ બંધિયાર થઈ ગયા

'સાહિલ' સમયની ચાલ સહુ સમજથી છે પરે
પળવારમાં જમા મટી-ઉધાર થઈ ગયા

ગીત

☐ પ્રફુલ્લ પંડ્યા

આયનામાં જોઈને હું આયનો થૈ જાઉં પછી મારાથી રાડ પડી જાય છે!
-એથી કાચમાં તિરાડ પડી જાય છે!

કાચ અને સાચની છે માયા જ એવી કે ડગલે ને પગલે આવે આંચ!
થોડાંક પ્રતિબિંબોની વચ્ચે રહેવાથી આ "હોવા" પર આવી છે ટાંચ!

નથી જાતને છુપાવી શકાતી કોઈ રીતે,એથી આયનામાં ફાંટ પડી જાય છે!
-એથી કાચમાં તિરાડ પડી જાય છે!

કાચ કહે આપણી તો કાચની જ જાત, એમાં ચહેરાનાં જંગલ લહેરાતાં!
ચારે તરફથી બિંબ ભેગાં મળીને કેવાં મ્હોરાં પહેરીને ગીત ગાતાં!

ચ્હેરા-મ્હોરાંની બહુ પાતળી દીવાલ, એમાં ક્યારેક ચિરાડ પડી જાય છે!
હાજી! સાચમાં તિરાડ પડી જાય છે!

ગઝલ : પછી

☐ અર્પણ ક્રિસ્ટી

મેં સહજ મૂક્યો ભરોસો, પણ પછી,
પીઠ પાછળ જઈ ઊભો એ જણ પછી.

લોક મોટાભાગના મૃગજળ સમા,
એટલે હું થઈ ગયો'તો રણ પછી.

ઊડતાં તારાં સ્મરણ તારા પછી,
જેમ ઊડતી ધૂળ, ગુજરે ધણ પછી.

છે શરત, પ્હેલા સ્વીકારો પીંજરું,
આપવા તૈયાર છે એ ચણ પછી!

આંગળીઓ સાચવી મૂકી દીધી,
મેં તને સ્પર્શી હતી એ ક્ષણ પછી.

પૂતળાં

☐ યોગેશ વૈદ્ય

નગર વચોવચ ચોકમાં હો ગોકીરો આજ
આવ્યાં છે ગાડી ભરી, (જે) કરે દૂરથી રાજ
ધોઈધફોઈ ઝાટકી શણગાર્યો છે ચોક
નથી નગારાં ને છતાં પોરસ પામે લોક
પહોળો પાકો ઓટલો, વચ્ચે ઊંચો સ્તંભ
ઉન્નત મૂગું પૂતળું, અરધે સમારંભ
આર ચડેલાં અંગરખાં હાથ ફૂલોની માળ
સીડી ચડી પૂતળાં લગી પહોચ્યાં છે તત્કાળ
મીડિયાવાળાં રણઝણ્યાં, જ્યાં પહેરાવ્યો હાર
ગગન ચીરીને નીકળ્યો પૂતળાનો જયકાર

પવનવેગ પહોંચી વળ્યાં હોંશીલાં ફરમાન
બીબાં બનાવ્યાં સામટાં, વ્યાપ્ત કર્યાં અભિયાન
જે દિશ મોટા ચોક ને, જ્યાં જ્યાં મોટાં ગામ
અંકે કર્યા ઓટલા, નામ ચડાવ્યાં ઠામ
ફરી વળ્યાં પરચમ બની પૂતળાં પંડ અનેક
પૂરવથી પશ્ચિમ, વળી, ઉત્તર દક્ષિણ છેક
બીબાંઢાળે નીપજી આ મૂગી વણજાર
યુગપર્યંત ઊભી રહો, ઘણું જીવો ઘડનાર

ઊતર્યા તાતા તોર કૈં દૂધના ઊભરા જેમ
પૂતળાં મુકાતાં થયાં ડાબે હાથે તેમ
વરસદહાડે એક દા લોકો કાઢે ભાળ
નવડાવી ચોખ્ખાં કરે, પહેરાવે ફૂલમાળ
બાકીના દિવસો ઊડે- બેસે માથા પર
ચકલાં, હોલા, કાગડા, કબૂતરાં, કાબર.
પંખીગણ વિષ્ટા કરી ચીતરે આખું પંડ
રમે જુગારી ઓટલે, રહે સબડતા કંડ

કોણ ઘડે, ઊભા કરે, કોણ ચડાવે આભ?
કોણ પછાડે, પરહરે, કોણ સમાવે ગાભ?

પૂતળાં મૂર્ત સ્વરૂપ છે, પૂતળાં વ્યક્ત વિચાર
પૂતળાં અંતે શૂન્ય પણ, પૂતળાં પારાવાર
પથ્થર, માટી, લાકડું કે ખણખણતું બીડ
મોટી મોટી સલ્તનત(ની) ભાંગે પૂતળાં ભીડ

છતાંય પૂતળાં અણોસરાં, દેખે એક જ દીમ
ઊભાં રહેતાં જ્યાં લગી ઢળે ન એનું ઢીમ
દૂર ઉજરતા ગાળિયા, ઘણનાં વધતાં જોર
ભંડારેલા ભોંયમાં, ઊગી જતાં ઘનઘોર
પનપ્યા કરતી પરથમી, જીવતા રહેતા ચોક
સુન્ન ઓટલે પૂતળાં સ્થાપ્યાં કરતાં લોક

ગઝલ

□ સુધીર પટેલ

પલટાઈ જાશે!

પા હશે, પણ આજ પારાવારમાં પલટાઈ જાશે,
હોય ઓછપ એય અપરંપારમાં પલટાઈ જાશે!

એ અગોચર આજ આવિષ્કારમાં પલટાઈ જાશે!
ગૂંચ પણ સંસારની સૌ, સારમાં પલટાઈ જાશે!

ધાર એને મનથી તો ઉદ્ધારમાં પલટાઈ જાશે!
હર દબાયલ ઉફ તરત ઉદ્ગારમાં પલટાઈ જાશે!

જો થશે એની નજર તો મુક્ત થાશું પિંજરેથી,
હોય ફંદો ફાંસીનો, પણ હારમાં પલટાઈ જાશે!

આપમેળે ફૂલ માફક એ ખીલે તો સારું 'સુધીર',
યત્નથી સંબંધ પણ વ્યવહારમાં પલટાઈ જાશે!

રહ્યો હુંયે ઊભો...

□ રમણીક સોમેશ્વર

(શિખરિણી)

અજાણ્યું લાગે છે નભ સકળ, નીચે અજનબી
જણાતી આ કેવી નવલ-નવલી સાવ ધરણી!
જુઓ, આ ડોકાયાં ઝમઝમ થતાં શાંત ઝરણાં
રુંવાટાં શાં ફૂટ્યાં લહલહ થતાં ભોંય તરણાં
ઝરે માથે ઝીણાં ક્ષણ ઝબકતાં ઓસ ટપકાં
હજારો સૂર્યોની ચિર છવિ લઈ મંદ મલકે
મથું એને મારા દગ ઉભય મધ્યે પકડવા
અને હું રેલાતો અરવ અણજાણી પળ વિશે

કશું ધીમેધીમે વિકસિત થતું ને વિલસતું
વહે અંગાંગે કૈં, અકળ, સમજાતું નવ મને
નિહાળું હું સામે પળ પળ નવાં રૂપ ધરતી
નવી સૃષ્ટિ જાણે મુજ હ્રદય માંહે ઊઘડતી
બધાયે આલાપો સમય-સાથળના સાવ વિસરી
રહ્યો હુંયે ઊભો પવન-ઝૂલતા વૃક્ષ સરિખો.

બે ગઝલો

☐ જિત ચુડાસમા

હથેળીમાં વૃક્ષો ઉગાડ્યાં છે આપે,
તો લ્યો, મારાં અશ્રુઓ સિંચાઈ માટે.

રઝળતી દીવાલોને ઘરભેગી કરવા,
અમે સાથિયા ચીતર્યા છે કમાડે.

એ શોધે છે જગ્યા પીડા સ્થાપવાની,
કહી આવો એને કે મારામાં સ્થાપે.

જણસમાં તો કેવળ નિસાસા રહ્યા છે,
હું ઇચ્છું કે કોઈ દિલાસા ન આપે.

તમે આંખ ઢાળી શું રસ્તો બતાવ્યો!
અમે ઊભા ઊભા જ પહોંચ્યા મુકામે.

આંખમાં અટકી જવાનું ખાનગીમાં;
એ રીતે ઝળહળ થવાનું ખાનગીમાં.

એ જ સાચી પ્રેમની દરકાર લાગી;
આપીને છૂટી જવાનું ખાનગીમાં.

એક પણ ડાઘો રહે ના ગાલ ઉપર;
એમ આંસુ લૂછવાનું ખાનગીમાં.

સ્મિત જેવું આવરણ એક્કેય મળ્યું નહિ;
ઘાવ લાગ્યે ઢાંકવાનું ખાનગીમાં.

જો, હવા પર નામ લખવાનું ધીરેથી;
રોજ એને ઘૂંટવાનું ખાનગીમાં.

પગ મૂકું ત્યાં

☐ મનોહર ત્રિવેદી

પગ મૂકું ત્યાં પથ
વાયરો આવી અટક્યો સામે લૈ પોતાનો રથ

ઝાડવાં એની ડાળ હલાવી
નિત કરે સ્વાગત
ક્યાંય રોકાવું પાલવે નહીં
હોય જે અભ્યાગત

સ્હેજ કાંઠાને અડકે નદીઃ અડકે ત્યાં તીરથ

હોત અરે, પાષાણ તો
પડ્યો હોત ત્યાં પડ્યો હોત
ધરતીથી નભ ઊડવા જેવું
ધૂળપણું પણ ખોત

મેઘને આપે નોતરું એ તો હોંશથી હથોહથ

ત્રણમાં વેઠ્યા તડકા
ચોથે પોર ઘેરે અંધાર
સીમ વચોવચ ઝળક્યાં
ત્યાં તો કોઈ દેરીનાં દ્વાર

કેડીને અજવાળતી મા-ના નાકની રૂડી નથ--
પગ મૂકું ત્યાં પથ

''ચરણ રુકે ત્યાં કાશી'ના કવિ હરીન્દ્ર દવેને અર્પણ

ગઝલ

☐ ભગવતીપ્રસાદ પંડ્યા

હવાઓએ સુગંધોને અચાનક ખોતરી
ગલી જાણે અચંબાની નરી ગંગોતરી

હતું ક્યાં શક્ય પોલા વાંસનું રૂપાંતરણ
સમયને સાંપડેલી સદનસીબે બંસરી

ટપાલી એમ દરવાજે વિસામણમાં હતો
હતો મેલો ય જે નામે હતી કંકોતરી

'ભલે લો આવજો ત્યારે' કહી ઊભો થયો
ધરા ચોંટી પગે ભારે પળોને નોંતરી

જરા મોંઢે અડાડી ધૂળ ધોયા હાથ બે
ન ઝંખે જીભ કૈં કે ન માગે હાજરી

નસીબી નિસ્બતે જે શાખ બારીમાં ઝૂકી
થડેથી આગવી રીતે તૂટી આગોતરી



સમાજ માતાનો મહિમા કરે છે, પરંતુ...?

☐ ગુણવંત શાહ

માણસની તરસ પવિત્ર છે, માટે ગંગા પવિત્ર છે. માણસની ભૂખ પવિત્ર છે, માટે એને ઉપનિષદમાં 'અન્નં બ્રહ્મ' જેવા બે શબ્દો દ્વારા સન્માનનીય ગણાવવામાં આવ્યું છે. પ્રેમને માટે સૂફી ફકીરોએ બે ખાસ શબ્દો પ્રયોજ્યા છેઃ

(૧) ઇશ્કેમિજાજી (સાંસારિક પ્રેમ)

(૨) ઇશ્કેહકીકી (આધ્યાત્મિક પ્રેમ)

મહાકવિ કાલિદાસે ભગવાન શિવ માટે 'નૈષ્ઠિક સુંદર' જેવો મૌલિક શબ્દપ્રયોગ કર્યો છે. પત્ની પાર્વતીને અઢળક પ્રેમ કરનારા શિવજી બે સંતાનોના પિતા હતા. 'નૈષ્ઠિક' એટલે છેક છેવટ સુધી બ્રહ્મચર્ય પાળનાર મહાનુભાવ. સાચે જ ભગવાન શિવનું બ્રહ્મચર્ય લાલિત્યપૂર્ણ હતું. આમ બ્રહ્મચર્યને, કેવળ લંગોટમૂલક મૈથુનમુક્તિ સાથે જોડનારા ચિંતકોએ ભારે દાટ વાળ્યો છે, એમ ન છૂટકે કહેવું પડે છે. એટલું ચોક્કસ કે બ્રહ્મચર્ય સાથે આત્મતૃપ્તિ (સેલ્ફ-ફુલફિલ્મેન્ટ) ને બદલે શુષ્ક આત્મનકાર (સેલ્ફ-

ડિનાયલ) જોડાઈ જાય ત્યારે ખાનગી પ્રતિક્રિયાઓના ખાળકૂવા સર્જાય છે. બળાત્કાર એટલે ખાળકૂવો!

કોઈ કોલેજના કેમ્પસ પર કુમાર અવસ્થા (adolescence)ની સમસ્યાઓ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ માગે છે. એ વિશિષ્ટ વચગાળામાં યુવક-યુવતીઓ પરસ્પર આકર્ષણ અનુભવે તે નિંદાને પાત્ર નથી. વિજાતીય વ્યક્તિ પ્રત્યે જે પ્રબળ આકર્ષણીય એવો વાસંતી સેતુ સર્જાય તે આકર્ષણક્રાંતિમાં પરિણમે છે. એ ઉંમરે શરીરમાં જે થનગનાટ સર્જાય તેને અંગ્રેજીમાં 'growing pains' કહે છે. એવે સમયે કુમાર-કુમારિકાઓને માર્ગદર્શન મળે તેવું થવું જોઈએ. માબાપને સંતાનોના જીવનમાં ઊગેલી આ વસંતક્રાંતિ સમજાતી ન હોય તેમાં સંતાનોનો શો વાંક? આવા વિશિષ્ટ સ્ટેજમાંથી પસાર થયો ન હોય એવો કોઈ સાધુ આ પૃથ્વી પર પાક્યો નથી. મહાત્મા ગાંધી પણ એમાં અપવાદ ન હોઈ શકે. વીર નર્મદ પોતાની આત્મકથા 'મારી હકીકતમાં' સાવ નિખાલસપણે કહે છેઃ 'મને બૈરાંની ગંધ આવતી.' આવી વાસંતી ક્રાંતિની ઉપેક્ષા કે અનાદર થાય તેને કોઈ 'અધાર્મિક' કેમ નથી ગણતું?

આપણો વાસી સમાજ મને તો 'વસંતવિરોધી' અને 'વર્ષાવિરોધી' જણાય છે. એ સમાજ માતાનો આદર કરે છે, પરંતુ માતાની માતા એવી સેક્સનો અનાદર કરે છે. સેક્સ તો માતૃત્વની પણ માતા છે. ઇડન ગાર્ડન લંડનમાં આવેલા ઉપવનનું નામ છે. કથા એવી છે કે સૌપ્રથમ ઇડન ગાર્ડનમાં આદમ અને ઇવનું મિલન થયું અને પછી માનવજાતનું નિર્માણ થયું. વાતમાં દમ છે, પરંતુ કાળક્રમે બે મહાન ભૂલો થઈ ગઈ. એ બે ભૂલોનાં દુષ્પરિણામો આજે પણ માનવજાત ભોગવી રહી છેઃ

(૧) ઇવની સેક્સનો સ્વીકાર થયો, પરંતુ એના માતૃત્વની ઉપેક્ષા થઈ. માતાને બદલે ઇવને લલચાવનારી (temptress) ગણવામાં આવી.

(૨) ઈસુમાતા મેરીનો માતા તરીકે મહિમા થયો, પરંતુ મેરીની સેક્સનો સ્વીકાર ન થયો!

સ્ત્રી અસુંદર હોય કે ગણિકા હોય, એનું માતૃત્વ તો પવિત્ર જ ગણાય. ગાયના માતૃત્વમાં અને વાઘણના માતૃત્વમાં પવિત્રતાને મુદ્દે કોઈ તફાવત ખરો? બંનેનાં માતૃત્વની આધારભૂમિ તો સેક્સ જ છેને? તો પછી માતાની પણ માતા એવી સેક્સ-ઘટનાને 'કામવિકાર' જેવી ગાળ ભાંડવામાં કયો વિવેક રહેલો છે? રણમાં બળબળતી બપોરે મનુષ્યને તીવ્ર તરસ લાગે તેને કોઈ સાધુજને 'તરસવિકાર' કહીને વગોવી છે ખરી? એ જ મનુષ્યને લાંબું અંતર ચાલીને કાપ્યા પછી કકડીને ભૂખ લાગે ત્યારે કોઈ મહાત્માએ તેને 'ભૂખવિકાર' કહીને અપમાનિત કરી

છે ખરી? ભૂખ અને તરસ બંને પવિત્ર છે. જેમ અકરાંતિયા થઈને ગમે તે વાનગી ગમે ત્યારે અને ગમે તેટલા પ્રમાણમાં પેટમાં પધરાવી એ ભૂખ જેવી પવિત્ર બાબતનું અપમાન છે તેમ જળને બદલે શરાબ ઢીંચવો એ પવિત્ર તરસનું અપમાન ગણાય. મનુષ્યની ભૂખ અને તરસ વિવેક માગે છે. એ જ રીતે સેક્સની સંતૃપ્તિ પણ વિવેકશૂન્ય હોય તો ઘણા ઉપદ્રવો સર્જાય છે. સાચો રસ્તો એ છે કે ભૂખ, તરસ અને સેક્સ માનવીની મૂળભૂત જરૂરિયાતો છે. એ જરૂરિયાતો પ્રકૃતિદત્ત છે અને સાર્વત્રિક છે. એ ત્રણેની સંતૃપ્તિ સહજ અને સમ્યક્ વિવેક માગે છે. સમાજ જ્યારે સેક્સને પવિત્ર બાબત ગણીને પ્રકૃતિદત્ત ઘટનાનો દરજ્જો આપશે ત્યારે માનવસમાજમાં બળાત્કાર જેવી રાક્ષસી ઘટનાઓનું પ્રમાણ આજના જેટલું નહીં હોય. બળાત્કાર તો રાક્ષસી દુષ્કૃત્ય છે અને માનવજાતને પ્રાપ્ત થતા મૈથુનાનંદનું ઘોર અપમાન છે.

ખલીલ જિબ્રાને ઇષ્ટ અને અનિષ્ટ વચ્ચે રહેલા અદશ્ય સેતુને અત્યંત મૌલિક રીતે પ્રગટ કર્યો છેઃ

અનિષ્ટ બીજું કંઈ નથી,
ઇષ્ટને જ્યારે ભૂખે મારવામાં આવે
અને
તરસે તડપાવવામાં આવે
ત્યારે તે અનિષ્ટ બની જાય છે.
જ્યારે ભૂખ અસહ્ય બની જાય
ત્યારે ઇષ્ટ તો
અંધારી, અવાવરું ગુફામાં પણ
ખોરાકની શોધમાં ઘૂસી જાય છે.
જ્યારે અનિષ્ટ તરસે મરતું હોય
ત્યારે વાસી અને ગંધાતું પાણી
પણ પી લેતું હોય છે.

આપણે ત્યાં વિવેકનો મહિમા ખૂબ થયો છે. એમાં ઇષ્ટ-અનિષ્ટ-વિવેક અગ્રસ્થાને વિરાજે છે. ઇષ્ટની સ્તુતિ કરવાથી અને અનિષ્ટને ગાળ ભાંડવાથી જ જો સમાજમાં અજવાળું વ્યાપી જાય તેવું પર્યાવરણ હોત તો ભારત દુનિયાનો સૌથી સ્વસ્થ દેશ ગણાતો હોત. હજી આ પૃથ્વી પર સ્વસ્થ અને શાણા સમાજનું નિર્માણ થઈ શક્યું નથી. મનુષ્ય જ્યારે પોતાની જાત સાથેની મૈત્રી ગુમાવી બેસે ત્યારે એ બેચેન હોય છે. સ્વસ્થ હોવું એટલે જ માંહ્યલાના મિત્ર હોવું.

સિંહ ગર્જના કરવાનું ભૂલી જાય એ શક્ય નથી. કોયલ ટહુકવાનું ભૂલી જાય એ શક્ય નથી. ખિસકોલી સ્ફૂર્તિ છોડીને ધીમી ધીમી ચાલે એ શક્ય નથી. મનુષ્ય પોતાની પ્રકૃતિદત્ત વૃત્તિઓનો ત્યાગ કરીને જીવે એ શક્ય નથી અને કદાચ ઇચ્છનીય પણ નથી. પ્રત્યેક પશુપક્ષી પોતપોતાને પ્રાપ્ત થયેલાં સ્વભાવ, સ્વરૂપ અને સ્વધર્મને જાળવીને જીવે એમાં સહજ વિવેક રહેલો છે. સંસ્કૃતિનો જન્મ પણ આખરે તો પ્રકૃતિના ખોળે જ થયો છે. સંસ્કૃતિના ગંગાપ્રવાહમાં મનુષ્ય પોતાના

અસલ સ્વભાવ અને સ્વરૂપથી વિખૂટો પડીને જીવે છે. પ્રકૃતિ છોડવાથી જે નફો થાય તે સંસ્કૃતિ અને જે ખોટ જાય એ વિકૃતિ ગણાય. સંસ્કૃતિ તો માનવતાની અમીરાત છે. વિકૃતિ તો માનવજાતનો ઉકરડો છે. સંસ્કૃતિ પણ સભ્યતાને નામે માણસના કૉસ્મિક લયને ખોરવે છે. ગંદાગોબરા બાળકને પોતાના ખોળામાં બેસાડતી વખતે માતા પોતાના મેલાઘેલા શિશુની અસ્વચ્છતાની ચિંતા નથી કરતી. પ્રકૃતિમાતાના ખોળામાં પણ માનવશિશુનો નિરપવાદ સ્વીકાર છે. માણસના આચરણ અંગે ઇષ્ટ-અનિષ્ટનું લેબલ મારી દેતા પહેલાં સો વાર વિચારવું પડે તેમ છે. યોગ્ય અને અયોગ્ય વચ્ચે કદી અભેદ્ય દીવાલ નથી હોતી. સારું-ખરાબ, યોગ્ય-અયોગ્ય, ઇષ્ટ-અનિષ્ટ વચ્ચે કેવળ અદીઠ અંતરપટ હોય છે. એ અદીઠ અંતરપટ તે સહજ વિવેક.

તૈત્તિરીય ઉપનિષદમાં ભૃગુવલ્લીના દસમા અનુવાકમાં ભૃગુ ઋષિએ સેક્સને 'દિવ્ય ઉપાસના' ગણાવીને કહ્યું છે કેઃ 'પરમાત્મા જનનેંદ્રિયમાં પ્રજોત્પત્તિ માટે અમૃત અને આનંદ સ્વરૂપે વિરાજે છે.' ભૃગુ ઋષિ તો ગુદાદ્વાર થકી થતા મળત્યાગ (પાયો વિમુક્તિઃ)ને પણ માનવીય ઉપાસના (સમાજ્ઞા) તરીકે પ્રમાણે છે. જે બાબત ગુનો ન હોય, તે પણ ગુનામાં ખપે એવો વંચિત સમાજ કદી પણ સ્વસ્થ ન હોઈ શકે. માણસની ભૂખ તો સાક્ષાત્ વૈશ્વાનરની પૂજા કરવા

માટે મળતી દિવ્ય આમંત્રણપત્રિકા છે. વિક્ટર હ્યુગોની વિખ્યાત નવલકથા 'લા મિઝરેબલ'માં નાયક જ્યાં વાલ જ્યાં જ્યારે અસહ્ય ભૂખને કારણે બ્રેડની ચોરી કરતા પકડાઈ જાય ત્યારે જેલની સજા પામે છે. સમાજે ભૂખને પણ ગુનાનો દરજ્જો આપી દીધો!

વૈદિક સંસ્કૃતિનો આદિ સંકેત ૐ છે. છાન્દોગ્ય ઉપનિષદના પ્રથમ મંત્રમાં ઋષિ કહે છેઃ 'ૐ' (ઉદ્ગીથ)ની ઉપાસના કરવી જોઈએ. એ મંત્રનું ભાષ્ય કરતી વખતે આદિ શંકરાચાર્ય કહે છેઃ 'ૐ અક્ષર પરમાત્માનું સૌથી સમીપવર્તી (પ્રિયતમ) નામ છે. (ઓમિત્યેદક્ષરં પરમાત્માનો' ભિધાનં નેદિષ્ઠમ્). ઋષિ આગળ વધીને કહે છેઃ 'તે આ મૈથુન ૐ એવા અક્ષરમાં સંસૃષ્ટ છે. જે સમયે યુગલનાં અંગભૂત સ્ત્રી અને પુરુષ પરસ્પર મળે છે, તે સમયે તેઓ એકબીજાની કામનાને તૃપ્ત કરનારાં હોય છે.' શંકરાચાર્યજીએ પોતાના ભાષ્યમાં મૈથુન માટે 'ગ્રામ્યધર્મ' શબ્દ પ્રયોજ્યો છે.

મિથિલા નગરીની પુષ્પવાટિકામાં રામ અને સીતાનું પ્રથમ મિલન થયું. સીતા જ્યારે ગૌરીપૂજનમાં રોકાયેલી હતી ત્યારે સાથે આવેલી એક સખી જુદી પડીને પુષ્પવાટિકા જોવા ગઈ. એણે રામ-લક્ષ્મણને ફરતા જોયા. એ દોડતી સીતા પાસે પહોંચી અને ભાવવિભોર બની ગઈ. સખી સીતાને જે કહે છે તેનું વર્ણન તુલીસદાસજીના શબ્દોમાં સાંભળવા જેવું છે. તુલસીદાસજીની પંક્તિઓ શૃંગારના શિખર પર વિરાજતી જણાય છે. સખી સીતાને કહે છેઃ 'ગિરા અનયન, નયન બિનુ બાની.' જીભ પાસે આંખો નથી અને આંખ પાસે વાણી નથીઃ 'ગિરા અનયન, નયન બિનુ બાની.' રામની મનોદશા સીતાને પહેલી વાર જોયા પછી કેવી હતી? તુલસીદાસજી કહે છેઃ 'ભએ બિલોચન ચારુ અચંચલ.' (રામનાં સુંદર નેત્ર અનિમેષ બની ગયાં). રામે પાસે ઊભેલા લક્ષ્મણને કહ્યું: 'હે લક્ષ્મણ! એ રાજકુમારીની અલૌકિક સુંદરતા જોઈને મારું મન સહજ એવા પવિત્ર ભાવથી ક્ષોભ પામ્યું છે (જાસુ બિલોકિ અલૌકિક સોભા, સહજ પુનીત મોર મન છોભા).'

સેક્સ સાથે જોડાઈ ગયેલા 'કામવિકાર' જેવા શબ્દને દૂર રાખવામાં હજી માનવજાતને કેટલી સદીઓનો સમય લાગશે? ઋષિ વસિષ્ઠને સો સંતાનો હતાં અને તોય તેઓ 'ઋષિ' જ હતા! જે માતાની પણ માતા છે એવી બિચારી સેક્સને આપણે ક્યારે સમજીશું? વિનોબાજીએ ક્યાંક કહેલા શબ્દો યાદ રાખવા જેવા છેઃ

જેને કારણે મને
મારી માતા મળી
તેની નિંદા હું
શી રીતે કરી શકું?

❑❑❑



કાળજી નામે કેર

☐ સતીશ વૈષ્ણવ

ડોરબેલ ઉપરાઉપરી વાગી ત્યારે જ આભા સમજી ગઈ કે વધુ અકળાયેલા મૂડ સાથે રુદ્ર ઘરે આવ્યો છે. ચડાવેલી આંખે ઘરમાં પ્રવેશતાં રુદ્ર બોલ્યો; 'ડફોળશંખ! સાવ ગમાર! નાક વહેતું હતું ને નાખી દેવા જેવી વાતે વળગ્યો હતો. હું જેમ પાછળ ખસું તેમ એ નજીક આવતો હતો!' આતુરતાથી વાત સાંભળી રહેલી આભાને જોઈને એ વધુ ચિડાયો. 'તું અહીં મારી પાસે શું ઊભી છે? સો વખત તો કહ્યું છે કે હું આવું ત્યારે તારે કિચનમાં કે તારા રૂમમાં જતા રહેવું!' રુદ્ર એના રૂમમાં જતાં જતાં બબડ્યો; 'આ બધાં મરશે નહીં પણ મારશે જરૂર!'

ત્રણ બેડરૂમના ફ્લેટમાં બે જણાંની વસ્તી વચ્ચે હવે એક કલાકનો વિરામ હતો. નિયમ પ્રમાણે રુદ્ર બાથરૂમમાં ઘૂસી ગયો હતો. આભા એના રૂમમાં ગઈ. પલંગમાં બે ઓસીકે અઢેલી બેસીને દીવાલ પર ટીંગાતી સોહિણીની તસવીરને છેલ્લા મહિનાઓમાં કેળવાયેલા સહવાસ પ્રમાણે એ જોઈ રહી. સાત વરસની ઢીંગલી સોહિણી હસી રહી હતી. સોહિણીનો ચહેરો લઈને જન્મેલી આભાએ બચપણથી પોતાનામાં સોહિણીનું પ્રતિરૂપ જોયું હતું. આભાની મૌન વાતનો ધ્વનિ હતોઃ રુદ્રને મારે કહેવું હતું કે તમારી વાત સાંભળવા હું ઊભી છું. પણ મેં કહ્યું નહીં. કેમ કે અનુભવે હું સમજી છું કે

કહેવાનો કોઈ અર્થ નથી. એ જે કંઈ બોલે તે ચુપચાપ સાંભળીને એની નજર સામેથી સરી જવામાં જ સાર છે. હું મારામાં જ ગૂંચળું વળી ગઈ છું. રુદ્ર મને હવે વધુ અલ્પ બનાવી નહીં શકે.

કાળનાં વિકરાળ વાદળો છવાયાંના શરૂઆતના દિવસોમાં રુદ્રના ચિત્તમાં એકાએક સાયરન વાગી હતી. સલામતીની સાયરન. ત્રણ વરસ પહેલાં આભાએ અનુભવેલા બેલ્સ પાલ્સીના પ્રાથમિક લક્ષણોની રુદ્રને યાદ આવી હતી. આભાનાં એ અત્યંત સાધારણ ચિહ્નો છ દિવસમાં જ દૂર થઈ ગયાં હતાં પણ રુદ્રના મંતવ્ય પ્રમાણે 'અત્યારના સંજોગોમાં જોખમ લઈ શકાય નહીં એવી માંદગી હતી. પ્રતિકારશક્તિ ઓછી હોવાનું પ્રમાણ હતું.' ફેમિલી ડોક્ટર સુરેશભાઈના નિદાનની યાદ આભાએ તાજી કરાવી ત્યારે રુદ્રે કહ્યું હતું; 'તારો ફેમિલી ડોક્ટર તો ભગાનો ભાઈ છે.' તે દિવસ આભાએ દ્વિધામાં પસાર કર્યો. કબાટના ડ્રોઅરમાંથી બેલ્સ પાલ્સીના કેસની ફાઇલ કાઢીને આભાએ ધ્યાનથી વાંચી. રાતે એણે એ ફાઇલ રુદ્રને આપતાં કહ્યું; 'તમે વાંચી જુઓ. નિદાનના શબ્દો વાંચો. પછી પણ જરૂર લાગે તો આપણે સેકન્ડ ઓપિનિયન લેશું.' રુદ્રે ફાઇલ હાથમાં પણ લીધી નહીં. 'મારું ઇન્ટ્યુશન એ જ ફાઇનલ ઓપિનિયન!'

આ સંવાદની રાતથી જ બીજા બેડરૂમમાં રહેવાનું આભાને શરૂ કરવું પડ્યું.

મધરાત સુધી ઓરડાના અંધારા એકાંતમાં બેચેનીમાં પડખાં ફેરવતી આભા મનોમંથન કરતી રહીઃ કોને પૂછું કે અત્યારે મારા ચહેરામાં કાંઈ ખોટ દેખાય છે? કોને કહું? મમ્મીને? ના. બિચારીને વધુ દુઃખી મારે નથી કરવી. એક ભાઈ... એક બહેન... મારે હોત તો...એ સ્ફૂર્તિથી ઊભી થઈ. અંધારામાં જ એણે કબાટ ઉપરથી સૂટકેસ ઉતારી, એમાંથી એક છબિ કાઢીને બારીમાંથી આવતા રસ્તાના અજવાળામાં એણે છબિને જોઈ; ચૂમી અને બોલીઃ સોહિણી! મારી બહેન! મારી અંતરની ઇચ્છા મારી બેબીની તસવીર પાસે તારી તસવીર મૂકવાની હતી.

તે રાતથી આભાને મન ફ્લેટની વસ્તી વધીને ત્રણ થઈ.

છ છ ખુરશીના ડાઈનિંગ-ટેબલને એકલી આભાનો સંગાથ મળતો રહ્યો. રુદ્રનો રૂમ કિચનની સામે જ હતો. બંને પોતપોતાની જગ્યાએ પણ એકબીજાની સામે જમતાં જમતાં સાંપ્રતની એક માત્ર પ્રાસંગિક વાત પણ કરતાં હતાં. ઝાઝે ભાગે મહામારીની રોજ નવી નવી મોકાણની વાતો રુદ્ર કહેતો હતો. આભાએ હસવામાં કહ્યું હતું; 'બે ગજની દૂરીના સ્થાને તમે તો સાત

ગાઉથી નમસ્કાર કરી દીધા!' રુદ્ર ગંભીર જ રહ્યો. 'હજી એટલી રાહત છે કે તારે કે મારે રૂમમાં ગોંધાઈ રહેવું પડ્યું નથી!'

છાપું ફરિયાદ કરતું કે લોકડાઉનનો અમલ આંશિક થાય છે. આભા ચિલ્લાતીઃ સંપૂર્ણ અમલ જોવો છે? આવો મારે ઘેર!

દુનિયાભરમાં દાવાનળની જેમ પ્રસરેલા ચેપી રોગના સમાચારો વાંચવામાં ને જોવામાં જ ઘરમાં ને ફેક્ટરીમાં રુદ્ર એનો સમય પસાર કરતો હતો. બધી જ સાવચેતીના અમલ પછી પણ એને દરેક સ્થળે જોખમ દેખાતું. એના મનમાં અવિરત ઘંટડી વાગ્યા કરતીઃ જોખમ... જોખમ... જોખમથી સાચવવું!

રુદ્રના રૂમના બારમાં ચાની ટ્રે લઈને ઊભેલી આભાને રાત-દિવસની દૂરી ખટકી. 'પોઝિટિવ રિપોર્ટ આવ્યા પછી લોકો ઘરમાં ક્વારન્ટાઇન થયા છે. આપણને કશું થયું નથી ને...' આભા પાસેથી ટ્રે લેતાં રુદ્ર બોલ્યો; 'કાલે રાતે તને ઉધરસ આવતી હતી. છાપું બરાબર વાંચે છેને? તાવ જેવું જણાય તો તરત ટેસ્ટ કરાવજે. ખોટા ભ્રમમાં રહેતી નહીં ને મને જોખમમાં મૂકતી નહીં.'

આભાને તો તાવ આવ્યો નહીં પણ એની મમ્મી સુજ્ઞાને શરદી સાથે તાવ આવ્યો. ત્રણ ત્રણ દાયકાથી પરિવારની સારવાર કરતા ડોક્ટર સુરેશે સુજ્ઞાને મ્યુનિસિપલ હોસ્પિટલમાં જવાની સલાહ આપતાં કહ્યું; 'ખાંસી-શરદી-કફ ને તાવના કેસ હું તપાસતો નથી!'

સંધિકાળે આભા રૂમની બારીમાં ઊભી હતી. મોડી રાત સુધી ધમધમતો રસ્તો સૂમસામ હતો. રડ્યુંખડ્યું વાહન પસાર થતું હતું. સામેના બિલ્ડિંગના ગ્રાઉન્ડફ્લોરની દુકાનો બંધ હતી. એ જ બિલ્ડિંગના ફ્લેટ્સમાં જલતી લાઇટ બાવાં બાઝી ગયાં હોય તેવી નિસ્તેજ હતી. આકાશ સાવ ધૂંધળું હતું. ક્યાંય સંચાર ન હતો. વાતાવરણમાં સમયનું મૂક ઘમસાણ મચી રહ્યું હતું.

ઉદાસ આભા પલંગમાં પગ લંબાવીને બે ઓસીકાંના ટેકે સોહિણીની સામે બેઠીઃ પરમ દિવસે મેં તને કહ્યું હતું ને કે બે દિવસથી મમ્મીને તાવ આવે છે. ચેપ લાગવાની બીકથી હવે ડોક્ટરો પણ ખાંસી-તાવવાળા દરદીનો કેસ હાથમાં લેતા નથી. આપણા ડોક્ટરે પણ મમ્મીને તપાસવાની ના કહી... કાંઈક રસ્તો સુઝાડશે એવી આશાથી મેં આ વાત રુદ્રને કહી. તું માનીશ, સોહિણી? મારી વાત સાંભળીને રુદ્ર તો ખુશ થયો ને કહે કે તારા ડોક્ટર વિશે મારે મારો અભિપ્રાય બદલવો પડશે! એ તો બહુ સ્માર્ટ સાબિત થયો! મારે મારા ડોક્ટર તરીકે એની કંઠી બાંધવી પડશે!...

...મમ્મીને તાવ આવ્યાની વાત રુદ્રના

ચિત્તમાં ઘૂમતી હશે એટલે; સોહિણી! રાતે સૂવા ટાણે મારા રૂમની બહાર ઊભીને એણે કહ્યું કે તારી મમ્મી મારી જેમ બીપી ને ડાયાબિટીસની પેશન્ટ છે. એને કહેજે કે અત્યારે બેદરકાર રહેવા જેવું નથી!

...સોહિણી! હું બહુ થાકી ગઈ છું; વિચાર કરી કરીને! આપત્તિનો ઓછાયો હજી આપણી સોસાયટી પર પડ્યો નથી. દરેક જણ ખૂબ સજાગ છે. કાળજી રાખવાની રુદ્રની સો સૂચનાઓનો અમલ કરવા હું તૈયાર છું. પરંતુ આ દિવસોમાં જોવા મળતી એની ભાવશૂન્યતા અને કટુવાણી હું સહન કરી શકતી નથી. રોગની મને ચિંતા નથી. રોગ તો જ્યારે જવાનો હશે ત્યારે જશે. પણ આ દરમિયાન એ રુદ્રને સદંતર બદલતો જશે એની ચિંતા મને કોરી ખાય છે...

...મારી ચિંતા તું સારી રીતે સમજી શકે તે માટે હું અમારી એક વાત કહું. મંદિરેથી મમ્મી ઘરે જતાં હતાં ત્યારે રિક્ષાવાળાએ અચાનક બ્રેક મારતાં મમ્મીનું માથું સળિયા સાથે અફળાતાં કપાળ પર ઢીમડું થયું ને લોહી નીકળ્યું હતું. ઘેર જઈને મમ્મીએ ડેટોલથી ઘા સાફ કરીને જાતે એન્ટી-સેપ્ટિક ક્રીમ લગાડીને પાટો બાંધ્યો હતો. આ વાત બહુ જૂની નથી. ગઈ સાલની જ છે. રાતે સાડાઆઠ વાગે રુદ્ર આવ્યો ત્યારે મમ્મીએ કહી હતી તે બધી વિગતોની જાણ કરીને મેં ઉમેર્યું હતું કે મમ્મીએ ખાસ કહ્યું છે કે ચિંતા કરવા જેવું નથી. તું માનીશ, સોહિણી? આ જ રુદ્ર એક મિનિટ પણ રોકાયા વિના મને કહે કે ચાલ, મમ્મી પાસે! ...રસ્તામાં કહે કે ડોક્ટરને બતાવી દેવું સારું! ઇન્ટર્નલ ઇન્જરી થઈ હોય ને રાતમાં કંઈ પ્રોબ્લેમ થયો તો? મમ્મી વૃદ્ધ છે. વળી એકલાં છે!

બાથરૂમમાં જઈને આંખ-મોં ધોઈને આભા ફરી સોહિણીની પાસે બેઠી. 'તને પ્રશ્ન થશે કે પછી મમ્મીના તાવનો ઇલાજ થયો કે નહીં? આપણી મમ્મી અડધી ડોક્ટર છે. ડોક્ટરનો જવાબ સાંભળીને એ સીધી દવાની દુકાને ગઈ અને તાવ-ઉધરસ-શરદીની ગોળીની એક એક પટ્ટી લઈને ઘેર ગઈ હતી.'

કિચનમાં બ્રેકફાસ્ટની તૈયારી આભા કરતી હતી ત્યારે હાથમાં છાપું પહોળું પકડીને રુદ્ર એના રૂમના બારમાં આવીને ઊભો; 'ઇસ્ત્રી કરતાં ઘડી વીંખાઈ કેમ જાય છે? છાપાંને ઇસ્ત્રી કરતાં બળ પડતું હોય તો ન કરતી. હું સ્પ્રે કરી નાખીશ. સ્પ્રે મને મોંઘો નહીં પડે. શિર સલામત તો પઘડિયાં બહોત!'

ડચકાં ખાતાં ચાલતી રુદ્રની ફેક્ટરીમાં હરિબાબુ સિવાય બધા જ પરપ્રાંતીય મજૂરોએ વતનની વાટ લીધી હતી. રુદ્રે આભાને કહ્યું; 'દર

બુધવારે બાબુ આપણે ઘરે આવશે...' 'હરિબાબુ બિહાર ગયો નથી?' 'ત્યાં કોણ એને સંઘરે? ચૌદનો હતો ત્યારથી મારી ફેક્ટરીમાં કામ કરે છે. રહે છે પણ ત્યાં જ. હા, તો બાબુ બપોરે આવીને આખા ઘરમાં દવા છાંટશે. અડોશપડોશની બાલ્કનીમાં ઊભીને કોઈક છીંકતું હોય તો પણ ચેપ લાગી શકે છે.'

આભાએ એનો ઉકળાટ સોહિણી પાસે કાઢ્યોઃ બિલ્ડિંગની બંને વિંગમાં કામવાળીને કામ પર નહીં આવવાનું કહેવાવાળાં અમે પહેલાં હતાં. કામવાળી તો ટેસ્ટ કરાવ્યાનો મ્યુનિસિપાલિટીએ આપેલો બિલ્લો ગળામાં પહેરીને આવતી હતી!

છાપાંની બુધવારની પૂર્તિ જોતાં આભાને વિચાર આવ્યો કે બપોરના ત્રણ થઈ ગયા પણ આ બુધવારે હરિબાબુ કેમ આવ્યા નહીં? એણે રુદ્રને ફોનમાં પૂછ્યું; 'આજે હરિબાબુ આવ્યા નથી.' રુદ્ર ચિઢાયો; 'ઈ બાબુડો હવે આવશે નહીં! રાતે વાત કરીશ.'

ડાઈનિંગ-ટેબલ પરથી આભાએ પૂછ્યું; 'તમે હરિબાબુ વિશે કંઈ કહેવાના હતા.' રૂમમાં ટિપાઈ પર જમતાં રુદ્રે કહ્યું; 'તું એને હરિબાબુ હરિબાબુ શેની કહ્યાં કરે છે? ઈ બાબુડાને બાબુ કહીએ તો પણ ઘણું છે!' આભાએ પ્રતિભાવ આપ્યો નહીં. રુદ્રે મૂળ વાત કહીઃ 'બિહાર જતી બસમાં એને ચઢાવી દીધો. બે દિવસથી તાવ આવતો હતો એ વાત સાલાએ મારાથી છાની રાખી હતી!'

આભાએ સાંત્વના આપવાના હેતુથી કહ્યું; 'તમે બહુ ચિંતા કરો છો. હું ડિસિન્ફેક્ટન્ટ નાખીને આખા ઘરમાં પોતું કરું છું. દૂધ અને છાપું આવી જાય તે પછી ઘરની જાળી ને બારણાં પણ દવાના પાણીથી લૂછું છું. વળી મહિનાઓથી ઘરે કોઈ આવતું-જતું નથી.'

'એ તો બધું ઠીક છે પણ તું ડિસિન્ફેક્ટન્ટ વાપરવામાં લોભ કરે છે. હું કેરબો જોતો રહું છું!'

'સાંભળ!' રુદ્રનો ફોન આવ્યો.'અર્ધી કલાકમાં એક માણસ આવીને પલ્સ ઓક્સિમીટર અને થર્મોમીટરનાં બે બોક્સ આપી જશે. તું હાથમાં સેનેટાઇઝર લગાડી અને માસ્ક પહેરીને તૈયાર રહે. બંને બોક્સ ડ્રોઈંગ-રૂમની ટિપાઈ પર સાચવીને મૂકી ચારે તરફથી બરાબર સ્પ્રે કરજે.'

શૂન્ય ચિત્તે આભા એના પલંગમાં આડી પડી હતી ત્યાં એને ભણકાર સંભળાયોઃ પછી પેલાં બે બોક્સનું શું થયું?

આભાનાં તન-મનમાં ચેતનાનો સંચાર થયોઃ હા. એ વાત કહેવાનું તો રહી ગયું!

પલંગમાં પગ લંબાવી ઓસીકાંને ટેકે બેસીને સહજતા અનુભવતાં આભાએ

સોહિણી તરફ જોઈને વિલાયેલું સ્મિત કર્યું: સોહિણી! મારું બી.એસસી. સુધી ભણવાનું મિથ્યા છે. રુદ્રને મન હું અભણ અને ગમાર સ્ત્રી છું. તે રાતે ઘરમાં પ્રવેશીને મને પ્રતીતિ થાય એ રીતે રુદ્રે વાતાવરણ સૂંઘ્યું. જાણે સ્પ્રેની સુગંધ હજી હવામાં તરતી હોય! પછી બોક્સ લઈને મૂંગે મોંએ એ એના રૂમમાં ગયો. તે દિવસ ને આજની ઘડી. બોક્સમાં આવેલાં સાધનો એણે મને બતાવ્યાં નથી. મને પણ એ મીટરો જોવાની ઇચ્છા નથી. છાપાંની જાહેરખબરોમાં રોજ એનાં ચિત્રો આવે છે. મારાથી રુદ્ર છ વરસ મોટા છે. વજન પણ વધારે છે. કદાચ એને એ સાધનોની વધુ જરૂર હશે!

મહિનાઓ પછી લેન્ડલાઇનના ફોનની ઘંટડી રણકી. ઘડીભર આભાને અવાજના આભાસ જેવું લાગ્યું. ત્રીજી ઘંટડીએ ફોન રિસીવ કરતાં એણે વિચાર્યું: નક્કી વત્સલામામી હશે. એને મોબાઇલ નામનું રમકડું ફાવતું નથી!

વત્સલામામી જ હતાં. ચિંતામાં હતાં. અમેરિકામાં પરણાવેલી દીકરીના ફોન પહેલાં એકાંતરે આવતા હતા તે હવે વીસ દિવસે માંડ એક વાર આવે છે! દીકરીનું કહેવું પણ સાચું છે. એકની એક વાત કહી અને સાંભળીને હવે થાક લાગે છે. એને ડર છે કે આ દૈત્ય વિશે વાંચી વાંચી, સાંભળી સાંભળીને ક્યાંક એનો ચેપ લાગી જાય નહીં!

આભાએ નિગમમામાના ખબર પૂછ્યા. વત્સલામામીએ કહ્યું; 'ઉંમર થઈ. તબિયત તો થોડી નરમગરમ રહેને!'

વત્સલાનો ફોન આવ્યે હજી ત્રણ દિવસ થયા ન હતા ત્યાં સુજ્ઞાનો આભા પર ફોન આવ્યો. ખૂબ ચિંતાજનક સમાચાર હતા. નિગમના ટેસ્ટનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. આભાએ સુજ્ઞાને કહ્યું; 'મમ્મી! તું એકલી છે. ચિંતામાં ક્યાંક તું માંદી પડી જતી નહીં. તું કહેતી હોય તો હું આવી જાઉં, આપણે ઘરે.' કહેતાં તો કહેવાઈ ગયું પણ બીજી જ પળે આભાને વિચાર આવ્યો કે મમ્મીને ઘરે રહેવા જવાની મારી તૈયારીને રુદ્ર તરત વધાવી લેશે! સુજ્ઞા પણ સમજદાર હતી. આ સંજોગોમાં ઘર છોડીને બહાર ક્યાંય નહીં જવાની સુજ્ઞાએ આભાને સલાહ આપી.

ફેક્ટરીએ ફોન કરીને આભાએ રુદ્રને નિગમની માંદગી વિશે વાત કરી. રુદ્રે કહ્યું; 'મેં ધાર્યું જ હતું. તારા મામાનું બોડી કેટલું હેવી છે!'

પરસ્પર ફોન પર ઉચાટભરી ટૂંકી વાત દિવસમાં બે વાર થતી હતી એવી એક બપોરે સુજ્ઞાનો ફોન આવ્યો. ફોન પર વાતની શરૂઆત જ મમ્મીએ રડવાથી કરી: 'આભા! નિગમને આઇસીયુમાં દાખલ કર્યો છે.'

મમ્મીનો વલોપાત સાંભળીને

ગમગીન થયેલી આભાએ જાણ કરવા રુદ્રને ફોન કર્યો. એનો ફોન સ્વિચ્ડ ઓફ આવ્યો. દશ મિનિટ પછીનો પ્રયત્ન પણ મિથ્યા નીવડ્યો.

સોહિણીની પાસે જતાં આભાએ વિચાર્યુંઃ એકલતાના આ આકરા સમયમાં મારા જેવાં બહુ ઓછા હશે જેને મનને હળવું કરવા સોહિણી જેવો સંગાથ સાંપડ્યો હોય! રૂમના ખૂણામાં પડેલી ખુરશીને પલંગ નજીક ખેંચીને એ બેઠીઃ સોહિણી! મમ્મીનો ફોન હતો. નિગમમામાને આઇસીયુમાં શિફ્ટ કર્યા છે. મમ્મી બિચારી શું કહે? એના નસીબમાં રડવાનું જ લખ્યું છે. તને યાદ કરી કરીને રડતી રહી. બાવન વરસની ઉંમરે વિદાય લઈને પપ્પાએ એને જીવનભર રડતી રાખી. હવે એના એકના એક પિતાતુલ્ય ભાઈ પર કાળનો ઓછાયો પડ્યો છે.

રડી રડીને આંખ-માથું ભારે થતાં આભા પલંગમાં આડી પડી. સૂતાં સૂતાં એણે ફરી રુદ્રને ફોન જોડ્યો. ત્યારે પણ સ્વિચ્ડ ઓફ આવ્યો.

સતત દબાવી રાખેલી ડોરબેલના અવાજથી ગાજી ઊઠેલા વાતાવરણને કારણે આભાની નીંદર તૂટી. એણે દોડીને ઘરનાં બાર ઉઘાડ્યાં. આભાની લાલ આંખ જોતાં રુદ્રનો ગુસ્સો શમી ગયો. 'કંઈ ખરાબ સમાચાર આવ્યા છે?'

જે ચિંતામાં ઝોકું આવ્યું હતું તે મુખર બની. 'તમે ક્યાં હતા? આટલું બધું મોડું કેમ થયું? ફોન પણ બંધ રાખ્યો હતો!'

રુદ્રે સંયમિત સ્વરે જવાબ આપ્યો; 'એસોસિયેશને અર્જન્ટ મિટિંગ બોલાવી હતી. પણ તેં ફોન શું કામ કર્યા હતા?'

આંખમાં ધસી આવેલા આંસુ સાથે આભાએ કહ્યું; 'રુદ્ર! નિગમમામાને આઇસીયુમાં શિફ્ટ કર્યા છે.'

માસ્ક સરખો કરીને પોતાના રૂમમાં જતાં રુદ્ર બોલ્યો; 'ચિંતાજનક સમાચાર છે!'

રાતે જમતાં રુદ્રે કહ્યું; 'મારા જેવા માટે આ સમાચાર લાલબત્તી સમાન છે. તારા મામા મહિનાઓથી ઘરની બહાર નીકળ્યા ન હતા. ત્યારે હું તો દિવસ આખો બહાર રહું છું ને ઘણાં લોકોને મળું છું. મારે હવે મારી વિશેષ કાળજી રાખવી પડશે.'

'ફેક્ટરી બંધ રાખીને તમે પણ ઘરમાં રહો.'

'બેંકની લોનના હપ્તા કોણ ભરશે? તું તારી કાળજી રાખે તે પણ મારા માટે સારું છે. કાલથી તું પણ મારી જેમ સ્ટીમ લેવાનું શરૂ કર. ઘરમાં માસ્ક પહેરવાનું રાખ. વારે વારે સાબુથી હાથ તો ધોવાનું રાખ્યું છે ને?'

સમાચારોની ધૂપછાંવ વચ્ચે આભાના બીજા પાંચ દિવસ પસાર થયા. જીવનમાં આવી અનિશ્ચિતતા એણે કદી અનુભવી ન હતી. ફોન આવતો

'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

અને એનું હૃદય ધબકાર ચૂકી જતું. ઘડીભર એની આંખની સામે અંધારા છવાઈ જતાં. નકારાત્મક વિચારોને વારવા છતાં કેડો છોડતા ન હતા. કશુંક અજુગતું બનશે ને હોસ્પિટલમાંથી સીધો ફોન એકલા રહેતા વત્સલામામી પર આવશે તો?

ફેક્ટરીએથી રુદ્ર રાતે આવતો ત્યારે એ પૃચ્છાભરી નજરે આભાની આંખમાં ઊંડે સુધી જોતો.

છઠ્ઠે દિવસે વાદળાં વિખેરાઈ ગયાં. હોસ્પિટલમાંથી નિગમને રજા આપવામાં આવી હતી. આભા મમ્મીનો હર્ષનાં આંસુથી ભીંજાયેલો ચહેરો કલ્પી શકી. એણે તરત જ રુદ્રને ફોન કરીને સારા સમાચાર આપ્યા. સતર્ક રુદ્રે જવાબ આપતાં કહ્યું; 'રાહતના સમાચાર છે! તારા મામાએ હવે એની તબિયત તડ પડેલા કાચના વાસણની જેમ સંભાળવી પડશે!'

રુદ્રના શબ્દોને આભાએ લક્ષમાં લીધા નહીં. એનું મન તત્ક્ષણના આનંદમાં નાચી રહ્યું હતું. પોતાના રૂમમાં દોડી જઈને આભાએ દીવાલ પરથી સોહિણીની છબિ ઉતારીને ચૂમી, છાતી સરસી ચાંપીઃ નિગમમામા ઘરે આવી ગયા; સોહિણી! મમ્મીને જીવતદાન મળી ગયું એમ તું માન! દુકાન ચાલી ન હતી એટલે પપ્પાએ એક નાના કારખાનામાં એકાઉન્ટન્ટની જોબ લીધી હતી. અમારા કમનસીબે

હું માંડ દસ વરસની હતી ત્યારે પપ્પા પહેલા જ એટેકમાં ગુજરી ગયા. તે પછી આજ સુધી નિગમમામાએ, એમની સ્થિતિ સાધારણ હોવા છતાં, મમ્મીની ને મારી સંભાળ રાખી છે. એમની હૂંફથી જ હું ભણી શકી છું.

દીવાલ પર યથાસ્થાને સોહિણીની છબિ ટીંગાડી, દુપટ્ટાથી લૂછીને આભા ઊભી રહીઃ આજે વાત માંડી જ છે તો તને મારા હૈયાની વાત કહેવા દે. સોહિણી! આપણા ઘરની નબળી સ્થિતિ જ રુદ્રની સાથે મારું ભાવિ જોડવામાં નિમિત્ત બની હતી. ઉધરસનું મારું એક ઠસકું સાંભળીને રુદ્ર મને ચેપી વ્યક્તિની જેમ જુએ છે. ધારો કે કાલ સવારે મને સાધારણ તાવ આવ્યો તો એ પહેલું કામ મને મમ્મીને ઘરે મૂકી જવાનું કરશે. કાળજી કાળજી શબ્દ કૂટ્યા કરે છે. પણ એની કાળજી મને ઓથ આપવા અસમર્થ છે. રુદ્રની કાળજી શબ્દાર્થ જેવી નિર્દોષ નથી. એની કાળજીની દરેક કડક સૂચના એક કસક મૂકતી જાય છે. મમ્મીની મોંએ હું ખોટું બોલી છું પણ તને મારી અંગત વાતથી વાકેફ કરું. મેં મારી ટ્રીટમેન્ટ ક્યારની બંધ કરી દીધી છે. પહેલાં સારવારનું એક આશ્વાસન તરીકે પણ અવલંબન હતું.

બેડરૂમ શબ્દમાંથી બેડ શબ્દની બાદબાકી થઈ ગઈ છે. હવે તોઃ આ તારો રૂમ. આ મારો રૂમ.

દિવાળી કેલેન્ડરમાં આવીને પસાર થઈ ગઈ. આભા એની મમ્મી પાસે જઈ શકી નહીં. મામા-મામીને પણ ફોન પર પગે લાગી લીધું. રાતના સમયનો કર્ફ્યુ લાગ્યાની વધામણી આપતાં રુદ્રે ફોન કરીને આભાને કહ્યુંઃ 'લોકો એ જ લાગના છે!' ફોન તરફ નિર્વેદ ભાવે જોતાં આભા મનોમન બોલીઃ દિવસ-રાત હું કર્ફ્યુમાં જ રહું છું. આપણા ઘરમાં ચાર નહીં, બે માણસને પણ ભેગાં થવાની પાબંદી છે!

રુદ્રની ફેક્ટરી પુનઃ ચાલુ થયાને હજી પખવાડિયું થયું હશે તે દિવસોમાં એક ઢળતી સાંજે અચાનક વાવાઝોડાની જેમ ઘરે ધસી આવીને રુદ્રે પ્રશ્નોની ઝડી વરસાવી. આભા પાસે બે જ વાક્યોમાં જવાબ હતોઃ કોઈ આવ્યું નથી. કોઈનો ફોન પણ આવ્યો નથી.

નવ મહિનામાં પહેલી વાર, પહેલી વાર રુદ્ર ડ્રોઇંગ-રૂમમાં માસ્ટર સોફા પર બે હાથ વચ્ચે માથું દબાવીને બેઠો. પડખે બેસવાનો વિચાર જુગજૂનો થઈ ગયો હતો એટલે આભા ખચકાટ સાથે દૂરના સોફા પર બેઠી. માથું ઊંચું કરીને રુદ્ર બોલ્યો; 'કલાક પહેલાં (સોસાયટીના સેક્રેટરી) દીક્ષિતભાઈનો ફોન હતો. આપણી ઉપરના ફ્લોરના ત્રણ ફ્લેટમાં દસ જણાંના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે...'

આભાઃ 'ઓહ! હવે?'

રુદ્રઃ 'કાલે સવારે ઘરે ઘરે તપાસવા

ટીમ આવવાની છે. આપણાં બંને બિલ્ડિંગ માઇક્રો કન્ટેનૂમેન્ટ ઝોનમાં મુકાશે.'

આ અંગેની થોડી વાતો થયા પછી રુદ્રે આભાને કહ્યું; 'હું એવા નિર્ણય પર આવ્યો છું કે કાલે સવારે આઠ વાગ્યા પહેલાં તું તારી મમ્મીને ત્યાં જતી રહે.'

'મારો રિપોર્ટ આવે તે પહેલાં તમારે મને ધકેલી દેવી છે?'

'તારા રિપોર્ટની હું રાહ જોવાનો નથી.'

'એટલે તમે માની જ લીધું છે કે મારો રિપોર્ટ પોઝિટિવ આવશે.'

'તારી ને તારા ફેમિલીની હિસ્ટરી જોતાં હું કોઈ ચાન્સ લેવા માગતો નથી.'

'અત્યારના સંજોગોમાં મારાથી તમને એકલા મૂકીને જવાય નહીં.'

'આ સમય લાગણીવેડાનો નથી.'

આવતી-જતી નીંદરમાં આભાની રાત પૂરી થઈ. સવારે સાડાપાંચ વાગે એણે રુદ્રના રૂમમાં લાઇટ જલતી જોઈ. એણે ઊભાં થઈને રૂમની બહાર આવીને આઘેથી રુદ્રના રૂમમાં ડોકિયું કર્યું. રુદ્ર લોમ-અનુલોમ કરી રહ્યો હતો.

સવારની પ્રવૃત્તિમાંથી પરવારીને આભાએ કબાટ પરથી સૂટકેસ ઉતારી. દીવાલ પરથી સોહિણીની છબી ઉતારતાં ભારે હૈયે એ બોલીઃ સોહિણી! મને જુદા રૂમમાં રહેવા કહેવાનું રુદ્રને નક્કી ઉદ્વેગના ચોઘડિયે સૂઝ્યું હશે એટલે હવે આજે મારે મારું ઘર જ છોડવાની નોબત આવી છે!

આભા તસવીર સાથે પલંગમાં ફસકી પડીઃ સોહિણી! તું જીતી ગઈ છે. તારી જ ઉંમરે મને આકરો ટાઇફોઇડ થયો હતો. અત્યારે થાય છે કે હું તારા માર્ગે કેમ ન વળી? મારા જેવી અભાગીને ચેપ પણ લાગતો નથી. કાલે રાતે મેં મમ્મીને રુદ્રના નિર્ણયની જાણ કરી તો મમ્મીએ કહ્યું કે રુદ્ર તો કહે પણ એને એકલા મૂકીને તારાથી અવાય નહીં ને તારે આવવાનું પણ નથી! મેં મમ્મીને માંડ સમજાવી કે બે અઠવાડિયાં માટે જ હું આવું છું. બિલ્ડિંગ માઇક્રો કન્ટેન્મેન્ટમાંથી મુક્ત થશે એટલે રુદ્ર મને બોલાવી લેવાના છે!

ચાની ટ્રે લંબાવતાં આભાએ રુદ્રને પૂછ્યું; 'બ્રેકફાસ્ટ તો લેશોને?' રુદ્રે સંમતિમાં માથું હલાવ્યું. આભાએ આગળ પૂછ્યું; 'આજનું જમવાનું બનાવતી જઉં? કહેતા હો તો થોડો કોરો નાસ્તો...' ઘડિયાળ સામે જોઈને રુદ્રે કહ્યું; 'ના. એવી જરૂર નથી.'

સૂટકેસ લઈને આભા જવા નીકળી ત્યારે રુદ્રે એના રૂમમાંથી બહાર આવીને કહ્યું; 'તું અને મમ્મી એક રૂમમાં સૂતાં નહીં...' આભા ચૂપ રહી. ફ્લેટનું બારણું ઉઘાડીને આભાએ બહાર પગ મૂક્યો ત્યારે દૂર ઊભેલા રુદ્રે કહ્યું; 'વેક્સિન લઈને જ હવે આવજે!' આભા મનમાં બોલીઃ વાહ! દહેજનું આ નવું સ્વરૂપ!

❑❑❑



અરુણા જાડેજા : એક મુલાકાત

☐ શરીફા વીજળીવાળા

પ્ર.: તમારો જન્મ, ઉછેર, શિક્ષણ ક્યાં થયાં?

ઉ.: નમસ્તે શરીફાબહેન! મારો જન્મ 'સોનાની મૂરત' સુરત શહેરમાં તા. ૯-૧૧-૧૯૫૦ના રોજ, દિવાળી, અમાસના પર્વે થયો. શાળાકીય શિક્ષણ નવસારીની ડી.ડી.ગર્લ્સ હાઈસ્કૂલમાં. ગુજરાત યુનિવર્સિટીમાંથી ગુજરાતી

મુખ્ય વિષય સાથે એમ.એ. થઈને સુરતની વાડિયા વીમેન્સ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાઈ. ઉછેર બધો જ ગુજરાતમાં, કારણ કે છેલ્લી ચાર પેઢીથી અમે મહારાષ્ટ્રથી અહીં ગુજરાતમાં આવીને વસેલા; મારા ભાઉ (બાપુજી) સરકારી નોકરીમાં, ગુજરાતનાં ગામેગામ ફરવાનું થાય. કહી શકાય કે અમે પાકા ગુજરાતી.

પ્ર.: આરંભના ગાળામાં તમારા લેખ અરુણા બિલગી તરીકે વાંચેલા, પછી અરુણા જાડેજા. એક દરબારની વહુવારુ આટલું સારું મરાઠી ન જાણતી હોય એ તો અનુભવે ખબર. ગુજરાતી વાચક માટે આ રહસ્ય પરથી પરદો હટાવશો કે આ કઈ રીતે શક્ય બન્યું?

ઉ.: હા, હું એમ.એ.માં હતી ત્યારથી જ ગુજરાતી સાપ્તાહિકો 'શ્રી', 'સ્ત્રી' કે માસિકો 'જનકલ્યાણ', 'અખંડાનંદ'માં પરચૂરણ એવું લખતી; મને વાંચવું-લખવું બહુ જ વહાલું. મારી પિયરની અટક બિલગી (કર્ણાટકમાં બેલગામ પાસે આવેલું એક ગામ). સ્વાભાવિક જ છે કે મારા લેખ અરુણા બિલગીને નામે છપાતા. લગ્ન પછી મેં ૨૦ વર્ષ પછી લખવા માંડ્યું ત્યારે શરૂઆતમાં થોડો વખત મેં અરુણા બિલગી-જાડેજા એ નામે લખવાનું રાખ્યું. પછી થયું કે હવે લોકો ઓળખી ગયા છે કે 'આ એ જ અરુણા છે', તેથી પછી વચ્ચેથી બિલગી કાઢીને પાછળ ફક્ત જાડેજા રાખ્યું. તમે કહો છો એમ ઘણા મને બિરદાવતા કે 'ગરાસણી થઈને આટલું સારું લખી જાણે!' તો કોઈ એમ પણ કહેતું કે 'તમે મુંબઈમાં રહ્યાં લાગો છો તેથી જ મરાઠી તમને આવડે છે.' પણ મારા લેખમાં મારું મરાઠીપણું અને ગુજરાતીપણું બન્ને છલકાતાં તેથી વાચકો ધીમેધીમે સમજી ગયા.

પ્ર.: હમ્મ, જાડેજાસાહેબ સાથે મરજીથી જોડાયાં અને એમ મરાઠી-ગુજરાતી ભાષાનું મિલન થયું. પરંતુ તમારાથી લગભગ ડબલ ઉંમર ધરાવનારા, ચાર સંતાનોના પિતા સાથે પરણવાનો નિર્ણય લેવો સહેલો હતો?

ઉ.: વાત અમારાં લગ્નની: મારી ઊંચાઈ માંડ પાંચ ફૂટ અને રંગ પર અમાસનો પડછાયો. લગ્ન ગોઠવાવામાં મારે મોડી ઉંમર સુધી મુશ્કેલી પડી. ક્યારેક સામેવાળાને બધું ગમી જાય તો મને શિક્ષણ-કલા-સંસ્કાર બાબતે વાંધો પડતો. પણ મારે લગ્ન તો કરવાં જ હતાં. જો કે 'એમના' પરિવાર સાથે ઓળખાણ તો ઘણા વખતથી હતી પણ મંજુના બાપુજી તરીકેની. મારા અઠ્ઠાવીસમા વર્ષે 'બા'ના જવાથી એકલા પડી ગયેલા જુવાનસિંહજી જાડેજા સાથે માત્ર પત્રવ્યવહાર દ્વારા એ ઓળખાણ નિકટતામાં કેળવાતી ગઈ. ઉપરથી કંઈ નિર્મિત હશે તે અમે બન્ને ભેગાં થયાં અને લગ્નની

વાત નક્કી થઈ. મારાથી બેવડી ઉમ્મર તો નહીં પણ ૨૧ વર્ષ એ મોટા. ચાર સંતાનો, ત્રણ દીકરીઓનાં તો લગ્ન પણ થઈ ગયેલાં, એમનાં ઘરે પણ બાળકો; એક દીકરાનાં લગ્ન બાકી હતાં.

મારા ભાઉનો સખત વિરોધ, સ્વાભાવિક જ છે. પણ હું મોટી તેથી વધુ તો એ શું કહી શકે કે કરી શકે? તમને જાણીને મજા આવશે કે મારા ભાઉએ 'એમને' કહેલું કે અરુણા માટે પોલીસખાતામાં કોઈ મુરતિયો હોય તો જોજો. અને 'એમણે' મંજુની વડીલ બહેનપણીના નાતે મને પણ બહુ પહેલાં કહેલું (બા ગયાં પછી) ''કોઈ મારે લાયક એવાં મોટી ઉંમરનાં સંસ્કારી બહેન હોય તો જોજો.'' હું અને મારી બહેનપણી એવાં બહેનોની યાદી પણ કરતાં પણ પછી મજાની મજા એ થઈ કે ''શા માટે બીજું કોઈ? આપણે જ શાને નહીં, એકબીજા માટે?''

એ મનના ભોળા પણ મોઢાના મોળા. મેં જ પહેલ કરી કે ''જાણું છું કે તમારી પાછલી ઉમ્મરે ફરી બાળકો થાય એ શોભાસ્પદ નથી.'' ઠલવાવું મારો સ્વભાવ, મેં અમારી જ દોહિત્રી મીકુને મારી પાસે રાખી; દત્તકબત્તક નહીં. દિવાળી-ઉનાળાની રજામાં એ એનાં મમ્મીપપ્પા પાસે જાય. મારાં મોટાં દીકરીજમાઈએ મારો ખોળો ભરી દીધો.

અમારા બન્નેના સમાજ જુદા, ઉછેર જુદો. અઘરું તો ખરું જ. અમે દોઢ વર્ષ રાહ જોઈ, અમારી દીકરાનાં ધામધૂમથી લગ્ન થવાં દીધાં પછી બીજે મહિને અમે કોર્ટ મેરેજ કર્યાં. આ દોઢ વર્ષમાં મેં પાકું હોમવર્ક કરી લીધેલું, તેથી સામે આવતી મુશ્કેલીઓ જાણીતી લાગી.

વળી શરીફાબહેન, આમાં એવું કે એક તો 'એમનું' માથું ને હોદ્દો મોટાં, ઝટ કોઈ અમારા મોં પર તો ટીકા ન કરે પણ અમારાં સંતાનોને ઘણું સાંભળવાનું-સહેવાનું આવ્યું. (આજે આ લખતાં લખતાં પણ છોકરાંઓ માટે મારું હૈયું ભરાઈ આવે છે.) ઘરના બધા અમારી વાતે અડીખમ હતા, તેથી મુશ્કેલીઓ મને બહુ ભારરૂપ લાગી નહીં.

પ્ર.: તમે જે ઘરમાં મોટાં થયાં એ ઘરમાં સાહિત્યિક વાંચનનો માહોલ હતો? કે સાસરે ગયાં ત્યાં?

ઉ.: પિયરમાં સાહિત્યનો વારસો એક મરાઠી તરીકેનો તો ખરો જ પણ મારા ભાઉ (બાપુજી) સાલ ૧૯૪૦-૪૫ના ગાળામાં વડોદરાથી નીકળતા ગોકુલદાસ રાયચુરાના 'શારદા' માસિકમાં લખતા. મરાઠી અને ગુજરાતી માસિકો બહુ આવે. સાવ નાનપણમાં 'રમકડું', 'ચાંદામામા', 'ચક્રમ', 'ઝગમગ' પણ આવતાં. એક ચોપડી વાંચવા માટે મોટેથી માંડીને

નાના સુધી ખેંચમતાણ થાય.

સાસરે તો સાહિત્ય કોઈ જાણે નહીં પણ સંસ્કારી પરિવાર એ મારે મન બહુ મોટી વાત. બાકી તો એમના 'ડંડા સામે મારી કલમ' એવું હતું. એમ તો 'એ' પણ વાંચી લે પણ આપણી જેમ વાંચનના ખાઉધરા નહીં. અમારા બેઉનો સમાન રસ હોય તો એ સંગીત. શરૂઆતનાં વર્ષોમાં અમે વડોદરાના રાજમહેલના દરબાર હૉલમાં શાસ્ત્રીય સંગીત સાંભળવા જતાં. નૂરજહાં, સુરૈયા, જગમોહન, પંકજ મલ્લિક, કેસીડે, સાયગલ, જ્યુથિકા રૉય ઉપરાંત એમની પાસે રસિકલાલ અંધારિયા કે પલુસ્કર વગેરેનું પણ કલેક્શન હતું.

પ્ર.: તમે તમારી જાતને એક દરબાર-પત્નીમાં ઢાળી, એ સહેલું હતું? એ રીતરિવાજ, એ લાજ અને ઓઝલ?

ઉ.: મને થાય કે હું આ ઘરના રીતરિવાજ પાળીશ તો એમનું સારું દેખાશે, ઘરનું સારું દેખાશે, પર્યાયે મારું સારું દેખાશે અને એમાં પાછી મને કોઈ તકલીફ નહોતી. મારે પિયર પણ મર્યાદા ખરી, હું કૉલેજના પ્રિ. આર્ટસથી જ નવસારીની ગાર્ડા કૉલેજમાં ૧૯૬૬માં, ૧૬ વર્ષની ઉંમરે સાડી પહેરીને જતી, ત્યારથી આજ સુધી સાડી સાથેનાં બહેનપણાં. હું અમદાવાદની ગરમીમાં સાડી સાથે લગભગ સ્લીવલેસ બ્લાઉઝ પહેરતી. અમારે ત્યાં બિનધાસ્ત વાતાવરણ નહીં પણ અહીં જેવું લાજવાળું પણ નહીં. કચ્છમાં ખેડોઈ ગામે અમે જઈએ તો દાદાબાપુ (સસરાજી)નું તેમ જ અન્ય વડીલોનું આઘું ઓઢવું પડે, મારા સસરાજી દેવ થયા ત્યાં સુધી એમની છેલ્લી માંદગીમાં હું એમની થાળી આઘું ઓઢીને જ એમની સામે મૂકવા જતી. ગામડે અમારાથી પતિની સાથેસાથે ન ચલાય, અમદાવાદથી ગાડીમાં જઈએ તો હું એમની સાથે એમની બાજુમાં બેસું, એ ચલાવે પણ જેવું અંજાર આવે એટલે હું ડાહીડમરી થઈને પાછલી સીટ પર બેસી જાઉં; એવું જ વળતાઃ અંજાર જાય એટલે હું પાછી આગલી સીટ પર.

પ્ર.: કોઈ મરાઠી ગુજરાતી ઘરમાં જાય તો એમાં બહુ મુશ્કેલી ન થાય પણ એ મરાઠી સૌરાષ્ટ્ર-કચ્છના દરબારના ઘરે જાય ને એય પાછું પોલીસ અધિકારીને ત્યાં તો એ વાત સહેલી ન રહે એવું હું માનું છું, તમારો અનુભવ કેવો રહ્યો?

ઉ.: એક મરાઠી દીકરીને દરબારપત્નીમાં ઢાળવી એ પણ અઘરું તો ખરું જ. શરૂઆતમાં ખબર નહીં કે અહીં વડીલોની હાજરીમાં પોતાના બાળકને પતિ પાસેથી ન તેડાય. અમારા દોઢેક વર્ષના નાના પૌત્ર નીલરાજને લઈને અમે ખેડોઈ ગયેલાં. ઉપરની મેડીએથી 'એ' નીલને લઈને નીચે



પરિવારનો કુંભમેળો

ઊતરતા હતા અને 'એમણે' મને સાદ દીધો કે, ''ક્યાં છો? આને લ્યો તો?'' હું રસોડામાંથી દોડતી ઓસરીમાં બેઠેલાં અમારાં માસાહેબ એટલે સાસુમાને વટાવીને જેવી મેડી પાસે જતી હતી ત્યાં જ સાસુમાએ 'હં હં' કરતા આડો હાથ ધર્યો અને મને લગભગ પાછી રસોડામાં હાથેથી ધકેલી દીધા જેવું કર્યું; 'એમની' પાસેથી નીલને માએ પોતે લઈ લીધો અને રસોડામાં આવીને મને આપ્યો, પણ હું તો બહુ છોભીલી પડી ગઈ, રસોડામાં ભરાયેલાં મારાં દેરાણી મોં પર સાડલો દબાવી હસી રહ્યાં. ત્યાં જ ખડકીમાંથી સામેવાળાં માસીબા આવ્યાં, મને મળવાં. માએ મને સાદ દીધો, હું બહાર ગઈ, એમને પગે લાગી અને ઊભી રહી. સામેવાળાં માસીબા ગયાં પછી માએ ખુલાસો કર્યો કે તમને 'જવુ' પાસેથી નીલને તેડતાં જો એ માસીબા જોઈ જાય તો આખા ગામમાં વાતું કરતાં ફરે કે ''જુઓ આ! શહેરનાં, ભણેલાં ને પરનાતનાં વહુ તે જી'માનું જરાયે માન નો રાખે ને ઘરવાળા પાસેથી બબલાને તેડે.'' અમારે તો હંમેશાં નીચે જ બેસવાનું, અમે વહુવારુ સાસુની સાથે ઉપર હીંચકે ન બેસી શકીએ પણ મને હીંચકો વહાલો, હું મોટી એ નાતે મા મને પાસે હીંચકે બેસાડે પણ જો ગામનું કોઈ આવે તો તરત જ આંખથી નીચે ઊતરવાનું કહે ને એ જાય પછી કહે કે ''લ્યો, તમતમારે બેસો હવે હીંચકે.''

આવી તો કેટકેટલી મજેની વાતો.

એક પોલીસ અધિકારી સાથેનાં લગ્ન એટલે 'હમરો દરદ ન જાને કોઈ' એવું. 'એ' રિટાયર્ડ થયાં ત્યાં સુધી સહજીવન બહુ ઓછું ફાળે આવ્યું. વડોદરાના વાડી-ફત્તેહપુરા અને અમદાવાદમાં કાળુપુર-દરિયાપુર જેવા કૉમી હુલ્લડોવાળા વિસ્તારની ડ્યૂટી, સાલ ૧૯૮૫નાં અમદાવાદનાં એ કૉમી રમખાણો, આખી રાત ડ્યૂટી પર હોય. ત્યારે એમણે જ મને 'ટ્વેલ્વ બોર' ચલાવતાં શીખવાડેલી. સામાજિક પ્રસંગોએ એકલાં જ જવાનું, સગાંવહાલાંઓનાં રીસામણાં - એવું બધું તો રહેવાનું. પણ એમની રિટાયરમૅન્ટ પછી મને થતું કે અમારા જેવું સુખી કોઈ નહીં.

પ્ર.: સાસરિયાં અને ઘરનાં સંતાનો સાથેના તમારા સંબંધો કેવા રહ્યા?

ઉ.: સાસરિયાંની વાત કરું તો દરેક વહુની જેમ એ લોકોને અનુકૂળ થવામાં મનેય તકલીફ તો ઘણી પડી. પણ મારે માટે આ બધું અપેક્ષિત હતું. હું નાની નહોતી, ત્રીસ વર્ષની હતી; મારી પૂરી તૈયારી હતી. અમારાં 'મા' શરૂઆતમાં મને 'જવુનાં વહુ' કહેતાં પણ પછી તરત જ બધાની જેમ એમણે પણ 'તાઈ' કહેવા માંડ્યું. સમાજમાં બધાં તાઈ જ કહે. અમારું ચાર ભાઈઓનું કુટુંબ બહુ મોટું. સાહેબ ને એ ચારે ભાઈઓને શરૂઆતમાં ક્યારેક મનદુ:ખ થાય પણ અમારાં સોળ છોકરાંઓ અને અમે ચાર દેરાણીજેઠાણી બધું સાચવી લઈએ. ગામમાં, સમાજમાં વાતેવાતે અમારા કુટુંબનો દાખલો અપાય. આજે મને પણ અમારી આ બીજી પેઢી માટે બહુ માન. બધાં ભાઈબહેનો-વહુઓ ખૂબ હળીમળીને રહે.

સ્વાભાવિકપણે સંતાનો સાથે પણ શરૂમાં વાતાવરણ થોડું અતડું રહ્યું, પણ બહુ ઓછો સમય. અમારાં છોકરાં હંમેશાં અમારી સાથે રહ્યાં. આ ચારેય સંતાનો ખૂબ જ ખાનદાન, અભિજાત. મારાં લગ્ન માટેનો હાથીદાંતનો ચૂડો અને ચૂંદડી અમારી દીકરીઓ વહોરી લાવેલાં. અમારાં લગ્ન માટે થઈને દીકરાનાં વહેલાં લીધેલાં લગ્નમાં વહુ નાનાં આવ્યાં, અઢાર પણ પૂરાં નહીં. પણ વહુનાં માતાપિતા બહુ ખાનદાન, દીકરીને હંમેશાં સારી જ શિખામણ આપ્યે રાખે; ચંદ્રિકાવહુ ખૂબ જ નિખાલસ. આજે અમારી ચોથી પેઢીનાં લગ્ન થવા જઈ રહ્યાં છે. ચોથી પેઢી માટે હું તાઈમા છું, તાઈનાની છું; મિત્રપરિવારમાં પણ તાઈદાદી છું. અમારાં ચાર સંતાનોનો પરિવાર જ નહીં પણ ભત્રીજા-ભત્રીજીઓ-જમાઈઓ-વહુઓ, પૌત્રો, દોહિત્રોનો પણ અપાર પ્રેમ હું મેળવી શકી છું. આજે 'એમની' ગેરહાજરીમાં આ લોકોના મારા માટેના ભાવમાં કોઈ ઓટ આવી નથી, ઊલટાના એ લોકો મને વધુ સાચવે છે.

પ્ર.: તમે લખી શકો છો એવું કઈ કૃતિથી લાગ્યું? સૌ પહેલાં શું અને ક્યાં છપાયું?

ઉ.: આ સવાલનો જવાબ બીજા નંબરના જવાબ 'બિલગી જાડેજા'માં લગભગ આખો આવી ગયો છે. લગ્નનાં પૂરાં વીસ વર્ષ મને મારા હાથ પર જ ભરોસો નહોતો, જોકે એવી નવરાશેય નહોતી; દવાખાનાં-જિયાણાં-રસોડાં જ ચાલતાં. મારાં વડીલ નલુતાઈ જોગળેકર મને કાયમ કહેતાં, ''मुरली ग बाई. મારી બઈ, તું તો પૂરી અથાઈ ગઈ રે! પણ હવે તો આમાંથી નીકળ ને ફરી લખવા માંડ.'' અને નવેસરથી મારું લખાણ 'અખંડાનંદ'થી શરૂ થયું અને તેય મારા પડપોતરા ને દડદોહિતરાના વહાલે મને એ ભરોસો પાછો અપાવ્યો.

પ્ર.: હું તો વર્ષોથી તમારા ઘરે રહેવા ટેવાયેલી છું, તમારું પ્રસન્ન દાંપત્ય, સંતાનો, પૌત્રદોહિત્રપ્રપૌત્રોની જંજાળમાં પ્રેમથી ગૂંથાયેલાં તમને જોયાં છે. અનેક પ્રકારની વાનગીઓ, ચોકલેટ્સ ને આઈસ્ક્રીમ ખાધાં છે તમારા હાથનાં, બેત્રણ દા'ડાનું ભાથું પણ તમે બંધાવેલ છે. મારો સવાલ એ છે કે આ બધા વચ્ચે તમે લખવાનો આટલો સમય કઈ રીતે કાઢી શકો છો?

ઉ.: તમને નવાઈ લાગશે કે મને ત્રીસ વરસ સુધી ખાસ રસોઈ આવડતી નહોતી, ખાલી દાળ-ભાત-શાક-રોટલી એટલું જ. સાસરે ગઈ તો મારાથી તેર વર્ષ નાનાં વહુ રસોઈમાં પારંગત અને મારી તો રોટલીયે સરખી ન ઊતરે. પણ અમારી બદલી વડોદરાથી અમદાવાદ થઈ, બધું માથે પડ્યું ને બત્રીસમાં વર્ષે સ્વયંપાકનો યોગ આવ્યો. 'ઘરેથી એમને' ત્રણે ટાણાં રોટલો ખપે, મને ન આવડે; પાસે રહેતી, મઝિયારાવાળી દીકરીઓ 'મંદિરે જાઉં છું' ને બહાને અમારે ત્યાં આવીને એમના બાપુજી માટે રોટલો ઘડી જાય. પછી મને જ મારી શરમ આવી કે ''એમને રોટલો ને છાશ બે વસ્તુ જ ખપે, તો એટલુંયે હું ન કરી શકું?'' દીકરીઓ, સાસુમા અને ખુદ એમની પાસેથી (એ બાજુમાં ઊભા રહે) રોટલો ઘડતાં શીખી. હા ઘડતાં, પાટલી પર થાપીને નહીં. ગરાસણીના કાંડાના જોરે મસળાયેલો, સાત પાણીનો, પાતળો ને ખરો (કડક), ચાંદા જેવો ગોળંગોળ અને મસમોટો રોટલો હાથ પર ઘડતાં શીખી ગઈ તેય એક મોટા વિવેચક-આલોચક માટે. ગમે તેવો ન ચાલે. વિવેચક બરાબર ખખડાવે તો સાહિત્ય સારું જ ઊતરવાનું! હવે રસોઈની ચાનક લાગી હતી, નશો જ કહોને. એકેય ક્લાસ નહોતા કર્યા. આજુબાજુવાળા ક્લાસ કરે, તેમની પાસેથી નાનખટાઈ-કેક-આઈસ્ક્રીમ-ચૉકલેટ્સ કે નાન-ભથુરાની રેસિપી લઈ લેવાની, (૧૯૮૦ના ગાળામાં ક્યાં

You Tube?) એમાં પોતાનું ઇનોવેશન. આસપાસનાં મોટાં બા-માસીબા પાસેથી દેશી મીઠાઈઓ - મગજ, મોહનથાળ, મેસૂબ કે વિવિધ અથાણાં વગેરે- શીખી લેવાનાં, ધીમેધીમે હથોટી બેસતી ગઈ; સરસ્વતી અને રસવતી (રસવઈ < રસોઈ) બન્ને દેવીઓની મુજ પર કૃપા વરસતી રહી.

લખવાનો સમય કાઢવામાં પહેલાં થોડું મુશ્કેલ હતું પણ પછી દોહિત્રી મીકુ અમેરિકા ગઈ અને એ હતા રિટાયર્ડ. 'એમનું' બધું પરવારી લઉં પછી 'એ' એમના ઓરડામાં ને હું મારા. કોઈ નડતર નહીં. શરીફાબહેન, છેલ્લે એ પથારીવશ હતા ત્યારે હું એમની પાસે બેસીને કંઈક લખતી પણ મારા બધા શબ્દકોશ કે સંદર્ભ પુસ્તકો મારા ઓરડામાં, મારે ઊભા થઈને વારેઘડી ત્યાં લેવા જવું પડે તો મને કહે : ''ચાલો ને, મને તમારા ઓરડામાં સુવડાવો, તમારે ઘડીએપડીએ ઊભાં થવું ન પડે.''

પ્ર.: તમે જાતે જ ટાઈપ કરો, ગાડી પણ ચલાવો ને ખાસ્સી મોટી ઉંમરે શીખ્યાં, આવી લગન કઈ રીતે લાગી?

ઉ.: મારો પાંચમો દાયકો પૂરો થવામાં હતો, એમને ૭૦ થઈ ગયેલા; અમે કચ્છમાં જતાં ત્યારે 'એ' ગાડી ચલાવતા પણ હવે મને થતું કે રસ્તામાં ક્યાંક એમની તબિયત બગડી તો બાજુને ગામ લઈ જવા જેટલું તો મને ચલાવતા આવડવું જોઈએને? મેં પહેલાં ક્યારેય સાઈકલ-સ્કૂટર ચલાવેલાં નહીં પણ મારી દીકરીઓએ મને ભરપચાસીએ ગાડી શિખવાડી. મોટાં દીકરી તો અમેરિકા હતાં. વચલાં ચંદ્રિકાબહેન મને શાંતિથી શિખવાડે પણ નાની મંજુ તો મારી સાથળ પર ટપાક ટપાક ટપલીઓ જોરથી મારતી જાય, વઢતી જાય; પાછળ બેઠેલી નાનકડી પાંચ વર્ષની દોહિત્રી અનુજા મને '૬ આઉટ ઑફ ૧૦' આપે. એ જ મંજુએ મને પચાસમેં વર્ષે કમ્પ્યુટર શિખવાડ્યું, સાલ ૨૦૦૦માં. આજે ૨૧ વર્ષથી મારી આંગળીઓને કીબોર્ડ જ ખપે, પેન-કાગળ નહીં; આંગળીઓ હરામ થઈ ગઈ. પણ કંઈ પણ શીખવાની પ્રખર ધગશ, A Burning Ambition મારી પાસે બધું કરાવે છે. પાકે ઘડે કાંઠા ન ચડે પણ મોટી ઉંમરે રોટલો તો જરૂર ચડે.

પ્ર.: તમારું મરાઠી જેટલું સારું તેટલું જ સંસ્કૃત અને અંગ્રેજી પણ, આવું ઓછું બનતું હોય છે. તમારી બાબતે કઈ રીતે શક્ય બન્યું તે કહેશો?

ઉ.: એમ.એ.માં ગુજરાતી-સંસ્કૃત વિષયો અને બી.એડ.માં અંગ્રેજી-સંસ્કૃત મૅથડ. સંસ્કૃત પાછું અમારા મરાઠી વારસામાં મળેલું. નવસારીના અમારા સંબંધી શિક્ષક રતિલાલ પારેખ માસ્તરના લીધે મારું અંગ્રેજી વ્યાકરણ

શાળા સમયથી જ ખૂબ સારું પણ બોલવાનો મહાવરો નહીં તેથી એટલું સાતત્ય (Fluancy) નહીં. શરીફાબહેન, મારે ભવન્સમાં જર્નાલિઝમનો કોર્સ કરવો હતો તેથી મેં ગુજરાતી રાખેલું. મરાઠી તો માતૃભાષા પણ સાચું કહું તો મરાઠી ગુજરાતી જેટલું સારું નહીં. હું ભણીગણીપરણી ગુજરાતી માધ્યમમાં! પ્યૉર ગુજિટેરિઅન, Pure 'Gujiterian! મરાઠી વાંચું-સમજું-પચાવું-માણું બરાબર પણ મરાઠીમાં લખતાં મજા ન આવે (Not Comfotable).


જોરાવરસિંહ જાદવ સાથે અરુણાબહેન

વિચારપ્રક્રિયા બધી ગુજરાતીમાં એટલે મરાઠી લખતી વખતે તરજુમો કરતી હોઉં એવું લાગે. તેથી જ મરાઠીમાંથી હું અનુવાદ કરું પણ મરાઠીમાં નથી કરતી.

પ્ર.: આપણે ત્યાં એક વખતે ઉત્તમ અનુવાદકો હતા, આજના અનુવાદો વિશે કશું કહેશો?

ઉ.: હમણાં ગયા અઠવાડિયે જ મારા પર સંસ્કૃતના એક પ્રાધ્યાપકનો એક અનુવાદ આવ્યો, પ્રતિભાવની ભલામણ સાથે : સંસ્કૃતમાંથી થયેલો. પુસ્તક ખોલતાં જ જે પાનાં હાથમાં આવ્યાં તે ચારપાંચ પાનાં પરના અનુવાદની વાત તો પછી પણ એક ગુજરાતીભાષી તરીકે ગુજરાતી સાવ ઢંગધડા વગરનું. એમ થાય કે આ કોઈ બિનગુજરાતીભાષીએ કર્યું છે કે શું? અને સંસ્કૃતમાંથી ઉતારેલું એ કામ પણ એવું જ અસ્તવ્યસ્ત, સંદિગ્ધ. એ અનુવાદના જોરે એ અનુવાદક પરદેશની યાત્રા પણ કરી આવેલા!!!

સાલ ૨૦૧૪માં એક અનુવાદનું નામ અકાદમીએ પુરસ્કાર માટે

પસંદ કરેલું પણ એ નામ પછી અમુક કારણસર પડતું મુકાયું. મને થયું કે લાવ જોઉં તો ખરી, એવું તે કેવું કામ? મરાઠીમાંથી જ અનુવાદ થયેલો. પહેલાં બેપાંચ પાનાંમાં જ મેં ૨૦૦-૨૫૦ જેટલી ભૂલો કાઢી બતાવેલી. યાદ નથી, 'શબ્દસૃષ્ટિ' કે 'પરબ'માં આવેલો: ''પ્રથમ ગ્રાસે...!''

મૂળભાષા એટલે સ્રોત ભાષા પરનો કાબૂ અને એનાથી વધુ એને ઉતારવાનો હોય તે લક્ષ્યભાષા પરની પકડ જબરદસ્ત હોવી જોઈએ. મુંબઈમાં રહેવાથી કંઈ મરાઠી લોહીમાં પચી ન જાય.

આ મુદ્દે તો આખો લેખ શું, એક પુસ્તક થાય. ખાસ તો સંપાદકે અન્ય ભાષાના અનુવાદો જે તે ભાષાના તજ્જ્ઞ પાસે તપાસી લેવડાવવાની જરૂર રહે અને રમણ સોની સાહેબ કહે છે તેમ અનુવાદોના આકરા વિવેચનની પણ તાતી જરૂર રહે છે. હું તો મારા અનુભવ પરથી કહું છું કે મારા શરૂઆતના અનુવાદો માટે ક્યારેક સંપાદકો કે વડીલ સાહિત્યકારો કે ખુદ તમારા જેવા મિત્રોએ કરેલાં ટકોર કે સૂચનો મારે માટે સદા શિરોધાર્ય રહ્યાં છે. ટપાર્યા સિવાય ઘડો પાકો કેમ થાય? મારી દોહિત્રીઓ મારી પાસેથી કંઈ રસોઈ શીખે પછી હું એ ચાખવાનો ખાસ આગ્રહ રાખું, પછી કહું કે ''હું વાંધા કાઢું તો મોં નહીં બગાડવાનું; તો પછી તમારી કેક બીજીવાર કઈ રીતે સારી થાય?''

મને પરામર્શન માટે કોઈ અનુવાદ આવે, સરખો ન હોય તો હું લખી દઉં કે ''આ અનુવાદ વગર ગુજરાતી સાહિત્યને કોઈ ખોટ નહીં પડે.''

પ્ર.: કોઈ પણ અનુવાદકે પોતાનો અનુવાદ છપાવા જતા પહેલાં કેટલી વાર મઠારવો જોઈએ? હું પોતે ચાર ડ્રાફ્ટ તો કરું જ છું. તમારું શું માનવું છે?

ઉ.: હા, મૌલિક લખાણની જેમ અનુવાદને પણ મઠારતા જવું, સંમાર્જન કર્યા કરવું ખૂબ જરૂરી છે જેને મરાઠીમાં 'સંસ્કાર કરવા' કહે છે. શરૂશરૂમાં પહેલો ડ્રાફ્ટ તો સાવ છેતરામણો હોય, પછી પણ પહેલા ડ્રાફ્ટ પર બહુ ભરોસો ન રખાય. જેમજેમ મૂળ લખાણને ગર્ભસ્થ, 'કન્સીવ' કરતા જઈએ છીએ તેમ એનો ગર્ભિતાર્થ હાથમાં આવતો જાય છે. મૂળ લખાણના એકેક શબ્દને સંદર્ભનાં વલયો હોય છે, એ વલયોને ઉકેલવા માટે મઠારતા રહેવું જરૂરી છે. મારેય ત્રણ વાર તો થઈ જાય, ક્યારેક વધારે વાર પણ થાય અને દરેક સર્જકની જેમ - દિલાવરસિંહજી જાડેજાસાહેબ કહેતા તેમ - 'A Divine Dissatisfaction, એક દૈવી અસંતોષ' રહ્યા કરે.

[અનુસંધાન પૃ. ૧૨૨]



નિર્દંભ આત્મકથા : 'કાગઝી હૈ પૈરહન'

☐ પારુલ ખખ્ખર

આજે એક વિલક્ષણ આત્મકથા વિશે વાત કરવી છે. ઉર્દૂ સાહિત્યનાં વિદ્રોહી લેખિકા એટલે ઇસ્મત ચુગતાઈ. ઉર્દૂ વાર્તાકારમાં એમનું સ્થાન પ્રથમ હરોળમાં ગણાય છે. ઇસ્મતજીએ ભારતીય સમાજની જરીપુરાણી પરંપરાઓ અને રૂઢિગત જીવનમૂલ્યો પર પ્રહાર કરતી કટાક્ષપૂર્ણ વાર્તાઓ લખી છે. એમણે સ્ત્રીઓના પ્રશ્નોને અવાજ આપ્યો છે. નિમ્ન મધ્યમવર્ગીય મુસ્લિમ સમાજની યુવાન

છોકરીઓની મનોદશાનું વર્ણન કરતી વાર્તાઓ લખી છે. જેવી એમની વાર્તાઓ છે એવું એ જીવ્યાં છે. એમની આત્મકથા ‘કાગઝી હૈ પૈરહન’ નામે ગ્રંથસ્થ થઈ છે. આ આખી આત્મકથા જુદા જુદા પ્રસંગોના ટુકડાઓમાં વિભાજિત છે. આ બધા ટુકડાઓને જોડીને એક સળંગ ચિત્ર બનાવવાની કોશિશ કરી છે.

કોઈ જ પ્રસ્તાવના વગર શરૂ થતું આ પુસ્તક વાચકોને છેલ્લા પાના સુધી જકડી રાખે એટલું રોમાંચક છે. પ્રથમ ફકરામાં જ ઇસ્મતજી જણાવે છે કે ‘હું જોરજોરથી રડી રહી હતી. કોઈને નિર્દયતાથી માર પડી રહ્યો હતો. મારવાવાળો રાક્ષસ જેવો અને માર ખાવાવાળો મરિયલ બાળક હતો.’ આ દૃશ્ય જોયું ત્યારે એ બહુ નાનાં હોવાથી કોણ-કોને મારી રહ્યું હતું એ યાદ ન રહ્યું, પરંતુ એક વાત ગાંઠે બંધાઈ ગઈ કે જે મોટા અને તાકાતવાન હોય તે નાના અને કમજોર લોકોને મારે છે. અજાગ્રત મનથી તાકાતવાન પર માન થયું અને નિર્બળ માટે ઘૃણા થઈ. કદાચ તે દિવસથી જ મનમાં નબળા નહીં રહેવાનું બીજ રોપાઈ ગયું.'

પરિવાર ખૂબ મોટો હતો. દસ ભાઈ-બહેનોમાં ઇસ્મતજી નવમાં નંબરે હતાં. માતા તો બાળકોને જન્મ આપી આપીને થાકી જતી હોવાથી બાળકો નોકરો પાસે મોટાં થયાં હતાં. તેઓ લખે છે કે ‘લોકો પાસે બાળપણની કેવી સુંદર યાદગીરીઓ હોય છે! મારું બાળપણ તો જેમતેમ કરીને પસાર થયું છે. બાળપણ તો મજબૂરી અને કમનસીબીનું મિશ્રણ છે.’ ઇસ્મતજી નાનપણથી જ વિદ્રોહી વ્યક્તિત્વ ધરાવતાં હતાં. એમને ક્યારેય છોકરીઓની જેમ રહેવું ફાવ્યું નહીં. છોકરાઓ સાથે જ રહેવું, એમના જેવી જ રમતો રમવી, એમનાં જેવાં જ તોફાનો કરવાં એમને સાહજિક લાગતું. બીજાઓની માન્યતા પ્રમાણે ચાલવું એમને ક્યારેય માફક ન આવતું. એ પોતાની કેડી જુદી કંડારતાં. એમના જિદ્દી સ્વભાવનો પરિચય કરાવતા બે-ત્રણ કિસ્સાઓ જોઈએ. ઇસ્લામ ધર્મ વિશે ભણાવવા એક શિક્ષિકા આવતાં. એ બાળકોને મારીમારીને આયાતો શીખવતાં. ઇસ્મતજી લખે છે કે ‘મારી મરજી વિરુદ્ધ મને ધર્મ શીખવતી આ સ્ત્રીને મેં જિંદગીમાં સૌથી વધુ નફરત કરી છે. હું અલ્લાહને બંદગી કરતી કે આ ડોશી મરી જાય.’ બીજો કિસ્સો જણાવતાં કહે છે કે ‘ફારસી અમારી ખાનદાની ભાષા હતી, પરંતુ મને એ ક્યારેય ગમી નહીં. મેં બગાવત કરીને પણ હિન્દી શીખી અને મારા લખાણ માટે અપનાવી લીધી. ઘરમાં હંગામો થયો પણ હું મારી વાત પર અડગ રહી.’ ત્રીજો કિસ્સો એવો હતો કે ‘કોલેજમાં ગયાં ત્યાં પ્રાધ્યાપકો એકધારું ઝડપથી બોલીને અંગ્રેજી શીખવતા, ઇસ્મતજીએ એક તુક્કો લગાવ્યો, તેઓ અંગ્રેજી શબ્દોને ઉર્દૂ લિપિમાં લખતાં જેથી ઝડપથી લખાતું. એમની હરકત પકડાઈ ગઈ અને મેડમ ખિજાયાં ત્યારે જરાય ગભરાયા વગર કહ્યું કે ઉર્દૂ લિપિ મારા માટે શોર્ટહેન્ડનું કામ કરે છે. હું તો એમાં જ લખીશ.’ આ ઘટના



ઇસ્મત ચુગતાઈ અને સઆદત હસન મન્ટો

પછી તો બીજી અનેક છોકરીઓએ આ પદ્ધતિ અપનાવી.

ઇસ્મતજીની આત્મકથામાં ધાર્મિક કટ્ટરતા જોવા મળતી નથી. ઇસ્મતજીને એક હિન્દુ બહેનપણી હતી એને ત્યાં જન્માષ્ટમી વખતે કૃષ્ણ કનૈયાની મૂર્તિ જોઈને એ મૂર્તિ પર એટલું વહાલ આવ્યું કે એને ચૂમી લીધી. ત્યાર પછી એક લડ્ડુગોપાલની મૂર્તિને પોતાના કબાટમાં કાયમ માટે સાચવી રાખી હતી. એમના કોચવાન એમને રામાયણની વાર્તાઓ સંભળાવતા અને છેલ્લે રામનો જયજયકાર બોલાવતા. ઇસ્મતજીને આ વાર્તાઓ અને ખાસ તો આ જયજયકાર એટલાં ગમતાં કે રોજ રાત્રે વાર્તાની ફરમાઈશ કરતાં. ખાસ તો હનુમાનજીનું પાત્ર એમને અતિશય પ્રિય હતું. એમના મામાના દીકરા જુગન કહેતા કે જયજયકાર કરવાથી જીભ દોજખમાં સળગી જશે, કોચવાન કહેતા કે જયજયકાર નહીં કરે તો નરકમાં જવું પડશે, બહેનપણી ઇંદિરા કહેતી કે જિસસની મૂર્તિ સામે ઘૂંટણિયે પડી માફી નહીં માગે તો હેલમાં જઈશ, પરંતુ ઇસ્મતજીએ ક્યારેય નરકની બીક રાખી નહીં, એમને યોગ્ય લાગ્યું એમ જ જીવ્યાં. મોટાં થયાં પછી લાગ્યું કે આ બધાં તો ન દેખાતાં નરક છે પણ નજર સામે દેખાય તેવું ચોથું નરક તો સાસરું છે. તેથી જાણીજોઈને એ નરકમાં કદી પડવું નથી.

ઇસ્મતજીની બધી બહેનો એકદમ સુઘડ અને ઘરરખ્ખુ હતી. જે અનેક કળાઓ, ભરતગૂંથણ અને ધર્મનું જ્ઞાન ધરાવતી હતી જ્યારે ઇસ્મતજી એમનાંથી સાવ વિરુદ્ધ! ઘરની સ્ત્રીઓને આ મોઢે ચડેલી છોકરી જરાય ન ગમતી પણ ઇસ્મતજીને કોઈની પરવા ન હતી. છોકરાઓ સાથે રમવું, ઝાડ પર ચડવું, સાઈકલ ચલાવવી,

ઘોડેસવારી કરવી, ફૂટબોલ રમવું એમને ખૂબ ગમતું, પરંતુ એમના ભાઈઓને જરાય ન ગમતું તેથી ઇસ્મતજી લખે છે, 'અસમાનતા માત્ર અમીર-ગરીબના મામલે જ નહીં સ્ત્રી-પુરુષના મામલે પણ હોય છે.' ભાઈઓ પોતાની સાથે ન રમાડે ત્યારે તે ઉશ્કેરાઈ જતાં, પરંતુ એમનાથી દોઢેક વર્ષ મોટા અઝીમભાઈ કાયમ બીમાર રહેતા અને ઘરમાં બેસી અભ્યાસ કરતા. એમણે એક સોનેરી સલાહ આપી કે આ બધી રમતોમાં છોકરાઓ સાથે ટક્કર લેવાને બદલે અભ્યાસમાં મન પરોવ અને બધાથી આગળ નીકળી જા. તે દિવસથી ઇસ્મતજી લાગી પડ્યાં અને અભ્યાસને જીવનમંત્ર બનાવી લીધો. પાઠ્યપુસ્તકોની સાથોસાથ ધર્મ, ઇતિહાસ, વિજ્ઞાનનું વાંચન પણ કરતાં રહેતાં. પિતા અને એમના મિત્રોની સભા ભરાતી ત્યારે ઇસ્મતજી કુરાનનો અનુવાદ અને મુસ્લિમ ઇતિહાસ વિશે ચર્ચાઓ કરવા લાગતાં ત્યારે તેનાં માતા-પિતાના આશ્ચર્યનો પાર ન રહેતો. આમ, અભ્યાસને કારણે ઇસ્મતજીનો સિક્કો ચાલવા લાગ્યો.

એમની વિચારસરણી ઘડવામાં એમની એક બહેનપણી મંગુનો પણ પરોક્ષ ફાળો છે. સાવ નાની ઉંમરે પરણાવી દેવાયેલી મંગુ ત્રણ દીકરીઓની માતા બનવાના ગુના હેઠળ પિયર મોકલી દેવામાં આવી અને એના પતિ માટે બીજી પત્ની લાવવાના કારસા ઘડાવા લાગ્યા. મંગુ અને એની દીકરીઓની મજબૂરી જોઈ ઇસ્મતજી ડરી ગયાં. એમણે દુઆ માગી કે 'હે અલ્લાહ મને છોકરો બનાવી દે, મારાથી સ્ત્રીઓનો આ અન્યાય સહન નથી થતો.' થોડા વખત પછી સમાચાર મળ્યા કે મંગુ પર ભૂતની છાયા પડી ગઈ છે. એ સાસુ અને પતિને મારે છે, પોતાની આંગળી પર નચાવે છે. ઇસ્મતજીના આશ્ચર્યનો પાર ન રહ્યો. જોકે એમને હકીકત જાણવા મળી કે મંગુએ મુસીબતમાંથી બહાર આવવા ભૂતની છાયાવાળો ઢોંગ શરૂ કર્યો છે ત્યારે એ દંગ થઈ ગયાં. એ અભણ બાઈને આ તુક્કો સૂઝ્યો અને સફળ રહ્યો ત્યારથી ઇસ્મતજીને શ્રદ્ધા બેસી ગઈ કે સ્ત્રી કમજોર હોઈ શકે પણ અક્કલ વગરની હોય એ જરૂરી નથી. પોતે માગેલી દુઆ બાબતે વિચાર્યું કે ભલે હું છોકરો ન બનું પણ છોકરાઓ જેવી સૂઝબૂઝ તો કેળવીશ જ...! બસ... એ દિવસથી એ સ્ત્રી હોવાની લઘુતાગ્રંથિમાંથી બહાર આવી ગયાં.

ઇસ્મતજીનાં બંડખોર સ્વભાવ અને વલણને જોઈ માતા-કાકી-ફોઈ વગેરે ભયભીત હતાં. માતાને તો એનું વર્તન આંખના કણાની જેમ ખૂંચતું. આ સ્ત્રીઓને લાગતું કે આ છોકરીમાં છોકરી જેવાં એકેય લક્ષણ નથી, સાસરે જશે તો શું થશે? જેને ત્યાં જશે એનું ઘર ભાંગશે અને બે દિવસમાં પિયર પાછી ફરશે. ઇસ્મતજી તો પોતાની મસ્તીમાં ભણ્યે જતાં હતાં. અઝીમભાઈ પાસેથી દેશ-દુનિયાની વાતો જાણતાં, એમની લખેલી વાર્તાઓ સાંભળતાં. પોતે પણ કાચીપાકી વાર્તાઓ લખવા લાગ્યાં. ભાઈની વાર્તાઓ સાંભળીને

તેમને થતું કે તમારે જે કહેવું હોય એ સીધું કહેવાને બદલે વાર્તામાં લપેટીને કહો તો ઓછી ગાળો સાંભળવાની રહે.

ઇસ્મતજી પહેલેથી જ બુરખા પ્રથાનાં વિરોધી હતાં, પરંતુ પોતાના મોટા ભાઈની જાનમાં ગયાં ત્યારે ફરજિયાત બુરખો પહેરવો પડ્યો. આવી તોફાની છોકરીએ પહેલી વાર બુરખો ઓઢ્યો એટલે એના ભાઈઓએ એમને ખૂબ ચીડવ્યાં, ખૂબ મજાક ઉડાડી. એક તો અનિચ્છાએ પહેરેલો બુરખો અને ઉપરથી ભાઈઓનો ત્રાસ! એમને થયું કે આ અપમાન સહન કરવા કરતાં તો જીવ આપી દેવો સારો. અંતે એમણે એવું તિકડમ ચલાવ્યું કે ખુલ્લા મોંએ રહેવા મળ્યું. એ લખે છે કે 'ટ્રેનના પ્લેટફોર્મ પર નાનીમોટી તમામ સ્ત્રીઓ બુરખામાં હતી અને હું રાજકારણીની જેમ ખુલ્લા મોંએ માથું ઊંચું કરીને ચાલી રહી હતી. અને આ મારી જીત હતી.'

પિતા મેજિસ્ટ્રેટ હતા, બહારથી કડક અને અંદરથી સાવ કોમળ. માતાએ પોતાની આવડત અને બહોળા પરિવારને એકસૂત્રમાં જોડી રાખ્યો હતો. ઇસ્મતજીનો અભ્યાસ ચાલુ હતો ત્યાં જ પિતાજીની બદલી મારવાડના એક નાના ગામમાં થઈ ગઈ. ત્યાં એક પણ સ્કૂલ ન હોવાથી અભ્યાસ છૂટી ગયો. હોસ્ટેલમાં રહેવાથી છોકરીઓ બગડી જાય એવી માન્યતા દૃઢ હોવાથી હોસ્ટેલમાં પણ નહીં મોકલાય એવું ફરમાન નીકળ્યું. ઇસ્મતજીનો એક ભાઈ ધરાર ભણવા નહોતો માગતો છતાં એના પર ભણવાનું જોર અપાઈ રહ્યું હતું જ્યારે ઇસ્મતજીને ભણવું હતું, પરંતુ ભણી શકતાં ન હતાં. એ વિચારતાં કે 'આ દુનિયાના લેખક કોણ છે? મારી જિંદગીનો નિર્માતા કોણ છે? જો મારાં મા-બાપ મારાં નિર્માતા છે તો ખુદાએ મને દિમાગ શા માટે આપ્યું? હું એનું શું કરીશ?' આ રીતે રડીરડીને દિવસો પસાર કરી રહ્યાં હતાં. ક્યારેક ભાગી જવાનો તો ક્યારેક આત્મહત્યાનો પ્લાન બનાવતાં રહેતાં. એવામાં એમના મોટા ભાઈનો પત્ર આવ્યો જેમાં ઇસ્મતજી માટે એક છોકરાની વિગત તથા ફોટો મોકલવામાં આવ્યો હતો. ઇસ્મતજી આ લગ્ન માટે બિલકુલ તૈયાર ન હતાં. એમનું મગજ ઝપાટાબંધ ચાલવા લાગ્યું કે હું શું કરું તો આ લગ્નની બબાલમાંથી બચી જાઉં? અંતે એક ક્રાંતિકારી નિર્ણય લીધો. પોતાના મામાના દીકરા જુગનુને ખાનગી પત્ર લખ્યો કે 'મારા માટે એક ઠેકાણું આવ્યું છે, પરંતુ હું લગ્ન કરવા માગતી નથી. તમે તાત્કાલિક અહીંયાં આવો અને બધાને જણાવી દો કે તમે મારી સાથે લગ્ન કરવા માગો છો. હું તમારી સાથે ક્યારેય લગ્ન કરવાની જબરદસ્તી નહીં કરું પણ તમે મારી મદદ કરો.' ઇસ્મતજીનો આ તુક્કો ચાલી ગયો અને લગ્નની વાત ટાળી દેવાઈ.

ઇસ્મતજીને છોકરીઓની જેમ તૈયાર થવું કે સુંદર દેખાવું જરાય ન ગમતું. એમને એવું લાગતું કે આ બધું પોતાના દોષ છુપાવવા માટે કરવામાં આવે છે. ઇસ્મતજી લગ્ન માટે એવું વિચારતાં કે મારા જેવી

ફૂવડ, આખાબોલી અને જબરી છોકરી સાથે કોણ લગ્ન કરશે? મારી પાસે નથી આકર્ષક શરીર કે નથી રૂપાળો ચહેરો. નથી ભરતગૂંથણની કળા કે નથી છોકરીઓ જેવી રીતભાત! મારા પર કોણ ફિદા થશે? કોઈ મને ઠુકરાવે એના કરતાં હું જ એ બધાને ન ઠોકર મારું? ભણીગણીને પગભર ન થઈ જાઉં? એમણે પિતા પાસે જિદ્દ કરી કે ગમે તે થાય મારે આગળ ભણવું છે મને હોસ્ટેલમાં રહીને ભણવાની પરવાનગી આપો નહીંતર હું ભાગી જઈશ. અંતે બધા માન્યા અને ઇસ્મતજીએ અલીગઢ જઈ મેટ્રિકમાં પ્રવેશ મેળવ્યો. મેટ્રિકમાં પાસ થતાં જ કોલેજમાં પ્રવેશ લઈ લીધો. ત્યાં ભણવાની સાથોસાથ ફૂટબોલ, વોલીબોલ, હોકી, બાસ્કેટબોલ જેવી રમતો શીખ્યાં અને એમાં નામ પણ કાઢ્યું. એક વખત હોસ્ટેલમાં ખરાબ ભોજનનો વિરોધ કરવા માટે અસહકારનું આંદોલન ચલાવવામાં આવ્યું તેમાં આગેવાની લીધી ત્યારથી છોકરીઓ એમને માનતી થઈ ગઈ. એક વખત લખનઉના તોફાની છોકરાઓએ એક પુસ્તક છપાવ્યું જેમાં ગર્લ્સ કોલેજનો 'રંડીખાના' તરીકે ઉલ્લેખ કરાયો અને છોકરીઓ ભડકી ગઈ. ઇસ્મતજીએ બુદ્ધિ ચલાવી અને અલીગઢ યુનિવર્સિટીના ૬૦૦૦ છોકરાઓને 'ભાઈ' તરીકે સંબોધીને એક ખુલ્લો પત્ર લખ્યો. જે એક મેગેઝિનમાં છપાયો અને યુનિવર્સિટીના છોકરાઓએ પેલાં તોફાની તત્ત્વોને મારી ભગાડ્યાં. એ દિવસથી મુસ્લિમ કોલેજની છોકરીઓ અને છોકરાઓ વચ્ચે દોસ્તીની શરૂઆત થઈ.

બી.એ. કર્યા બાદ ઇસ્મતજી પોતાના ભાઈને ત્યાં જાવરા ગયાં. શહેરમાં ધૂમ મચી ગઈ કે એક મુસ્લિમ છોકરીએ બી.એ. કર્યું છે? ત્યાંના નવાબસાહેબે તરત જ ઇસ્મતજીને ગર્લ્સ સ્કૂલનાં હેડમિસ્ટ્રેસ બનાવી દીધાં. ઇસ્મતજીએ મુસ્લિમ છોકરીઓને અંગ્રેજી લખતાં અને વાંચતાં શીખવવાનું હતું. ઇસ્મતજીએ પોતાનું કામ એટલું સરસ રીતે કર્યું કે નવાબસાહેબના મનમાં વસી ગયાં. નવાબસાહેબે પોતાના દીકરા માટે પસંદ કરી લીધાં અને શાદીનું ફરમાન મોકલ્યું. આવો એક તરફી ફેંસલો ઇસ્મતજીનું વિદ્રોહી દિમાગ સ્વીકારે ખરું! એક તો સાવ અજાણ્યા માણસને આમ પતિ પરમેશ્વર તરીકે સ્વીકારવાનો અને એ પણ પોતાની મંજૂરી લીધા વગર? ફરી એક વાર લગ્નનો મામલો હતો અને ફરી એક વાર ઇસ્મતજીએ બુદ્ધિ લગાવી. એ ઊંચા જીવે આખી રાત જાગ્યાં અને વહેલી સવારે કોઈને કહ્યા વગર ગામ છોડીને ભાગી નીકળ્યાં.

ભાગીને બરેલીમાં આવી રહેવા લાગ્યાં. ત્યાં પણ ગર્લ્સ સ્કૂલનાં હેડમિસ્ટ્રેસ બન્યાં. પોતાની સાથે પોતાના બીમાર ભાઈનાં ત્રણ બાળકોને પણ રાખ્યાં, એક વિધવા બહેનને પણ બોલાવી લીધી અને ઓછામાં પૂરું ત્યાંના મેનેજરની બે છોકરીઓને પણ આશરો આપ્યો. ઘર તો જાણે હોસ્ટેલ બની ગયું. સ્કૂલની છોકરીઓને અનેક પ્રકારની રમતોમાં ભાગ લેતી કરી. ભણતાં ભણતાં શરૂ થયેલી લેખનની સફર સરસ રીતે આગળ ચાલી રહી હતી એવામાં કોઈ



પાકટ વયે ઇસ્મત ચુગતાઈ

મેગેઝિનમાં એમનું એડ્રેસ છપાયું અને ઘરે પત્રોના ઢગલા થવા લાગ્યા. આ ઢગલામાંથી એક અનોખો પત્રમિત્ર મળી ગયો અને એમની સાથે દોસ્તી બંધાઈ જે લાગણી સુધી આગળ વધી. કોલેજનાં ડોક્ટર ટકર નામનાં પ્રાધ્યાપિકાએ સમજાવ્યું હતું કે તેજસ્વી અને હોનહાર છોકરીઓએ લગ્ન કરવાં જ જોઈએ જેથી એ પોતાનાથી સવાયાં તેજસ્વી બાળકોની ભેટ દુનિયાને આપી શકે. કોઈ પણ દેશનો વિકાસ કરવા માટે ભણેલગણેલ માતાઓની જરૂર હોય છે. કોલેજના સ્થાપક અને સંચાલક એવા 'આલા બી'એ પણ સમજાવ્યું કે તું એકદમ સમજદાર અને ઘર સંભાળી શકે તેવી છોકરી છે. તારે જરૂર લગ્ન કરવાં જોઈએ. આ લોકોની સલાહ માનીને ઇસ્મતજીએ લગ્ન કરવા વિશે હકારાત્મક નિર્ણય લીધો હતો.

ઇસ્મતજી કહે છે કે મને પુસ્તકોએ માલામાલ કરી છે. મેં વાંચેલાં દરેક પુસ્તકે મને કંઈ ને કંઈ આપ્યું છે, મને લગભગ બધા જ પ્રશ્નોના જવાબ પુસ્તકોમાંથી મળ્યા છે. લેખકો એમને સગાંવહાલાં જેવા લાગતા. વાંચવાનો શોખ હંમેશાં પહેલા નંબર પર રહ્યો છે. પુસ્તકો સાથે એટલો બધો લગાવ કે દરેક પુસ્તકને સૂંઘીને વાંચતાં. પોતાના પલંગ પર, ઘરના દરેક ખૂણામાં, અરે... ટોઈલેટમાં પણ પુસ્તકો પડ્યાં હોય. બીજા નંબર પર વાતો છે. આખું ઘર વાતોડિયું અને ઇસ્મતજી તો જરા વધારે વાતોડિયણ ગણાતાં. ખાતાં-પીતાં-ઊઠતાં-બેસતાં બસ વાતો જ વાતો! એમને દરેક પ્રકારના લોકો સાથે વાતો કરવી ગમે. દુકાનદારો, ભિખારીઓ, ઘોડાગાડીવાળાઓ, નોકરો વગેરે જુદા જુદા સ્તરના લોકો સાથે વાતો કરતાં કરતાં એમના દિમાગના દરવાજા ખૂલવા લાગતા. થોડાક સીધા સ્પષ્ટ સવાલો પૂછીને એ દરેકની જિંદગીનું સરવૈયું કાઢી

શકતાં. ત્રીજો શોખ લખવાનો રહ્યો છે. વાર્તા લખવી ખૂબ ગમતી. એમની મોટા ભાગની વાર્તાઓ સત્યઘટના પર આધારિત રહી છે. એમને કાલ્પનિક કથાઓ કરતાં જિવાતી જિંદગીઓમાં વધુ રસ પડતો. એ જણાવે છે કે મારી કલમ માત્ર મારી સાથીદાર જ નહીં પણ મને રોજીરોટી રળી આપતો કમાઉ દીકરો પણ છે. એ મારી બોલતીચાલતી દોસ્ત છે. એની હાજરીમાં હું ક્યારેય એકલતા નથી અનુભવતી. હું કલમને જેમ નચાવું તેમ તે નાચે ત્યારે મને હું કોઈ સૃષ્ટિની સર્જક હોઉં એવું લાગે છે. લખતી વખતે એમને એવું લાગતું કે જાણે મારા વાચકો મારી સામે બેઠા છે અને હું તેમની સાથે વાતો કરી રહી છું.

ઇસ્મતજીએ લખેલી એક વાર્તા ‘લિહાફ’ એમના વાર્તાસંગ્રહમાં છપાઈ અને સમાજમાં હાહાકાર ફેલાઈ ગયો. સ્ત્રીઓના સમલૈંગિક સંબંધોનું વર્ણન કરતી આ વાર્તા પર અશ્લીલતાનું બિરુદ લાગી ગયું. ઇસ્મતજીના નામ પર થૂથૂ થવા લાગ્યું. એમના પર ગંદી ગાળો લખેલા પત્રોનો વરસાદ થયો. છાપાં-મેગેઝિનમાં એમને અશ્લીલ લેખિકા તરીકે ચીતરવામાં આવ્યાં. એમના વિરુદ્ધ ભાષણો થયાં. એમના પર અશ્લીલતાનો કેસ દાખલ કરવામાં આવ્યો. પતિ સાથે આ વાર્તા બાબતે એટલા બધા ઝઘડા થયા કે વાત તલાક સુધી આવી ગઈ. આખો સમાજ એમના પર ફિટકાર વરસાવી રહ્યો હતો. સગાંવહાલાંઓ પણ આ ઘટનાથી સ્તબ્ધ થઈ ગયાં હતાં. લાહોર કોર્ટમાં કેસ ચાલ્યો. લોકોએ ખૂબ સમજાવ્યાં, ધમકી પણ આપી કે માફી માગી લો તો કેસ પાછો ખેંચી લઈએ, પરંતુ ઇસ્મતજી પોતાની વાત પર મક્કમ રહ્યાં અને કેસ જીતી ગયાં. એ સમયે સઆદત હસન મંટો પર પણ અશ્લીલતાનો કેસ ચાલી રહ્યો હતો. કોર્ટમાં હાજર થવા બન્ને દંપતી બે વખત લાહોર ગયાં. ત્યાં ખૂબ ફર્યાં. શોપિંગ કર્યું, પાર્ટીઓ કરી. એટલી મજાઓ કરી કે ઇસ્મતજીના મોંમાંથી દુઆ નીકળી ‘હે ખુદા, તું કેસ કરનારનું ભલું કરજે.’ ‘લિહાફ’ પછી અને પહેલાં અનેક વાર્તાઓ લખાઈ છે, પરંતુ લોકો આજે પણ તેમને ‘લિહાફ’નાં લેખિકા તરીકે વધુ યાદ કરે છે.

આ એક એવી લેખિકા છે જે પૂરી સચ્ચાઈથી જીવી છે. કોઈ દંભ કે દેખાડો કર્યા વગર, પોતાને મહાન ચીતર્યા વગર જેવું જિવાયું છે એવું જ આપણી સમક્ષ મૂકી આપ્યું છે. રસપ્રદ શૈલીમાં લખાયેલાં પ્રસંગો, કહેવતો અને રૂઢિપ્રયોગનો ભરપૂર ઉપયોગ, સાદી સરળ બોલચાલની ભાષા વગેરે આ પુસ્તકની ઊડીને આંખે વળગે એવી ખાસિયતો છે. કહેવાય છે કે આત્મકથા લખનારે સ્વપ્રશસ્તિથી દૂર રહીને જિવાયેલા સત્યને ઉજાગર કરવાનું હોય છે. આ પુસ્તકમાં એ વાત સુપેરે સિદ્ધ થઈ છે. ઉર્દૂ સાહિત્યમાં ‘ઇસ્મત આપા’ તરીકે ઓળખાતાં આ લેખિકા આ પુસ્તક ભાષાના જ નહીં પણ સ્ત્રી-પુરુષ, ધર્મ-અધર્મ, સારું-નરસું, દેશ-પરદેશ બધા ભેદને ભૂંસીને પોતાની નિર્દંભ સચ્ચાઈથી આપણા હૃદયમાં પ્રેમપૂર્વક સ્થાન પામે છે.

❑❑❑



એક સાઇકિએટ્રિસ્ટની ડાયરી-૫

☐ ડો. આનંદ નાડકર્ણી ☐ અનુ.: અમી ભાયાણી, ડો. શેફાલી થાણાવાલા

ગૃહપ્રવેશથી મનપ્રવેશ

તે દાક્તરી ભાષામાં 'ઑબ્સેસિવ કમ્પલ્સિવ ન્યુરોસિસ' નામની બીમારીનો શિકાર હતી. તેની મરજી વિરુદ્ધ અમુક વિચારો બળજબરીપૂર્વક તેના મનનો કબજો કરી લેતા અને એ વિચારોથી પીછો છોડાવવા અમુક કામો તેને વારંવાર કરવાં પડતાં. તેના ઘરમાં રાખેલ ભગવાનની છબી સામે તે જ્યારે ઊભી રહેતી ત્યારે તેને લાગતું કે તેના મોઢેથી કોઈક અશુભ વાણી નીકળી જશે અને થતું પણ તેમ જ. એ છબી પાસેની ધૂપસળીની રાખ

તેના પેટમાં જશે તેવો ભય તેને સતત સતાવતો, તેથી રોજના વપરાશની બધી જ વસ્તુઓ તે વારંવાર ધોઈ, લૂછીને લેતી. અને જો એવું ન કરે તો તે ખૂબ બેચેન થઈ જતી. એ ખૂબ જ સારી રીતે સમજતી કે આ બધું વ્યર્થ છે. એથી એ પોતાની જાત પર વધુ ચિડાતી.

મારા કન્સલ્ટિંગ રૂમથી એનું ઘર નજીકમાં જ છે. હું એક દિવસ તેના ઘરે ગયો. એ મારી જ રાહ જોતી હતી. હવે તે મારી હાજરીમાં જ ધૂપસળીની રાખ પોતાના હાથમાં લેવાની હતી. એ કરતાં પહેલાં ખોટા વિચારો તથા વિવશપણે કરાતાં કાર્યો કઈ રીતે ટાળી શકાય એ માટે 'વર્તણૂક ઉપચાર પદ્ધતિ'નો ઉપયોગ મેં તેને શીખવ્યો હતો. ધ્રૂજતા હાથે તે પહેલાં રાખને સ્પર્શી. ત્યાર પછી ખૂબ જ ધીમે રહીને, દરેક ક્ષણે તેના ચહેરા પરનો વધતો જતો આત્મવિશ્વાસ હું જોઈ રહ્યો. પછી તે પેલી છબીની આંખોમાં આંખો પરોવી નીરખી રહી. મેં તેને શિખવાડ્યા પ્રમાણે વિચાર 'બ્લોક' કરવાના તેના પ્રયત્નમાં તે સફળ રહી. પછી એ સાનંદાશ્ચર્ય બોલી, "ડોક્ટર, હું કરી શકીશ." તેના ઘરના બહારના ઓરડામાં બાળકોની ટોળકી ટીવી પર 'રામાયણ' જોઈ રહી હતી. અનાયાસે તે જ સમયે 'જય શ્રીરામ'નો તેમનો જયઘોષ તેના અવાજમાં ભળી ગયો. મેં હકથી તેને ચા બનાવવાનું ફરમાન કર્યું.

આમ, ડોક્ટર અને દર્દી વચ્ચે સુમેળ સાધવા 'હોમ વિઝિટ' ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. સાઇકિએટ્રિસ્ટ એક ચાર માથાળો, અડધા પગવાળો, કોઈ પરગ્રહવાસી પ્રાણી હોય એવી એક દૃઢ ગેરસમજ હજુ પણ આપણા સમાજમાં પ્રવર્તે છે. અને એકદમ ગાંડા માણસો જ આ ડોક્ટર પાસે જાય એવી માન્યતા સિમેન્ટ કોંક્રિટ જેટલી મજબૂત છે. એટલે જ કમલબેન એ માનવા જ તૈયાર નહોતાં કે એમની ઍસિડિટી, કમરનો દુખાવો અને છાતીની ધક-ધક જેવાં લક્ષણોનું કારણ માનસિક હોઈ શકે. એમના ફેમિલી ડોક્ટરે જ્યારે તેમને 'શારીરિક રીતે તંદુરસ્ત' એવું પ્રમાણપત્ર આપી, મનોચિકિત્સક પાસે જવાની સલાહ આપી ત્યારે તે ચોંકી ગયાં. એક દિવસ એમના પતિ મને મળવા આવ્યા અને મને તેમના ઘરે આવવા કહ્યું.

એમના ઘરે હું પહોંચ્યો ત્યારે પણ પહેલાં તો એ મારી સામે આવવા જ તૈયાર નહોતાં. છેવટે ' ભાભી...' કહીને બૂમ પાડી મેં જ તેમને હોલમાં બોલાવી લીધાં. કોઈ પણ જાતની તૈયારી કર્યા વિનાના વિદ્યાર્થીની અચાનક મૌખિક પરીક્ષા લેવાતાં તેનો ચહેરો જેમ લેવાઈ જાય, તેવા ભાવ તેમના ચહેરા પર આવી ગયા. તેમની સાથે વાત કરતાં, હળવેકથી મેં વાતચીતનો દોર સંગીત વિષય તરફ વાળ્યો. ગાયન એ કમલબેનનો ગમતો વિષય. (આ વાત

એમના પતિએ મને પહેલાં જ જણાવી દીધી હતી). એને કારણે કમલબેન મારી સાથે મોકળાશથી બોલવા લાગ્યાં. બોલતાં બોલતાં અચાનક કહ્યું, "હજુય આ ક્ષેત્રમાં આગળ ખૂબ શીખવાની ઇચ્છા છે, પણ મારી આવી તબિયત..."

"હમ્મ્.. એટલે આ કમરનો દુખાવો?" મેં પૂછ્યું.

"કમરનો દુખાવો, ઍસિડિટી, અરે! અચાનક જ ગભરામણ થઈ આવે, ધ્રુજારી છૂટી જાય. છાતીમાં ધક-ધક થવા લાગે. આવે વખતે કંઈ કરતાં કંઈ સૂઝે નહીં..."

"આવે વખતે સતત તબિયત વિશેના જ વિચારો મનમાં ઘૂમરાતા હશે." મેં કહ્યું

"હાસ્તો..." કહેતાં જ કમલબેને પોતાની બધી જ બીમારીઓનો પટારો મારી સમક્ષ ખોલી નાખ્યો. ઘણી ચર્ચાઓ થઈ. કમલબેનના હાથની ચા પીને, આજ પછી કમલબેન કન્સલ્ટિંગ રૂમ પર આવશે એવી તેમની પાસેથી ખાતરી લઈને જ ઘરની બહાર નીકળ્યો. ત્યાર બાદ એક દિવસ વાત કરતી વખતે કમલબેન બોલ્યાં, "જે દિવસે અમારા ફેમિલી ડોક્ટરે સાઇકિએટ્રિસ્ટનું નામ લીધું તે દિવસે હું અનરાધાર રડી. મારા વરને પણ ગમે તેમ બોલી." હવે આ પ્રકારનાં બધાં જ 'કન્ફેશન' મારી સમક્ષ ખુલ્લા દિલે કરવામાં કમલબેનને કોઈ જાતનો વાંધો નહતો.

વ્યક્તિગત જીવનનાં અમુક રહસ્યો માણસ સહજતાથી કોઈની સામે ખોલી શકતો નથી. અને આ રહસ્યો જાણ્યાં સિવાય મનોચિકિત્સક આગળ વધી શકતો નથી. એક વાર વ્યક્તિગત જીવનમાં સલાહકાર તરીકે પ્રવેશ કર્યા પછી એ ભૂમિકાની જવાબદારી વધતી જ જાય છે.

'schizophreni-form psychosis' નામનો રોગ થયેલ મારો એક દર્દી એ બીમારીમાંથી લગભગ મુક્ત થઈ ગયો હતો. નિર્ધારિત સમય માટે નિયમિત ઔષધોપચાર કર્યા પછી લગભગ બે વર્ષ સારાં ગયાં. હવે આ છોકરાના લગ્નનો વિષય નીકળ્યો. હું કંઈ સલાહ આપું તે પહેલાં જ એનાં મા-બાપે આવીને મને કહ્યું કે તેઓ એ છોકરાનો બધો જ ભૂતકાળ સામા પક્ષને જણાવીને જ લગ્નની વાત આગળ વધારશે. મેં તેમને સધિયારો આપી આ સંદર્ભમાં કોઈ પણ જાતનો સહકાર આપવાની તૈયારી બતાવી. આ છોકરાને એક છોકરી ગમી ગઈ. છોકરીનાં મા-બાપ સાથે વાત કરવા તેમની સાથે જવાની વિનંતિ છોકરાનાં મા-બાપે મને કરી. છેવટે એક દિવસ બપોરના સમયે અમે છોકરીના ઘરે પહોંચ્યાં. વાતચીતની શરૂઆત થઈ.

છોકરીના પિતા બોલ્યા, "હું આ છોકરાને છેલ્લા પંદર દિવસમાં ત્રણ વાર મળ્યો. મને એનામાં અયોગ્ય એવું કશું

જ જણાયું નહીં. મને તો એ માનસિક રીતે બીમાર જરાય ન લાગ્યો. આ પૂરો મામલો શું છે?"

"આપણને ક્યારેક કમળો થાય, ટાઇફોઈડ થાય પછી એમાંથી સંપૂર્ણપણે સાજા થઈ ગયા બાદ આપણે એના વિશે ખાસ વાત નથી કરતા. પરંતુ, મનોવિકારના સંદર્ભમાં વાત થોડીક અલગ છે. જે રીતે શરીરનાં વિવિધ અંગો છે તે જ રીતે મનનાં પણ વિવિધ પાસાંઓ તથા તેના વિકારો હોય છે. આને જે હતી તે 'વિચાર'ની બીમારી હતી." આ રીતે શરૂ કરીને મેં તેઓને એ છોકરાની માંદગી અને તેના ઉપચારની સંપૂર્ણ માહિતી આપી. એ હવે આમાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ ગયો છે એમ કહ્યું. વળી આ બીમારી સો ટકા આનુવંશિક નથી તથા હવે તેના મન પર આ બીમારીની કોઈ ઊંડી છાપ અથવા તો ચિહ્નો શેષ નથી એ મેં તેમને સમજાવીને કહ્યું.

આ મુલાકાત ફળદાયી નીવડી. આગળ ઉપર લગ્ન થયાં બાદ એ છોકરાના સસરાએ કહ્યું, "ડોક્ટર, એનાં મા-બાપ તમને લઈને ઘરે આવવાં તૈયાર થયાં ત્યારે જ ખાતરી થઈ ગઈ કે આ માણસો સરળ અને સ્પષ્ટવક્તા છે." અલબત્ત, મારા દર્દીને આટલા સમજદાર લોકો મળ્યા એ શ્રેયના ખરા હકદાર તો એ લોકો જ છે.

એકદમ આ જ પ્રકારની બીમારી લીનાને તેનાં લગ્નના ફક્ત પંદર દિવસ પહેલાં થઈ હતી. છ-આઠ મહિના પહેલાં જ લગ્ન નક્કી થયાં હતાં. બધાંને આમંત્રણો પણ મોકલાઈ ગયાં હતાં. એક સારી કંપનીમાં નોકરી કરતી લીનાની ઊંઘ અચાનક ગાયબ થઈ ગઈ, અસ્વસ્થતા જણાવા લાગી. તેનું બોલવાનું અચાનક વધી ગયું અને બોલવા પર તેનો કાબૂ ન રહેતો. લગ્ન માથે આવીને ઊભાં છે એમાં આ તે શી નવી ઉપાધિ આવી પડી એ વિચારમાત્રથી ઘરનાઓ ખૂબ અસ્વસ્થ થઈ ગયા. હવે આ વાત વરપક્ષના લોકોને કહેવી પણ શી રીતે? એને જ્યારે મારા દવાખાને લાવવામાં આવી ત્યારે તેનાં લગ્નને માંડ દસ દિવસ બાકી હતા. બીમારીનું સ્વરૂપ ખૂબ સ્પષ્ટ હતું, પણ ઉપચાર શરૂ કર્યા પછી તેનું પરિણામ આવવામાં હંમેશાં થોડો સમય લાગતો હોય છે. એટલો સમય હાથમાં નહોતો. મેં તેની દવાઓ શરૂ કરી, જેને કારણે થોડોક ફરક પણ પડ્યો. પણ લગ્ન પહેલાંના બે દિવસ કદાચ દવા લેવાનું રહી ગયું હશે, જેને કારણે લગ્નના દિવસે તેને ખૂબ તકલીફ થઈ. જેમતેમ કરી લગ્નકાર્ય પતાવી તે જ રાત્રે તેને પિયરે પાછી લાવવી પડી. રાત્રે સાડાદસના સુમારે તેના ઘરના લોકો મારી પાસે આવ્યા.

હું એના ઘરે પહોંચ્યો ત્યારે લગ્ન-પ્રસંગવાળા ઘરમાં હોય તેવી ચહલપહલને બદલે સ્મશાનવત્ શાંતિ

હતી. ઘરના દરેકના ચહેરા પર એક શૂન્યતાનો ભાવ લીંપાયેલો હતો અને તેના ભવિષ્ય વિશેના પ્રશ્નાર્થ ચિહ્‌ને આખાય ઘરને પોતાની સજ્જડ ભીંસમાં જકડી દીધું હતું. સવારે જ એના લાંબા, સુંદર કેશમાં ગૂંથેલ ફૂલો કરમાઈને અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં અને તે પોતાના ઓરડામાં જમીન પર જ સૂઈ ગઈ હતી. આવી બીમાર અવસ્થામાં પણ તે આજુબાજુની વાસ્તવિકતાથી સાવ અજાણ નહોતી. અચાનક જ પોતાનાથી આ શું થઈ ગયું તે વિચારથી તે દુઃખી થઈ જતી. વચ્ચે જ, હવે શું થશે તે વિચારી ભયભીત થઈ જતી. ઘરના લોકો પણ નિઃસહાય હતા. એની સાથે વાત કરી, હું હોલમાં આવી ખુરશી પર બેઠો. એ ગમગીન વાતાવરણના બોજ તળે હું કચડાઈ રહ્યો હતો અને વિચારનાં ચક્રો ગતિમાન હતાં. મેં યોજનાપૂર્વક કામ કરવાનું નક્કી કર્યું. ઘરના એક સભ્યની જેમ આખીય પરિસ્થિતિનાં બધાં જ સૂત્રો હાથમાં લીધા સિવાય હવે છૂટકો નહોતો. આવે વખતે મેં મારી બહેન માટે જે કંઈ કર્યું હોત તે જ આને માટે કરીશ એવો નિર્ણય કર્યો.

સૌ પ્રથમ તેને નજીકની જ એક હોસ્પિટલમાં દાખલ કરી. ઇમર્જન્સી ટ્રીટમેન્ટ ચાલુ કરી. એકાદ અઠવાડિયામાં જ તેનામાં ઘણો સુધારો થયો, પણ તેની અસુરક્ષાની ભાવના ઓછી થતી નહોતી. તે નિયમિત રીતે મળવા આવતી. ઘરના વડીલો આગળ ઉપર શું કરવું તેની સલાહ લેવા આવતા. ક્યારેક જરૂર પડે તો ફોન કરતા. મારો સધિયારો તેમને છે તેનો સતત અહેસાસ હું તેમને કરાવતો.

થોડા જ વખતમાં તે ફરી નોકરીએ જવા લાગી. એના વરના બે ભાઈઓ તેમના ફેમિલી ડોક્ટર સાથે આવીને મને મળી ગયા. મેં તેમની સાથે ચર્ચા કરી. તેના વરને મળ્યો. ખરેખર તો, તેની આ બીમારી બહુ ગંભીર નહોતી અને એ તેમાંથી બહાર પણ આવી ગઈ હતી, પણ હવે તેનું લગ્નજીવન પુનઃસ્થાપિત કરવા માટે તેના શ્વસુર પક્ષના લોકોના મનમાં વિશ્વાસ ઊભો કરવો જરૂરી હતો. પ્રાથમિક વાતચીત પછી અમે તેને માટે એક સમયપત્રક બનાવ્યું. એ પ્રમાણે એણે પહેલાં અઠવાડિયાના રજાના દિવસે સવારે સાસરે જવાનું અને સાંજે પાછા આવવાનું એવું નક્કી થયું. પછીના અઠવાડિયે એક રાત રોકાવાનું અને ત્યાર બાદ બે દિવસ. આમ ધીરે ધીરે નવા વાતાવરણમાં ગોઠવાવાનું તેને માટે થોડું સરળ થઈ રહ્યું. ધીમે ધીમે તે સાસરામાં ભળવા લાગી. અને એક દિવસ 'ફોલો-અપ' માટે પતિ-પત્ની સજોડે આવ્યાં. એ જોઈ મને ખૂબ સારું લાગ્યું. સમજદાર માણસો મળવા એ ઘટના હંમેશાં મારામાં એક શ્રદ્ધા જન્માવી જાય છે. એ દિવસે એમની સાથે વાતચીત કરતી વખતે મને યાદ

આવતી હતી એના ઘરની એ રાત, એ માહોલ અને એ ખુરશીમાં બેસીને મેં લીધેલો એ નિર્ણય.

આમ જ એક વાર અનુપમના ઘરે એક ખુરશીમાં બિરાજમાન હું વાતાવરણની બધી મજા માણી રહ્યો હતો. અનુપમના પિતા સામે બેસીને વાત કરી રહ્યા હતા. અનુપમની ભાવિ પત્ની એક પછી એક ગરમાગરમ વાનગીઓ પીરસી રહી હતી. અનુપમના પિતાએ એની સાથે મારી ઓળખાણ કરાવી, "ડોક્ટર ઇઝ અવર લોંગ-ટાઈમ ફેમિલી ફ્રેન્ડ..."

મેં આરામથી ખુરશીમાં ફેલાઈ સામે પડેલી ટિપોય પર પગ લંબાવી તેની વાગ્દત્તાને પૂછ્યું, "કંઈ મદદ કરાવવા કિચનમાં આવું કે?" પછી ઊભો થઈ જાણે મારું જ ઘર હોય તેમ આખાય ઘરમાં ફરી વળ્યો.

અનુપમને લઈને એની પ્રેયસી મધુ પ્રથમવાર મને મળવા આવી એ વાતને પૂરું દોઢ વર્ષ પણ નહોતું થયું. ફક્ત દોઢ વર્ષ. અનુપમ 'ડ્રગ ઍડિક્શન' નો શિકાર હતો. એ બ્રાઉન સુગર છોડવા માગતો હતો. એ માટે એને મદદ જોઈતી હતી. પછી એ હોસ્પિટલમાં દાખલ થયો. અતિશય હોંશિયાર, ખૂબ બુદ્ધિશાળી અને રસિક એવા અનુપમના જીવનને ગ્રસી રહેલું આ ગ્રહણ દૂર કરવા તેના પિતા અને મધુ તનતોડ પ્રયત્ન કરતાં હતાં. અનુપમને છોડી જવાનું તો મધુ સપનામાં પણ વિચારી શકતી નહોતી. એ ત્રણેય જણ સાથે ગપાટા હાંકતાં, અનુપમ સાથેની વાતચીત દરમ્યાન, કોણ જાણે કેમ પણ એક ડોક્ટર-દર્દીના સબંધની સાથે જ એક મિત્રતાનો તાંતણો પણ બંધાઈ રહ્યો હતો. આ આખું કુટુંબ જ જાણે મારું થઈ ગયું. મારી પત્નીનું થઈ ગયું. અમારા સહવાસમાં મૈત્રી રૂપી ફૂલો ખીલી ઊઠ્યાં. એ દરમ્યાન અનુપમ ડ્રગ્સથી દૂર રહેતાં શીખ્યો. એક વર્ષના સમય-ગાળામાં તો એની નોકરીમાં ઍક્સિક્યુટિવના પદ પર પહોંચી ગયો. ક્યારેક 'ફોલો-અપ' વિઝિટ માટે આવવાનું થાય તો હું અનુપમ-મધુને દવાખાને સૌથી છેલ્લે બોલાવતો. કારણ એ જ કે શાંતિથી બેસીને ગપ્પાં મારી શકાય. એક દિવસ અનુપમે કહ્યું, "હવે એક વાર તો તમારે મારા ઘરે જમવા આવવું જ પડશે."

આમ હું એ દિવસે અનુપમના ઘરે પહોંચી ગયો. વાતોની રંગત જામી હતી. અનુપમના પિતાના ચહેરા પરનું અદશ્ય થઈ ગયેલું હાસ્ય પાછું ફરેલું હું જોઈ શકતો હતો. મારી તેની વાગ્દત્તા સાથે તેમણે કરાવેલી મારી ઓળખાણ ફરી ફરી મારા મસ્તિષ્કમાં ઘૂમરાઈ રહી હતી. લોન્ગ ટાઈમ ફેમિલી ફ્રેન્ડ. ડોક્ટરથી લઈને તે મિત્ર સુધી. કેટલો મજેદાર પ્રવાસ હતો આ! અમુક ઘરો વિશે આપણી ડાયરીનાં પાનાં અદશ્ય શાહીથી લખાયેલાં હોય છે. એ ઘરના

દરવાજા સુધી પહોંચતાં પહેલાં આપણને આગળ શું થવાનું છે એનો અછડતોય ખ્યાલ નથી હોતો. પણ ઘર એટલે ફક્ત ચાર દીવાલો નહીં. ઘરને પોતાનું એવું એક વ્યક્તિત્વ હોય છે. દરેક ઘર પાસે પોતાના એવા અનુભવોનું ભાથું હોય છે અને એ ઘરની છત્રછાયામાં રહેનાર દરેક વ્યક્તિના શ્વાસમાં ભળેલો હોય છે એ ઘરનો શ્વાસ. તે દિવસે અનુપમના ઘરમાં મેં એક હસતું ઘર અનુભવ્યું. એકાદ શાપિત ઘર, તો કોઈક સૂન થઈ ગયેલું ઘર, એકાદું હતાશ ઘર, તો કોઈક જીર્ણ થઈ ગયેલું ઘર. તબીબી વ્યવસાયના આ પ્રવાસમાં આ સર્વ બીમાર ઘરોનું મારા પર ખૂબ મોટું ઋણ છે. એમને જ કારણે મારી સૂઝ ઘણી વિસ્તરી છે.

(૧૯૮૮)

આજની તારીખે : પ્રસારમાધ્યમોમાં હું જેમ જેમ છવાતો ગયો તેમ તેમ વધુ ને વધુ લોકો મને ચહેરાથી ઓળખવા લાગ્યા. તેને કારણે દર્દીના ઘરે જવામાં બાધા ઊભી થવા લાગી. સંસ્થાનું કામકાજ શરૂ થયા પછી સમયની પણ અછત સર્જાઈ. પણ એક યુવાન મનોચિકિત્સક તરીકેના મારા આ પ્રવાસમાં આ 'હોમ વિઝિટે' એક શિક્ષક તરીકે ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી. કાલાંતરે મેં અમુક નિર્ણય લઈ મારી પ્રેક્ટિસ પર 'ફોકસ' કરવાનું જરૂરી માન્યું. ઉદાહરણરૂપે, ગંભીર માનસિક બીમારી હોય તેવા દર્દીઓનો ઉપચાર કરવાની જવાબદારી હવે હું લેતો નથી. મારી પાસે સ્વેચ્છાએ આવનાર દર્દીઓનું 'વેઇટિંગ લિસ્ટ' અમુક મહિનાઓ સુધી લંબાઈ જતું હોવાને કારણે મારે 'non-cooperative' દર્દીઓને રાજી કરવા માટેનો મારો ગૃહપ્રવેશ કરવાનો માર્ગ પણ છોડવો પડ્યો.

- લેખક



અનોખો કબીર
મત સુલઝા મોરી ધુંડી

☐ સતીશચંદ્ર વ્યાસ

અલવાર જિલ્લાના કોટપૂતળીની બાજુના બેઈરથ ગામમાં નીમા મેઘવાળ પાસે બેઠા હતા. સતત બીડીનું સેવન કરતા નીમાને અમારા એક સાથીએ ટકોર કરી ત્યારે જવાબમાં નીમો બોલ્યો, 'સા', કોઈ ઇક અવગુણ તો હોનો ચાહિયે! અવગુણ હો તો હો! અવગુણ – સદ્ગુણ નજર ખેલા હૈ! કોઈ સદ્ગુણ સે સાહબ કે સાથ રહતો હૈ તો કોઈ અવગુણ સે! બીમાર મેમના કૉ ચરવાહા કાંધે પર ચઢાતા હૈ ઔર ઠીક હૈ ઉસકો ચાલતા હૈને? મૈં સાહબ કો એક પદ સુનતા હું જિસમેં ધાગા લોઈ માઈ કો યહી બાત કરતા હૈ! (સાહેબ, કોઈને કોઈ અવગુણ તો હોવો જોઈએ! અવગુણ છે તો છે! અવગુણ સદ્ગુણ તો નજરનો ખેલ છે.

કોઈને સદ્‌ગુણથી સાહેબ સાથે રહેવા મળે તો કોઈને દુર્ગુણથી! ભરવાડ બીમાર લવારાને ખભે ચઢાવે અને સાજાસારાને ચલાવીને લઈ જાય છેને? હું તમને કબીર સાહેબનું એક પદ સંભળાવું. એમાં દોરો લોઈ માઈને શું કહે છે):-

માઈ, માઈ, મત સુલઝા મોરી ધુંડી!
રે લોઈ માઈ, મત સુલઝા મોરી ધુંડી!

સુલઝી ધુંડી તો હોગી ચાદર ચીકની..
ચાદર ચીકની!
રાજા રાણી રા ઘીરે પક્કી રે બીકની...
પક્કી રે બીકની!
જાનો પડેગો મોહે નીચી કર મુંડી ;
માઈ, માઈ, મત સુલઝા મોરી ધુંડી!

ધુંડી હોગી તો કઈ ચાદર ન લેગો...
ચાદર ન લેગો!
સાહબ કે સામને હી પડો રહેગો....
પડો રહેગો!
બોલેગે લોગ દેખ, ‘ભૂંડી, ભૂંડી, અરે ભૂંડી
ભૂંડી!’
માઈ, માઈ, મત સુલઝા મોરી ધુંડી!

હે લોઈ માતા, મારામાં પડેલી ગૂંચને ઉકેલતી નહીં, કારણ કે ગૂંચ કે ગાંઠ વગરની ચાદર હશે તો તે સુંદર અને સુંવાળી હશે, અને તેનું રાજા કે રાણીના ઘરે વેચાણ થવાનું નક્કી થઈ જશે! પછી મારે ચાદરનું રૂપ લઈ, નીચી મુંડી કરીને જવું પડશે (અફસોસ તે છે કે કબીર સાહેબને છોડીને જવું

પડશે!) તેથી કહું છું કે હે મા! મારી ગૂંચ ન ઉકેલો!

મારામાં ગૂંચ અને ગાંઠ હશે તો ચાદર સુંવાળી નહીં થાય, તેથી લોકો ખરીદી નહીં કરે, હું કબીર સાહેબની ઝૂંપડીમાં વેચાણ થયા વિના પડી રહીશ! ભલેને લોકો મને નિહાળીને 'ભૂંડી,ભૂંડી' કહેતા! હું તો સદાય તેમને નીરખતી રહીશ, મને તો સાહેબનું સાન્નિધ્ય સદાય મળતું રહેશે ને!

સામાન્ય રીતે ગાંઠ, ગૂંચ ખોલવા માટે માગણીદાર ભક્તોની સામે દોરના પ્રતીક દ્વારા સામીપ્યનો મહિમા ગાયો છે.

નીમો બોલ્યો, 'બહુતો લોગને ધરની પર જનમ લીયા, સબ બીના ધુંડી વાલેકો પકડ પકડ કે લોગોને રાજા, નગરશેઠ, પરધાન, સેનાપતિ બના દિયો. કિસી કો ભગત નહીં બનને દિયો, કોઈ બનો તો ઉસકી જય જયકાર કરકે, બડો આશરમ કરકે, સચ્ચી ભગતિ કી પટરી સે ઉતાર દિયો, ગુન દેખો, ખા લીયો! કિછુ ભિ કરકે પ્રભુ સે ફારેગ કર દીયો હમને! (કેટલાય મહાનુભાવે આ ધરા પર જનમ લીધો, બધા નિર્ગ્રંથ વ્યક્તિને પકડી પકડીને આપણે રાજા, નગરશેઠ, પ્રધાન, સેનાપતિ બનાવી દીધા. કોઈને ભક્ત ન બનવા દીધો! જો કોઈ ભક્ત થયો તો તેનો જયકાર કરી કરી, મોટો આશ્રમ બાંધી આપી, સાચી ભક્તિના પાટા પરથી ઉતારી મૂક્યો, જ્યાં જ્યાં ગુણ જોયા ત્યાં ત્યાં તેને ખાઈ ગયા! ગમે તેમ કરીને તેને પ્રભુથી વિખૂટો કરી જ દેવાનો.)

તેમ બોલીને નીમાએ ફરીથી નવી બીડી સળગાવી -જાણે કે પ્રભુની સામે દીપક ન પ્રજ્જ્વલિત કરતો હોય!

❑❑❑

પૂર્વ બંગાળમાં એક ફકીર હતા. તે પવિત્ર આચરણમાં માનતો. તેની પાસે એક માણસ બોધ લેવા આવ્યા. તે માણસે ફકીરને કહ્યું, "હું શુદ્ધ આચારમાં માનતો નથી. જ્ઞાન ફકત બુદ્ધિથી પ્રાપ્ત થઈ શકે છે તેથી વિચાર હું શુદ્ધ રાખું છું, પણ, આચારમાં જેમ ફાવે તેમ વર્તું છું." ફકીર કાંઈ જ બોલ્યા નહીં. સાંજ પડી અને ગાય દોહવાનો વખત થયો એટલે ફકીરે પેલા માણસને કહ્યું, "આ લોટામાં દૂધ દોહી લે. લોટો ધણા વખતથી માંજેલો ન હતો. તેમાં મેલ અને કાટ ચઢ્યા હતા. લોટો ઉપાડી, પેલો માણસ તેને નાળા પર ઊટકવા ચાલ્યો. ફકીરે બૂમ મારીને કહ્યું, "અરે! નહીં! તેને માંજીશ નહિ! એમ ને એમ જ દૂધ દોહીને આવ!"

પેલા માણસે આશ્ચર્યથી કહ્યું, "આવા ગંદા લોટામાં દૂધ તો નકામું થશે."

ફકીરે મુશ્કેરાઈ કહ્યું, "એમ! સારું! માંજીને દૂધ ભર!" જ્યારે તે માણસ દૂધ દોહીને ફકીર પાસે પાછો આવ્યો ત્યારે ફકીરે તેની પીઠ થાબડી કહ્યું, "બેટા ગંદા લોટામાં દૂધ ગંદુ થાય તો મલિન આચારમાં નિર્મલ વિચારનું શું?"



ઋણ

☐ ગિરીશ ભટ્ટ

મજલી લેન આમ તો આ મહાનગરની એક સડકનું નામ પરંતુ બેય તરફનો વિસ્તાર એ નામથી ઓળખાય.

એક તરફ વિશાળ ઝૂંપડપટ્ટી ને બીજી તરફ કાચાંપાકાં વ્યવસ્થિત મકાનો.

નિશીગંધા કાચાંપાકાં મકાનોવાળા વિસ્તારમાં રહેતી હતી.

રોડ પર એક મદ્રાસી કાફે ને એની પાછળ એક ઉપર બીજી એવી ત્રણ ઓરડીઓ, લાકડાના દાદરને ટોડલા પર જળપાત્રો લટકે. આ પાત્રો... સવારે પાંચ વાગે ખપમાં આવે. દરેકનું એક.

ત્રીજા માળની ઓરડીમાં ત્રણ સ્ત્રીઓ વસે, નિશી, કજરી અને ચંદા, નિશી કલકત્તાની, કજરી ઇંદોરની અને ચંદા પેટલાદની.

ભીંત કબાટનું એક એક ખાનું દરેકનું. એમાં બેગ, બિછાનું, બગલથેલો પડી રહે. પત્રો, ફાઈલ, પૈસા પણ ત્યાં જ.

એક ખૂણે મોરી, પેડલી પર પાણીનું માટલું, બાજુમાં ટેબલ ગોઠવીને રચેલું કિચન, છાજલી પર લોટ, દાળના ડબાઓ ને વાસણો.

ચંદાએ નિશીને સમજ પાડી હતીઃ મોરીમાં સ્નાન કરવાનું. એમાં શરમાવાનું નહીં. આપણે સ્ત્રીઓ છીએ.

ને કજરીએ બીજી સમજ પાડી હતીઃ આ બારીમાં જો. નીચે- છે શૌચાલયો, ત્રીસ છે. ખાસ સ્ત્રીઓ માટે. સવારે વહેલા પહોંચી જવાનું. પછી ભીડ થઈ જાય. હું તને જગાડીશ.

નિશી નવી હતી. મહાદેવભાઉ જ બીજી બેયને અહીં લાવ્યો હતોઃ લો, યે તીસરી. અચ્છી તરહ રહેના. ગરબડ હો તો મુજે બુલાના.

ભાઉ આ વિસ્તારનો ડોન હતો.

તે ભલો હતો. નિશીના ભાગ્ય કે તે મહાદેવને મળી હતી.

'ક્યા કલકત્તાસે આઈ હો? અકેલી હો? ઓહ, ફિલમ મેં કામ કરના હૈ? કિતની આતી હૈ રોજ? ચલ મેરે સાથ.' તે... નાખુશ હતો.

લઈ ગયો એકસ્ટ્રા સપ્લાયર પાસેઃ કામરાજ, લિખ લે લડકીકા નામ, ફોન નંબર... કામ મિલના ચાહિયે.

ને એજ રીતે મજલી લેનની ઓરડી પર પણ લઈ આવ્યો.

નિશીએ... નીચા નમીને તેની ચરણરજ લીધી ત્યારે તે હસ્યો હતો.

ચંદાએ કહ્યુંઃ પહેલા તો નિશી માટે એક નવું જળપાત્ર ખરીદવું પડશે.

ચંદા... હિસાબો રાખતી હતી, કજરી ખરીદી કરતી હતી.

ચંદાએ પૃચ્છા કરી હતીઃ ખાના બનાતી હૈ? બસ... તું કરના.

આમ તો ત્રણેય ફિલ્મોમાં અભિનય કરવા માટે જ આવી હતી, સ્વપ્નાં લઈને આવી હતી પરંતુ નિશીને ભાગે... એ પ્રાપ્ત થયું હતું. એકસ્ટ્રા તો એકસ્ટ્રા, પણ એ દિશા તો ખરી! પરદા પર તો અવાશે!

પેલી બેયને તો સમસમીને બીજાં કામો સ્વીકારી લેવાં પડ્યાં હતાં.

કજરી... ગારમેન્ટની ફેક્ટરીમાં સિલાઈકામ કરતી હતી. પુરુષોના અંડરવેર્સ સીવતી વખતે તેને અવનવાં વિચારો આવી જતા હતા. ક્યારેક સંકોચ થાય, ક્યારેક આનંદ થાય ને ક્યારેક ઉદાસ પણ થઈ જવાય. ક્યાં પરણી હતી? યાદ હતું કે કોઈ જ્યોતિષીએ ભાખ્યું હતું કે જાતકને મકરલગ્નનો યોગ હશે.

ચંદા... પત્રો ટાઈપ કરતી હતી. સુપરવાઈઝર આપ્ટે... પત્રો આપે ને તેણે ફટોફટ ટાઈપ કરી દેવાના. એક કેબિનમાં ત્રણ ટાઈપ કરનારીઓ ને આપ્ટે એમ ચાર બેસે. બધું ભરચક

થઈ જાય. પસીનો લૂછતાં લૂછતાં વળી કેટલા વિચારો આવે? ક્યારેક આપ્ટેને પરણવાનો વિચાર આવી જાયઃ ભલો હતો.

આપ્ટે પણ ક્યારેક તેના તરફ ભૂખી નજરે જોતો હતો.

(૨)

સવારે પાંચ વાગે કજરી જાગી જતી હતી ને બીજી બેયને જગાડતી હતી.

'જાગો... રાજકુમારીઓ... સિંહાસન પ્રાપ્ત કરો. અને આંખો ચોળતી નિશી ઊભી થતી હતી. કલકત્તાના ઘરમાં સરસ સગવડ હતી. ઘરની પાસે પુકુર હતું ને ત્યાં એક મજિયારું શૌચાલય. બે પરિવાર વચ્ચે પુકુર ને શૌચાલય મજિયારાં. પુકુરમાંથી ગાંગુલી'દા માછલીઓ પકડે. તે અને હર્ષદા... ભાગ પાડે.

તેની મા માછ રાંધવામાં કુશળ હતી.

જમતી વખતે એ બધું યાદ આવી જતું ને આંખો ભીની થઈ જતી.

તે કેવી નગુણી કહેવાય? બસ, ઘરમાંથી નીકળી પડી.

સહુનો નનૈયો હતોઃ ના જવાય ત્યાં. અજાણી ભૂમિ! ને એ લાઈનમાં ના જવાય આપણાથી.

એક બસુ અંકલની હા હતી.

સ્મૃતિ લઈ જતી હતી. તેના વરને ઓળખાણ હતી. તેની સાથે જવાનું હતું.

જમાપક્ષમાં તે રૂપાળી હતી, પૂજાના તહેવારોમાં નાટિકામાં રાક્ષસની પત્નીનું પાત્ર ભજવ્યું હતું. ઘોષ અંકલ રાક્ષસ બન્યા હતા ને શોભાદીદી દુર્ગા, કેવી પ્રશંસા થઈ હતી?

બે ઇનામો મળ્યાં હતાં. ખુદ શોભાદીદી તેને તૈયાર કરીને કહેતાંઃ તું તો રોયની ફિલ્મોમાં અભિનય કરી શકે તેમ છે. શા માટે પ્રયત્ન નથી કરતી? અને મુંબઈમાં તો અઢળક પૈસા મળે.

એ પછી તેણે અનેક વાર અરીસામાં હાવભાવ કરતાં જોયું હતું.

ને એક સ્વપ્ન જન્મ્યું હતુંઃ લાવને, મુંબઈ જાઉં. શોભાદીદી કાંઈ અમસ્તાં કહે? કેટલી લાગણી હતી? અને કેવી છટાથી સંવાદો બોલતી હતી?

સ્મૃતિનો વર તો સામાન્ય ઓરકેસ્ટ્રામાં ફ્લ્યુટ વગાડતો હતો. બીજી ખાસ ઓળખાણો નહોતી. સ્મૃતિની ગેરહાજરીમાં તેના રૂપની પ્રશંસા કરતો હતો, ને ક્યારેક સ્પર્શી લેતો હતો.

બસુ અંકલનો ફોન આવ્યો હતોઃ બેસી જા હાવડા એક્સપ્રેસમાં. છેને એટલા પૈસા?

બરાબર... એ સમયે ભાઉ મળ્યા હતા.

તે તેમની સાથે નીકળી પડી હતી.

ને હવે કામરાનના સંદેશા આવતાં હતાંઃ બેબી, કલ તૈયાર રહના. લકી સ્ટુડિયોમેં કામ મિલેગા. સ્ટ્રીટ સીન હૈ... ક્રાઉડ સીન... પાર્ટીસીન...!

કામ શરૂ થઈ ગયું હતું. એક

નાવીન્ય સાંપડ્યું હતું. નવી દુનિયા હતી. જૂનાં વિસ્મયો સમતાં હતાં ને નવાં જાગતાં હતાં. કામરાન નિયમિત પૈસાનું પેમેન્ટ કરતો હતો.

કજરી-ચંદા ભલાં હતાં. રહેઠાણ ગમતું હતું. સ્નાન કરતાં ક્ષોભ પણ થતો નહોતો. કજરી... બિનધાસ્ત જોક્સ કહેતી હતી ને તે મુક્ત મને હસતી હતી.

બસુ અંકલ દર રવિવારે સવારે ફોન કરે ને મા મળી જતી હતી.

મામા કહેઃ નિશીગંધા... કેમ છું તું? શૂટિંગ ચાલે છે ને? કયા સ્ટુડિયોમાં. લે, રોહિણીને આપું. બેય રડી પડતાં હતાં.

બધું યાદ આવી જતું, મોટી બાજાર... ચિત્તરંજન એવન્યુ પાસેની બજાર, બડા ચોક, બીજી ગલીમાં આવેલું દુર્ગા મંદિર, ઘોષ અંકલ, શોભાદીદી... કૌમુદી માસી...!

અંકલે સૂચના આપી હતીઃ એવું ના બોલતી કે રોહિણી ઢીલી થઈ જાય.

બે વસવસાઓ ગમે ત્યારે જાગી જતા હતા. તેનું જૂનું સ્વપ્ન જાગી જતું હતુંઃ ના બની... જયા, તબસ્સૂમ કે મંદિરા જેવી અભિનેત્રી. એ માટે તો આવી હતી. બસ... બની ગઈ એક નાચીજ એક્સ્ટ્રા!

ને બીજું દુઃખ સવારનું હતું. જવું પડતું હતું ને, બે-ત્રણ દાદર ઊતરીને પાછળના શૌચાલયમાં. એક - ખાલી શોધવાનું, દુર્ગંધની પરવા કર્યા વિના પ્રવેશવાનું ને બારણાના હેન્ડલને પકડીને કામ પતાવવાનું.

અને પાછું કોઈનું બારણું ખેંચવાનું જોખમ ખરું જ!

બહાર નીકળીને પાછું સાંભળવાનુંઃ ક્યા સો ગઈ થી?

એમ લાગતું હતું કે તે નરકની યાતનાઓ ભોગવી રહી હતી!

કજરી કહેતી હતીઃ મહાનગરમાં એવું તો થાય. આપણે પણ કોઈને ગાળ દઈ દેવાની!

(૩)

એક રવિવારે બસુ અંકલે તેને ચકિત કરી હતીઃ નિશી... તેરી મુંબઈ મેં મંદિરા હૈ ન? મુવીવાલી નટી?

વો તો હમારી અનુરાધા હૈ! યાદ હૈ દૂસરી ગલીવાલે કૌમુદી મૌસી? રોહિણી કી સખી...!

બધું યાદ આવી ગયું, હા, હતાં ને? ગીત ગોવિંદ આખું કંઠસ્થ, મીઠો સ્વર, ભાવુક અને...! જમણાં હાથમાં કાઠિકા રોજ સવારે ત્યાંથી પસાર થાય ત્યારે સાદ પાડેઃ રોહિણી... કુશળ છેને?

'હા... અંકલ...' તેણે હોંકારો ભણ્યો હતો. અંકલ મૂળ વાત પર આવ્યા હતાઃ ઉનકી ભાનજી થી અનુરાધા...? યાદ હૈ?

તેય આવી હતી સ્મૃતિમાંઃ હા-અંકલ... ઊંચી, ગોરી, લાલ પાલવવાળી રેશમી સાડીમાં હોય, છૂટી શ્યામ કેશલતામાં વેણી હોય. ઘર પાસેથી

પસાર થાય ત્યારે તેના ઘર પ્રતિ દૃષ્ટિપાત કરે, મા હોય તો પાયલાગણ કરે. તે ત્યારે માંડ ચૌદ પંદરની.

હજી સ્મરણમાં સચવાઈ હતી.

નિશી... અનુરાધા ફિલ્મ લાઈનમેં હૈ. મંદિરા બન ગઈ હૈ આજકાલ. કૌમુદી અબ નહીં રહૈં.

યે મકાન ભી પડા હૈ ઐસા હી.

તુમ જાનતી હો મંદિરા કો?

નિશી ઊછળી પડી હતીઃ અનુરાધા કી મંદિરા?

બડી અભિનેત્રી હૈ.

પછી વાત આટોપી હતીઃ મિલ લૂંગી ઉસ કો.

આપને ઠીક બતાયા.

નિશી તાજુબ હતીઃ આપણા મહોલ્લાવાળી છોકરી મંદિરા? ક્યાં નજીકથી જોઈ હતી? એક્સ્ટ્રાના ભાગ્યમાં કેટલું બધું ના હોય? ટોચની નટીઓ સાથે ભાગ્યે જ અભિનય કરવાની તક મળે. પાર્ટી, નૃત્ય, મોબ-જેવાં દૃશ્યોમાં જરૂર પડે. ને ત્યારે ક્યારેક મુખોમુખ થવાય.

મંદિરા સાથે તો આવું ક્યારેય બન્યું નહોતું. થોડા દિવસો પછી એક જૂના અખબારમાં તેનો રંગીન ફોટો જોયો, ધ્યાનથી જોયો. હા... અનુરાધા મળી. હા... એજ... હતી. કેટલી હરખાઈ? આ તો અનુરાધાદીદી! રોજ પસાર થતાં હતાં, ઘર પાસેથી જ! એક વાર તો તેની સાથે વિસ્તારથી વાતો કરી હતીઃ શાળા વિશે, પાછળના પુકુર વિશે, તેના નામ વિશે. ને તેણે કહ્યું હતુંઃ દીદી, તમે મને ગમો છો. તમારા કેશ કેટલા લાંબા ને મુલાયમ છે?

પૂજાના તહેવાર પછી એ લોકો ક્યાંક ચાલ્યા ગયા હતાં ને ઘર ખાલી હતું. પૂછતી હતી પણ મા કશો પ્રત્યુત્તર આપતાં નહોતાં. ને પછી તે પણ ભૂલી ગઈ હતી.

પછીના પૂજા-ઉત્સવ વચ્ચે સ્મૃતિ જાગી ગઈ હતીઃ દીદી હોત તો કેટલાં રાજી થાત?

તે રાક્ષસ-પત્ની બની હતી ને નાટિકામાં?

પ્રશ્ન થયો'તો કે ક્યાં ગયાં હશે દીદી? એ ઘર તો જર્જરિત દશામાં હતું.

કોઈ એ વિશે કશું ઉચ્ચારણ પણ કરતું ના હતું.

પણ આજે એ બધું ખળભળ્યું હતું. તો દીદી મંદિરાજી બની ગયાં હતાં! તેને ઓળખે ખરાં? જરૂર ઓળખી જાય. પાંચ વર્ષ પહેલાની જ વાત હતીઃ રેશમી, શ્વેત સાડી પરિધાન કરીને પસાર થતાં હતાં એ હજી એવું ને એવું હતું સ્મૃતિમાં. ના, કહ્યું કજરી-ચંદાને. એ લોકો ગપ માને, મજાક કરે.

(૪)

થોડા સમય પછી કામરાનનો સંદેશો આવ્યોઃ બેબી... તૈયાર રહેના, ડાન્સ કા શૂટિંગ હૈ, મંદિરાજી કે સાથ, આઉટડોર

હૈ. દો તીન દિન લગેંગે. સામાન લેના. લગભગ સાત બજે, મજલીલેન ચોક પર.

'મંદિરાજી કે સાથ...?' તે ખુશ હતીઃ વાહ... ઓળખશે મને? હું કહીશ એ વાતઃ દીદી- મૈં રોહિણી મૌસીકી નિશીગંધા.

થનગનતી રહી આખી રાત. શું કહેશે દીદી? હા... તું હતીને? તને મેં જોઈ હતીને? પતંગિયા જેવી ચંચળ હતી. હજી પણ તું એવી જ છું. અહીં ક્યાંથી... આ ટોળામાં? કોરસમાં નૃત્ય તું કરતી હતીને? હું તો ઓળખી ગઈ હતીઃ અરે, આ તો... મેરી પડોસન! પુકુરની માછ જોઈને કેટલી હરખાતી હતી!

વળી મન બદલાતું હતુંઃ ના ઓળખી તો? તે રડી પડવાની.

પરોઢે તેણે પેલી બેયને જગાડી હતીઃ ચલો... મહારાનિયાં, સિંહાસન પ્રાપ્ત કરો.

એક દિવસ ડાન્સરોએ રિહર્સલ કર્યાં. એક છોકરી મંદિરાજીની ડમી બની.

નૃત્ય નિર્દેશકના સહાયકે એક એક ટુકડાના સ્ટેપ સમજાવ્યાં.

ગીત બજતું રહ્યું. સ્ટેપ્સ... થતાં રહ્યાં. 'લડકિયાં... ઐસે... ઐસે...! જરા... ઝૂકના. ભાવ ઐસા રખના માનો તુમ્હારે પ્રિયતમ આનેવાલા હો! સમજતે હૈ ને, ક્યા પ્રિયતમ? ને આખું વૃંદ ખડખડાટ હસી પડ્યું હતું.

બીજી સવારે... મંદિરાજીનું આગમન થયું હતું. શો ઠસ્સો હતો? સહુ આગળ પાછળ ઘૂમી રહ્યા હતા.

સંગીતા ગણગણી હતીઃ કયા ફર્ક હૈ? હમારેં જૈસી હી હૈ! ફિર ભી...?

નિશીનું ધ્યાન મંદિરા પર કેન્દ્રિત હતું. શ્વાસ રોકાઈ ગયો હતો. હા... તે જ હતી, અનુરાધા! ભીતર ફડફડાટ

હતો પારેવા જેવો.

હવે જ પરીક્ષા હતી.

મેડમ... મેડમના સંબોધનોને પાર કરીને. કેવી રીતે પહોંચવું? વાત કઈ રીતે શરૂ કરવી? જીભ તાળવે ચોંટતી હતી.

સૂર્યનારાયણ મેડમ સાથે વાત કરતા હતા. પાસે કોસ્ચ્યુમ લઈને એક સ્ત્રી ખડી હતી. મેક'પ હજી બાકી હતો.

એક્સ્ટ્રાઓ સવારની તૈયાર થઈ ખડી હતી. સહાયક વારેવારે સૂચના આપતો હતોઃ યાદ હૈ ન! ઐસા હી કરના. મેડમ કે પાસ ટેક લેને કા ટાઈમ નહીં હૈ.

અંતે શૂટિંગ શરૂ થયું હતું.

એક ટુકડો ફિલ્માયો.

બીજાનું કામ શરૂ થયું હતું. નિશી... મંદિરાજીની મુખોમુખ થવાની હતી. થઈ પણ ખરી. તેણે સરસ નૃત્ય કર્યું. હાવભાવ... મુખોમુખ... ને છટાથી ખસી જવું.

તેણે નોંધ્યું કે મંદિરાજીની આંખો ચમકી હતી. પછી તો ચાલ્યું શૂટિંગ. ટુકડો, પછી બીજો ટુકડો. દશ્ય પછી દશ્ય.

કેમેરાઓ ચપળતા ઝીલ્યા કરે.

સૂર્યનારાયણ સંકેતો કર્યા કરે. કેમેરામેન સંતોષ વ્યક્ત કર્યા કરે, ને દિગ્દર્શક કેમેરામાં ડોકિયું કરી લે.

દરેક શોટ પછી, વેલડન મંદિરાજી... ના પોકારો થયા કરે.

ડાન્સરો... બે શોટ વચ્ચે ખૂણામાં જઈને ગરદન, ગાલ પરનો પસીનો લૂછ્યા કરે. મેક'પ... ઝાંખો ના પડી જાય એનો સતત ખ્યાલ રખાતો હોય.

વિશ્રાંતિ દરમિયાન મંદિરાજી સોફા પર આરૂઢ થાય, કોફીનો ગ્લાસ અપાય, પંખો ધરાય. અને નિશી ફાટી આંખે જોયા કરેઃ આમાં કેવી રીતે મંદિરાજી સુધી પહોંચવું? આસપાસ રચાયેલો કિલ્લો કેવી રીતે ભેદવો?

એક એકસ્ટ્રાએ ટકોર કરી હતીઃ પાગલ હો ગઈ ક્યા? મેડમ કો મિલના હૈ?

પણ એમ જ થયું. એક ચમત્કાર થયો હતો. મેડમે જ તેને સંકેત કરીને બોલાવી હતી. એક માણસને સંકેત કરીને નિશીને બોલાવવાનું કહ્યું હતુંઃ વો લડકી...!

પેલાએ ચકિત થઈને પ્રશ્ન કર્યોઃ એકસ્ટ્રા કો? એથી પણ વિશેષ તે ચકિત હતીઃ ઓળખી હશે? સામેથી જ બોલાવી?

ભાવવિભોર દશામાં નિશી પહોંચી ગઈ હતી. ખળભળાટ થયો હતો.

હવે એકસ્ટ્રા ડાન્સરો... ફાટી આંખે જોઈ રહી હતીઃ અપની નિશી! મેડમ બુલાતી હૈ?

જર્નાલિસ્ટ બંધુઓ કોઈ સ્કૂપની તલાશમાં હતા. નિશી ટોળાને વીંધતી મેડમ પાસે પહોંચી. આંખો ભીની ને ચહેરો ભાવવિભોર.

મેડમના શબ્દો જરા દૂરથી

સંભળાયાઃ તુમિ નિશીગંધા હો ન? રોહિણી મૌસી કી...?

ને તે બોલી હતીઃ હા, અનુરાધા દીદી. મૈં હી નિશી? બીજી ક્ષણે સહુએ જોયું કે... નિશી સોફા પર મેડમની પાસે, લગોલગ બેઠી હતી. મેડમનો હાથ એકસ્ટ્રા ડાન્સરની પીઠ પર ફરી રહ્યો હતો.

અદ્‌ભુત દશ્ય હતું.

'મેં તો તુજે પહચાન ગઈ થી. કહાં રહતી હો? કબ આઈ કોલકતા સે?' સહજ પુછાયું.

નિશી કેટલી ખુશ હતી? મંદિરાજી તેને ઓળખી ગયાં હતાં. બીજી ઇચ્છાઓ, અપેક્ષાઓ ભુલાઈ ગઈ હતી. બોલીઃ દીદી... લાલ કિનારવાળી રેશમી સાડીમાં કેવાં સરસ લાગતાં હતાં?

એ સમયે... તેની પાસે આ એક જ સાડી હતી જે પહેરીને તે બહાર જઈ શકે. યાદ હતું.

નિશી કહેતી હતીઃ કેવી ઘેલી? બસ, નીકળી પડી હતી એ સાંજે...! બેસી ગઈ હતી હાવરા એક્સપ્રેસમાં! તે પણ... એમ જ...!

'દીદી... એકસ્ટ્રા બની શકી. કામરાન ભલો હતો. બરાબર... પૈસા ચૂકવતો હતો. મજલીલેનની એક ઓરડીમાં...!

તે પણ... એમ જ... બીજી કોઈ લેનમાં...!

અસ્માજી... મળી ગયાં હતાં. કેવડી મોટી અભિનેત્રી...? તેમણે પનાહમાં લીધી. નહીં તો થોડી મંદિરા બની શકી હોત?

હવે તે પણ એ પગલે ચાલશે, અસ્માને રસ્તે. કહ્યું નિશીનેઃ તું હવે મારી પનાહમાં છું. સરસ નૃત્ય કરે છે. ક્યાંય નથી જવાનું, મને છોડીને. જોજે... હું તને...!

તે અસ્માજીનું ઋણ વાળી રહી હતી.

❑❑❑

શિશુમુખેથી




અમારા ઘરના ઓરડાની દીવાલ થોડી ઊબડ-ખાબડ. દીકરી હજુ 3 વર્ષની. એક દિવસ દીવાલ પર હાથ ફેરવતાં ફેરવતાં બોલી, "અલા, આ તો દીવાલને બી મચ્છર કરડી ગ્યું કે શું પપ્પા, આ જુઓની ગૂમડું થયું છે ને?"

-ડૉ. મિલિન્દ પારેખ

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૨૫. બહાર કવિ ઊભા છે

ઓફિસમાં અધિકારીને કોઈ કામે મળવું હોય તો તે માટે છાપેલી, નાનકડી કાપલી હોય, જેમાં મુલાકાતી પોતાનું નામ, હોદ્દો, મુલાકાતનો હેતુ વગેરે જણાવે. પ્યુન લાવીને ટેબલ પર મૂકે અને બીજાં કામોની વચ્ચે, અનુકૂળતાએ એમને બોલાવવામાં આવે. આ સામાન્ય પદ્ધતિ, એના અમલમાં સાવ જડતા ન હોઈ શકે. ક્યારેક કોઈ બારણું અડધું ઉઘાડીને ડોકિયું કરે - આવું?

એકવાર પેપરવેઈટની નીચે દબાયેલ એક ચિઠ્ઠી પર નામ વાંચ્યું - નાથાલાલ દવે.

હું કંઈ વિચારું, સમજું, પટાવાળાને કહું કે ભાઈ, આમને બહાર ઊભા ન રખાય, જાઓ - ત્યાં હેડકલાર્ક અરવિંદભાઈ જ એમને લઈને આવ્યા. પરિચય આપ્યો તે સરકારીઃ દવેસાહેબ આપણા ડિપાર્ટમેન્ટમાં હતા, છેલ્લે ડી.ઈ.ઓ. તરીકે આ ઓફિસમાંથી જ નિવૃત્ત થયા હતા, તે પહેલાં ત્રાપજ અધ્યાપનમંદિરમાં આચાર્ય હતા...

એટલે કે દલસુખભાઈ ત્રિવેદીની જેમ એ મારા પુરોગામી હતા.

મેં ઊભા થઈને એમને આવકારતાં કહ્યું, 'એ બધું હું ન જાણું, હું તો માત્ર કવિ નાથાલાલ દવેને ઓળખું.'

એ હસવા લાગ્યા.

મેં અરવિંદભાઈને કહ્યું, 'એમનાં કાવ્યો હું સ્કૂલમાં ભણ્યો છું, એટલે, આજે પણ સાહેબનો વિદ્યાર્થી જ ગણાઉં.'

પાઠ્યપુસ્તકમાં જેમની કૃતિઓ ભણવામાં આવી હોય તે કવિઓ -

લેખકોનું વિદ્યાર્થીના ભાવવિશ્વમાં ખૂબ ઊંચું સ્થાન હોય છે. કૃતિની સાથે ટૂંકો પરિચય હોય અને ફોટોગ્રાફ કે રેખાચિત્ર હોય.

એ ફોટોગ્રાફ જીવંત સ્વરૂપે સામે આવીને ઊભો રહે તો-?

પરિચય કરાવીને અરવિંદભાઈ ચાલ્યા ગયા તે પછી મેં કવિને કહ્યું, 'માફ કરજો, મને ખૂબ દુઃખ થયું.'

'કેમ?'

'આપે આમ ચિઠ્ઠી મોકલીને બહાર ઊભા રહેવાનું ન હોય.'

એમણે ક્ષોભ સાથે કહ્યું, 'અંગત કામે આવ્યો છું.'

'તેથી શું?'

હું વિગત ભૂલી ગયો છું, એમનાં પુત્રીની નોકરીને લગતો કંઈક પ્રશ્ન હતો.

સામાન્ય રીતે, મોટા હોદ્દા પરથી નિવૃત્ત થયેલા અધિકારીઓ, અનિવાર્ય સંજોગો સિવાય, એક સમયની પોતાની ઓફિસમાં પગ મૂકતા નથી. પોતાની માનમર્યાદા જાળવી રાખવા માટે આ જરૂરી છે. પરંતુ કવિશ્રીએ એવો અભિગમ રાખ્યો નહોતો. પ્રથમ મુલાકાત વખતે જે કામ લઈને આવ્યા હતા તે પતી ગયા પછી પણ ઓફિસે મને મળવા આવતા.

'કામમાં નથીને?' એવું પૂછી લે, પછી નિરાંતે બેસે.

અમે રહેતા એક જ વિસ્તારમાં તેથી ક્યારેક એકબીજાને ઘેર પણ જવાનું થતું. શિક્ષણ તથા સાહિત્ય જેવાં બે મોટાં ક્ષેત્રોનો વિશાળ અનુભવ એમની પાસે હતો, અનેક દિવંગત સાહિત્યકારોનાં સ્મરણો હતાં, ક્યારેક એકાદ-બે વાક્યોમાં ઉલ્લેખ કરે, પરંતુ દલસુખભાઈ ત્રિવેદીની જેમ એ ખૂલીને વિસ્તારીને વાત કરતા નહીં. મને જેટલો અનુભવ થયો તેના આધારે આ લખું છું. સૂક્ષ્મ રમૂજવૃત્તિ તે એમની કવિતાનું પ્રધાન લક્ષણ, પરંતુ વ્યવહારમાં મને એનો લાભ મળ્યો નહીં.

એકવાર, નવા કાવ્યસંગ્રહના પ્રકાશન નિમિત્તે એમના નિવાસસ્થાને મિલન રાખ્યું હતું. પિતા-પુત્રી ઉપરાંત ચાર-પાંચ આમંત્રિતો, જેમાં મારું પણ સ્થાન હતું. ઉનાળાની સાંજ. ઘરની આગળના ચોકમાં સામસામે બે શેતરંજીઓ પાથરી હતી. જાણીતા વૈદરાજ અને કવિ પ્રજારામ રાવળ પણ ઉપસ્થિત હતા એવું સ્મરણ છે. વિમોચન કહો તો વિમોચન, એમના હાથે થયું.

નાથાલાલ દવેસાહેબ ચિઠ્ઠી મોકલ્યા વગર સીધા જ બારણું ઠેલીને દાખલ થયા હોત તો ચિત્ત પર એ પ્રસંગની જે છાપ પડી છે તે ન પડી હોત, પહેલી મુલાકાત કદાચ યાદ જ ન રહી હોત. હેડકલાર્કની નજર પડી અને તરત જ એમને આદરપૂર્વક મારી પાસે લાવવામાં આવ્યા તે સાચું; છતાં, મુલાકાતની પરવાનગી માગતી

ચિઠ્ઠી મોકલીને બહાર ઊભા રહેલા કવિનું ચિત્ર (image) આજે પણ મનને વિક્ષુબ્ધ કરી દે છે.

આ જ દૃશ્ય ત્રણ-ચાર વર્ષ પછી અમદાવાદની મારી ઓફિસમાં ભજવાયું. ભાવનગરની સરખામણીમાં ત્યાં કામનું ભારણ વધારે, ક્યારેક મુલાકાતીઓની ચિઠ્ઠીઓ પેપરવેઈટ નીચે પડી રહે, થપ્પી જાડી બન્યે જાય.

એકવાર એક ચિઠ્ઠી પર નજર પડી અને ત્યાંથી ખસી શકી નહીં. મોટા, સુંદર અક્ષરોમાં નામ હતું, 'રાજેન્દ્ર શાહ' એ નામ ધરાવતા અસંખ્ય માણસો ગુજરાત નહીં, એકલા અમદાવાદમાં હશે, પણ એની વાત જુદી હતી. માત્ર નામ, બાકીનાં છાપેલાં ખાનાં ખાલી. બસ, નામ એ જ પરિચય, નામ એ જ હોદ્દો.

અક્ષરોમાં અધિકાર હતો.

પટાવાળાને કહ્યું, 'ભાઈ, આ સાહેબને વિનંતી કરો કે અંદર પધારે.'

આવ્યા ત્યારે મેં ઊભા થઈને સ્વાગત કર્યું. મને યાદ છે ત્યાં સુધી સાથે ધીરુભાઈ પરીખ પણ હતા.

કથાના હાર્દરૂપ પ્રશ્નઃ કવિને સરકારી ઓફિસમાં શીદ આવવું પડ્યું?

ઉત્તર મેળવવા માટે આપણે, વાસ્તવિક જીવનમાંથી નીકળીને કલાની દુનિયામાં પ્રવેશ કરવો પડે.

કલા જીવનને અનુસરેઃ આ સામાન્ય વ્યવહાર છે, પરંતુ કલા અને જીવન બંનેમાં અવળચંડાઈ, તેથી ક્યારેક ક્રમ ઊલટો બની જાય અને જીવન કલાને અનુસરે એવું પણ બને.

પ્રસ્તુત કિસ્સામાં, કૃષ્ણચંદ્ર કે હરિશંકર પરસાઈની વાર્તામાં જ સંભવી શકે એવું ફારસ ભજવાઈ રહ્યું હતું.

'કવિલોક' ટ્રસ્ટ દ્વારા 'વિશ્વ કવિતા કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવી હતી. કેન્દ્રના અલગ મકાન માટે શાહીબાગ વિસ્તારમાં સરકાર તરફથી રેવન્યુ રાહે જમીન મળે તે માટે પ્રયત્ન ચાલી રહ્યો હતો.

અનિવાર્યપણે, આ માટે જરૂરી વહીવટી પ્રક્રિયામાંથી પસાર થવું પડે. કવિ કલેક્ટર-કચેરીએ ગયા હશે. નિયત નમૂનામાં અરજી કરી હશે. સાથે, સંસ્થાનું સ્વરૂપ તથા તેમાં ચાલનાર પ્રવૃત્તિઓનો ખ્યાલ આપતા આધાર-પુરાવા રજૂ કર્યા હશે.

રેવન્યુ ખાતાનું ભાવવિશ્વ, એમાં 'કવિ' નામના અસાધારણ પ્રકારના અરજદારનો પ્રવેશ જ કદાચ પહેલીવાર થયો હશે. આ અરજીનું કરવું શું? અલબત્ત, સરકારી જમીન આપી શકાય, સરકાર તો આપે, નિઃસંકોચ આપે - ખરાબાની હોય કે ગૌચરની - પરંતુ તે ઉદ્યોગ માટે હોય, કહેવાતી સેવાની પ્રવૃત્તિ માટે હોય, શિક્ષણના આધુનિક આશ્રમો માટે હોય-

આપણે કલ્પી શકીએ કે રેવન્યુ ખાતાને આ અરજીએ ઠીકઠાક મનોરંજન આપ્યું હશે. ઊંચા સ્વરે એકબીજાને પ્રશ્નો પુછાયા હશે - અલ્યા, આ રાજેન્દ્ર શાહ કોણ છે?

કવિતા માટે વળી અલગ મકાનની શી જરૂર?

કવિતા માટે ઓફિસ હોય? એમાં ફાઈલો ચાલે? જુનિયર ક્લાર્ક ગઝલનો કાચો ડ્રાફ્ટ તૈયાર કરીને સાહેબ પાસે મોકલે - 'સાદર રજૂ' - અને સાહેબ એને આખરી ઓપ આપે?

કવિઓને ગાવું જ હોય, તે વગર ન જ ચાલે એવું હોય, તો પોતપોતાને ઘેર ગાય, ઓટલે ઊભા રહીને ગાય, એટલાથી સંતોષ ન થતો હોય તો શેરીની વચ્ચે જઈને રાગડા તાણે–

ટોળટપ્પા અને ગમ્મતો પછી વ્યવહારુ પ્રશ્ન આવ્યો હશેઃ આ અરજીનું કરવું શું? આ કવિલોકોની માગણી વાજબી છે કે નહીં તે આપણે શાના આધારે નક્કી કરવું?

સહેલો રસ્તો આઃ લાગતાવળગતા ડિપાર્ટમેન્ટને મોકલો. એના રિમાર્ક્સ મળે, ભલામણ હોય, તો આપણી જવાબદારી ઓછી.

વારુ, સરકારમાં કવિતાનો ડિપાર્ટમેન્ટ કયો?

શિક્ષણ.

આ હતી, કવિ રાજેન્દ્ર શાહના મારી ઓફિસમાં થયેલા આગમનની પૂર્વભૂમિકા.

મેં કારકુનને બોલાવ્યો નહીં, નોંધ મૂકવાનું કહ્યું નહીં. નોંધ જાતે લખી અને સહી કરી, સિક્કો માર્યો.

કવિ પ્રસન્ન.

આટલું કર્યા પછી પણ, મારે પક્ષે અપરાધભાવ ઓછો થયો નહીં.

* * *

આ પ્રકરણમાં આગળ શું થયું તે હું જાણતો નહોતો, તેથી હમણાં રતિલાલ બોરીસાગરને પૂછ્યું.

સપનું કવિનું હતું ને? એમાંથી કાવ્ય ઊગી શકે પણ પથ્થર અને ઈંટોનું મકાન ચણી શકાય નહીં.

આશ્વાસન લઈ શકાય એવી વાત એ છે કે, મકાન ન થયું પણ 'વિશ્વ કવિતા કેન્દ્ર' તો ચાલે છે, તેને માટે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'માં એક ખંડ ફાળવવામાં આવ્યો છે.

* * *

૨૬. શિવપ્રસાદ રાજગોર

અગાઉ એક સંદર્ભમાં જોઈન્ટ ડાયરેક્ટર શિવપ્રસાદ રાજગોરનો ઉલ્લેખ થયો છે. વતની ભાવનગરના તેથી અંગત કામે પણ ઘણીવાર આવવાનું થતું. આવા પ્રસંગે શક્ય હોય ત્યાં સુધી અમારી ઓફિસની મુલાકાત લેવાનું ચૂકતા નહીં.

શિક્ષણખાતાના અધિકારી - એ રાજગોરસાહેબની સાચી ઓળખ નથી, એ વધારે જાણીતા છે ઇતિહાસકાર

તરીકે. એમણે ગુજરાતી તેમ અંગ્રેજીમાં ઘણાં પુસ્તકો લખ્યાં છે. 'ગુજરાતનાં બંદરો' તથા 'ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ' આ બે ગ્રંથો તે એમનું વિશિષ્ટ પ્રદાન છે. તેમની અંગ્રેજી આવૃત્તિ પણ થઈ. અમારે પરિચય થયો તેના થોડા સમય પહેલાં જ એમનો અંગ્રેજી ગ્રંથ 'A History of Gujarat' દિલ્હીથી પ્રકાશિત થયો હતો. ભો. જે. વિદ્યાભવન દ્વારા પ્રકાશિત 'ગુજરાતનો સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસ' માટે અનેક પ્રકરણો એમના દ્વારા લખાયેલાં છે, જેમાં ગુજરાતી કેળવણીનો વિકાસ વિશેષ નોંધપાત્ર છે.

સરકારી તંત્રમાં આ કક્ષાના વિદ્વાનો વિરલ ગણાય, સરકારે એમને ગેઝેટિયર વિભાગમાં ડેપ્યુટેશન પર મૂક્યા હતા. કેટલાક જિલ્લાનાં ગેઝેટિયર એમના માર્ગદર્શન નીચે તૈયાર થયાં, કેટલાંકની સંશોધિત આવૃત્તિઓ થઈ.

સંશોધન-લેખનનું આટલું વિપુલ કામ થયું વહીવટી જવાબદારીઓની સાથે સાથે.

જે મારાથી ન થઈ શક્યું.

* * *

એકવાર ભાવનગર આવ્યા ત્યારે નિમિત્ત હતું બેસણું! નજીકના સગાનું નહીં, દૂરના કોઈ નાતીલાનું મરણ થયું હતું. મારી સમજમાં આ બેઠું નહીં. આ કક્ષાની વ્યક્તિને પણ ઓફિસમાં રજા મૂકી આવા ક્ષુલ્લક કામે અમદાવાદથી છેક ભાવનગર આવવું પડે?

એ કહે, 'તમારી ભૂલ થાય છે, ભાઈ. જ્ઞાતિ એટલે શું, તે કેવી પ્રચંડ શક્તિ છે તે તમે નથી જાણતા. સામાન્ય માણસ દ્વારા આવા વ્યવહારમાં ક્ષતિ થાય તે કદાચ ચલાવી લેવામાં આવે, પણ આપણા જેવાને માફી ન મળે. શું સમજે છે એની જાતને? મોટો અધિકારી હોય તો એના ઘરનો! આપણો એકડો કાઢી નાખે. તમને આનો અનુભવ નથી?'

મેં કહ્યું, 'ના.'

'નસીબદાર છો.'

પછી હસતાં હસતાં ઉમેર્યું, 'બીજું કારણ એ કે તમે કાઠિયાવાડના નથી.'

વિષય રસપ્રદ હતો, એમણે બેસણા વિશેની પોતાની નીતિ સ્પષ્ટ કરીઃ અનિવાર્ય સંજોગો ન હોય તો બેસણામાં હાજરી આપવી. પાઠ ભજવવાનો છે તેથી એને અનુરૂપ વેશભૂષા કરવીઃ ઈસ્ત્રી વગરનાં, ચોળાયેલાં લેંઘો-ઝભ્ભો તે આદર્શ વેશ. ચુપચાપ, છેલ્લી હરોળમાં, જૂતાં પાસે જઈને બેસી જવું. જ્ઞાતિ તો ઉદાર છે, પકડાઈ જવાનો ભય નથી.

અરે! પે...લા ખૂણામાં બેઠા એ તો મોટા ઇતિહાસકાર છે, 'ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ' જેવા અમૂલ્ય ગ્રંથના કર્તા - એવો આક્ષેપ થવાનો ભય નથી.

જ્ઞાતિની દુનિયામાં વ્યક્તિની ઓળખ આટલી જ હોય - અમુક ગામનો,

અમુક ગોળનો.

ફલાણાનો છોકરો, ઢીંકણાનો જમાઈ.

* * *

તે વર્ષોમાં રાજગોરસાહેબ ગુજરાતના બ્રાહ્મણોના ઇતિહાસ પર કામ કરી રહ્યા હતા. તે નિમિત્તે મારે એમની સાથે વધારે સંપર્કમાં આવવાનું થયું.

મને કહે, 'અંતરિયાળ ગામોમાં જવું છે, તમે સાથે આવશો?'

રાજગોરસાહેબ તો હરતુંફરતું પુસ્તકાલય હતા. દેશના ઇતિહાસનો કોઈપણ કાળ, કોઈ પણ રાજવંશ, એની ઝીણામાં ઝીણી વિગતો મોઢે. અમુક તામ્રપત્ર ક્યાંથી પ્રાપ્ત થયું, હાલ તે ક્યાં સંગ્રહાયેલ છે, ગુજરાતની વિવિધ પ્રજાઓ, જ્ઞાતિઓ, એમનું સ્થળાંતર, કઈ પ્રજા મધ્ય એશિયામાંથી આવી અને કઈ જ્યોર્જિયાથી–

શુષ્ક વિદ્વત્તા નહોતી, ઇતિહાસમાં એમને જીવંત રસ હતો. સામે પક્ષે, મારા વિશે કહી શકું કે, સામાન્ય શિક્ષિત વ્યક્તિને હોવો જોઈએ એટલો રસ મને ઇતિહાસમાં હતો જ. એમની સાથે ચર્ચામાં પ્રદાન કરી શકું નહીં, પરંતુ જિજ્ઞાસાથી પ્રશ્નો પૂછી શકું એટલી લાયકાત તો હતી.

આમ, અમારે શિહોર તથા ત્રાપજ વિસ્તારનાં ગામોમાં ત્રણચાર વાર જવાનું થયું. મોટેભાગે કોઈ પણ ગામમાં કોઈને કોઈ એમનું ઓળખીતું હોય જ. ન હોય તો મૂંઝાવાનું કારણ નથી. એ હતા જૂની પેઢીના અમલદાર, દલસુખભાઈના જુનિયર સમકાલીન. કોઈ પણ સમસ્યાનો વ્યાવહારિક ઉકેલ એમની પાસે હોય. ગામમાં એક જગ્યા તો હોય જ્યાં અમે વણનોતર્યા પણ જઈને ઊભા રહી શકીએ - પ્રાથમિક શાળા. અમારી જરૂરિયાત લઘુત્તમઃ ખાવા માટે ખીચડું અને સૂવા માટે ખાટલો (કોઈ આને બાદશાહી કહી શકે). ઉતારો કોઈને ઘેર નહીં, શાળામાં જ. બહાર ખુલ્લામાં ખાટલી નાખવામાં આવે. કોઈ કોઈ ગામમાં તો વીજળી પણ ન હોય, તેથી ફાનસના અજવાળામાં કાર્યશાળા ચાલે.

શિક્ષકોમાં અડધા તો બ્રાહ્મણ હોય જ, ઉપરાંત ગામમાંથી બે-ચાર વડીલોને બોલાવવામાં આવે.

મારા મનમાં એવી છાપ છે કે, શરૂઆતમાં આ પ્રવૃત્તિને આશંકા સાથે જોવામાં આવતી. તેડું જાય એટલે માણસો આવે ખરા, પણ ચાલ ધીમી હોય, બે ડગલાં આગળ એક ડગલું પાછળ. ગમે તેટલો આગ્રહ કરો પણ ખાટલામાં બેસે નહીં, હોઠ ઉઘાડે નહીં. સતર્કતા. સાવધાની.

સરકારી અમલદારો, આમ કવેળાના ત્રાટક્યા! છે તે કશાકની તપાસ હશે? બ્રાહ્મણો વિરુદ્ધ કાવતરું ચાલતું હશે?

અને, પ્રશ્નાવલિ કેવી ભેદી!

- ગામમાં આપણાં કેટલાં ઘર?

– અટક, શાખા, ગોત્ર?

– કેટલી પેઢીથી આ ગામમાં વસવાટ? સ્થળાંતર કરીને આવ્યા હોય તો ઉદ્‌ગમસ્થાન કયું? કઈ દિશામાંથી આવ્યા-ઉત્તર કે પૂર્વ?

ધીમે ધીમે ખાતરી થાય કે દરોડો નથી, આપણી જ્ઞાતિ વિશે ગ્રંથ લખવાનો છે. તે પછી, અંદર ખેંચી લીધેલી નેત્ર, જિહ્‌વા, કર્ણ વગેરે ઇંદ્રિયોને બહાર કાઢવામાં આવે.

– લખો, લખો!

– જન્મ, લગ્ન, મરણના રિવાજો.

– ભાણાવ્યવહાર.

– કન્યા લવાય ક્યાંથી અને દીકરી ક્યાં આપવામાં આવે.

અમુક માહિતી માટે તજ્જ્ઞની જરૂર પડે. લગ્નગીતો તે પુરુષોનું કામ નહીં. અલ્યા, ફલાણાં કાકીને બોલાવો. અમુક માસીને કહો.

વળી તેડાં જાય. અંધારામાંથી નીકળીને ઓળાઓ આવે. સાલ્લાના છેડાથી મોં અડધું ઢાંકી, શરીર સંકોરીને થોડે આઘે અંધારામાં બેસી જાય.

– ત્યાં નહીં, માડી, અહીં આવો, અહીં આવીને બેસો. અમે તો તમારા દીકરા છીએ.

ખોળામાં ઓશીકું. એની ઉપર નોટબુક. ફાનસ આગળ નીચા નમીને વિદ્વાન ઝડપથી નોંધ કર્યે જાય છે.

અહીં આપણે કેન્દ્રને છોડીને સહેજ હાંસિયા તરફ જઈએ.

ચકોર વાચકના ધ્યાનમાં એક વાત આવી હશેઃ યજ્ઞના વર્ણનમાં આપણે એટલા રસતરબોળ થઈ ગયા કે એક ગૌણ પાત્ર સાવ ભુલાઈ જ ગયું!

વિદ્વાનનો યુવાન સાથીદારઃ એ ક્યાં ગયો? શું કરે છે?

જુઓ, પે... લો રહ્યો! ખાટલો આઘે ખેંચી લઈ, પ્રકાશનું વર્તુળ પૂરું થાય ત્યાં, લાંબો થઈને પડ્યો છે. ખુલ્લું આકાશ. બાળપણમાં જેમની સાથે સાવ અંગત સંબંધ હતો તે તારાઓ.

લગ્નગીતો, મરસિયાં.

ધીમેધીમે સ્વર ઘેરા બન્યે જાય છે. ગૌણ પાત્રની પાંપણો ભારે બને છે–

[ક્રમશઃ]

ભવન્સના આજીવન સભ્યોને ખાસ જણાવવાનું કે ભાવવધારાને ધ્યાનમાં રાખતાં સભ્યપદને ૨૦ વર્ષ પૂરતું મર્યાદિત કર્યું છે. એ પ્રમાણે ૨૦૦૧માં આજીવન સભ્ય બનેલા સભ્યોનાં નામ 'નવનીત સમર્પણ'ની યાદીમાંથી રદ ગણવામાં આવશે સિવાય કે સભ્યો ફરી પોતાનું સભ્યપદ ભરે. સભ્યપદ ચાલુ રાખવા ઇચ્છતા સભ્યોએ રૂ. ૧૦,૦૦૦નો ચેક 'ભારતીય વિદ્યા ભવન'ના નામે જમા કરાવવાનો રહેશે. સાથે આપનો હાલનો સભ્ય ક્રમાંક નોંધવા વિનંતી છે.



સિતારવાદક અમિતા દલાલ

☐ સરોજ પોપટ

દર વરસે દેશનાં કેટલાંક શહેરોમાં શાસ્ત્રીય સંગીતના સમારોહ યોજાય છે. હૈદરાબાદમાં યોજાતું પંડિત મોતીરામ સંગીત સંમેલન, જલંધરમાં યોજાતો વલ્લભ સંગીત સમારોહ, અમદાવાદમાં યોજાતો તેર દિવસનો સપ્તક સંગીતક સમારોહ અને પુણેમાં યોજાતો સવાઈ ગંધર્વ સંગીત મહોત્સવ. એવો જ એક પ્રતિષ્ઠિત સંગીત સમારોહ વારાણસીમાં સંકટ મોચન હનુમાન મંદિરના પટાંગણમાં યોજાય છે. 2012ના આવા સમારોહમાં એક ગરવી ગુજરાતણ પોતાની કલા પ્રસ્તુત કરવા ગઈ હતી. શાસ્ત્રીય સંગીતના દિગ્ગજો હજુ હમણા સુધી એમ માનતા હતા કે ગુજરાતમાં શાસ્ત્રીય સંગીત જેવું કશું નથી. સંકટ મોચન સંગીત સમારોહમાં સંગીતના ઊંડા અભ્યાસી એવા શ્રોતાઓ હોય છે. રેંજી પેંજી કલાકાર ત્યાં ફાવે નહીં. આકર્ષક વ્યક્તિત્વ ધરાવતી આ મહિલાએ સિતારના તાર રણઝણાવ્યા. ગણતરીની પળોમાં એ છવાઈ ગઈ. એણે વગાડેલા રાગ ગોરખ કલ્યાણે ગજબની હવા જમાવી દીધી. સંગીતરસિકો

આફરીન થઈ ગયા. આ ગુજરાતી મહિલાને સ્ટેન્ડિંગ ઓવેશન મળ્યું.

આ ગુજરાતી મહિલા એટલે અમિતા દલાલ. સિતાર સમ્રાટ પંડિત રવિશંકરનાં શિષ્યા અને અમદાવાદની સપ્તક સંગીત સંસ્થાનાં સહસ્થાપક મંજુબહેન મહેતાનાં પટ્ટશિષ્યા એવાં અમિતા દલાલ બહુમુખી પ્રતિભા છે. માત્ર સંગીતકાર નથી, અવ્વલ દરજ્જાનાં પેઈન્ટર છે અને ચેરિટી માટે તેમણે બનાવેલાં ચિત્રો ખાસ્સી ઊંચી કિંમતે વેચાયાં છે. એમની સાથે વાત કરીએ ત્યારે એમની નમ્રતા તરત સ્પર્શી જાય છે. છેલ્લાં ૪૦-૪૫ વર્ષથી સિતાર વગાડતાં અમિતા લગભગ આખી દુનિયાના દેશોમાં એક કરતાં વધુ વખત કાર્યક્રમો આપી આવ્યાં છે. એમની સાથે વાતનો આરંભ કર્યો ત્યારે પહેલી જ ક્ષણે કહે, મારે કશું છુપાવવાનું નથી. પૂછો તમતમારે જે પૂછવું હોય તે. એ પછી વાતનો આરંભ તેમણે પોતે જ કર્યો.

'આજથી પંચાવન-સાઠ વર્ષ પહેલાં અમદાવાદમાં આજના જેવી સારી ફાઈવ સ્ટાર હોટેલો જૂજ હતી. અમદાવાદ કહેવાય શહેર પણ અહીં મોટા ગજાના કલાકારો આવે તો સુખી સંગીતરસિકોના બંગલામાં ઊતરવાનું પસંદ કરતા. અમારે ત્યાં પણ એવા મોટા કલાકારો આવતા. પંડિત રવિશંકર પણ આવે, પંડિત ઓમકારનાથ ઠાકુર પણ આવે અને ઉસ્તાદ અલી અકબર ખાન પણ આવે. સાવ નાની હતી ત્યારે મને સંગીતમાં બહુ રસ પડતો નહોતો. હું આ કલાકારોને જોયા કરું, એમનાં મ્યુઝિકનાં વર્કશોપ યોજાય તે પણ નીરખ્યા કરું. જો કે મારાં મમ્મી ભારતીબહેન બહુ સરસ સિતાર વગાડતાં. હું ભણવામાં એક્કો. પહેલો બીજો નંબર રાખું. ચૌદ-પંદર વર્ષની હતી ત્યારે પહેલી વાર મને એમ થયું કે મારે મમ્મીનો સિતારનો વારસો સંભાળવો જોઈએ. મમ્મીને વાત કરી. એ તો મને મંજુબહેનને ત્યાં લઈ ગયાં. મંજુબહેનને કહે, લો, આ છોકરી તમને સોંપી. એને સિતારમાં રસ પડ્યો છે. તમે શીખવો.'

વચ્ચેથી અમે સવાલ કર્યો, મમ્મીએ પોતે કેમ તમને ન શીખવ્યું? વાતનો તંતુ સાંધી લેતાં અમિતાબહેન કહે, 'કાં તો એને એમ હશે કે આ સ્વતંત્ર મિજાજની છોકરી મારી પાસે સરખી રીતે નહીં શીખે અથવા કદાચ એમ પણ હોય કે પારકી મા કાન વીંધે. મંજુબહેન પર્ફોર્મિંગ આર્ટિસ્ટ ઉપરાંત તેમનામાં શિક્ષક તરીકેના ગુણો પણ મમ્મીએ જોયા હશે. મને લાગે છે કે હું એમની પહેલી શિષ્યા. ગંડાબંધન થયું અને તાલીમ શરૂ થઈ. તમને એક સરસ વાત કહું? મંજુબહેનની સૌથી મોટી ખૂબી એ કે એ સતત પોઝિટિવ હોય છે. તમને કોઈ બાબત અઘરી લાગે તો એ તમારો ઉત્સાહ વધારતાં કહેશે, અરે તારા હાથે તો જરૂર વાગશે,

જો. જરાય અઘરું નથી. થોડી મહેનત કરીશ તો આવડી જશે... આજની ઘડી ને કાલનો દી. દુનિયાભરમાં હું સિતાર વગાડી આવી તો પણ આજેય એ મારાં ગુરુ. મારું સંગીતશિક્ષણ હજુય ચાલુ છે. ખરું પૂછો તો આપણું સંગીત એટલું બધું અખૂટ અને અનંત છે કે એક આવરદામાં તમે માંડ એક ખોબો ભરીને અંજલિ લઈ શકો.'

અગાઉના સમયમાં સંગીતની તાલીમ સવારે રાગ ભૈરવ અને સાંજે રાગ યમનથી થતી. તમે કયા રાગથી તાલીમ શરૂ કરી હતી? જવાબમાં અમિતાએ કહ્યું, 'તમને નવાઈ લાગશે, પરંતુ મારી તાલીમ સાતેસાત શુદ્ધ સ્વરો ધરાવતા રાગ બિલાવલથી થઈ હતી. મંજુબહેન અખૂટ ધીરજથી અને મૃદુતાથી શીખવતાં. મેં એમને કદી ચિડાયેલાં જોયાં નથી. એ સતત પોતાના સ્ટુડન્ટનો આત્મવિશ્વાસ વધે એ રીતે આગળ વધતાં. મારામાં કદાચ પૂર્વજન્મનું અધૂરું કાર્ય બાકી હશે. ધીમે ધીમે મને સિતારમાં વધુ રસ પડવા માંડ્યો. રોજ સ્કૂલમાંથી આવીને બેસી જતી. સ્કૂલનો અભ્યાસ પૂરો થતાં કોલેજમાં દાખલ થઈ. મનોવિજ્ઞાન સાથે ગ્રેજ્યુએટ થઈ. મનોવિજ્ઞાને મને ઘણી મદદ કરી છે. સામી વ્યક્તિના અભિપ્રાયને સમજવાની ધીરજ અને સહિષ્ણુતા મારામાં મનોવિજ્ઞાનથી આવી એમ કહી શકું. ત્યારબાદ પોસ્ટ ગ્રેજ્યુએશન કરવાને બદલે મેં કાયદાનો અભ્યાસ કર્યો. તમને નવાઈ લાગશે પણ ત્રણ, ચાર મહિના મેં વકીલાત પણ કરી. એ દરમિયાન, મારા પપ્પાને એમ લાગ્યું હશે કે આ છોકરી વકીલાતમાં ક્યાં પડી ગઈ? આ છોકરીએ તો સિતારવાદક તરીકે યશ પ્રાપ્ત કરવાનો છે. એક દિવસ હું કોર્ટમાંથી ઘેર આવી ત્યારે પપ્પાએ પાસે બેસાડીને સમજાવતાં કહ્યું, બેટા, આપણે નથી કરવી વકીલાત. તું તારે સ્વર-સાધના કર. એટલે પછી તો સંગીત અને પેઈન્ટિંગ જ મારી મુખ્ય પ્રવૃત્તિ થઈ ગઈ. મારામાં ઈશ્વરદત્ત કલર સેન્સ હતી એમ ટોચના ચિત્રકારો કહે છે.'

પહેલો સ્ટેજ પ્રોગ્રામ ક્યારે કરતાં થયાં? 'અરે એ તો ક્યારનો શરૂ થઈ ગયેલો. મંજુબહેન પોતાના સ્ટુડન્ટનો આત્મવિશ્વાસ વધારવા તક મળે ત્યારે આગળ કરી દેતાં. અમિતા, તારે આ વગાડવાનું છે. રિયાજ શરૂ કરી દે. તમને નવાઈ લાગશે પરંતુ સિતાર શીખતી હતી એ ગાળામાં જ કદાચ 1982-83માં સોવિયેત રશિયામાં ઓલિમ્પિક્સ રમતોત્સવ યોજાયો હતો. મને ત્યાં સિતાર છેડવાની તક મળી. શું વગાડ્યું હતું એ મને અત્યારે યાદ નથી, પરંતુ મારી રજૂઆત લોકોને ગમી હશે એમ મને મળેલા પ્રતિભાવ પરથી કહી શકું. જો કે સિતાર અને સરોદને દુનિયાભરમાં પ્રસિદ્ધ કરવામાં મૈહર ઘરાનાના અમારા દાદાગુરુ પંડિત

રવિશંકર અને ઉસ્તાદ અલી અકબર ખાન સાહેબે ખૂબ પુરુષાર્થ કર્યો છે. એમનો એ પુરુષાર્થ અમને ફળ્યો છે. તમને ઓર એક રસપ્રદ વાત કરું. હું સિતાર શીખતી હતી અને સારો એવો રિયાજ કરતી હતી એવા દિવસોમાં એક દિવસ સ્વનામધન્ય સિતારવાદક પંડિત નિખિલ ઘોષ અમારે ત્યાં મહેમાન તરીકે પધાર્યા હતા. મમ્મીએ એમને વાતવાતમાં કહ્યું કે અમારી અમિતા પણ હવે સિતારવાદન શીખે છે. એમ કે, બહુ સરસ, બોલતાં નિખિલદાએ મને કહ્યું, ચલો બેટા, કુછ સુના દો... મને તો માત્ર બિલાવલ રાગ આવડતો હતો. મેં મારી સમજ પ્રમાણે વગાડ્યું. નિખિલદાએ મને પ્રોત્સાહન આપતાં એકાદ-બે ટિપ આપી અને આશીર્વાદ પણ આપ્યા કે તારા હાથમાં કસબ છે. તું આ રીતે મહેનત કરવાનું ચાલુ રાખજે. તારું ભવિષ્ય ઊજળું છે. દાદાગુરુ પંડિત રવિશંકર અને પંડિત નિખિલદાદા ઘોષના આશીર્વાદ મને ફળ્યા. સ્ટેજ પ્રોગ્રામ ઉપરાંત અમે કેટલાક વિશિષ્ટ પ્રયોગો પણ કર્યા...'

કેવા પ્રયોગો કર્યા? એની પણ થોડી વાત કરોને, અમે વિનંતીના સૂરે કહ્યું. અમિતાબહેને માહિતી આપતાં કહ્યું, 'એક વાર પંડિત વિશ્વમોહન ભટ્ટ અમારે ત્યાં મહેમાન હતા. તમે તો જાણો છો. એમણે હવાઈન ગિટારમાં કેટલાક



ફેરફારો કરીને મોહન વીણા બનાવી છે. પંડિત રવિશંકર પાસે તાલીમ લીધી છે અને પ્રતિષ્ઠિત ગ્રેમી એવોર્ડ પણ જીત્યા છે. એમણે મને સિતાર વગાડતાં સાંભળી. એમનો ભારતીય ઉપરાંત પાશ્ચાત્ય સંગીતનો અભ્યાસ પણ ઘણો છે. એ મને કહે, આપણે ફ્યુઝન સંગીત કરીએ. પાંચ પાંચ મિનિટના ટુકડા તૈયાર કરીએ. તું તારું વગાડ, હું મારું ઇમ્પ્રોવાઈઝ્ડ વગાડું. આમ અમે કેટલાક મ્યુઝિકલ પીસીસ તૈયાર કર્યા. એનું અમારા ઘરમાં જ ટેપ-રેકોર્ડર પર રેકોર્ડિંગ કરીને રાખેલું. થોડા સમય પછી એક સંગીતપ્રેમી મિત્ર ઘેર આવ્યા. વાતવાતમાં એમને સંભળાવ્યું. એ તો નાચી ઊઠ્યા. મને કહે, આટલું સરસ કામ થયું છે અને તેં ઘરમાં કબાટમાં બંધ કરી રાખ્યું છે... કમાલ છે! એમણે આ રેકોર્ડિંગ એક મ્યુઝિક કંપનીને સંભળાવ્યું. એ લોકોએ એની કોમ્પેક્ટ ડિસ્ક (સીડી) બનાવી અને એ બેસ્ટ સેલર સાબિત થઈ. હું એને પણ ગુરુજનોના આશીર્વાદ ગણું છું. પછી તો બીજી ઘણી સીડી બનાવી જેમાં નાના-મોટા પ્રયોગો આપોઆપ થતા રહ્યા.'

ઓચિંતું એમને કંઈક યાદ આવ્યું. એમણે કહ્યું, 'પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયનાં શિવાનીબહેન વિશે તો તમે જાણતાં હશો. પ્રખર ચિંતક અને ઉત્કૃષ્ટ વક્તા પણ છે. એમનું એક પ્રવચન સાંભળ્યા બાદ મેં ઘેર આવીને એમને માટે પાંચ મિનિટનો એક પીસ તૈયાર કર્યો. આ સામે દેખાય છેને, ભગવાન બુદ્ધની પ્રતિમા...' તેમણે આંગળી ચીંધીને બતાવતાં કહ્યું. (એમના બેઠક ખંડમાં પૂર્ણ કદની ભગવાન બુદ્ધની ધ્યાનાવસ્થામાં એક મૂર્તિ છે.) એમણે કહ્યું, 'આ મૂર્તિ સામે બેસીને મેં એક પીસ રચ્યો અને એને બ્રહ્માકુમારી માટે ઓમ્ શાંતિ... ટાઈટલ આપ્યું. આ રચના પણ બ્રહ્માકુમારી સંસ્થાના અનેક લોકોને ગમી છે. એ લોકો કહે છે કે અમે ધ્યાનમાં બેસીએ ત્યારે તમારી આ રચના અમને બહુ કામમાં લાગે છે. શાસ્ત્રીય રાગરાગિણીના એક આલબમમાં આ ઓમ્ શાંતિ રચના સમાવી લીધી છે. એ સિવાય પણ અનેક લોકોને આ રચના ગમી છે. એ પરમાત્માની કૃપા ગણાય. તમને હજુ એક રસપ્રદ વાત કરું. શિવાનીએ મને કહ્યું કે તારા વ્યક્તિત્વનો ઓરા અલગ છે. એમ નહીં માનતી કે આ બંદિશ તેં રચી છે. તું તો માત્ર નિમિત્ત બની છે. તેં રચના કરી છે એ વાત ભૂલી જજે.

એક વાર શિવાનંદ આશ્રમમાં મારું સિતારવાદન હતું. ઓડિયન્સમાં કેટલાક સંન્યાસી પણ હાજર હતા. મેં દિલથી વગાડ્યું. તમે પૂર્વજન્મનું કોઈ અધૂરું કામ પૂરું કરવા આવ્યાં હો એવું તમારા વાદન પરથી લાગે છે... તમારા વાદનમાં



ડાબેથી અમિતા દલાલ, મંજુ મહેતા, પંડિત વિશ્વમોહન ભટ્ટ અને નરેન્દ્ર મોદી

અધ્યાત્મ સાધના જેવો અનુભવ થાય છે. મારા માટે આ ધન્ય પળો હતી.'


તમારો પ્રિય રાગ કયો? તમને સતત વગાડવાનું મન થાય એવો રાગ કયો? જવાબમાં અમિતાએ કહ્યું કે 'ભારતીય સંગીતના બધા જ રાગો સરસ છે. કેટલીક વાર એવું બને કે આયોજકોની ફરમાયેશ હોય કે આજે આ રાગ સાંભળવો છે. ક્યારેક કલાકારનો પોતાનો અલગ મૂડ હોય અને સ્ટેજ પર બેઠક લે ત્યારે કલ્પના સૂઝે કે આ રાગ વગાડવો છે. અંગત રીતે કહું તો મને ગોરખ કલ્યાણ રાગ ખૂબ પ્રિય છે. મેં એક સીડીમાં આ રાગ વગાડ્યો પણ છે... બીજા પણ કેટલાક રાગો હું અવારનવાર છેડતી હોઉં છું. રોજ બપોરે એકથી ત્રણ સતત મારો રિયાજ ચાલતો હોય છે... ઉપરાંત હું અનુકૂળતાએ પેઈન્ટિંગના વર્કશોપ પણ કરતી રહું છું. લગભગ વીસપચીસ વર્ષ પેઈન્ટિંગ કર્યું અને ચેરિટી માટે ઊંચી કિંમતે એ ચિત્રો વેચાયાં પણ ખરાં. જે સમાજમાં રહું છું એને માટે કંઈક કર્યાનો મને સંતોષ થાય છે.'

સામાન્ય રીતે એમ કહેવાય છે કે દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી હોય છે. તમારી બાબતમાં તમારી સફળતા પાછળ તમારા પતિનો ફાળો કેટલો? 'બહુ સરસ સવાલ કર્યો તમે,' તેમણે કહ્યું અને તરત ઉમેર્યું, 'હું સંગીતની

દુનિયામાં એટલી બધી લીન હતી કે પરણવાનો વિચાર જ નહોતો આવ્યો, પરંતુ દરેક માતાપિતાની ઇચ્છા પુત્રીને પરણાવવાની હોય. મેં ખૂબ મોડાં લગ્ન કર્યાં. અંબરિષ સાથેનાં મારાં લગ્નને તમે લવ મેરેજ પણ કહી શકો અને એરેંજ્ડ મેરેજ પણ કહી શકો. એક ફેમિલી ફ્રેન્ડ દ્વારા એમનો પરિચય થયો. હવે સાંભળજો ધ્યાનથી. પહેલેથી જ એવું બન્યું કે મારાં સાસુ-સસરાને પોતાના પુત્ર કરતાં મારા પર વધુ વિશ્વાસ અને વધુ હેત હતાં... અંબરિષની વાત કરું તો એમને વેસ્ટર્ન મ્યુઝિકમાં વધુ રસ છે, પરંતુ એમણે મને કદી રોકી નથી. ઊલટું એ લગભગ મારા દરેક વિદેશ પ્રવાસમાં અને દરેક મોટા પ્રોગ્રામમાં મારી સાથે હોય છે. એમને ભારતીય સંગીત કે સિતારમાં ઝાઝો રસ નથી, પરંતુ મને સતત પ્રોત્સાહિત કરે. બાકી એ પોતાના વેપારધંધામાં બિઝી હોય. અમારા બંનેની પોતપોતાની અલગ દુનિયા છે. લગ્ન તો મોડાં કર્યાં જ પછી સંતાનપ્રાપ્તિની બાબતમાં વિરક્ત રહ્યાં. જો કે એ બાબતનો અમારા બંનેમાંથી એક્કેને કોઈ અફસોસ નથી. વી હેવ લીવ્ડ અવર લાઈફ ફૂલલી એન્ડ હોલલી... કલાકાર તરીકે લગભગ બારે માસ મારી દોડાદોડ ચાલુ હોય છે... એટલે મારી સફળતામાં મારા પતિનો બહુ મોટો ફાળો છે એમ તમે કહી શકો ખરાં...' આટલું બોલીને અમિતાબહેને પતિ સામે સૂચક નજર કરી. બંને મલક્યાં.

પંડિત રવિશંકર સિતાર વગાડતા હતા, ઉસ્તાદ વિલાયત ખાન સિતાર વગાડતા હતા, ઉસ્તાદ અબ્દુલ હલીમ જાફર ખાન સિતાર વગાડતા હતા. સિતારનાં પણ કેટલાંક ઘરાનાં પ્રસિદ્ધ છે. રાગરાગિણી તો સરખાં જ છે. તો પછી વાદનના ઘરાના બાબતમાં તમે શું કહેશો? 'આ સવાલ થોડો ટેક્નિકલ બની જાય છે. કોમન મેનને એમાં રસ નહીં પડે, પરંતુ સવાલ છે વિચારપ્રેરક એટલે હું મારી રીતે તમને જવાબ આપું. એક જ રાગ તમે જુદા જુદા ગાયકને કંઠે સાંભળો તો અનુભૂતિ અલગ અલગ થશે એ તો જાણો છોને? વાદનમાં પણ એવું જ છે. વાદ્ય એક જ છે, મિજરાબ (નખલી જેવું સિતાર વગાડવાનું સાધન) પણ એક જ છે, પરંતુ દરેક ઘરાનાની પેશગી-અદાયગી અલગ હોય. અમારા મૈહર ઘરાનાની જે ખૂબીઓ છે એ તંતકારી સાથે ગાયન અંગ, વિવિધ લયકારી, વિશિષ્ટ મુરકીઓ અને તિહાઈઓ, સાજને ગાતું કરવાની સંનિષ્ઠા વગેરે. એ વિશેષતા તમને માત્ર સિતારવાદનમાં નહીં, પંડિત પન્નાલાલ ઘોષના બાંસુરીવાદનમાં કે અન્નપૂર્ણાદેવીના સૂરબહાર વાદનમાં પણ માણવા મળે. મને આ ઘરાનાનો વારસો મળ્યો છે એને હું ઠાકોરજીની કૃપા અને વડીલોના આશીર્વાદ સમજું છું.'

❑❑❑



ચોકી, આગાહી, ગુલામી

WATCHED, PREDICTED, CONTROLLED

ધી ન્યુયોર્ક રીવ્યુ ઓફ બુક્સના એપ્રિલ ૭, ૨૦૨૦માંના અંકમાં કોલંબિયા લો સ્કૂલના પ્રા. ટીમ વુએ પ્રાધ્યાપક શ્રીમતી શાહના પુસ્તકઃ

''THE AGE OF SURVILLANCE CAPITALISM'' The Fight for a Human Future at the New Frontier of Power by Shoshana Zuboffની સમાલોચના જે કરી છે તેનો સારાનુવાદ.

☐ જ્યોતિભાઈ દેસાઈ

''**પ્રા**ધ્યાપિકા ઝુબોફ કહે છે તમારા હાથમાં જે મોબાઈલ છે અને તેની દ્વારા ગૂગલ, ફેસબુક અને વોટ્સએપ દ્વારા જે કાંઈ સમજણ મેળવવા ઇચ્છો છો અથવા નકશો જોઈ શોધો છો, તે દ્વારા આ સંસ્થાઓ તમારાં ગમા/અણગમા, હકીકત જીવનની સમગ્ર પ્રવૃત્તિઓની નોંધો કર્યે જાય છે. તમને મોકલાયેલી ઈ-મેઈલ તેઓ વાંચે છે, તમે જે નકશા દ્વારા પ્રવાસ કરો છો તે તમામ વાતોની નોંધ તેમને ત્યાં સંગ્રહવામાં આવે છે. તમે જે કાંઈ જુઓ, વાંચો છો તેની પણ નોંધ લેવાય છે. આ કેવળ સંગ્રહ કરવાનું જ કામ થઈ રહ્યું છે એમ નથી. આ સંસ્થાઓ શીઘ્રબુદ્ધિ ધરાવે છે. તેઓ તીવ્રગતિથી તમારા ઉપર નિગરાની-ચોકી કરે છે. જે તમે ટી.વી. ઉપર જોઈને માણો છો તે જેમ ચેનલવાળાઓ નોંધ કરતા રહે છે અને તમને શું પિરસાય તો આવકારો છો તેની કાળજી લે છે. તેવું જ આ મોબાઈલની સંસ્થાઓ તમને ઓળખીને

સતત ધ્યાન રાખે છે.

આ નોંધો દ્વારા એવી શક્તિ મેળવાય છે કે તમે શું પસંદ કરશો તેની આગાહી પણ કરવાનું ગોઠવાઈ જાય છે.

'તમે ૭.૨૧ સવારે ઊઠ્યા, ૮.૩૦ વાગ્યે ઘરની બહાર પડ્યા. પત્ની કે પતિ સાથે ચણભણ થઈ. હવે વાત વધુ વણસે નહીં માટે ઘેર પાછા જતાં કાંઈ ભેટ-સોગાદ લઈ જવાના - તે શું મેળવશો તેનીયે આ રચનાને ખબર છે! ઘરે જઈને ટી.વી. ઉપર રાજકારણની વાતો, કોણ પ્રમુખ તરીકે ચૂંટાશે તે વિશે માહિતીઓ મેળવવાનું કરશો અને કઈ કઈ ચેનલોમાંથી તમારો મત બાંધવા પ્રયત્ન કરશો તે પણ નોંધાયેલું જ હોય છે. આમ તમારી દરેકે દરેક જીવનની પ્રવૃત્તિઓની નોંધ ત્યાં હાજર કરી જ દેવાઈ છે.

આ વાત એટલી આગળ વધી છે કે આ યંત્રયુક્ત સાધનો તમને દોરવણી આપવાને સક્ષમ બનતાં ગયાં છે. આ સાધનોની પહોંચ વિશે પ્રા. ઝુબોફ સમજાવે છે કે તેથી જ મોટો ભય એ છે કે તમારે શું કરવું ઉચિત છે તેનો નિર્ણય આ યંત્રોના માહિતીના ભંડારમાંથી તેઓ તમને ખેંચી જશે. શરૂઆતમાં તો એમ હતું કે આ SILICON VALLEY (સિલિકોન વેલી) માહિતીઓ મેળવી આપનાર સાધન છે. પરંતુ એમાં હવે આમૂલ ફેરફાર થઈ ચૂક્યો છે. હવે તમારી - વાસ્તવમાં સૌ કોઈની જે માહિતી એકઠી થાય છે તેમાંથી 'નફા' કેવી રીતે મેળવાય તે રોગ પહોંચી ગયો છે. મૂડીવાદી સમજણ યેન કેન પૈસા મેળવવાને જેમ ઔદ્યોગિક પ્રવૃત્તિઓ દ્વારા નિસર્ગ ઉપર કાબૂ મેળવીને તેનું શોષણ કરતી હતી પરંતુ આ યાંત્રિક સાધનોની સહાયથી માનવનું શોષણ તેના સ્વભાવ અને ગમા અણગમા ઉપર કાબૂ મેળવીને કરવાને સક્ષમ થયું છે.

હવે તમારા ઉપર કેવળ ધ્યાન નથી અપાતું પણ નવતર મૂડીવાદ - જેને ઝુબોફે - ''નિગરાનીયુક્ત મૂડીવાદ'' (Surveillance Capitalism) દ્વારા જાપ્તો રાખે છે. અને તમારું શોષણ કરવાનું સાધન થઈ ચૂક્યું છે. ઝુબોફે અવશ્ય એક અસાધારણ સિદ્ધિ મેળવી છે. નવા શબ્દો મેળવીને જે ધરતીકંપ જ કરાવ્યો છે તે આવતીકાલના આપણા જીવન ઉપર જે આક્રમણ થઈ રહ્યું છે તેને વાચા આપી છે. અને તેજ તો આ તેમના પુસ્તકને પ્રખર ઊંચી કક્ષાના વિધાનવાળું બનાવે છે. પુસ્તકનું જે નામ પાડ્યું છે તેજ એક પડકારરૂપે સામે આવે છે. પુસ્તકમાં બીજાય એવા શબ્દપ્રયોગો છે જ કે જે તેઓ પોતાને લાધેલા સત્યને વાચા આપે છે. ''આગાહીનો માલ'' - તમે મોડા કે વહેલા જે ખરીદ્યા વગર - વાપર્યા વગર રહેવાના નથી! ''આચરણ

બજાર'' (behaviour market) - જ્યાં તમારા તમામ વ્યવહારોનો ઉપયોગ કરીને વસ્તુઓના ઢગલેઢગલા વેચાવાનું બજાર જ ઊભું કર્યું છે.

ઝુબોફનું યોગદાન ઘણું મહત્ત્વનું એટલા માટે છે કે તેમણે મૂડીવાદ અને જોહુકમી શાસન દ્વારા જે માનવ ઉપર કાબૂ વધ્યો છે તે મુદ્દો સામે ધર્યો છે. અને બીજી મહત્ત્વની મદદ એ મેળવી આપી છે કે માનવ સ્વાતંત્ર્યનું ભાવિ કેવી જોખમી દિશા તરફ જઈ રહ્યું છે. સરમુખત્યારી શાસન હેઠળ જે સ્વાતંત્ર્ય ઉપર અંકુશ હતો તે 'ખુલ્લા બજાર અને મનચાહી પસંદગીના વ્યવહારોથી' લોકશાહી જીવિત રહે છે એવી સમજણો મેળવાઈ હતી. તે વિશે હવે ઝુબોફ ધ્યાન દોરે છે કે આ મૂડીવાદનો પાકો કાચિંડો છે. પોતાના હેતુઓ સિદ્ધ કરવા કાચિંડો તો અંગત સંરક્ષણ માટે રંગ બદલે પણ મૂડીવાદને તો 'નફો' જ લક્ષ્ય પ્રાપ્ત થાય છે. જો વ્યક્તિ-સ્વાતંત્ર્ય ખપતું હોય તે ધારે અને જો પસંદગીઓ ઉપર સંપૂર્ણ કાબૂ મેળવી શકાય તેવી રચનાથી વધુ કમાણી થતી હોય તો એ 'કુદરતની જ મરજી' તરીકે મૂડીવાદ, આવકારે છે.

'ગૂગલ' અને 'ફેસબુક' જેવી પેઢીઓ માહિતીઓ ઉપલબ્ધ કરાવીને કમાણી કરે છે, તેના જ પગલે આગળનું પગલું UBER કેવી ટેક્સી મેળવી આપે, તેણે ભર્યું છે. 'ગાડી તમારી' અમે તમને ગ્રાહક મેળવી આપીએ. જે ભાડું લો તેમાં અમારો ૨૦ ટકા હિસ્સો આપતા રહો! આમ કેવળ ગ્રાહક મેળવવાનો કાર્યક્રમ, ગ્રાહકોને સગવડ કે ટેક્સી તેમને ઘેર આવીને ઊભી રહે!'

ADMIRAL નામની એક 'વિમો' ઉતારનારી પેઢીએ તેમાં ઉમેરણ કર્યું છે. વિમો ખરીદનારી વ્યક્તિના લખાણ ઉપર ધ્યાન આપીને શરતો કરે છે. જે ગ્રાહક નાનાં વાક્યો લખે છે. ઝીણી ચોકસાઈથી જ લખે છે, તે ગ્રાહક એવી જ ચોકસાઈ ગાડી ચલાવવામાં રાખે છે તેવું તારણ કર્યું છે. અને તેવા ગ્રાહકને માટે વધુ સગવડ આદિ આપે છે. બીજી તરફ, જે ગ્રાહક ઉતાવળે લખે છે, ચિહ્નો વગેરે વિશે બેદરકારી, 'ફાવે તેવી' રજૂઆત કરે છે તે વહેલો અકસ્માત કરી લાવશે માટે તેને મોંઘી શરતોએ બાંધે છે.

આવી વ્યક્તિ વિશેની વધુને વધુ માહિતી દ્વારા વ્યવહાર કરવાનો અભિગમ ૨૧મી સદીના પ્રારંભ પછી શરૂ થયો છે એમ ઝુબોફે સમજાવવાનો પ્રયત્ન જે કર્યો છે તે અલબત્ત વૈચારિક ક્ષેત્રમાં તેમણે સવિશેષ સ્પષ્ટતા મેળવી આપી છે. વ્યક્તિ માત્ર ઉપર કોઈ દબાણ કે જુલમ કર્યા વગર જ સંપૂર્ણ કાબૂ લેવામાં નવતર યાંત્રિક સાધનો ગોઠવી દેવાયાં છે. એ એવો ધરતીકંપ સર્જાયો છે કે જેની નોંધ પણ લેવાઈ

નથી. એમ આપણને તેમણે સમજાવ્યું છે.

ગૂગલ અને ફેસબુક વિશે ઝુબોફે અનુદાર નોંધ કરી છે તે નોંધવું જરૂરી છે. ઝુબોફ એમ વિચારે કે આ પેઢીઓ કેવળ માહિતીઓ પૂરી પાડવા માટે ગ્રાહકોને ઉપયોગી થવાના ઉદ્દેશથી જ શ્રીલેરી પેજ અને શ્રી અર્જી બ્રિન સ્થાપી નહોતી પણ કમાણી કરવાના ઉદ્દેશમાં જ મશગૂલ હતી એ અભિપ્રાય તેમણે મેળવ્યો છે તે વાત સ્વીકારી ના જ શકાય. તે પેઢીઓ ઉપર દબાણ વાસ્તવિકતાનું આવ્યું અને AMAZON જેવી પેઢીઓ આવી ઊભી જેમણે ખરીદ-વેચાણના વ્યવહારનાં બધાં પગલાં જ બદલી નાખ્યાં.

ઝુબોફે આખરે સરકાર દ્વારા હવે જે આગળનું કદમ, જે આંતકતા જ ગણાય તે તરફ ધ્યાન દોર્યું છે. નિગરાનીના મૂડીવાદ અને શાસનના દાંપત્યથી જે ઝેરી અંધકાર ફેલાઈ શકે તે આ ચીનના ઉદાહરણથી બળૂકો ફટકો જ માર્યો છે.


ચીનની સામ્યવાદી સરકારે વ્યક્તિની સામાજિકતાના ગુણો આપવાનો કાર્યક્રમ ગોઠવ્યો છે. સદ્‌વૃત્તિથી કરેલાં સમાજોપયોગી કામો - જેવાં કે 'રક્તદાન' કરવું, કોઈ આપત્તિમાં સપડાયેલા માનવને સહાય કરવી તેના ગુણાંકો મૂકાતા હતા. અવળી વાત પણ હતી જ ક્યાંક ઉધારી કરીને તેની ભરપાઈ ન કરવી, ગંદકી દૂર ના કરે, કે દેશદ્રોહી વર્તન કરે તેમને નગુણા અંકો આપવા મંડાયા. હવે ૨૦૧૯ની સાલમાં બે કરોડ અને ૬૮ લાખ વ્યક્તિઓને વિમાનની ટિકિટ ખરીદવામાં રોક લગાડવામાં આવી હતી અને ૯.૬ લાખ માણસોને ઝડપી સ્પીડ ટ્રેનમાં મુસાફરી કરવાની છૂટ આપી નહોતી. અને એવાં જ નગુણાંક ધરાવનારા મુસ્લિમ ઉવીગુરોને 'ઝીનયાંગ' પ્રાંતમાં તેમની તમામ હલચલ ઉપર કેમેરા મૂકવા અને તેની નોંધો રાખવાનું ગોઠવ્યું હતું!

આથી જ પ્રશ્ન તો એ જ ઊભો થાય છે કે કહેવાતી લોકશાહી ધરાવતા દેશોની સરકારો પણ નોંધો નહીં કરે? અને ચીન જેવાં કદમો ભરશે નહીં? આવું નહીં જ થાય તેની ખાતરી શી?

ઝુબોફ સૂચવે છે કે કેટલી માહિતી સંગ્રહ કરી શકાય તેનું ધોરણ બાંધવાની જરૂર છે. અને એકત્ર કરેલ માહિતીનો વપરાશ કરવા ઉપર નિયમો સર્જવાની જરૂર છે. વાસ્તવમાં કેવળ જે આવશ્યક છે તેટલી જ માહિતી એકત્ર કરવાનો અધિકાર મુક્ત રાખવો જોઈએ. જ્યારે તે પ્રશ્ન-જરૂરિયાત પૂરી થાય ત્યારે તે માહિતી નાબૂદ કરવાનું પણ યોજવું જોઈએ.

થોડું ઓછું જ્ઞાન, મર્યાદિત માહિતીના સંગ્રહ કરવાનું યોજવાથી જ માનવને મુક્ત રાખી શકાશે.

❑❑❑



નગીનદાસ પારેખ (૮ ઑગસ્ટ ૧૯૦૩ - ૧૯ જાન્યુઆરી ૧૯૯૩),
છબી સૌ. ગુજરાતી સાહિત્ય પરિષદ

‘અપુર સંસાર’, વિભૂતિભૂષણ, રવીન્દ્રનાથ, સત્યજિત, રૂપાંતરની પ્રક્રિયા અને રવીન્દ્ર-તત્ત્વાચાર્ય નગીનદાસ પારેખનું સ્મરણ

☐ અમૃત ગંગર

વિભૂતિભૂષણ બંદોપાધ્યાય (૧૨ સપ્ટેમ્બર ૧૮૯૪ - ૧ નવેમ્બર ૧૯૫૦)ની બે બંગાળી નવલકથાઓ, અનુક્રમે *પથેર પાંચાલી* (૧૯૨૯માં ગ્રંથસ્થ થયા પહેલાં ૧૯૨૮માં તે ધારાવાહિક રૂપે કલકત્તાના એક સામયિકમાં પ્રગટ થઈ હતી) અને તેના ઉત્તરાર્ધ (સીક્વલ) જેવી નવલકથા *અપરાજિત* (અપરાજિતો) ૧૯૩૨ના વર્ષમાં બહાર આવી. આ

બે નવલકથાઓને ત્રણ ફિલ્મકૃતિઓ (*પથેર પાંચાલી*, ૧૯૫૫; *અપરાજિતો* ૧૯૫૬ અને *અપુર સંસાર*, ૧૯૫૯)માં સત્યજિત રાયે રૂપાંતરિત કરી હતી. *અપુર સંસાર* બનાવવાનું અચોક્કસ હતું. એટલે જ વચ્ચે ૧૯૫૮માં તેમણે *પારસ પથ્થર* અને *જલસાઘર* નામની બે સાવ વેગળા પ્રકારની ફિલ્મકૃતિઓનું નિર્માણ કર્યું હતું. *પારસ પથ્થર*, પરશુરામ (રાજશેખર બસુ)ની ટૂંકી વાર્તા અને *જલસાઘર*, તારાશંકર બંદોપાધ્યાયની ટૂંકી વાર્તા આધારિત હતી.

અપુર સંસાર ફિલ્મકૃતિ *અપરાજિત* નવલકથાના પાછળના ભાગને સંદર્ભે છે (કેટલાક સર્જનાત્મક ઉમેરણ સાથે), જેમાં ઇન્ટરસાયન્સની પરીક્ષા પાસ કરીને અપુ (અપૂર્વ કુમાર રૉય) કલકત્તામાં રેલવેના પાટાની પાસે આવેલી એક ભાડાની ઓરડીમાં રહે છે, તે નોકરીની શોધમાં છે. અત્યાર સુધી તેના કુટુંબની ચારે ચાર વ્યક્તિઓ મૃત્યુને આધીન થઈ ગઈ છે: પિશિમા ઇન્દિર ઠાકુરણ, મોટી બેન દુર્ગા, પિતા હરિહર અને આખરે માતા સર્વજયા. એકલા પડી ગયેલા અપુના સંસારમાં અકસ્માતે થયેલાં લગ્નમાં અપર્ણા નામની કન્યા પ્રવેશે છે. એ પણ પહેલી સુવાવડમાં નવજાત શિશુને જીવતો છોડીને પોતે મૃત્યુ આધીન થઈ જાય છે. આ બાળક એટલે પુત્ર કાજલ, જેનું શૈશવ નાનાને ઘેર વીતે છે. *અપુર સંસાર* ફિલ્મકૃતિનો અંત અપુ-કાજલના મિલનથી થાય છે (જુઓ ન.સ., જાન્યુઆરી ૨૦૨૧). આ લેખમાં મારે જે વાત કહેવાની છે તે છે *અપુર સંસાર* ફિલ્મકૃતિમાં રવીન્દ્રનાથ ટાગોરની કાવ્યાત્મક હાજરી. આ બે કાવ્યકૃતિઓ છે બોસુંધરા *(વસુંધરા)* અને *નિરુદ્દેશ જાત્રા (નિરુદ્દેશ યાત્રા)* જેનો ખૂબ સુંદર અનુવાદ નગીનદાસ પારેખે કર્યો છે. તો અત્રે ગુજરાતના આવા અગ્રણી સાક્ષરનું સ્મરણ પણ આપણે કરીએ તેનાથી વિશેષ રૂડું શું હોય?

એક સાંજે પુલુના આમંત્રણથી અપુને હોટેલમાં સરખું જમવાનું મળ્યું હતું. જમ્યા પછી રાત્રિના અંધકારમાં કલકત્તા શહેરના એકાંત રસ્તાઓ ઉપર સ્ટ્રીટ લાઇટ્સના ઝાંખા પ્રકાશમાં અપુ (સૌમિત્ર ચેટરજી) અને પુલુ (સ્વપન મુખરજી) નિરુદ્દેશ ભમ્યા કરે છે. કલકત્તાની એ સૂમસામ મધરાતે અપુ ચાલતાં ચાલતાં, બાહુ ફેલાવતાં, મોટેથી ટાગોરના *બોસુંધરા* કાવ્યની મધુર માંડણી કરે છે ત્યારે શેરીના શ્વાન પણ શાંત થઈ ગયા છે અને અસીમ આકાશ સાક્ષી પૂરી રહ્યું છે... અપુને આખું કાવ્ય મોઢે છે, એટલું જ નહીં ગુરુદેવનાં ઘણાં કાવ્યો તેને કંઠસ્થ હોય એવો અણસાર પણ તરત મળે છે.

કુટુંબનાં બધાં લોહીનાં સગાંઓને ગુમાવી ચૂકેલા ને હવે મહાન લેખક બનવાની ખ્વાહિશ ધરાવતા વયસ્ક



અપુર સંસારમાં વસુંધરા કાવ્યનો પાઠ કરતો અપુ (સૌમિત્ર ચેટરજી) અને તેનો મિત્ર પુલુ (સ્વપન મુખરજી), છબી સૌ. લેખક

અપુએ આવી આઝાદી પહેલાં કદી અનુભવી નહોતી. અને કલકત્તા શહેરે મધરાતે, મધરસ્તે રાત્રીના રહસ્યમાં ગુરુદેવનું કોઈ કાવ્ય આ રીતે ભાગ્યે જ ક્યારેય સાંભળ્યું હશે. અનુભવોનું આ તે વળી કેવું મધ્યરાત્રીય મિલન! અપુના સંસારમાં આવેલા નવોન્મેષના સંકેતો આપતું *અપુર સંસાર* ફિલ્મકૃતિનું આ દૃશ્ય નિર્ણાયક છે. તેમાં ઊંડો વિષાદ પણ છે. *અપુર સંસાર* ફિલ્મકૃતિની પટકથા મુજબ ૧૯૩૯ના વર્ષના ઑક્ટોબર મહિનાની એક ઠંડી રાતના કલકત્તા શહેરના અંધકારમાં ટાગોરના કાવ્ય *બોસુંધરા*ની કડીઓને સિનેમૅટોગ્રાફર સુવ્રત મિત્ર સુરેખ રીતે રીતે ધરબી દે છે.

કોઈ મહાકાવ્ય જેવું ઍપિક દૃશ્ય સર્જાય છે, વસુંધરાને ખોળે! અપુને તો વસુંધરાના ખોળામાં ફરી આળોટવું છે... જાણે ટાગોર પોતે એ રાતે આપણી સમક્ષ ચાલવા માંડ્યા હતા. ૧૯૩૯માં ટાગોર (૧૮૬૧-૧૯૪૧) હજી જીવતા હતા. સત્યજિત રાય અનેરા સંવેદનથી વિભૂતિભૂષણ (૧૮૯૪-૧૯૫૦)ની વાર્તામાં રવીન્દ્રનાથની હાજરીની આપણને યુવાન અપૂર્વ કુમાર રાય દ્વારા ગૂઢ અને ગાઢ અનુભૂતિ કરાવે છે. *સોનાર તરી* (સોનાની નૌકા) નામનો ટાગોરનાં બંગાળી કાવ્યોનો સંગ્રહ પ્રથમ ૧૮૯૪ના વર્ષમાં પ્રકાશિત થયો હતો. આ સંગ્રહનાં બે કાવ્યો *બોસુંધરા* અને *નિરુદ્દેશ જાત્રા* આંશિક રીતે અપુના મુખેથી આપણને *અપુર સંસાર* ફિલ્મકૃતિમાં સાંભળવા મળે છે. એક કલકત્તા શહેરની રાત્રિના અંધકારમાં અને બીજું પ્રભાતના ઉજાસમાં, ત્યારે

પૂર્વ બંગાળમાં આવેલા ખુલના ગામની નદીમાં તરતી નૌકામાં. અહીં જ અપુના જીવનમાં સ્થાનિક જમીનદારની નમણી દીકરી અપર્ણા (શર્મિલા ટાગોર) પ્રવેશવાની હતી.

આઝાદીથી એક દાયકા અગાઉનું પૂર્વ બંગાળનું રૂપશા નદીથી જાણીતું ખુલના શહેર (હવે બંગ્લાદેશમાં) ફિલ્મમાં ગામડા જેવું દેખાય છે, દરઅસલ *અપુર સંસાર* ફિલ્મકૃતિનું ખુલના એ પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં જલંગી નામની સુંદર નદી કાંઠે આવેલું મહેશગંજ ગામ છે, જ્યાં ફિલ્મનું શૂટિંગ થયું હતું. કલકત્તાથી ત્યાં જતાં ચારેક કલાક લાગે. નવદ્વીપ અને કૃષ્ણનગર નામનાં શહેરો મહેશગંજથી વધારે નજીક. સત્યજિત રાયને ખુલનાનું પ્રતિનિધિત્વ કરતું મહેશગંજ ગામ ગમી ગયેલું, ખાસ કરીને તેની નદી જલંગી, જેનું અંગ જ જળ છે તેવી જલંગીના શાંત જળમાં વહેતી નૌકામાં તો અપુ વાંસળી વગાડે છે ને પઠન કરે છે ટાગોરના *નિરુદ્દેશ જાત્રા* કાવ્યનું. *અપુર સંસાર* ફિલ્મકૃતિના કથનમાં વણાયેલાં આ બે કાવ્યોને હું અગત્યનાં ગણું છું. વળી જે રીતે અને જે લોકાલોમાં સત્યજિત રાય તેમને ફિલ્મકૃતિમાં વિરામચિહ્નિત કરે છે તે નોંધપાત્ર છે. વળી જ્યારે અપુર સંસાર ફિલ્મકૃતિમાં વણાયેલી ટાગોરની બે કાવ્યકૃતિઓ વિશે કલકત્તામાં રહેતા (મૂળ પૂર્વ બંગાળમાં જન્મેલા) મારા મિત્ર રોમેન મોઇત્રને વાત કરી તો તેને ખૂબ રસ પડ્યો. ઉત્સાહિત થતાં એક વહેલી સવારે ફોન કરીને મને કહે, "*અપુર સંસાર* ફિલ્મકૃતિના સંદર્ભમાં આ વાત કોઈ ભારતીય કે વિદેશી સમીક્ષકે કે લેખકે ભાગ્યે જ કરી છે. અને તું તો આવી વાતો ગુજરાતી ભાષામાં કરે છે તે ખરેખર અગત્યની વાત છે."

મારી કેટલીક ફેસબુક પોસ્ટોને લીધે રોમેન મોઇત્ર તેમજ અન્ય અનેક બંગાળીઓ ભારતીય વિદ્યા ભવનના સામયિક *નવનીત સમર્પણ*થી પરિચિત. એમને જ્યારે જાણ થઈ કે ગુજરાતી ભાષામાં મોટા ભાગનું રવીન્દ્રસાહિત્ય તેમજ જીવનાનંદ દાસનાં ઘણાં કાવ્યો પણ અનૂદિત થયાં છે ત્યારે આવકારદાયક આશ્ચર્ય થયું હતું. બંગાળી યુવાનોમાં ગુજરાત અને ગુજરાતીઓ વિશેનો અભિપ્રાય કંઈક જુદો હતો. બાય ધ વે, રોમેનના પિતાજી રથીન મોઇત્ર (૧૯૧૩-૧૯૯૭) એટલે અગ્રણી ચિત્રકાર અને ભારતના પ્રથમ મૉડર્નિસ્ટ 'કલકત્તા આર્ટ ગ્રુપ' (૧૯૪૩)ના સહસ્થાપક. રોમેનના કાકા જ્યોતિરીન્દ્ર મોઇત્ર (૧૯૧૧-૧૯૭૭) રવીન્દ્ર સંગીતના માંધાતા અને વિખ્યાત સંગીતકાર. ઋત્વિક ઘટકની બે અમર ફિલ્મકૃતિઓ, *મેઘે ઢાકા તારા* (૧૯૬૦) અને *કોમલ ગાંધાર* (૧૯૬૧)ના તેઓ મ્યુઝિક કમ્પોઝર. સત્યજિત રાય સાથે



મહાનગર કલકત્તાની કાળી રાતમાં ચાલતાં અપુ અને પુલુ. અપુ નવલકથાનું વર્ણન કરે છે ત્યારે પણ મહાનગર કલકત્તાની કાળી રાતના આકાશમાં ફરી *પથેર પાંચાલી*માં વાગેલી વાંસળીની ધૂન સંભળાય છે. છબી સૌ. લેખક

રોમેનના કુટુંબનો નજીકનો ઘરોબો. પણ -

પણ કલકત્તાની એ ઍપિકલ અંધારી રાતે આ તે કેવું પઠન? આ તે કેવી જિજીવિષા?

આમારે ફિરાયે લહો, અયિ વસુન્ધરે,
કોલેર સન્તાને તવ કોલેર ભિતરે
વિપુલ અંચલતલે, ઓગો મા મૃણમયી,
તોમાર મૃત્તિકા માઝે વ્યાપ્ત હયે રઇ,
દિગ્વિદિકે આપનારે દિ ઇ વિસ્તારિયા
વસન્તેર આનન્દેર મતો, બિદારિયા
એ વક્ષ પંજર, ટુટિયા પાષાણબન્ધ
સંકીર્ણ પ્રાચીર, આપનાર નિરાનન્દ
અન્ધ કારાગાર - હિલ્લોલિયા મર્મરિયા
કમ્પિયા રખલિયા બિકિરિયા વિચ્છુરિયા
શિહરિયા - સચકિયા... (આલોકે પુલકે
પ્રવાહિયા ચલે યાઇ સમસ્ત ભૂલોકે)

રવીન્દ્રનાથ ટાગોરના મૂળ ખાસ્સા એવા દીર્ઘ કાવ્યના આરંભની કેટલીક કડીઓ અપુ બોલે છે ને જ્યારે પુલુ તેને આજુબાજુ પોલિસની હાજરી હોવાની ચેતવણી આપે છે ત્યાં તે અચાનક અધવચ્ચે અટકી જાય છે. પ્રસ્તુત છે 'રવીન્દ્રતત્ત્વાચાર્ય' નગીનદાસ પારેખે કરેલો ગદ્યાનુવાદ:

અયિ વસુન્ધરે, મને પાછો લઈ લે, ખોળાના સંતાનને તારા ખોળામાં વિપુલ અંચલ નીચે. હે મા મૃણમયી, તારી મૃત્તિકામાં વ્યાપીને રહું, વસંતના આનંદની પેઠે પોતાને દિશાઓમાં ફેલાવી

દઉં, આ છાતીનું પંજર ચીરી નાખીને પથ્થરનું બાંધેલું સાંકડી દીવાલવાળું પોતાનું આ નિરાનન્દ અંધ કારાગાર તોડી નાખી - હિલોળા લેતો, મર્મધ્વનિ કરતો, કંપતો, સ્ખલન પામતો, વિખેરાઈ જતો, ફેલાતો, ધ્રૂજતો – (ચમકતો પ્રકાશ અને પુલકથી સમસ્ત ભૂલોકમાં...)

પોલિસની બૂમ સંભળાય છે. મહાનગરની મધ્યરાત્રિમાં કલકત્તા શહેર ગાઢ નિદ્રામાં છે -

પોલિસ: કોણ છે?

આવેલા અવાજની દિશામાં જોઈને, અપુ: હું, ગિરિસુત મૈનાક. હિમાલયજ.

આગળ ચાલતાં અપુ પુલુને તેણે લખેલી નવલકથાનું વર્ણન કરે છે, જે સાંભળીને ટકોર કરતાં પુલુ કહે છે કે એ વાર્તા અપુની આત્મકથા જેવી હતી. અગાઉ અપુએ પુલુને કહ્યું હતું તેમ તેની મહેચ્છા લિયો ટૉલ્સ્ટૉય કે ટોમસ હાર્ડી જેવા મહાન લેખક થવાની છે. પરંતુ અપુને પોતાની નવલકથાને સીધીસાદી તવારીખ (ક્રૉનિકલ) જેવી બનાવવી હતી. અપુ તેનું વર્ણન કરે છે ત્યારે મહાનગર કલકત્તાની કાળી રાતના આકાશમાં ફરી *પથેર પાંચાલી*માં વાગેલી વાંસળીની ધૂન સંભળાય છે અને આપણા સ્મૃતિપટ પર અપુનું બાળપણ, નિશ્ચિંદપુર ગામ - ઇન્દિર ઠાકુરણ, દુર્ગા, સર્વજયા, હરિહર ફરી જીવંત થવા માંડે છે, તેના શૈશવના ગામના પુકુરમાં પુલકિત થતાં કમળપર્ણોની જેમ. સિનેમામાં ધ્વનિ દ્વારા સ્મૃતિઓને ઢંઢોળવાનું કામ કુશળ દિગ્દર્શકો કલાત્મક રીતે કરતા હોય છે.

મધરાતે કલકત્તા શહેરના સૂમસામ રસ્તે ચાલતાં ચાલતાં પુલુ અને અપુ વચ્ચે 'પ્રેમ' વિશે ઘણી દલીલબાજી થાય છે, પુલુની મામાઈ બહેન અપર્ણાના લગ્નપ્રસંગે પુલુ સાથે ખુલના જવાના આમંત્રણને અપુએ સ્વીકાર્યો છે. અને તે મુજબ દૃશ્ય મહાનગરની રાત્રિના અંધકારમાંથી પ્રભાતના અજવાળામાં ખુલનાની નદીમાં હલેસાં મારતાં નાવિકોમાં ને નદીપટ પર પ્રફુલ્લિત હિલોળા લેતાં પુષ્પોના છોડોમાં સહજતાથી પ્રવેશે છે. અહીં વળી સત્યજિત રાયના લિરિકલ રિયાલિઝમની પ્રતીતિ થાય છે. તેમની આગવી ફિલ્મસર્જન શૈલીના કાવ્યાત્મક યથાર્થનો પરચો તો સત્યજિત રાયે *પથેર પાંચાલી*થી જ કરાવી દીધો હતો. દસ્તાવેજી કે વાસ્તવિક દૃશ્યોને અમુક રીતે શૂટ અને સંપાદિત કરીને તેમાં ન્યૂનતમ પાર્શ્વસંગીત ઉમેરીને તેમાં ગીતિમય લયબદ્ધતા (જેને હું લિરિકલ રિયાલિઝમ કહું છું) ઉપજાવવાનું સત્યજિત રાયનું કામ અપુત્રયીમાં ઊંડો અનુભવ કરાવે છે.

ખુલના. નદી. નૌકા.

આર કત દૂર નિયે યાબે મોરે હે સુન્દરી?

અપુ દ્વારા સત્યજિત રાય જાણે પૂર્વ બંગાળમાં ખુલનાના વિખ્યાત સ્ત્રી-



ખુલનાની નદીમાં તરતી નૌકામાં અપુ (સૌમિત્ર ચૅટરજી)
રવીન્દ્રનાથ ટાગોરના નિરુદ્દેશ જાત્રાનું પઠન કરે છે. છબી સૌ. લેખક

લાવણ્યને લલકારતા રવીન્દ્રનાથના કાવ્ય *નિરુદ્દેશેર જાત્રા*ને સંદર્ભે છે. રોમેને કહ્યું તેમ પૂર્વ બંગાળના ખુલના પ્રાંતની સ્ત્રીઓ તેમના અપ્રતિમ સૌંદર્ય માટે ખૂબ જાણીતી હતી. ખુલનાનું સ્ત્રી-લાવણ્ય તો રવીન્દ્રનાથને પણ વર્યું હતું. ઈ. સ. ૧૮૮૩માં બાવીસ વર્ષની યુવાન વયે રવીન્દ્રનાથ ખુલનાની તેર વર્ષની સુંદરી ભાવતરિણી રૉય ચૌધરી (મૃણાલિની) ને પરણ્યા હતા. ખુલનાથી થોડે દૂર રવીન્દ્રનાથના શ્વસુર વેણીમોહન રૉય ચૌધરીની વિશાળ જાગીરમાં હમણાં રવીન્દ્ર સંકુલ ઊભું છે. બિંબપ્રતિબિંબોના અનેક તાણાવાણા *અપુર સંસાર* ફિલ્મકૃતિમાં દશ્યશ્રાવ્ય અને પ્રત્યક્ષ - અપ્રત્યક્ષ રીતે વણાઈ જાય છે. અપુને અકસ્માતે વરેલી અપર્ણાનું પાત્ર પંદર વર્ષનાં શર્મિલા ટાગોર ભજવે છે, જાણે ખુલનાના લાવણ્યનું પ્રતિનિધિત્વ કરતી! ખુલનાની સીમા પર આવેલા જૅસોર જિલ્લામાં ઠાકુર / ટાગોર કુટુંબની મોટી જાગીરો પણ હતી, અવિભાજિત બંગાળમાં! હવે પેલી બાજુએ, ઓપાર...

સૂર્યપ્રકાશ જાણે સોન તરી (સોનાની નૌકા)ને ખુલનાની નદીના પ્રશાંત જળમાં પ્રતિબિંબિત કરે છે. *અપુર સંસાર* ફિલ્મકૃતિમાં ખુલનાના સંદર્ભને સત્યજિત રાયે ખૂબ માર્મિક રીતે વણી લીધો છે. ટાગોરના *સોન તરી* બંગાળી કાવ્યનો ગુજરાતી અનુવાદ ઝવેરચંદ મેઘાણીએ



નૌકામાં અપુ વાંસળી વગાડે છે ત્યારે પુલુ તેની પ્રગટ થનારી નવલકથા વાંચવામાં મશગૂલ છે. અચાનક અપુ નિરુદ્દેશેર જાત્રા કાવ્યનું મોટે અવાજે મોઢે પઠન કરવા માંડે છે.
છબી સૌ. લેખક.

સોના-નાવડી તરીકે કર્યો છે જેમાં મને *અપુર સંસાર* જોતાં 'માવડી'ના પડઘા સંભળાય! ખુલનાની નદીમાં હલેસાં મારતી નૌકામાં બેઠેલો યુવાન અપુ તો કોઈ સુંદરી, કોઈ બિદેશિની (વિદેશિની)ની ખોજમાં છે. બિદેશિનીને સંબોધતાં *નિરુદ્દેશ જાત્રા* કાવ્ય જાણે ભવિષ્યની *ચારુલત્તા* (૧૯૬૪) ફિલ્મકૃતિના ગીતમાં ગૂંથાયેલી ઓગો બિદેશિનીને ઝંકૃત કરતું ન હોય! (જુઓ ન.સ., જાન્યુઆરી ૨૦૨૧)

આર કત દૂર નિયે યાબે મોરે હે સુન્દરી?
બલો કોન પાર ભિડિબે તોમાર સોનાર તરી.
યખની શુધાઇ ઓગો વિદેશિની,
તુમિ હાસ શુધુ, મધુરહાસિની -
બુઝિતે ના પારિ કી જાનિ કી આછે તોમાર મને.

નીરવે દેખાઓ અંગુલિ તુલિ
અકૂલ સિન્ધુ ઉઠિછે આકુલિ,
દૂરે પશ્ચિમે ડુબિછે તપન ગગનકોણે.
કી આછે હોથાય, ચલેછિ કિસેર અન્વેષણે?
ભલો દેખિ મોરે, શુધાઇ તોમાય, અપરિચિતા -
ઓઇ યેથા જ્વલે સન્ધ્યાર કૂલે દિનેર...

(ચિતા),

હે સુંદરી, હજી તું મને કેટલે દૂર લઈ જઈશ? બોલ, કયે કિનારે તારી સોનાની નૌકા લાગશે? હે વિદેશિની, જ્યારે જ્યારે હું પૂછું છું, (ત્યારે ત્યારે) હે મધુહાસિની તું માત્ર હસે છે - સમજી નથી શકતો તારા મનમાં કોણ જાણે શું



ખુલનાની લાવણ્યમયી સુંદરી અપર્ણાના લગ્નની તૈયારી. પણ જાન આવે છે ત્યારે વરરાજા મગજનો અસ્થિર નીકળે છે. અપર્ણાની મા તેની દીકરીને એ ગાંડા પુરુષ સાથે પરણાવવાની મક્કમ ના પાડે છે. પુલુના સમજાવવાથી અપુ બેઠે માંડવે અપર્ણા સાથે લગ્નની ગાંઠે બંધાય છે. છબી સૌ. લેખક

છે, મૂંગી મૂંગી આંગળી ઊંચી કરી તું બતાવે છે, કૂલહીન સમુદ્ર આકુલ બની જાય છે, દૂર પશ્ચિમમાં સૂર્ય ગગનના ખૂણામાં ડૂબે છે. ત્યાં શું છે. શાની શોધમાં આપણે જઈએ છીએ?

હે અપરિચિતા, મને કહે જોઉં, તને પૂછું છું. પણે જ્યાં સંધ્યાને કિનારે દિવસની (ચિતા સળગે છે) અહીં અચાનક પુલુ તરફ દૃષ્ટિ કરતો અપુ અટકી જાય છે.

(બેય કાવ્ય અનુવાદ નગીનદાસ પારેખ, *એકોતેરશતી રવીન્દ્રનાથ ઠાકુર*, પૃ. ૭૭-૯૫, આવૃત્તિ બીજી, ૨૦૦૨, સાહિત્ય અકાદમી, દિલ્હી; પ્રથમ આવૃત્તિ ૧૯૬૩માં પ્રગટ થઈ હતી. ગુજરાતી લિપિમાં આપેલાં બંગાળી કાવ્યો પણ મૂળ નગીનદાસ પારેખનાં છે.)

રોમેનને મેં મારા *નવનીત સમર્પણ*ના લેખની વાત કરી તો તરત જ તેણે મને *વસુંધરા* અને *નિરુદ્દેશેર* જાત્રા કાવ્યોની બંગાળી સ્ક્રિપ્ટ મોકલી આપી અને અમદાવાદના મારા અધ્યાપક મિત્ર અજય રાવલે નગીનદાસ પારેખે કરેલા બે કાવ્યોના અનુવાદો પણ. આ બેઉ મિત્રોનો હું આભારી છું. કદાચ આ લેખ વાંચ્યા પછી તમે *અપુર સંસાર* ફિલ્મકૃતિ ફરી જોશો તો તમારો તેને પામવાનો અનુભવ વેગળો હશે.

❑❑❑

વિવેક દેસાઈ દ્વારા લખાયેલું પુસ્તક *બનારસ ડાયરી* અનેક સંદર્ભમાં અનોખું છે. છેલ્લાં પંદર વર્ષની બનારસ શહેરની નિયમિત મુલાકાત થકી સર્જક વિવેક દેસાઈની અંદર અખંડ બનારસ રંગ ઊઘડ્યો છે. એમણે ઝીલેલા બનારસી ભાવવિશ્વને આ પુસ્તકમાં એમણે શબ્દેશબ્દમાં કંડાર્યું છે. સ્વરૂપની દૃષ્ટિએ *બનારસ ડાયરી* પુસ્તક સ્મરણયાત્રા, પ્રવાસયાત્રા અને એથીય વિશેષ અંતરમનની ભાવયાત્રા છે. આ પુસ્તકમાં જેટલું સમૃદ્ધ ગદ્ય છે એટલી જ સમૃદ્ધ આ પુસ્તકની નોખી અનોખી રૂપસજ્જા છે.

બનારસ શહેરના રંગબેરંગી ઘાટ્ટા રંગોમાં ચીતરાયેલી ભીંતોવાળા ઘરની ‘વેલકમ’ ક્લિકથી પુસ્તકની શરૂઆત થાય છે અને અંતે ગંગાની ગોદમાં ઝિલાતા સૂર્યાસ્તની સખાતે પુસ્તક પૂરું થાય છે. કથાને આગળ વધારી કથાતત્વને ચાર ચાંદ આપે એવી તસવીરો આ પુસ્તકમાં નિબંધોની સાથે પ્રકાશિત કરવામાં આવી છે.

બનારસ ડાયરી: અનુભૂતિનો બુકમાર્ક


વિવેક દેસાઈ



૧૪ જાન્યુઆરી, ૨૦૦૨.
બનારસનાં બે અઠવાડિયાંના
પ્રવાસે મારી જિંદગીની
સમજણ બદલી નાખેલી. ભીની આંખે અમદાવાદ આવવા ટ્રેનમાં બેઠો ત્યારે
એક મક્કમ નિર્ણય કરેલો કે આ શહેરમાં હવે હું વર્ષમાં એક વાર તો આવીશ
જ. આ વાતને અઢાર વર્ષ વીત્યાં છતાં એ સિલસિલો હું જાળવી શક્યો છું એનો
આનંદ છે. મોટા ભાગે બેથી ત્રણ વાર વર્ષમાં અહીં આવવાનું બન્યા કર્યું છે. દરેક
વખતે ગંગાની ડૂબકી ને ઘાટ-ગલીઓની મસ્તી લઈને પાછો ફર્યો છું. ફોટોગ્રાફરો,
ફિલ્મમેકરો, સંગીતકારો ને આધ્યાત્મિકતા સાથે ચુસ્ત ગઠબંધન ધરાવતા લોકો માટેનું
આ એક લાજવાબ શહેર છે. ગલી-ઘાટ ને બનારસી સંગીત ઘરાનાના અનુભવો
મનના ખિસ્સામાં ખચોખચ ભર્યા પડ્યા છે. આ શહેરની શ્વાસ લેવાની તરાહનો
હું વારંવાર સાક્ષી બન્યો છું. ત્રણસો પાંસઠ દિવસ ને ચોવીસ કલાક ચાલતું આ
શહેર ક્યારેય હાંફતું નથી. અહીં આવનાર દરેક પ્રવાસીને કંઈક શોધ્યાનો સંતોષ
થાય છે. દરેક પ્રવાસી અહીં કોલંબસ છે. આ શહેર છોડીને જતો દરેક પ્રવાસી
ફરીથી શહેરમાં આવવાની જીદ લઈને જ પાછો ફરે છે.



બનારસ ડાયરી પુસ્તકનું ટાઇટલ પેજ પોતાનામાં એક બનારસ સાચવીને બેઠું છે. પુસ્તકના ટાઇટલ પર બનારસના બીનિયાબાગનો અખાડો અને એ અખાડામાં અંગકસરત અને કુસ્તી કરતાં કુસ્તીબાજો દૃશ્યમાન થાય છે. અખાડાના આ ફોટોગ્રાફથી બનેલા જૅકેટને ખસેડશો એટલે અંદર તમને બનારસી તર્પણ નજરે ચડશે. બનારસ શહેરની સામે એક ઘાટ છે—'સામને ઘાટ'. ત્યાંથી દેખાતા બનારસ શહેરની તસવીર વિવેક દેસાઈએ ક્લિક કરી છે. શરીર અને આત્મા બંનેના પૂજ્યભાવનો મહાસંગમ બનારસ નગરીમાં ઊજવાય છે એને ધ્યાનમાં રાખીને આ ટાઇટલ ડિઝાઇન કરવામાં આવ્યું છે.



Size: **148 mm (w) x 203 mm (h)** Pages: **144** Colour Plates: **90+**

Printed on premier art paper, Soft cover with dust jacket. **Rs. 600**



વિદ્યાવેલ

વનલતા

☐ પ્રદીપ સંઘવી

ઓગસ્ટના પાછલા દિવસો હતા. વનપથ પર અમે ચાલ્યા જતા હતા. ''જુઓ પ્રદીપભાઈ!'' બકુભાઈએ અટકીને કહ્યું. અટક્યો, જોયું. આ વેલ જોઈ તો હતી. નીચે કયું ઝાડ હતું, ખબર ન પડી. પણ આખા ઝાડને આ વેલે ઢાંકી દીધું હતું. એની લીલી ઘટામાં સફેદ કળીઓ અને ફાલસા ફૂલ ઊઠી આવતાં હતાં.

''કઈ છે આ?'' મેં પૂછ્યું.

''વિદ્યાવેલ.''

''વિદ્યાવેલ?'' મેં જરા નવાઈ પામીને કહ્યું.

''એનાં નવાં પાંદડાં દેખાય છે; સફેદ?''

મેં નજીક જઈને જોયું. સફેદ જ નહિ; કંઈક રૂપેરી પાંદડાં હતાં. સાવ બંધ.

''આ નવું પાંદડું લઈને ચોપડીમાં મૂકી દો. વર્ષો સુધી એવું ને એવું જ રહેશે. એનાથી વિદ્યા વધે એમ મનાય છે,'' બકુભાઈએ કહ્યું. પછી પોતાની સલીમ અલીની ભારતીય પક્ષીઓની

ચોપડી ખોલીને અંદર સાચવીને મૂકેલું પાંદડું બતાવ્યું. બસ, એવું જ; જાણે કાલે તોડીને મૂક્યું હોય. ''આની ઉંમર શું ધારો છો?'' બકુભાઈએ પૂછ્યું.

''?''

''તમારાથી વધારે હશે,'' બકુભાઈ.

હું ચકિત થઈને જોઈ રહ્યો. પછી એક નવું પાંદડું હળવેથી તોડીને લીધું. તેની બહારની બાજુ પર કોમળ, મખમલી, રૂપેરી રુવાંટી છે. પાંદડું બંધ છે. જરાક બળ કરીને ખોલતાં અંદરની બાજુ દેખાય - ઘેરા લીલા રંગની. ફરી બંધ કરીને મારી ચોપડીમાં મૂક્યું.

ચાલીસ વર્ષ થયાં આ વાતને. હજુ તે યથાવત્ છે.[1]

* * *

ફિલ્મ સિટીના તળાવમાં અમે તરતા હતા. કિનારા પાસે જઈ બકુભાઈએ કહ્યું, ''આવો પ્રદીપભાઈ! આ જુઓ.'' હું ત્યાં ગયો. કાંઠા પરનો એક વેલો અડધોપડધો પાણીમાં હતો. તેમાં એક ઝળકતા કેસરી રંગનું ફળ લાગેલું હતું. વહેલી સવારના તડકામાં તે દેદીપ્યમાન લાગતું હતું. મંત્રમુગ્ધ થઈને જોયું. પછી પૂછ્યું, ''આ કોણ?''

''કંટોલા.''

''કંટોલા?'' હું અવાક્ થઈ ગયો. કંટોલા હું કદી ખાતો નહિ. ભાવતાં નહિ, એમ તો કેમ કહેવાય? ક્યારેય ખાધું હોય તોને?

એક તો એનું નામ જ આવું! તેમાં વળી કાંટાળું.

''એ તો લીલાં હોયને?'' મેં પૂછ્યું.

''લીલાં જ હોય. આ તો એકદમ પાકેલું છે,'' બકુભાઈએ કહ્યું.

કહેવાની જરૂર છે, કે ત્યારથી હું કંટોલાં ખાતો થઈ ગયો? જો કે એટલું ઉમેરું કે ઘરમાં કટોલાં આવ્યાં હોય તો તેમાંથી એક-બે હું પાકવા માટે રહેવા દઉં. તે જ્યારે પાકીને લાલ-કેસરી થાય, ત્યારે મને પહેલી મુલાકાતની યાદ અપાવે.

તળાવનો દક્ષિણ છેડો વધુ એકાંત. ડૅમ પરથી તો દેખાય પણ નહિ. ત્યાં જઈને પોયણીના વેલા વચ્ચે જઈ ઊભા રહીએ. સેંકડો પોયણી પવનમાં ડોલતી હોય, તેનાં મોટાં પાંદડાં થરકતાં હોય, પગને તળિયે માછલી હળવાં



વનેલતા

[1] આ વેલનું સામાન્ય અંગ્રેજી નામ Silky Elephant Glory. શાસ્ત્રીય નામ Argyreia nervosa. ગુજરાતી અને સંસ્કૃત નામ - વૃદ્ધદારુ, સમુદ્રશોષ. વિદ્યાવેલી કંઈ પ્રમાણિત નામ તો નથી; પણ મને તે વધારે પોતીકું લાગે છે.

બટકાં ભરતી હોય... તેમાંય જો સામે મેઘધનુષ્ય ખેંચાયું હોય, કે ચોતરફ કારવી ખીલી હોય; તો થાય કે જવા દો; નથી જવું ઘરે!

તળાવની વાત નીકળી છે, તો સરડોઈના તળાવને પણ યાદ કરી લઈએ. મારા મિત્ર સુધીરને ગામ, સરડોઈ (જિ. સાબરકાંઠા) ગયેલાં. તેમના ખેતર પાસે મોટું તળાવ. ત્યાં એક નાવડી નાંગરેલી. છોકરો બેઠો હતો. પૂછ્યું, ''અલ્યા, ફેરવીશ તળાવમાં?'' તે તૈયાર. પણ હોડી નાનકડી. એક તે ને એક જ બીજો બેસી શકે. અમે વારાફરતી બેઠાં. શિયાળાની સવાર. કુમળો તડકો. પાણીમાં હાથ નાખીને સર સર કરો ત્યાં હાથમાં આવી જાય શિંગોડાંની વેલ! થોડાં શિંગોડાં લઈને ખોળામાં મૂક્યાં.

મને માંડવગઢનું મુંજ તળાવ યાદ આવ્યું. શરદના દિવસો. તળાવ પોણું વનસ્પતિથી ઢંકાયેલું. તેમાં પાણીની કેડીઓ. સવારના કુમળા તડકામાં આવી જ એક નાનકડી હોડી! હતું ઊલટું; પણ લાગે એવું કે વનસ્પતિમાં પાણીનો વેલો ફૂટ્યો છે, અને નાવડી તે તેનું ફૂલ!

* * *

ઉક્ષિવેલ[1] પણ અજબ છે. આખું વરસ તો તેના પર ધ્યાન પણ ન જાય. પણ ફેબ્રુઆરીની આખરમાં તે પ્રગટવા લાગે. જોતજોતામાં તે સર્વત્ર ફેલાવા લાગે. મારો અંદાજ છે કે તે નહિ નહિ તો જંગલના ત્રીજા ભાગને ઢાંકી દે છે. આ બે મહિના, કહો કે જંગલમાં તેનું જ રાજ ચાલે છે. તેનાં હળવા લીલા રંગનાં ફૂલોનાં ગાઢાં ઝૂમખાં વૃક્ષો પર છવાઈ જાય. વખત જતાં તેનો રંગ લાલ થઈ જાય ત્યારે તે ઑર ખૂબસૂરત લાગે. પછી રફ્તે રફ્તે તે તાંબડી અને ભૂખરાં રંગનાં થઈ જાય. બે મહિનામાં રંગમંચ પર પડદો પડી જાય.

* * *

ફેબ્રુઆરી માસ કરમદીનો. પરોઢિયે જંગલમાં ફરતા હો તો તેની ગાઢ, મધુરી સુવાસની આરપાર ચાલવું એ સામે વહેણે તરવા જેવું છે. તેમાં વળી કોઈ બીજી ખુશબૂ ખેંચે તો સમજવું પડે એ યે કોઈ જબરી જ હશે. જઈને જુઓ તો જંગલી જૂઈ[2]. એ કંઈ કરમદી જેવી વ્યાપક નહિ. હોય ક્યાંક ક્યાંક, છૂટીછવાઈ. કોઈ ઝાડ -છોડવા પર ચડીને ડોકાતી હોય. એનાં શુભ્ર- સફેદ ફૂલડાં પણ એવાં સુંદર, જેવી એની સુવાસ.

---

[1] ઉક્ષિ - સામાન્ય અંગ્રેજી નામ- Paper Flower Climber. શાસ્ત્રીય નામ - Getonia (Calycopteris) floribunda.

[2] જંગલી જૂઈ - સામાન્ય અંગ્રેજી નામ - Malabar Jasmine. શાસ્ત્રીય નામ - Jasminum malabaricum.



જંગલી જૂઈ



ચણોઠી

* * *

હવે એવી વેલની વાત કરીએ, જેનાં પાન નહિ, ફૂલ, ફળ કે થડ નહિ; પણ બિયાં મોહક છે.

કાંદરપાડા મારું પ્રિય ભ્રમણસ્થળ. પહેલાં જળપંખી જોવા જતો. મીઠાની અગર-પ્રવૃત્તિ બંધ પડી એટલે તે ગયાં. હવે રાયણનાં જૂનાં, ગરવાં ઝાડ અને પીલુની રંગ-લીલા જોવા જાઉં. પીલુની કે બીજી ચેર વનસ્પતિ (મેન્ગ્રવ્સ) પર ઝળકતી ચણોઠી[1] જરૂર ધ્યાન ખેંચે. ચોમાસાનો પાછલો ભાગ તેની ઋતુ. એનાં ફૂલના સફેદ, હળવા ગુલાબી કે ફાલસા રંગના ગુચ્છા હોય. તેમાંથી શિંગ. આટલે સુધી તો ઠીક. પણ જ્યારે શિંગ ફાટે અને અંદરથી બિયાં ડોકાય એટલે ધ્યાન ખેંચે જ ખેંચે! એક શિંગમાં ચાર-છ બિયાં હોય. ઝળકતાં લાલ રંગનાં. તેના પર એક કાળી બિંદી હોય – અતિસુંદર લાગે. ચણોઠીનાં પાન આમલી જેવાં અને પાન (તાંબુલ)માં નાખવામાં આવે. ચણોઠી (બિયાં) ઝેરી ગણાય છે; પણ ભીલો તેનો ઘરની વસ્તુઓના સુશોભનમાં ઉપયોગ કરે. મહિલાઓ માળા બનાવવા માટે પણ ઉપયોગ કરે. (એટલે તેનું એક નામ ભિલ્લભૂષણ!)

આ ચણોઠીની આજુબાજુમાં કૌંચાની વેલ[2] પણ ક્યાંક જોવા મળે. તેનાં ફૂલ તો સરસ મજાનાં ઘેરા ફાલસા રંગનાં. શિંગો S આકારની અને મખમલી રુંવાટીવાળી. પણ સાવધાન! એ જો શરીરે લાગી તો ખંજવાળનો પાર નહિ રહે. તેથી જ તેનું એક નામ પણ ખૂજલી પણ છે. શાળાનાં તોફાની બારકસો તેને માસ્તરની ખુરશી પર લગાડતા. એને

---

1. ચણોઠી, ગુંજા અં.- Crab-eyed creeper. શાસ્ત્રીય - Abrus precatorius
2. કૌંચા, ભેરવ. સામાન્ય અંગ્રેજી નામ -Common cowitch. શાસ્ત્રીય નામ -Mucuna pruriens.

બદમાશ-વેલ કહેવાનું મન થાય; પણ નવાઈની વાત છે કે સ્વાદિષ્ટ અને ગુણકારી કૌંચાપાક તેમાંથી બને છે! વૈદકમાં તેના અનેક ગુણો વર્ણવેલ છે; પણ તે કંઈ મારું ક્ષેત્ર નથી.

* * *

ઘણાં વર્ષો પહેલાં બકુભાઈ અને મંડળી સાથે પેરડાઇઝ પોઇંટ ગયેલો. ત્યાંથી આગળ નદીને વિકટ રસ્તે પાર્કના સર્વોચ્ચ બિંદુ (highest point) પહોંચાય છે. તે રસ્તે મને એક વાર અજબ ચીજ મળી હતી. દૂરથી ચપટા, ચમકતા ભૂખરા (ચૉકલેટી) રંગના પથ્થર જેવી લાગી. ઉપાડીને જોઈ તો એકદમ લિસ્સી; પથ્થરથી તો હળવી જ; પણ મજબૂત. તે શું હતું તે કોઈ કહી શક્યું નહિ. દેખીતી રીતે તે કોઈ વનસ્પતિનો જ ભાગ હતો. ત્યાર પછી ભાગ્યે જ આ ચીજ મારા જોવામાં આવી હશે. વર્ષો પછી ફણસાડ (અલીબાગ પાસેનું અભયારણ્ય)ના વનવિભાગના મકાન પાસે તેના નમૂના જોયા. ત્યાંના વનરક્ષકભાઈએ કહ્યું કે તે ગારંબી નામની વેલનાં બિયાં છે. આજે મારી પાસે 20 અને 40 વર્ષ જૂનાં બિયાંઓ છે – તેવાં જ ચળકતાં અને સુંદર! હળવી વસ્તુઓના પેપરવેટ તરીકે તેનો ઉપયોગ કરું છું.

પણ સંદર્ભોમાંથી માહિતી મેળવતાં હું એથી યે ભારે અચરજમાં પડી ગયો. આ વેલ હિંદી મહાસાગરની બંને બાજુએ (દક્ષિણ એશિયા, આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા)નાં ઉષ્ણકટિબંધનાં અર્ધ-સદાહરિત (subtropical semi-evergreen) જંગલોમાં કે ગીચ દરિયાકિનારાઓ પર થાય છે. તેની લંબાઈ (દિલ સંભાલકે...) 75 મીટર સુધીની હોય છે. હવે આટલાં ઊંચાં તો



વનલતા

આપણે ત્યાં કોઈ ઝાડ પણ હોતાં નથી. એટલે આ જબરી વેલ ઝાડ પર ગોળ ઘૂમતી ત્રણ ચાર વૃક્ષોને આશ્લેષમાં લે છે! તેનાં પાન સંયુક્ત. ફૂલોના ગુચ્છા 20-25 સે.મી. લાંબા, હળવા પીળાશ પડતા કે લીલાશ પડતા પીળા રંગના અને સુગંધી હોય છે. હેરતની વાત તો તેની શિંગો છે, જે (ફરી દિલ સંભાલકે) બે મીટર (7.5 ફીટ) સુધીની લાંબી હોય છે! તેની અંદર એક એક ખાનાંમાં તેનાં અજીબોગરીબ બિયાં ગોઠવાયેલાં હોય છે. બિયાં ઘણી વાર દરિયામાં જબરાં અંતરો કાપે છે અને છતાં ખરાબ થતાં નથી. અલબત્ત, એના ટકાઉપણાની વાત તો હું કરી જ ગયો છું.

તેનું શાસ્ત્રીય નામ છે Entada rheedii, જે સત્તરમી સદીના પૉલિશ વનસ્પતિશાસ્ત્રી Hendrik Adriaan van Rheede પરથી આવ્યું છે, જે ડચ મલબારનો ગવર્નર હતો. ભારતના મલબાર પ્રદેશમાં ખાસ્સું સંશોધન કર્યું હતું. તેનું એક સામાન્ય નામ આફ્રિકન ડ્રીમ હર્બ છે. તેનાં બિયાંનો ભુક્કો હુક્કામાં લઈ ધૂમ્રપાન કરવાથી, માનવામાં આવે છે કે અજબ સપનાં આવે અને તમે તમારા પૂર્વજો સાથે સંવાદ કરી શકો! વાયકાઓની વાત માનો કે નહિ; જેવી છે તેવી યે આ એક વિલક્ષણ વેલી છે


ગળો

એવું તો કોઈ પણ કહેશે.

* * *

અગ્નિશિખા[1] વેલનાં પાંદડાં લાંબાં ને પાતળાં છે. પાનના છેડા (tendril) પાતળા દોરી જેવા થઈ આસપાસ ચડવાનો આધાર શોધે છે. પાનની ઉપર પતલી દાંડી પર તેનાં ફૂલ ઉપર ઊઠેલી પ્યાલી જેવાં લાગે છે. ફૂલને છ પાંખડીઓ છે. તે 7-10 સે.મી. લાંબી અને લહેરિયાદાર કિનારીવાળી હોય છે. કળીનો રંગ પોપટી હોય છે. જેમ જેમ કળી ખૂલતી જાય, તેમ તે પીળાશ પકડે છે. ખીલતું ફૂલ સોનેરી પીળા રંગનું હોય છે. પછી પાંખડીઓને છેડે ઝળકતો રાતો રંગ ફૂટે છે અને તે ક્રમશઃ નીચે ફેલાતો જાય છે. સાવ પુખ્ત ફૂલ ઘેરા લાલ રંગનું દેખાય છે; પણ ઘણું ખરું ફૂલ પર બે-ત્રણ ચળકતા રંગોનું સંમોહક સંયોજન દેખાય છે.

[1] અગ્નિશિખા(સંસ્કૃત નામ) : ગુજરાતી નામ - દૂધિયો વછનાગ. સામાન્ય અંગ્રેજી નામ - Glory Lily શાસ્ત્રીય નામ - Gloriosa superba.

દરેક ફૂલની તબસ્સુમ[2] રમ્ય હોય છે; પણ આની તો અજબ મનોહારી છે.

આ વેલને મેં એક આખો લેખ સમર્પિત કર્યો છે, એટલે અહીં આટલું જ બસ છે.

* * *

છેલ્લે વાત કરીએ ગળો[3]ની. આ વેલને તો જંગલમાં ઠેર ઠેર જોયેલી. ક્યાંક કોઈ ઝાડ પર એટલી બધી ગળો લાગેલી હોય કે કોઈ મોટા વટવૃક્ષને જેમ વડવાઈઓનો વિસ્તાર હોય, તેવું લાગે. પણ નિખિલ અવારનવાર ગળો-વેલના થડના ટુકડા કરીને લઈ જાય. ''કેમ, શું કરીશ આનું?'' પૂછું તો કહે, ''અરે! આના તો અસંખ્ય ઉપયોગ છે.'' સંસ્કૃતમાં આને અમૃતા કહે છે તે જાણીને ઉત્સુકતા વધી. આયુર્વેદ મારું ક્ષેત્ર નહિ; છતાં સંદર્ભગ્રંથો વાંચીને હું ચકિત થઈ ગયો. એક સ્થળે તેનાં 47 સંસ્કૃત નામો આપેલાં છે! તે ગળો અને સંસ્કૃત ભાષા, બંનેનું સામર્થ્ય બતાવે છે. પાદટીપમાં તેમાંનાં કેટલાંક આપેલાં છે.

વેલનાં પાન પહોળાં, નીચેથી હૃદયાકાર હોય છે. ફૂલો આછાં પોપટી રંગનાં. પણ સૌથી ખૂબસૂરત તેનાં ફળો હોય છે. શરૂઆતમાં લીલાં, પણ જેમ પાકે તેમ લાલાશ પકડતાં જાય. પાકેલાં ફળ આકર્ષક, ચળકતા લાલ રંગનાં હોય છે.

* * *

મિત્રો, દેશ અને દુનિયામાં હજારો જાતની વેલીઓ થાય છે. બોરિવલીના જંગલમાં પણ અનેકાનેક છે. તેમાંની થોડીક જ હું ઓળખું. ઘણીને ઓળખ્યા વિના માણું. અહીં તેમાંની થોડીકનો જ આસ્વાદ કરાવ્યો છે. તે ય કેવળ સૌંદર્યદૃષ્ટિથી. વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ સાવ અધૂરું. વૈદકની દૃષ્ટિએ તો વાત જ ન થાય. છતાં જ્યાં મારી ચાંચ (ને હૃદય) ડૂબ્યાં, ત્યાં ડુબાવીને તમારી સામે ધર્યું.

ગમે તો સ્વીકારો....

સંબંધિત રંગીન તસવીરો જોવા માટે
લેખકના બ્લૉગની મુલાકાત લેવી.
https://kruti-prakruti.blogspot.com


---

[2] તબસ્સુમ - કળીનું ફૂલમાં રૂપાંતર થવાની પ્રક્રિયા.

[3] ગળો, ગુડૂચી. સામાન્ય અંગ્રેજી નામ -Gulbel, Indian Tinosperma, Heart-leaved Moonseed, શાસ્ત્રીય નામ -Tinosperma cordifolia.

સંસ્કૃત - અમૃતા, અમૃતવલ્લી, અમૃતવલ્લરી, છિન્નોદ્ભવા, જીવંતી, જીવંતિકા (આ નામો સૂચવે છે કે 1, વાપરનાર માટે તે અમૃત જેવી છે. 2, તે પોતે અમર છે - અલબત્ત, તે સહેલાઈથી ઊગે છે અને સહેલાઈથી નાશ પામતી નથી.)

અગ્નિશિખા, ચંદ્રા, ચંદ્રહાસા, શશિલેખા, સોમવલ્લી, સોમલતિકા, ઇંદુલેખા, ચક્રલક્ષણા, છિન્નિકા, દેવનિર્મિતા, સુરકૃતા, યજ્ઞવલ્લી, યજ્ઞાંગા, યજ્ઞશ્રેષ્ઠા, ગ્રંથિલા, ગુડૂચી, કૃત્તરૂહા, કુંડલા, કુંડલિની, મધુકા, મંડલા, મંડલિની, નાગકુમારા, તંત્રિકા, નિર્જરા, પિત્તઘ્ની, શક્રપુષ્પી, તિક્તામૃતા, તિક્તપર્વન, તોયવતી, ઉદ્ધારા, વજ્રા, વાતરક્તારિ, વત્સાદની, વિષઘ્ના, વિશલ્યા, વ્રણહા, (અધોરેખિત -underlined - નામો તેનાં વૈદક સંબંધી ગુણો સૂચવે છે.)



DNA ડબલ હેલિક્સનાં પહેલાં મહિલા - ૨

☐ દીપક જોશી

વીસમી સદીના પાંચમા દાયકાને જીવરસાયણશાસ્ત્રના પરોઢ તરીકે ઓળખવામાં આવે છે. સજીવ કોષમાં થતી વિવિધ રાસાયણિક પ્રક્રિયાઓમાં પ્રોટીન્સની ભૂમિકા મહત્ત્વની સાબિત થયેલ હતી. શરૂઆતના ઘણા વૈજ્ઞાનિકો માનતા હતા કે અનુવાંશિક લક્ષણોનાં વાહક પ્રોટીન્સ છે. વિવિધ પ્રકારનાં પ્રોટીન્સના બંધારણની શોધમાં વિશ્વભરના રસાયણશાસ્ત્રીઓ તે સમયે વ્યસ્ત હતા. અમેરિકાની કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના ડો. લિનસ પાઉલિંગ તેમાં મોખરે હતા. પ્રોટીન્સના કુંતલાકાર બંધારણની શોધ તેમનું મહત્ત્વનું પ્રદાન છે. લિનસ પાઉલિંગને તે બદલ નોબલ ઇનામ પણ મળેલું. પરંતુ ૧૯૪૩માં ઓસ્વાલ્ડ એવરી દ્વારા આનુવંશિક લક્ષણોનો વાહક DNA હોવાનું સૂચવવામાં આવ્યું હતું. તેથી DNAની સંરચના ઉકેલવા માટે

વિશ્વભરમાં હોડ જાગી. જેમાં અગત્યના સ્પર્ધક તરીકે પાઉલિંગ જોડાયા.

DNAના બંધારણની શોધ સાથે સંકળાયેલ વૈજ્ઞાનિકોનાં સ્વભાવ, છળકપટ, ઈર્ષા, સ્પર્ધા, સહકાર જેવી તેમની લાક્ષણિકતાઓ જાણે એક રહસ્યમય કથાનો હિસ્સો છે. કેટલાક લેખકોએ આ કથાને પોતપોતાના દૃષ્ટિકોણથી રજૂ કરવાના પ્રયત્નો કર્યા છે. આજે DNAના બંધારણને જાહેર થયે સિત્તેરેક વર્ષો થયાં છે. પરંતુ તે શોધ સાથે સંકળાયેલી જાણીતી કે ઓછી જાણીતી હકીકતો અને ઘટનાઓ એક યા બીજા સંદર્ભમાં ચર્ચાતી રહે છે. 'Unsung Heroin of DNA' તરીકે ઓળખાતાં ફ્રેન્કલિનના નેત્રદીપક પ્રદાનને સાચી રીતે મૂલવવા માટે અન્ય સંશોધકો, સંજોગો અને કેટલીક ઘટનાઓ પર નજર નાખવી જરૂરી બને છે.

ઇંગ્લેન્ડની નોટિંઘમ યુનિવર્સિટીમાંથી ૧૯૪૭માં જે. માઈકલ ક્રિથ નામના વિદ્યાર્થીએ Ph.D. માટેનું કામ પૂરું કર્યું હતું. તેમના માર્ગદર્શક રસાયણશાસ્ત્રી જે. મેસન ગુલાન્ડ હતા. ક્રિથે શોધ્યું કે DNA અણુના બે તાંતણા હાઈડ્રોજન બોન્ડથી એકબીજા સાથે જોડાયેલા રહે છે. પોતાના શોધનિબંધમાં ક્રિથે દ્વિસૂત્રી DNAની સંકલ્પના પણ રજૂ કરી. પરંતુ થોડા સમય બાદ જ પ્રોફેસર ગુલાન્ડનું રેલ-અકસ્માતમાં અવસાન થતાં તેમના સાથી વૈજ્ઞાનિકોની ટીમ વિખરાઈ ગઈ. ક્રિથે નિવૃત્તિ પછી જણાવ્યું હતું કે DNAની સંરચનાનું ચિત્ર તેમની આંખોમાં ઊપસી ચૂક્યું હતું. પરંતુ તેને પ્રતિકૃતિ સ્વરૂપે રજૂ કરવામાં તેઓ થોડાં ડગલાં દૂર રહી ગયા હતા.

૧૯૫૧માં પાઉલિંગના ધ્યાને આવ્યું કે લંડનની કિંગ્સ કોલેજમાં વિલ્કિન્સે ન્યૂક્લિઈક એસિડના કેટલાક સરસ ફોટોગ્રાફ ડેવલપ કર્યા છે. પરંતુ વિલ્કિન્સ પોતાના સંશોધનથી પાઉલિંગને વાકેફ રાખવા માગતા ન હતા. તે જ વર્ષે એડવર્ડ રોનવીન દ્વારા ન્યૂક્લિઈક એસિડનું બંધારણ સૂચવવામાં આવ્યું હતું. પરંતુ પાઉલિંગ તેની સાથે સહમત ન હતા. ૧૯૫૨ના મે મહિનામાં પાઉલિંગ અમેરિકાથી ઇંગ્લેન્ડ જવાના હતા અને કિંગ્સ કોલેજ ખાતે ફ્રેન્કલિન સાથે તેણીએ ડેવલપ કરેલ ફોટોગ્રાફ્સ અંગે ચર્ચા કરવાના હતા. પરંતુ પાઉલિંગનાં બીજા વિશ્વયુદ્ધ વિરોધી જાહેર ઉચ્ચારણોને કારણે તેમને પાસપોર્ટ ઇશ્યુ કરવામાં આવ્યો નહીં. અઢી મહિના બાદ મર્યાદિત પ્રવાસ માટેનો પાસપોર્ટ ઇશ્યુ થવાથી પાઉલિંગ ફ્રેન્કલિનને મળી શક્યા નહીં. DNAના બંધારણના મહત્ત્વને જોતાં તેમણે માની લીધું કે ફ્રેન્કલિન પણ પોતાના સંશોધનનાં તારણો જણાવશે નહીં. ૧૯૫૨માં પાઉલિંગના સાથી રોબર્ટ કોરે ઇંગ્લેન્ડ ગયા ત્યારે તેમણે

ફ્રેન્કલિનના એક્સ-રે ફોટોગ્રાફ્સ જોયા હોવાનું નોંધાયું છે. પરંતુ કોરે દ્વારા તે વિગતો પાઉલિંગને જણાવવામાં કેમ ન આવી તે બાબત આશ્ચર્યજનક છે. ઘણી મથામણ અને સુધારા-વધારા બાદ પાઉલિંગ અને કોરેએ ૧૯૫૨ના ડિસેમ્બરમાં ન્યૂક્લિઈક એસિડનું ત્રિસૂત્રી બંધારણ રજૂ કર્યું. ૧૯૫૩ના ફેબ્રુઆરી મહિનામાં નેશનલ એકેડમી ઓફ સાયન્સિઝના પ્રોસિડિંગ્સમાં તેમનું રિસર્ચ પેપર પ્રસિદ્ધ તો થયું પરંતુ તેમાં પાઉલિંગનો આત્મવિશ્વાસ ગેરહાજર હતો. પાઉલિંગનું આ મોડેલ DNAનું ડિવિઝન અને રેપ્લિકેશન સમજાવવામાં નિષ્ફળ રહ્યું હતું. આ નિષ્ફળતાનું એક કારણ બીજી વખત નોબલ ઇનામ મેળવવાની તેમની ઉતાવળનું હતું. તેઓના આ સંશોધનપત્રને પૂરતો પ્રતિસાદ પણ ન મળ્યો. તેમ છતાં, ફરીથી કૃતનિશ્ચયી બની બન્નેએ પોતાનું સંશોધન પુન: શરૂ કર્યું પરંતુ તેઓ ઘણા મોડા પડ્યા હતા.

અગ્રણી સંશોધન સામયિકોની તંદુરસ્ત પ્રણાલી પ્રમાણે થોડા દિવસો બાદ તે ક્ષેત્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક તરીકે 'નેચર' સામયિકે વોટ્સન અને ક્રીકના એક સંશોધનપત્રનો મુસદ્દો તપાસવા-અભિપ્રાય માટે પાઉલિંગને મોકલ્યો. પોતાના ત્રિસૂત્રી મોડેલ સામે જુવાનિયાઓએ રજૂ કરેલ પ્રતિસ્પર્ધી મોડેલ ચકાસ્યા બાદ માર્ચ, ૧૯૫૩માં વોટ્સન અને ક્રીકને પાઉલિંગ જણાવે છે કે બંનેમાંથી કયું મોડેલ સાચું છે તે નક્કી કરવા માટે પુરાવાઓની તેઓ રાહ જુએ છે. દરમિયાનમાં વોટ્સન અને ક્રીકને વિલ્કિન્સ મારફતે ફ્રેન્કલિનના એક્સ-રે ક્રિસ્ટલોગ્રાફના ડેટાની જાણ થઈ ચૂકી હતી. બન્નેએ DNAના તંતુને ક્યારેય સ્પર્શ કર્યો ન હતો કે નરી આંખે જોયો પણ ન હતો. વોટ્સન અને ક્રીક દ્વારા વિજેતાઓની અદાથી DNAના બંધારણની પ્રતિકૃતિ રજૂ કરતું સંશોધનપત્ર ૨૫મી એપ્રિલ ૧૯૫૩ના 'નેચર' માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું જેમાં વોટ્સન અને ક્રીક દ્વારા વિલ્કિન્સ અને ફ્રેન્કલિનનાં પ્રદાનનો પૂરતો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. તે જ અંકમાં DNAના બંધારણ અંગે ફ્રેન્કલિન અને વિલ્કિન્સનાં સ્વતંત્ર સંશોધનપત્રો પણ પ્રગટ થયેલાં. પરંતુ ફ્રેન્કલિન અને વિલ્કિન્સનાં પ્રાયોગિક કાર્ય પર આધારિત પ્રતિકૃતિ તૈયાર કરનાર વોટ્સન અને ક્રીકનાં નામ વિશ્વભરમાં તરત જ જાણીતાં થઈ ગયાં. વોટ્સન અને ક્રીકનું DNAનું સૈદ્ધાંતિક મોડલ સાચું હોવાની પ્રતીતિ થતાં પાઉલિંગ નિરાશ થયા હતા. તેમણે પોતાની હાર સ્વીકારી શોધનો તમામ યશ વોટ્સન અને ક્રીકને આપ્યો હતો.

DNAનું બંધારણ ઉકેલવા કિંગ્સ કોલેજ ખાતે જ અલેક સ્ટોક્સ અને બ્રૂસ ફ્રેસર નામના વૈજ્ઞાનિકો પણ ગાણિતિક

પુરાવાઓનો સહારો લઈ રહ્યા હતા. સ્ટોક્સ જુલાઈ, ૧૯૫૧થી દ્વિસૂત્રી વળદાર બંધારણની તરફેણ કરતા હતા. જ્યારે નવેમ્બર, ૧૯૫૧માં તો દ્વિસૂત્રી વળદાર બંધારણનાં મોટાભાગનાં તત્ત્વો ધરાવતું મોડલ ફ્રેંસર વિકસાવી ચૂક્યા હતા. પરંતુ સ્ટોક્સ કે ફ્રેસરે જે તે સમયે પોતાનાં સંશોધનો પ્રસિદ્ધ કરવાની ઝડપ દાખવી ન હતી.

જેમ્સ ડી. વોટ્સને લખેલ 'The Double Helix : A Personal Account of the Discovery of the Structure of DNA' ૧૯૬૮ માં પ્રસિદ્ધ થયું હતું. શરૂમાં વોટ્સનનું આ પુસ્તક હાર્વર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા પ્રસિદ્ધ થવાનું હતું. વોટ્સનના આ વૃત્તાંતનો ફ્રાન્સિસ ક્રીક અને મૌરિસ વિલ્કિન્સ દ્વારા થયેલ વિરોધ ધ્યાને લઈ તે પ્રસિદ્ધ ન થયું. DNAના બંધારણની શોધની સાથે સંકળાયેલ વ્યક્તિગત અનુભવો પર આધારિત રસપ્રદ અને રમૂજી ઘટનાઓનું પણ તેમાં આલેખન હતું. સમીક્ષકોએ વોટ્સનના આ પુસ્તકને અંગત દૃષ્ટિકોણ ધરાવતું અને વ્યક્તિગત કીર્તિની મહત્ત્વકાંક્ષા સંતોષવા સાથી સંશોધકોના યોગદાનને જાણીબૂઝીને નજરઅંદાજ કરનારું ગણાવ્યું હતું. શોધ સાથે સંકળાયેલા વિજ્ઞાનીઓને નજીકથી જાણતા નિરીક્ષકોની દૃષ્ટિએ વોટ્સનનું વૃત્તાંત આત્મશ્લાઘાથી ભરપૂર હતું. ફ્રેન્કલિન જેવાં વિજ્ઞાનીઓની શોધ-સામગ્રીનો ઉપયોગ કરી પ્રસિદ્ધ થઈ જવાની ખેવના સામે પ્રશ્નો ઊભા થયા હતા. પુસ્તકમાં ફ્રેન્કલિનના પ્રદાનને પૂરતું મહત્ત્વ આપવામાં આવ્યું ન હતું. તેમને અણગમતા નામ 'રોઝી' તરીકે વખતોવખત સંબોધવામાં આવ્યાં હતાં અને તેમને વિરોધી તરીકે દર્શાવવાની સાથે સાથે તેમના પહેરવેશ, દેખાવ વગેરે અંગે પણ હલકી કક્ષાના ઉલ્લેખો કરવામાં આવ્યા હતા. પછીથી ઉમેરાયેલ ઉપસંહારમાં વોટ્સન કબૂલે છે કે, ફ્રેન્કલિનની એક વ્યક્તિ અને વિજ્ઞાની તરીકેની મારી શરૂઆતની છાપ મોટેભાગે ખોટી હતી અને તેમનું કામ ઉચ્ચકક્ષાનું તેમજ મહત્ત્વનું હતું. પરંતુ ત્યાર પછી પણ વોટ્સનના પુસ્તકની ટીકા શમી નથી. વિવેચકો જણાવે છે કે પુસ્તકના ઉપસંહાર દ્વારા ફ્રેન્કલિનની પ્રશંસા કરવા માત્રથી પુસ્તકમાં છતો થતો વોટ્સનનો સ્ત્રીજાતિ તરફનો દ્વેષ અને ફ્રેન્કલિનના ચારિત્ર્યહનનના પ્રયાસની ગંભીરતા ઓછાં થતાં નથી.

૨૦૦૩માં પ્રસિદ્ધ થયેલ 'The Third Man of the Double Helix' નામનું પુસ્તક એક રીતે વિલ્કિન્સની જીવનકથા છે. તેમાં બાયોલોજીના ક્ષેત્રના વિજ્ઞાનીઓના વ્યક્તિગત સંબંધો તથા ખેલદિલીના અભાવની હકીકતો રજૂ થઈ છે. વિલ્કિન્સ માને છે કે માનવજાતની એક સૌથી મહત્ત્વની શોધ માટે તેમને પૂરતો યશ પ્રાપ્ત થયો નથી. વોટ્સન, ક્રીક અને

ખાસ કરી વિલ્કિન્સ દ્વારા ફ્રેન્કલિનના એક્સ-રે ફોટોગ્રાફ અને ડેટાનો અવૈધ રીતે ઉપયોગ થયો હોવાના આક્ષેપોનો ઇનકાર કરવા આ પુસ્તક લખાયું છે. પોતાનો પક્ષ રજૂ કરી વિલ્કિન્સ સાબિત કરવા માગે છે કે નોબલ પારિતોષિકના ત્રીજા ખરા હકદાર ફ્રેન્કલિન નહીં પણ તેઓ પોતે જ હતા.

ફ્રાન્સિસ ક્રીક દ્વારા પણ ' What Mad Pursuit: A Personal View of Scientific Discovery' નામનું પુસ્તક લખાયું છે. 1988માં પ્રસિદ્ધ થયેલ આ પુસ્તક ક્રીકની વૈજ્ઞાનિક કારકીર્દીના આલેખ સમાન છે.

ફ્રેન્કલિનના અવસાન પછી પણ તેમના વ્યક્તિત્વ વિષે ઘણાં વર્ષો સુધી બહારની દુનિયા અજાણ રહી. વોટ્સન અને વિલ્કિન્સનાં પુસ્તકો કે તેમના અવસાન પછી પ્રસિદ્ધ થયેલી શ્રદ્ધાંજલિઓમાં તેમના વિષે પૂરી જાણકારી પ્રાપ્ત થતી નથી. પરંતુ ફ્રેન્કલિનનાં નાનાં બહેન જેનિફર ગ્લિન દ્વારા ૨૦૧૨માં લખાયેલ 'My Sister Rosalind Franklin', બ્રેન્ડા મેડોક્સના 'Rosalind Franklin : The Dark Lady of DNA' અને એની સેયરના 'Rosalind Franklin and DNA' જેવાં પુસ્તકોએ યુગપ્રવર્તક શોધ માટે મહત્ત્વનાં તથ્યો પ્રતિપાદિત કરનાર ફ્રેન્કલિન અને તેમના સહસંશોધક રેમન્ડ ગોસલિંગને અવગણવાની ઘટનાઓ તરફ વિશ્વનું ધ્યાન દોર્યું છે.

ફ્રેન્કલિનનાં અમેરિકન બાયોકેમિસ્ટ મિત્ર એની સેયરે નીચેની બે ઘટનાઓ દ્વારા DNAની સંરચના અંગે ફ્રેન્કલિનની આગોતરી ખાતરીનો પુરાવો રજૂ કર્યો છે. નવેમ્બર, ૧૯૫૧માં કિંગ્સ કોલેજમાં એક સેમિનાર દરમિયાન ફ્રેન્કલિને DNA પરના પોતાના સંશોધનનાં પ્રાથમિક તારણો રજૂ કર્યાં હતાં. વોટ્સન તે સભામાં હાજર હતા. પરંતુ તેમનું ધ્યાન ફ્રેન્કલિનના દેખાવ અને પહેરવેશમાં વિશેષ હતું. ફ્રેન્કલિન દ્વારા રજૂ થયેલાં તારણો તેમને યાદ રહ્યાં ન હતાં. તેથી પોતાના સાથીદાર ક્રીકને તે સમજાવી શક્યા નહીં. જોકે વિલ્કિન્સ પોતે તે જ પ્રશ્ન ઉપર કામ કરતા હોવાથી તે બરાબર સમજી શક્યા હતા. ૩૦ જાન્યુઆરી, ૧૯૫૩ના દિવસે વોટ્સને કિંગ્સ કોલેજની મુલાકાત લીધી હતી. ત્યારે વિલ્કિન્સ દ્વારા ફ્રેન્કલિને તૈયાર કરેલ DNAના B-ફોર્મનો એક્સ-રે ફોટોગ્રાફ વોટ્સનને બતાવવામાં આવ્યો હતો. આ ફોટોગ્રાફ ફ્રેન્કલિનના વિદ્યાર્થી ગોસલિંગ દ્વારા ફ્રેન્કલિનના માર્ગદર્શન હેઠળ સવા વર્ષ પહેલાં તૈયાર કરાયો હતો. DNAની એક્સ-રે ક્રિસ્ટલોગ્રાફીના સેંકડો પ્રયત્નો પછી આવો સંપૂર્ણ ફોટોગ્રાફ તૈયાર થઈ શક્યો હતો. એક કલાકૃતિ જેવી તે તસવીર વિજ્ઞાનના ઇતિહાસમાં 'ફોટોગ્રાફ-૫૧'ના નામે અમર છે. વિલ્કિન્સ દ્વારા વોટ્સનને

તે બતાવતાં પહેલાં ફ્રેન્કલિનની મંજૂરી લેવામાં આવી ન હતી. વિલ્કિન્સે બતાવેલ B-ફોર્મની એક્સ-રે તસવીર જોતાં જ વોટ્સનની આંખો પહોળી થઈ ગઈ હતી. તેઓ આશ્ચર્યચકિત હતા. આ તસ્વીર દ્વારા DNAની દ્વિસૂત્રી વળદાર સંરચના સ્પષ્ટ થતી હતી. એટલું જ નહીં DNAની સંરચનાનાં કેટલાંક માપ પણ સ્પષ્ટ રીતે પરસ્પર અનુસંધાન સાધતાં હતાં. પોતાની પાસેના વર્તમાનપત્રના હાંસિયામાં જ વોટ્સને DNAની પેટર્નનો કામચલાઉ સ્કેચ દોરી લીધેલો. એક્સ-રે તસ્વીર જોવાથી મળેલી માહિતીના આધારે વોટ્સન અને ક્રીક દ્વારા પોતાની પ્રયોગશાળામાં DNAનું દ્વિસૂત્રી વળદાર મોડેલ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી. આ પ્રતિકૃતિ તૈયાર કરવા 'balls' અને 'stics' (નાના દડા અને સળીઓ)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિશ્વભરની શાળા-કોલેજોમાં આજે જોવા મળતી DNAની પ્રતિકૃતિઓનું તે પ્રારંભિક સ્વરૂપ હતું. મેક્સ પેરૂટ્ઝ નામના કેમ્બ્રિજ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક સલાહકાર હોદ્દાની રૂએ ફ્રેન્કલિનનાં બિનપ્રકાશિત તારણો-પરિણામોથી વાકેફ હતા. તેમની પાસે ફ્રેન્કલિનના સંશોધનનાં તારણો અહેવાલ સ્વરૂપે ઉપલબ્ધ હતાં. તે અહેવાલની નકલ પેરૂટ્ઝ દ્વારા વોટ્સન અને ક્રીકને ફ્રેન્કલિનની જાણ બહાર આપવામાં આવી હતી. ફ્રેન્કલિન તથા ગોસલિંગના ચાવીરૂપ પ્રાયોગિક કામનાં પરિણામો અને ગણતરીઓ તથા વિલ્કિન્સના અનુભવના આધારે વોટ્સન અને ક્રીકે DNAની પ્રતિકૃતિનું આખરીકરણ કર્યું હતું.

ફ્રેન્કલિનનાં એક અન્ય બાયોગ્રાફર મેડોક્સ લખે છે કે વોટ્સન અને ક્રીક દ્વારા 'નેચર' માં પ્રસિદ્ધ થયેલ રિસર્ચ પેપર તેમના જ સંશોધન પર આધારિત હોવાની જાણકારી ફ્રેન્કલિનને પહેલાંથી ન હતી. ફ્રેન્કલિને તે અંગે અધિકૃત રીતે કોઈ ફરિયાદ પણ કરી ન હતી. ૨૮ ફેબ્રુઆરી, ૧૯૫૫નો વોટ્સન દ્વારા ફ્રેન્કલિનને લખાયેલ એક પત્ર અને અન્ય પ્રમાણો સૂચવે છે કે ફ્રેન્કલિને કિંગ્સ કોલેજ છોડ્યા પછી તેમની વચ્ચેના સંબંધો સુધર્યા હતા. ક્રીકનાં પત્ની ઓડાઈલ સાથે તો ફ્રેન્કલિનની મૈત્રી પણ સધાઈ હતી. ફ્રેન્કલિનના જન્મશતાબ્દી વર્ષમાં ૨૨ માર્ચ, ૨૦૨૦ના રોજ કિંગ્સ કોલેજના કેમ્પસ પર 'ફ્રેન્કલિન – વિલ્કિન્સ બિલ્ડિંગ' નામની ઇમારતનું ઉદ્‌ઘાટન થયું છે. વિજ્ઞાનના ઇતિહાસનો એક બહુચર્ચિત અણબનાવ તેનાથી શમવાનો નથી. કિંગ્સ કોલેજને એક કાયમી રંજ એ રહ્યો છે કે આ અણબનાવથી એક મહાન શોધનું ગૌરવ પ્રતિસ્પર્ધી સંસ્થા કેવેન્ડિશ લેબોરેટરીને પ્રાપ્ત થયું. પરંતુ એક મહાન સંસ્થાનાં બે મહાન વ્યક્તિત્વોના મહાન પ્રદાનને સંયુક્ત રીતે ઉજાગર કરવામાં તે જરૂર મદદરૂપ થશે.

❑❑❑



આ વાતનું દુઃખ

☐ બાદલ પંચાલ

બે હાથના ટેકે જમીન પરથી ઊભા થતા વસંતભાઈને વાર લાગી. જમીન પરથી હાથ હટાવી, એક હાથ ઘૂંટણ પર મૂકીને અને બીજા હાથે ખુરશીનો ટેકો લઈને ધીમે ધીમે તેઓ ઊભા થયા. કમરનો, સાંધાનો, હાડકાંનો ન જાણે કેટલાય દુખાવા એમના શરીરમાં જામી પડ્યા છે. ધીમેધીમે કમર સીધી કરી, થોડીવાર એમ જ ઊભા રહ્યા અને પછી કંઈક યાદ આવતાં આમતેમ નજર ફેરવવા લાગ્યા. જમીન પર પણ નજર ફેરવી જોઈ. 'ક્યાં મૂક્યો? ક્યાં મૂક્યો?'નું રટણ કરતાં એમની નજર છેવટે સામેના સોકેટમાં ભરાવેલા મોબાઈલ પર પડી એટલે એમના જીવમાં જીવ આવ્યો. હજુ માંડ એ તરફ બે ડગલાં માંડ્યાં હશે ત્યાંજ અંદરથી સીમાનો અવાજ સંભળાયો,

'જમી લીધું હોય તો થાળી આપતા જાઓ.' એમના પગ ત્યાં જ અટકી ગયા અને ફરી પાછું નીચે વળીને થાળી ઉપાડવી પડશે એ વિચારે એમના ચહેરા પર અણગમો ઊતરી આવ્યો. જેમ તેમ કરીને તો ઊભા થ્યા'તા ત્યાં વળી...

'શું થયું? જમી લીધું?' ફરી પાછો અવાજ આવ્યો.

'હા જમી તો લીધું પણ...' બોલતાં એમના અવાજની તીવ્રતા ઘટી ગઈ.

સીમા સમજી ગઈ અને વાસણ ધોતાં ધોતાં રસોડામાંથી બહાર આવી અને થાળી ઊંચકતાં બોલી: 'કેટલી વાર કીધું છે કે જમી લો એટલે થાળી ઊંચકીને ઊભા થાઓ અને ઊભા નથી થવાતું તો ડાયનિંગ ટેબલ પર બેસીને જમો. પણ ના... પેલા વૉટ્સઅપવાળા બાબાઓએ કીધું છે કે જમીન પર બેસીને જમવું એટલે આપણે એમ જ કરવાનું પછી ભલેને ઘૂંટણ ઘસાઈ જાય.' એકીશ્વાસે બોલાયેલા સીમાના શબ્દો એમને જરાય સ્પર્શ્યા વગર નીકળી ગયા એટલે કે એમણે એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખ્યા. સીમા બોલતી હતી ત્યારે પણ એમની નજર તો સામે ચાર્જિંગમાં ભરાવેલા ફોન તરફ જ હતી.

ક્યારે મોબાઈલ પકડે ને ક્યારે ફેસબુક ખોલે... વૉટ્સઅપ ખોલે... ઇન્સ્ટાગ્રામ ખોલે...

જ્યારથી રીટાયર થયા છે ત્યારથી આ એમનો રોજનો ક્રમ... સવારે આંખ ઊઘડે એટલે એક મિનિટની પણ રાહ જોયા વગર મોબાઈલ દર્શન કરી લેવાના. ઇન્ટરનેટ ઓન કરવાનું. લગ્નમાં ફેરા ફરતી વખતે જેમ વરરાજા પર ફૂલો વરસે એમ ઇન્ટરનેટ ઓન કરતાં જ લોકાના 'ગુડ મોર્નિંગ'થી લઈને સુવિચારો સાથેના મેસેજો વરસે. એક એક મેસેજ કોણે મોકલ્યો એ જોવાનું અને એમને સામે વિશ પણ કરવાનું. વૉટ્સએપ પર જેટલા લોકો છે બધાને એક સુવિચારની ઇમેજ ફોરવર્ડ કરવાની - આ થઈ ગઈ એમની માળા. દર્શન કર્યા પછી માળા ફેરવવી પડેને? તો આ માળા ફેરવી લેવાની - એમાં અડધો-એક કલાક નીકળી જાય. ઘરમાં મયંક, સીમા અને સમય બધાં નાહીધોઈને કામે વળગી જાય અને સીમાના ત્રણ ચાર ઘાંટા સંભળાય પછી જ એ સોફા પરથી મોબાઈલ મેલીને માંડ ઊભા થાય.

પોતાનો નિત્યક્રમ પત્યો નહિ કે ફરી પાછા મોબાઈલ લઈને સોફે બેસી જવાનું. ઠેઠ બપોરે જમવાના સમયે ઊભા થવાનું. જમી કરીને મોબાઈલ મચેડતાં મચેડતાં ઊંઘ આવે એટલે મોબાઈલને ચાર્જિંગ પર મૂકીને જ સૂઈ જવાનું એટલે ઊઠતાવેંત મોબાઈલની બેટરી ફૂલ મળે! ફરી પાંચેક વાગે ઊઠીને ચા પીતાં પીતાં મોબાઈલ જોતા જવાનું તે છેક રાતે જમવાનો સમય થાય ત્યાં સુધી...

એકેય ઘડી હાથમાંથી મોબાઈલ છૂટતો નહિ જાણે મોબાઈલ હાથમાં

ચીપકી ના ગયો હોય!

સાંજે આઠ વાગે જમી લેવાનું. મયંક ઓફિસેથી આવે કે ન આવે, સમય ટ્યુશનથી આવે કે ન આવે... કોઈની રાહ જોયા વગર જમી લેવાનું!

અને એય પછી તો મોબાઈલ લઈને સોફા પર ગોઠવાઈ જવાનું. કાનમાં ઈયરફોન ભરાવી દેવાના એટલે ઘરની મગજમારી સાંભળવી મટે અને સોશિયલ મીડિયા પર કોઈ વિડિયો કે ગીત આવે તો બરાબર સંભળાય. વચ્ચે એક બે વાર બાથરૂમ જવા ઊભા થવાનું બાકી મોબાઈલની સ્ક્રીન પરથી આંગળી અને નજર હટાવવાની નહિ.

...પણ થોડા સમયથી તેમના ચહેરા પર ઉદાસી તરવરવા લાગી છે. મોબાઈલ ફેરવતાં એમના ચહેરા પર જે ચમક રહેતી એ ઓસરવા લાગી છે. થોડીથોડી વારે મોબાઈલ બાજુમાં મૂકીને એ આંખ મીંચી દેતા. એમના હોઠ થોડા ફફડતા જાણે બંધ આંખે કોઈની સાથે વાત ન કરતા હોય! ચહેરાની કરચલીઓ ઘેરી બની જતી અને આંખોના ખૂણે ક્યાંય ભીનાશ જામી જતી.

પણ આ બધું કોની નજરે ચઢે? મયંક તો સવારે ઓફિસે જાય તો ઠેઠ સાંજે થાક્યોપાક્યો આવે... સમયને સ્કૂલ અને ટ્યુશન - ઘરે આવીને પાછું હોમવર્ક ...સીમાને આખો દિવસ ઘરનાં કામ અને સમય મળે તો સોસાયટીના મહિલામંડળની કોઈ એક મહિલાના ઘરે ગોસિપ માટેના ધામા... બધું એક ઘરેડમાં ચાલતું. રોજિંદા કાર્યક્રમમાં સહેજ પણ ફેરફાર થતો નહિ.

મોબાઈલ લઈને સોફા સુધી જતા તો વસંતભાઈ થાકી ગયા, હાંફતાં હાંફતાં સોફા પર બેઠા. થોડીવાર આંખો મીંચી અને શ્વાસ હેઠો બેઠો એટલે ફરી પાછો મોબાઈલ પકડ્યો. વૉટ્સએપ પર આવેલા ગ્રુપ મેસેજ વાંચવા લાગ્યા. બે ત્રણ ટુચકાઓ વાંચ્યા પણ એમને હસવું આવ્યું નહિ, છતાંયે હસવાના બે ત્રણ સ્માઈલી મૂકીને જવા દીધા. થોડા સમાચાર પણ ઉપરછલ્લા વાંચ્યા અને આંખો દુખી આવી. એમણે ફરી આંખો મીંચી દીધી. થાકના લીધે આંખોમાંથી થોડું પાણી વહી ગયું. એવામાં દરવાજો ખખડ્યો એટલે એમની આંખો ઊઘડી. સમયે આવીને દરવાજો ખોલ્યો. મયંક હતો - ફોન પર વાત કરતાં કરતાં એ ઘરમાં આવી ગયો. એક અછડતી નજર પણ એણે ફેરવી નહિ - જાણે રૂમમાં કોઈ હોય જ નહિ એમ! સમય પણ દરવાજો બંધ કરીને પાછો બેડરૂમમાં દોડી ગયો. વસંતભાઈ બંધ દરવાજાને તાકી રહ્યા જાણે ફરી પાછો દરવાજો ખુલશે અને સુમી આવીને એમની બાજુમાં બેસસે...

'જો સુમી, આ ફેસબુક - આ ખોલો એટલે જાણે આખી દુનિયા તમારી સામે ખૂલી જાય. આપણાં બધાં સગાંઓ છે ફેસબુક પર અને બધાં રોજેરોજ ફોટાઓ મૂકતાં જાય. આપણને ગમે તો

આ લાઈક કરવાનું. હું તો બધાંના ફોટાને લાઈક કરું; ગમે કે ના ગમે. બાપડો રાજી થાય અને આ કમેન્ટ - એના ફોટા પર જે લખવું હોય એ લખવાનું...'

આવું સુમીને કેટલીયે વાર બતાવેલું પણ એને મોબાઈલની દુનિયામાં રસ જાગ્યો નહિ.

રીટાયર થયા પછી એમણે વિચારેલું કે હું અને સુમી જઈશું કોઈ લાંબી જાત્રાએ... પણ રીટાયર થયાના છ મહિનામાં જ સુમી બીમાર પડી અને એકલી જ લાંબી જાત્રાએ ઊપડી ગઈ.

એમણે વિચાર ખંખેરી ફરી મોબાઈલ પકડ્યો અને ફેસબુક ખોલ્યું. એક પછી એક હસતા ચહેરાઓ એમના ફેસબુકની સ્ક્રીન પરથી પસાર થતા રહ્યા.

જયેશભાઈનો એમની પત્ની સાથેનો કાશ્મીરનો ફોટો હતો. બરફની સફેદ ચાદરમાં તેઓ બરફ પકડીને ઊભાં હતાં. બંનેના ચહેરા પર ખુશાલી છવાયેલી હતી.

'બધો દેખાડો છે.' એમનાથી બોલાઈ ગયું, 'આખી જિંદગી મારપીટ કરી છે, ગાળો આપી છે એકબીજાંને અને હવે જુઓ.' એમના ચહેરા પર અદેખાઈનો એક લિસોટો આવી ગયો. લાઈક કરીને આગળના ફોટો જોવા લાગ્યા.

રમેશભાઈના સહપરિવારનો ફોટો હતો. એમના દીકરાનાં લગ્ન હતાં આજે. કોઈ પાર્ટી પ્લોટમાં લગ્ન રાખેલાં પણ પોતાને બોલાવેલા નહિ, એટલે ચીડાઈને તેઓ બોલી ઊઠ્યા: 'ખાવાનાં ફાંફાં હતાં. બેવાર તો મેં ઉછીના પૈસા આપેલા અને પછી શું નસીબ ફર્યું કે સાલો માલામાલ થઈ ગયો... જો તો છોકરાનાં લગ્નમાં બોલાવ્યા પણ નહિ, એટલું તો શું અભિમાન...' એમના મોઢા પર ગુસ્સા સાથે અણગમો ફેલાઈ ગયો.

એમને અમસ્તો જ એક વિચાર આવી ગયો કે એમની પાસે એમના આખા પરિવારનો કોઈ ફોટો છે? મયંકનાં લગ્ન વખતે તો એક પળનીયે નિરાંત નહોતી. પોતે આખાં લગ્નમાં વ્યવસ્થા જોવામાં જ ગૂંથાયેલા હતા અને લગ્નમાં ભાગ્યે જ એક બે ફોટા હતા... આખા પરિવાર સાથે તો એકપણ ફોટો નહોતો.

એમની નજર સામે દીવાલ પર ટિંગાયેલા સુમીના ફોટો પર પડી. સુમી સાથે છેલ્લે ફોટો ક્યારે પાડેલો? એ વિચારતા રહ્યા... યાદ આવતું નહોતું. આમેય હવે બહુ યાદ રહેતું નથી ખબર નહિ કેમ. અમદાવાદ... પુણે... કે પછી ...ના, ના કોઈ એવો ફોટો યાદ નથી આવતો. એવો કોઈ ફોટો પણ નથી પાસે. સુમી આમ પણ ફોટો ન પડાવતી અને પોતાને પણ બહુ શોખ નહોતો... ફોટો હોત તો ફેસબુક પર મૂકીને હુંયે લાઈક ઉઘરાવત - એમણે વિચાર્યું અને પાછા મોબાઈલમાં ખોવાણા.

સમય આવીને પોતાના કબાટમાં કંઈક ફંફોસી રહ્યો હતો. એમની નજર

પડી પણ એમણે ગણકાર્યું નહિ. એણે કબાટમાંથી ગિફ્ટ કાઢી અને પછી પોતાના ટીશર્ટમાં છુપાડી બેડરૂમમાં દોડ્યો એટલે વસંતભાઈએ એને રોક્યો.

'આ શું સંતાડીને જાય છે?'

'દાદુ, આ પપ્પાનું બર્થડે ગિફ્ટ છે. અમે બેડરૂમમાં કેક કટ કરીએ છીએ. તમારે ખાવી છે કેક?' એ ઉત્સાહથી ધીમે અવાજે બોલી રહ્યો હતો.

'ના રે ના ....મારે નથી ખાવી કેકબેક. જા તું તારે ખા.' એમણે છણકો કરી સમયને ભગાડી મૂક્યો.

'આજે મયંકનો બર્થડે છે? હું તો સાવ ભૂલી જ ગયો. આ મારા રોયા ફેસબુકે પણ યાદ ના દેવડાવ્યું.....' એ બબડ્યા

એમણે ઊભા થઈને કબાટના ખાનામાંથી ઘૂંટણે ઘસવાનું તેલ અને માથે ઘસવાનો બામ કાઢ્યો. માથું સખત દુખતું હતું. બેચાર દિવસથી રોજ રાતે માથું દુખે છે. બ્લડપ્રેશરની ગોળી તો રોજ ખાય છે પણ તોયે દસેક વાગે માથું દુખવાનું ચાલુ થઈ જાય...

બામ ઘસી એ પાછા સોફા પર બેઠા અને મોબાઈલ હાથમાં લીધો....

ફેસબુક પર મયંક, સીમા અને સમયનો કેક સાથે - બેડરૂમ સજાવેલા ફોટા હતા. એમણે એક એક ફોટા ધ્યાનથી જોયા. સીમાએ ગાઉન પહેર્યું હતું, એ જોઈને એમના ચહેરા પર વિચિત્ર ભાવ આવ્યા. ગુસ્સો તો આવ્યો જ પણ સંભળાવી દેવાની ઇચ્છા થઈ આવી - આ કોઈ રીત છે કપડાં પહેરવાની. એના કરતાં તો ન પહેરતા હોય એ સારું... પાછા ફોટા ફેસબુક પર મૂક્યા છે એટલે આખું ગામ જુએ અને ઇજ્જત જાય એ વધારાનું.

સામે ટિંગાયેલા સુમીના ફોટોને જોતાં એ આવું બોલ્યા, 'અત્યારે તું હોત તો આને સીધીદોર કરી દીધી હોત. તારા ગયા પછી તો મારું કોઈ સાંભળતું જ નથી. હવે તો મેં પણ છોડી દીધી છે બધી લપ્પનછપ્પન.' એમણે મોઢું બગાડ્યું.

એટલામાં સમય કેક લઈને આવ્યો. 'દાદુ...આ લો કેક. મમ્મીએ ક્રીમ કાઢીને આપી છે. તમને ક્રીમ નથી ભાવતી ને.' એ ડીશ સોફા પર મૂકીને જતો રહ્યો.

એમને કેક ખાવાની ઇચ્છા થઈ નહિ એટલે ડિશને બાજુના ટેબલ પર મૂકી દીધી.

ફેસબુક જોતાં એમની નજર દીપકભાઈના ફોટા પર પડી - પોતાના પૌત્ર સાથેનો એમનો હસતો ફોટો હતો. સ્કૂલના કોઈ ફંક્શનનો ફોટો હતો. છેલ્લાં દસેક વરસથી રીટાયર થયેલા દીપકભાઈ રોજ એમના એકાદબે ફોટા અચૂક મૂકતા...

એમને યાદ આવ્યું કે આજે સમયની સ્કૂલમાં પણ એમને બોલાવેલા - દાદા અને દાદી સાથેનું કોઈ ફંક્શન હતું. સમયે ખૂબ જીદ કરેલી કે તમારે આવવું જ પડશે. એના બધા જ ફ્રેન્ડનાં

દાદા- દાદી આવવાનાં હતાં પણ પોતે ટસના મસ ન થયા. 'મને એવાં બધાં ફંક્શન ગમતાં નથી, મારે નથી આવવું જા' ...પછી તો કમર દુખવાનાં, સાંધા દુખવાનાં, પગ દુખવાનાં ન જાણે કેટલાંય બહાનાં કર્યાં અને છેવટે ન જ ગયા.

પોતે આજે ગયા હોત તો એમનો પણ સમય સાથે આવો જ કોઈક ફોટો હોત. એમને થોડું લાગી આવ્યું.

બાર વાગી ચૂક્યા હતા. પણ એમને કેમે કરીને ઊંઘ આવતી નહોતી...

એ ફેસબુક પર ફોટા જોતા રહ્યા અને એક ફોટો એમની આંખ સામે આવતાં એમના હાથ થંભી ગયા. લાલચોળ થયેલી આંખોમાં પાણી ધસી આવ્યું.

મનહરનો ફોટો હતો.

એના દીકરાએ મૂક્યો હતો. લખ્યું હતું - 'પપ્પા, આજે તમને ગયાને એક વરસ વીતી ગયું. અમે તમને બહુ જ યાદ કરીએ છીએ. પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.'

આટલું વાંચીને ફરી એમના ચહેરા પર ક્રોધની રેખાઓએ દેખા દીધી. 'જુઠ્ઠો છે સાવ હરામી. એને તો શાંતિ થઈ મનહરના મર્યાથી. જો કેવો દેખાડો કરતો ફરે છે ફેસબુક પર (ગાળ).'

પછી ઇંગ્લિશમાં રેસ્ટ ઈન પીસ (RIP) લખ્યું.

સુમીના ગયા પછી મનહર - એમનો ખાસ દોસ્ત પણ છ મહિના પછી ગુજરી ગયેલો...ગુજરી ગયેલો કે પછી....એ વિચારતા રહ્યા.

મનહર પણ રીટાયર હતો અને અહીં બાજુની વિંગમાં જ એકલો રહેતો હતો. એનો દીકરો અને વહુ બેંગ્લોર હતાં જોબ માટે... મનહર પણ ગયેલો પણ બે મહિનામાં જ દુખી ચહેરે પાછો આવી ગયેલો. પછી ક્યારેય બેંગ્લોર ગયો નહોતો, કહેતો, 'આખી જિંદગી અહીંયાં જ વિતાવી, હવે ઘરડે ઘડપણે શું બીજે વસવાટ કરવાનો? મને ન ગમ્યું બેંગ્લોર!'

એ રોજ સવારે ૬ વાગે બિલ્ડિંગ નીચે આવી જતો અને વસંતને ફોન કરી જોગિંગ માટે ઘસડી જતો. વસંતને આમ તો જોગિંગ ગમતી નહિ પણ મનહર જોડે ટાઈમપાસ કરવા મળે અને જ્યુસ પણ પીવા મળે એટલે જતા... મનહરની જોડે થોડી કસરત અને યોગા પણ કરતા. મંદિરમહાદેવ આમ તો એમણે કરેલાં નહિ પણ મનહર એમને મંદિરે પણ ઘસડી જતો. મનહર ત્યાં ધ્યાન કરતો, મંત્રો બોલતો, મહાદેવને દૂધ ચઢાવતો અને થાય એટલો ટાઈમપાસ કરતો. ઘણીવાર તો વસંત એના પર ભડકી જતો, પણ મનહર સાથે એમને ખૂબ જામતું.

મનહરને રખડવું બહુ ગમતું એટલે એને જ્યાં પણ જવું હોય ત્યાં વસંતનો સહારો...પૈસા તો હતા એની પાસે પણ છેલ્લે છેલ્લે ખૂબ ઉદાસ રહેતો. એની ઉંમર સમય કરતાં ઝડપથી વધતી

ગયેલી અને એનું શરીર સમયની થપાટે નબળું પડી ગયેલું.

એની અંદર એકલતાની ઘેઘૂરતા વ્યાપી ગયેલી. પીડાના ઘેરા રંગના ધબ્બા એના માંહ્યલાની દીવાલો પર દેખાતા હતા. લાકડાના સડી ગયેલા કબાટ જેવું એની શરીર ધીરેધીરે ખવાતું ગયું. એમાં પડેલી બેચેનીની ઉધઈ એને પોકળ બનાવતી જતી હતી. એવામાં એકવાર એણે કહેલું : 'જો વસંત, હમણાં જ દવાખાનેથી આવ્યો. ડોક્ટરે ઊંઘની ગોળી આપી કીધું કે જમીને લઈ લેવાની એટલે એકાદ કલાકમાં ઊંઘ આવી જશે.'

'કેમ ઊંઘની ગોળી?' વસંતે પૂછેલું

'તને કીધું તો હતું. આજકાલ ઊંઘ નથી આવતી. ત્રણ ત્રણ વાગ્યા સુધી પડખાં ફેરવ્યાં કરું છું. અને મને તારી જેમ મોબાઈલ જોવાની આદત નથી એટલે થયું આજે દવા લેતો આવું....' એનો પીડામઢ્યો અવાજ આજે પણ વસંતના કાનમાં ઘુમરાઈ વળ્યો...

પછી તો એ રોજ દવા લેતો...

અને એક દિવસ એ આખા પેકેટની ગોળીઓ એકસાથે ખાઈ ગયો.

એની ચિરનિંદ્રાને આજે એક વરસ થયું.

વસંતભાઈની આંખોના ખૂણેથી આંસુની ધાર કાન પાછળ જઈને ઓશિકામાં સમાઈ ગઈ.

પથારીમાં પડ્યાં પડ્યાં એની આંખો સામેથી મનહર સાથેની કેટલીય યાદો ટ્રેનની બારીમાંથી પાછળ સરી જતાં દશ્યોની માફક પસાર થઈ ગઈ.

હવે એની આંખો સામે કાં તો સુમીનો ફોટો હતો કાં તો મનહરનો...

એમણે એકઝાટકે મનહરનો ફોટો ફેરવી નાખ્યો ફેસબુક પરથી.

બીજા ઘણા ચહેરાઓ ફેસબુક પર દેખાવા લાગ્યા - હસતા, મસ્તી કરતા, આનંદ કરતા, પિકનિક કરતા, રોમેન્સ કરતા...

એકપણ ફોટો આંખમાં આંસુ સાથેનો નથી કોઈનો! - એમને વિચાર આવ્યો.

એમણે ફ્રન્ટ કેમેરા ઓન કર્યો અને પોતાનો આંસુવાળો રોતલ ચહેરાનો ફોટો પાડ્યો. પછી પોતાના ફોટાને જોતાં જ એમને થયું કે કેવો વરવો લાગે છે આ ફોટો.... આવા ફોટાને તો હુંયે લાઈક ન કરું તો બીજા તો શું કરશે એ વિચારી એમણે ફોટો ડીલીટ કરી નાખ્યો.

આંખોમાં લાલ શેરો ઊપસી આવેલી અને આંખોની ધાર સૂજી ગયેલી છતાંયે એમને ઊંઘ નહોતી આવતી. ઘડિયાળમાં ત્રણ વાગેલા, માથું પણ સખત દુખતું હતું. હવે જબરદસ્તીથી ઊંઘવું પડશે એમ વિચારી એમણે પાણીનો ગ્લાસ ભર્યો અને કબાટમાંથી આજે જ લાવેલી ઊંઘની એક ગોળી ખાધી. હવે ઊંઘ આવશે - એમ વિચારી મોબાઈલ એમ જ ચાલુ રાખી એ સોફા પર આંખ બંધ કરી પડ્યા.

❑❑❑

[પૃ. ૪૬થી ચાલુ]

પ્ર.: અનુવાદને તમે કઈ રીતે જુઓ છો?

ઉ.: અનુવાદ મારો સ્વધર્મ છે, એમાં અનુસર્જનની મજા છે. મને ઘણા કહે છે, ''તમે આ અનુવાદમાં ક્યાં પડ્યાં? તમારું પોતાનું લખોને!'' મારો જવાબ હોય, ''મારાં પોતાનાં લખાણ કરતાં પણ ઉચ્ચ કોટિનું લખાણ મરાઠી ભાષામાં છે, તો હું એ જ કેમ ન પીરસું?''

અનુવાદ સતત મારા ગૌણત્વનું મને ભાન કરાવે છે કે, ''આની લખનાર તું નથી, કોક બીજું છે. તું તો એને અહીંથી ત્યાં લઈ જનાર નિમિત્ત માત્ર છે.'' અમસ્તાય, આપણે ક્યાં કંઈ કરીએ છીએ? ઉપરવાળો જ કરાવનારો છે ને?

પ્ર.: આમ તો તમે અનેક અનુવાદો કર્યા છે પણ જેમાં સૌથી વધુ મજા પડી હોય એ કયો અનુવાદ? અને સૌથી વધુ શ્રમ પડ્યો હોય એ કયો અનુવાદ?

ઉ.: બેશક, પુ.લ.ના અનુવાદોમાં જેટલી મજા આવી એટલો જ શ્રમ મને પડ્યો. પુ.લ.ના અનુવાદો હાસ્યના હતા. હાસ્ય અને કવિતા - એ બન્નેને પોતાની ભાષામાં ઉતારવાં બહુ જ કષ્ટદાયક છે પણ વેણ ઊપડ્યા વગર પ્રસૂતિનો આનંદ ક્યાં? હા, શ્રમ પડે, હાંફ ચડે પણ કંટાળો ક્યારેય ન આવે.

શરીફા: તમે વર્ષો સુધી અંધશાળાનાં બાળકો સાથે કામ કર્યું છે, એની થોડી વાતો કરશો?

ઉ.: અમદાવાદની અંધજન શાળા એ તો મારું 'સત્સંગ કેન્દ્ર' હતું (નવનીત સમપર્ણમાં મારો આ નામે એક લેખ આવી ગયેલો). લગ્નનાં ૨૦ વર્ષો પછી જ મારો સુવર્ણયોગ શરૂ થયો. લખવાની, અનુવાદ કરવાની અને અંધ બાળકોનો સત્સંગ કરવાની તક પ્રાપ્ત થઈ. સંસારમાંથી પરવારીને મને થતું હતું કે 'સેવાભાવે કંઈ કરવું છે.' તો અમારા મિત્ર ડૉ. વિપિન નાયક મને 'અંધજન મંડળ'માં લઈ ગયા, ત્યારે શાળામાં ૧૨મા ધોરણ માટે સંસ્કૃત શિક્ષકની જરૂર હતી, ને હું જવા માંડી 'રીડર' તરીકે, નહીં કે નિમાયેલા શિક્ષક તરીકે. પછી ૧૦મા-૧૨માના વિદ્યાર્થીઓએ અંગ્રેજી વિષયની માંગ મૂકી તો હું એ પણ ભણાવવા માંડી. રોજ સવારે ૮-૦૦ વાગ્યે 'ઘરેથી એમનું' બધું ગોઠવીને નીકળું અને ૧૧-૩૦ સુધીમાં પાછી. પછી હું આ બાળકોમાં ઊંડે ઊતરતી ગઈ. એકલું ભણાવવાનું ન રહેતાં, તેમને અન્ય 'રીડર્સ' લાવી આપવા, તેમના માટે આખા અભ્યાસક્રમનું રેકૉર્ડિંગ કરવું-કરાવવું, તે માટે ટેપરેકૉર્ડર વસાવવાં, વિદ્યાર્થીઓને પણ ટેપરેકૉર્ડર લાવી આપવાં, તે માટે પણ ફંડ ભેગું કરવું વગેરે. અમારી એક રેકૉર્ડિંગ મંડળી હતી. હું દરેક બહેનને એક ટેપરેકૉર્ડર આપું ને થોડી કેસેટ, સાથે રેકૉર્ડિંગ



અંધજનો શાળામાં અરુણાબહેન

કેમ કરવું તેની સૂચનાઓ. કૉલેજના અંધ વિદ્યાર્થીઓને તો ભારે તકલીફ, અંધશાળાની જેમ અંધ-કૉલેજ થોડી હોય? તેમના કામ પર હું વધુ ધ્યાન રાખું. ઉપરાંત આખા વર્ષ દરમ્યાનની તેમની અંગત જરૂરિયાતો પણ પૂરી પાડવામાં મદદરૂપ થવાનો પ્રયત્ન થતો, 'ઘરેથી એમનો' બધી વાતે પૂરો સહકાર. વળી, આ બાળકોને પરીક્ષા વખતે જોઈતી ચીજવસ્તુ લાવી આપીએ. તેમને માટે પરીક્ષા વખતે ખાસ Best of Luckનો કાર્યક્રમ રાખીએ, રક્ષાબંધનનો પણ. એમનામાંથી બિચારાપણું કાઢવાનો એક પ્રયાસ. મારી જિંદગીનાં ઉત્તમ ૧૧ વર્ષો આ 'સત્સંગ કેન્દ્ર'માં પસાર થયાં.

પ્ર.: તમે છેલ્લાં થોડાંક વર્ષોથી સાવ જુદા જ માર્ગે ફંટાઈ ગયાં, કેમ?

ઉ.: આમ તો પહેલેથી જ અમે 'લાઇફ મિશન' નામની આધ્યાત્મિક સંસ્થામાં જોડાયેલાં પણ સાલ ૨૦૧૪માં 'ઘરેથી એમના' ગયા પછી હું એમાં સક્રિયપણે જોડાઈ ગઈ. યોગાચાર્ય સ્વામી રાજર્ષિ મુનિ આ સંસ્થાના સંસ્થાપક, અમારા બન્નેના દીક્ષાગુરુ. અમો બન્નેએ આ બાબતે પણ પહેલેથી વિચારી રાખેલું.

પ્ર.: તમારા પ્રસન્ન દાંપત્યના સાક્ષી થનારા અમે એમ માનતા હતા કે સાહેબના જવાને કારણે તમે રસ્તો બદલ્યો પણ લાગે છે કે એવું નથી,

છતાંયે એક પ્રશ્ન થાય કે ૨૧ વર્ષ મોટી વ્યક્તિ સાથે પરણતી વખતે પાછલી ઉંમરે એકલી પડીશ એવું ક્યારેય મનમાં આવ્યું હતું ખરું?

ઉ.: ના, ક્યારેય નહીં. મને ભગવાન પર બહુ ભરોસો. એ જ જોશે બધું. એણે જોયું પણ ખરું. પ્રસન્ન દાંપત્યની એક વાત કરું: અમો મરાઠીઓને પારિજાત બહુ વહાલું. દરેકના આંગણામાં હોય, દર બીજા ઘરે દીકરીનું નામ प्राजक्ता હોય. મરાઠી ગૃહિણીઓની એક મોટી હોંશ એ કે : પારિજાતની નીચે સદ્યસ્નાતા ઊભાં રહેવું અને ઉપરથી પતિદેવ એને હલાવીને અમારા પર પુષ્પવૃષ્ટિ કરે. દર વર્ષે અચૂક એ યાદ કરાવે : ચાલો, આપણે પેલું કરવાનું છે ને? ઊભાં રહી જાઓ, નીચે.

પ્ર.: સાહેબ જેવા 'પારકી છઠ્ઠીના જાગતલ', અતિ સંવેદનશીલ માણસ (પોલીસ ખાતામાં ભાગ્યે જ જોવા મળે.) એમણેય આ વિશે વિચાર્યું હશેને?

ઉ.: તમે જ એમનું પુસ્તક 'હૈયું, કટારી ને હાથ' વાંચીને કહેલું ને, पोलीसानां अहं जुवानसिंह। સંવેદનશીલની સાથે વ્યવહારુ પણ એટલા જ. ખૂબ દૂરંદેશી, પ્લાનિંગના માણસ. એમના ગયા પછી મને કોઈ બાબતે કોઈ તકલીફ ન પડે એનું એમણે સતત ધ્યાન રાખ્યું. એ બધું તો બહુ લાંબું થાય પણ શરીફાબહેન, ભાગ્યે જ કોઈ પતિએ પાછળ રહેનારી પોતાની એકલી પત્ની માટે આટલો ઊંડો વિચાર કર્યો હોય. અમારા ફ્લેટમાં અમને લગભગ ૩૦ વર્ષ ઉપર થઈ ગયાં હતાં, ઘર હવે કંઈક સમારકામ તો માગેને? પણ છેલ્લાં બેએક વર્ષોથી એમની માંદગી દરમ્યાન મને એવાં જરૂરી કોઈ કામ ઘરમાં કરવા જ ન દે. મને એમ કે હું આ કામમાં રોકાઈને એમની પાસે ઓછું બેસીશ એવો એમને ડર હશે. પણ પછી મને એક દિવસ કહ્યું, ''મારા ગયા પછી તમારું પહેલું વરસ બહુ કપરું જશે, ત્યારે તમે આ બધાં કામ એક પછી એક કરાવજો, તમારો સમય નીકળી જશે ને તમને મારો અહાંગરો નહીં લાગે.'' એમના ગયા પછી મારે સી.સી. ટી.વી. કેમેરા ક્યાં ક્યાં લગાડવા, સ્ક્રીન ક્યાં મૂકવી કે જેથી બધી બાજુએથી હું જોઈ શકું વગેરે એમની હાજરીમાં જ છેલ્લે મને બતાવતા ગયેલા. પહેલું જ વરસ નહીં બાકીનાં બધાં જ વર્ષો એમના વગર કપરાં જ રહેવાનાં, શ્વાસોચ્છવાસમાંનો એક શ્વાસ જતો રહ્યો ને બીજો સ્પેસમેકર પર મૂક્યો હોય તેમ ઉછીનું જીવન જીવે છે. પણ મારો ભગવાન મારાં આ કપરાં વર્ષોમાં મને સાચે રસ્તે દોરી જાય છે, ॐ नेयाय नमः।

પ્ર.: હવે તમારી સંસ્થા વિશે થોડું કહો, અહીં પણ તમે ઘણાં પુસ્તકો લખ્યાં છે, બેચારનાં નામ આપશો?

ઉ.: આ સંસ્થામાં હાલમાં હું ચાર

કામગીરી સંભાળું છું. એમાંની પહેલી છેઃ આ સંસ્થાના માસિક મુખપત્ર 'દિવ્ય સંસ્કૃતિ'નું સંપાદકપદ છેલ્લાં ૧૦ વર્ષોથી સંભાળું છું. બીજી એ કે છેલ્લાં ૬ વર્ષોથી સ્વામી રાજર્ષિ મુનિએ સ્થાપેલી, અમદાવાદ ખાતે એસ.જી. હાઈવે પર આવેલી 'લકુલીશ યોગ યુનિવર્સિટી'માં માનદ્ પ્રાધ્યાપક તરીકે કાર્યરત છું. ત્રીજી છે, આ સંસ્થાનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનાં, ચોથું છે સૌથી મોટું કામ આ સંસ્થાના ધ્યેયવાક્ય 'ભારતીય સંસ્કૃતિનું પુનરુત્થાન'ને ચરિતાર્થ કરવાના પ્રયત્નો કરવા; જેમાં હું ગામડેગામડે ભજનકીર્તનમંડળોમાં અને ખાસ તો શાળાકૉલેજોમાં જઈને બાળકોને સાવ રસાતળે જઈ રહેલી ભારતીય સંસ્કૃતિની યાદ અપાવીને, તેમને એના માટે ગૌરવ અનુભવતા કરવાનું કામ યથાશક્તિ કરું છું...

...આ યુનિવર્સિટી યોગાભ્યાસને વરેલી છે, અહીં સ્નાતક કક્ષાથી પીએચ.ડી. સુધીનું યોગશિક્ષણ આપવામાં આવે છે. અહીં બે પ્રવાહ છે : એક તો અષ્ટાંગ યોગ જેમાં ધો. ૧૨મું પાસ વિદ્યાર્થીઓ દાખલ થાય છે પણ બીજો પ્રવાહ न भूतो न भविष्यति એવો છે : કર્મ-જ્ઞાન-ભક્તિયોગપ્રવાહ! શરીફાબહેન! ખ્રિસ્તીઓ દેવળમાં પાદરી પાસે બાઈબલ, મુસ્લિમો મદરેસામાં કુરાન, પારસીઓ અગિયારીમાં અવેસ્તા, જૈનો અપાસરામાં આગમ ગ્રંથો ભણી લે છે પણ સનાતન હિંદુ ધર્મ કેટલાં મંદિરોમાં ભણવા મળે? રામાયણ, મહાભારત કે ભાગવત વિષે આપણે થોડુંઘણું જાણીએ પણ વેદ-ઉપનિષદ, ષડ્દર્શનો કે ભગવદ્-ગીતાનો કર્મયોગ-જ્ઞાનયોગ-ભક્તિયોગ કયાં મંદિરો ભણાવે? તે માટે સ્વામી રાજર્ષિ મુનિએ આ 'કર્મ-જ્ઞાન-ભક્તિયોગ' પ્રવાહનો પરિચય કરાવ્યો. જેમાં નાનામોટા તો ખરા પણ મોટી ઉંમરનામાં કલેક્ટર, ડૉક્ટર, એંજિનિયર, સેલટેક્સ અધિકારી જેવા રિટાયર્ડ અભ્યાસકો વધુ આવે છે. ભારતીય સંસ્કૃતિનો પાયો જેમને ખાસ જાણવો છે, આત્મોદ્ધાર (Go within) કરવો છે એવા જિજ્ઞાસુઓ આવે છે; ગૃહિણીઓ પણ છે, નોકરિયાત પણ છે. આ વિદ્યાર્થીઓ માટેનાં પાઠ્યપુસ્તકોમાં 'વાલ્મીકિ રામાયણ', 'મહાભારત', 'શ્રીમદ્ ભાગવત પુરાણ', 'વેદકથા', 'ઉપનિષદકથા' જેવાં સંસ્કૃત ગ્રથોનાં મારા સંક્ષિપ્ત અનુવાદો અમારી સંસ્થા તરફથી પ્રકાશિત થયા છે, એના અંગ્રેજી અનુવાદો અમારા આશ્રમમાં શિયાળે આવતા વિદેશી વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે. ઉપરાંત 'જીવન અને મૃત્યુની સંકલ્પના', 'પ્રાચીન ભારતીય ઇતિહાસ', 'પ્રા. ભારતીય સંસ્કૃતિ' વગેરે મળીને ૨૦ જેટલાં પાઠ્યપુસ્તકો પણ તૈયાર કર્યાં છે. મારું લખવાનું છૂટ્યું નથી પણ દિશા બદલાઈ છે. હવે બહાર નહીં અંદર ફરવાનું મન થાય છે. અત્યારે મારું કેન્દ્ર છે : મારા વિદ્યાર્થીઓ, મારાથીયે મોટા

એવા વિદ્યાર્થીઓ માટે પણ હું 'બા' છું. આ સંસ્થામાં મારી પદવી આચાર્યાની છે; ગુરુજીએ મને આધ્યાત્મિક નામ આપ્યું છે : 'આ. વિદુષીમા', અહીં અરુણા જાડેજાને કોઈ ન ઓળખે.

પ્ર.: તમે ૬૦ વર્ષ પછી પીએચ.ડી. કર્યું, તમારા વિષય અને અનુભવ વિશે કહેશો?

ઉ.: યુનિવર્સિટી કક્ષાએ ભણાવો એટલે પીએચ.ડી.તો આવ્યું જ; શરીફાબહેન, એક વાત કહું. અમારે ત્યાં આ પ્રવાહમાં ભણાવતા બધા જ અધ્યાપકો માનદ્ છે, સેવા આપે છે. મેં ૬૮માં વર્ષે 'ભક્તિયોગ' વિષયમાં મહાનિબંધ લખ્યો, ''નરસિંહ મહેતા અને તુકારામની ભક્તિબોધ કવિતા : એક અધ્યયન.'' મને એમનાં પદોમાંના અધ્યાત્મતત્ત્વમાં રસ પડ્યો, એમનું સાહિત્ય તો હું ભણી ચૂકી હતી. નરસિંહના ''જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ, તુરિયા, ઉન્મનીએ તાળી લાગી રે.'' કે તુકારામના ''माझे मरण मी पाहिले, मी च मज व्यायलो। મારું મરણ મેં દીઠું રે, હું જ મને જન્મ્યો રે.''ની યોગાનુભૂતિ વિશે મારે જાણવું હતું.

પ્ર.: સાહિત્ય અને રસોઈ સિવાયના તમારા બીજા શોખ કયા?

ઉ.: મને બધું જ ગમે પણ ખાસ તો બાગકામ બહુ વહાલું. અમારા આંગણાને ઉછેરવું અમને બન્ને માણસને બહુ ગમે. એ તો કચ્છી ખેડુમાડુ, આ બાબતે ગમગત ભારે. એમનો પાસ મને લાગ્યો. શાસ્ત્રીય સંગીત પણ ગમે, સાંભળવું; કાનસેન. પલુસ્કરથી માંડીને કૌશિકી સુધીના બધાંને સાંભળવા ગમે. રેડિયો પર વિવિધભારતી આખો દિવસ ચાલુ હોય.

પ્ર.: કોઈ પણ ઉંમરે કશું પણ શીખી શકાય એ તમે પુરવાર કર્યું છે, એવું કશું છે જે શીખવાનું મન હોય ને ન થઈ શક્યું હોય?

ઉ.: 'લાઇફ મિશન' સંસ્થામાં જોડાતા પહેલાં બે ઇચ્છા હતી : એક તો મરાઠીની સાખપડોશીભાષા 'કોંકણી' અને બીજું એક કચ્છી સાથે પરણીને 'કચ્છી' - એમ આ બે ભાષા શીખવાની હોંશ હતી. પણ હવે એ પણ રહી નથી.

'કોઈ પણ ઉંમરે કશું પણ શીખી શકાય' એટલું જ નહીં 'કોઈ પણ ઉંમરે ગમે તેટલા મોટાને પ્રેમ પણ કરી શકાય.' એ પણ પુરવાર કર્યું છે હું કે.

*

અમારી મરાઠી ધાર્મિક વ્રતકથાઓમાં છેલ્લે એક વાક્ય અચૂક આવે : ''ही साठा उत्तराची कहाणी पाचा उत्तरी सुफळ, संपूर्ण। આ સાઠ વાક્યોની કથા પાંચ વાક્યોમાં સફળ-સંપૂર્ણ થઈ. (થોડામાં ઘણું.)'' આ જ અવતરણ સુનીતાતાઈ દેશપાંડેએ તેમની '...મનોહર છે તો પણ' સંસ્મરણકથામાં પાછલા ટાઈટલ પેજ પર મૂક્યું છે પણ જુદી રીતે.

❑❑❑

'અમારો અતીતનો પ્રવાસ' એક નોંધ

☐ વીરચંદ ધરમશી, હેમન્ત દવે

માર્ચ ૨૦૨૧ના *નવનીત સમર્પણ*માં 'અમારો અતીતનો પ્રવાસ' નામે પૂર્વી મોદી મલકાણનો લેખ પ્રકાશિત થયો છે તેમાં જે વાચકો લાહોરના કનિંઘમ સંગ્રાહલયમાં જઈ શકવાના નથી - અને આ લખનાર સમેત મોટા ભાગના વાચકો એવા હોવાના - એમની માટે તસવીરોના રૂપમાં ઉપયોગી સામગ્રી મુકાઈ છે. પણ સાથે જ એમાં કેટલાક ચિંત્ય મુદ્દાઓ છે. એ તમામ વિશે તો આ નાની નોંધમાં ચર્ચા કરવી શક્ય નથી (જેમ કે, હડપ્પીય લિપિ વિશે 'જોઈએ તેવું સંશોધન' થયું નથી એમ લેખક જે કહે છે તે બરાબર નથી, 'આ નદી જે પ્રદેશમાંથી વચ્ચેથી વહેતી હતી તે પ્રદેશ સિંધ પ્રાંત ગણાયો' એ વિધાન શિથિલ છે, સિંધ/હિંદ એવા ઉચ્ચારણની એમણે કરેલી ચર્ચા ત્રુટિયુક્ત છે), પણ એમાંનાં જે વિધાનો વાચકને ગેરમાર્ગે દોરે તેવાં છે તેની અછડતી નોંધ અહીં લેવાનો ઉપક્રમ છે.

પહેલું તો સંસ્કૃતિનું નામકરણ. લેખકે સિંધ સંસ્કૃતિ એવું લખ્યું છે તે કદાચ એ મ્યુઝિયમમાં લખેલા નામ Indus Civilisation ઉપરથી કરેલો અનુવાદ લાગે છે પણ એ બરાબર નથી. જે સ્થળેથી સંસ્કૃતિના પુરાવા પહેલી વાર મળે તે ઉપરથી એનું નામ પાડવાનો રિવાજ પુરાતત્ત્વમાં છે. એ રીતે એના પ્રથમ અવશેષ હડપ્પામાંથી મળ્યા માટે હડપ્પીય સભ્યતા એમ નામ હોય. પણ ગુજરાતીમાં સામાન્ય રીતે એ સિંધુ સભ્યતા તરીકે ઓળખાવાય છે.

લેખક લખે છે તેમ રાવી સંસ્કૃતિ અને સિંધ સંસ્કૃતિ એ પાકિસ્તાનની સંસ્કૃતિના બે ભાગ નથી. રાવી સંસ્કૃતિ અથવા તો રાવી સ્તબક (અં. રાવી ફેઝ) એ હડપ્પા ખાતે જ થયેલા ઉત્ખન્નમાંથી મળી આવેલો હડપ્પીય સભ્યતાની સીધી પૂર્વજ સંસ્કૃતિનો ગાળો છે અને એનો સમય ઈ.પૂ. ૩૩૦૦થી ઈ.પૂ. ૨૮૦૦નો છે.

તો ઈન્ડસ શબ્દ ઇન્દ્રરાજા ઉપરથી આવ્યો હોવાનું લેખક લખે છે પણ એ બન્ને શબ્દોને સ્નાનસૂતકનો પણ સંબંધ નથી. મૂળ સિંધુ શબ્દ એની ઉપરથી સિંધ. વૈદિક/સંસ્કૃત 'સ્' જૂની ફારસીમાં 'હ્' તરીકે જોવા મળે છે, જેમ કે સં. 'સહસ્ર'/ફા. 'હજાર'; 'મહિનો' માટેના શબ્દ સં. 'માસ'/ફા. 'માહ'; સં. 'સપ્ત'/ફા. 'હફ્ત' (સર. 'સપ્તાહ', 'હપ્તો'), વગેરે. આયોનિયન ગ્રીકમાં પ્રારંભિક 'હ્'નો લોપ થવાથી 'ઇન્દોસ' (ઇન્ડસ એ તો અંગ્રેજી ઉચ્ચાર) એમ રૂપ, જે પછી ગ્રીક અને લેટિન મારફતે યુરોપની ભાષાઓમાં જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે.

લેખક આગળ લખે છે કે, કનિંગ્હમે 'ચાર્લ્સ' મેસેનની નોંધને ધ્યાનમાં રાખી હરપ્પામાંથી જે સંસ્કૃતિ શોધી તેવી જ અન્ય સંસ્કૃતિના અવશેષો મોહેં-જો-દારો, લોથલ અને ધોળાવીરામાંથી શોધી કાઢ્યા.' પહેલી વાત એ કે કનિંગ્હમે આ સભ્યતા શોધી જ નહોતી. એમને હડપ્પામાંથી એક મહોર મળેલી પણ એનું મહત્ત્વ તેઓ પિછાની શક્યા નહોતા. તેઓ એને પોતાના અહેવાલમાં બૌદ્ધ સ્થળ તરીકે જ ઓળખાવે છે. આ સભ્યતા ૧૯૨૦-૨૧માં જ્યારે હડપ્પા અને મુએં જો દડો ખાતે ખોદકામ શરૂ થયાં ત્યારે જ પ્રકાશમાં આવી. બીજું લોથલ છેક ૧૯૫૫માં અને ધોળાવીરા એ પછીયે ૧૯૬૭-૬૮માં શોધાયું. ધોળાવીરા આટલું મહત્ત્વપૂર્ણ પુરાસ્થળ છે એ તો ૧૯૯૦ના દાયકામાં રવીન્દ્ર સિંઘ બિષ્ટનાં ઉત્ખનનો પછી જ જાણી શકાયું. લેખક એમ પણ લખે છે કે કનિંગ્હમે આ સંસ્કૃતિનો સમયગાળો '૫૦૦૦ વર્ષ કે તેથી વધુ જૂના સમય' સુધી આંક્યો માટે 'આ વાતથી વિશ્વ આંચકો ખાઈ ગયું.' પણ કનિંગ્હમને આ સભ્યતાની કશી જાણ જ નહોતી. એટલે એનો સમય આંકવાનો ને એથી એટલી પુરાણી સભ્યતા જોઈને વિશ્વને આંચકો ખાવાનો તો પ્રશ્ન જ ઊભો નથી થતો. કનિંગ્હમ તો એમ માનતા કે ભારતનો ઇતિહાસ ગંગાની દ્રોણી (અં. બેસિન)માં શરૂ થયેલાં નગરોથી, એટલે કે ઈ.પૂ. ૫૦૦થી શરૂ થાય છે, એની પહેલાં ભારતનો ઇતિહાસ અજ્ઞાત! એટલે કનિંગ્હમે 'હરપ્પા, મોહેં-જો-દારો, ધોળાવીરા, લોથલની રૂપરેખાને અખંડ ઇન્ડિયાના નકશામાં' ગોઠવી એ વાક્ય ધડમાથા વિનાનું છે; અને એથી જ એ રૂપરેખા ઉપર ૧૮૬૧માં કનિંગ્હમના નેતૃત્વ નીચે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની સ્થાપના થઈ એ વિધાન પણ એટલું જ અર્થહીન.

'ઈ.સ. ૧૯૨૧-૨૨નો એ દિવસ અદ્‌ભુત હતો' એ વાક્યથી શરૂ થતો પરિચ્છેદ લેખકની નિર્ભેળ કલ્પના છે (–અને ત્યાં સાલ ૧૯૨૦-૨૧ જોઈએ.) હકીકત સાવ જુદી છે. ૧૮૫૬માં જ્યારે હાલ પાકિસ્તાન છે તેમાં કરાચીથી લાહોર વચ્ચે ઇસ્ટ ઇન્ડિયન રેલવે નખાતી હતી અને એ માટે નીરમની આવશ્યકતા હતી. ત્યાં જૉન બ્રન્ટન અને વિલ્યમ બ્રન્ટન નામના બે ભાઈઓ ઇજનેર તરીકે કાર્યરત હતા. જૉન બ્રાહ્મીનાબાદ નામના મધ્યયુગીન નગરમાંથી નીરમ માટે ઈંટો ઉપાડી તો ઉત્તરે વિલ્યમે મુલતાન-લાહોરની રેલવે માટે હડપ્પામાંથી. જો કે, આ રીતે ઈંટો લેનાર તેઓ પહેલા કે છેલ્લા નહોતા. આજુબાજુની પ્રજા કેટલાયે સમયથી આ રીતે જૂની ઈંટોનો ઉપયોગ કરતી જ હતી. ને માત્ર રેલવેના નીરમ માટે જ નહીં રેલવે સ્ટેશનોના બાંધકામ માટે પણ આ ઈંટો વપરાયેલી. કનિંગ્હમે ૧૮૫૬માં અથવા બન્ને વર્ષોમાં હડપ્પાની મુલાકાત લીધેલી અને ત્યાંથી હડપ્પીય મહોર ઉપાડેલી પણ એના સમય કે મહત્ત્વ વિશે એમને કોઈ સ્પષ્ટ ખ્યાલ નહોતો. એટલે કે, માર્શલે ૧૯૨૦-૨૧માં રેલવેના નીરમ માટે આવેલી

જુદા આકારની ઈંટો જોઈને શંકા કરી અને એ રીતે એમણે હડપ્પા સભ્યતાની શોધ કરી એવી લેખકની વાત વાર્તાથી વિશેષ નથી.

એ પછીના ફકરામાં આપેલી વિગતો પણ ચોક્કસ નથી. જેમ કે, માધવ સ્વરૂપ વત્સે લેખક લખે છે તેમ મુએં જો દડોમાં નહીં પણ હડપ્પામાં જ ખોદકામ કરેલું. બીજું, મુએં જો દડોના શોધક રાખાલદાસ બેનરજી હતા. જેમના માથે લેખકે હડપ્પાની શોધમાં સહેરો બાંધ્યો છે તે માર્શલે તો છેક ૧૯૨૫ના ફેબ્રુઆરીમાં મુએં જો દડોની મુલાકાત લીધેલી અને ત્યાં સુધીમાં તો રાખાલદાસે પાંચ સીઝનનું કામ કરી દીધેલું. ૧૯૨૮માં નિવૃત્ત થઈ ગયેલા માર્શલે એ કામ પછી પોતાના નામે પ્રકાશિત કર્યું. આ રીતે જોતાં, આ સભ્યતાની શોધમાં માર્શલની કોઈ જ ભૂમિકા નહોતી.

રાખાલદાસ બેનરજી એપિગ્રાફિસ્ટ હતા એ ખરું (અને એનો અર્થ લેખક જણાવે છે તેમ આલેખક નહીં પણ અભિલેખવિદ્યાવિદ અને પુરાલિપિવિદ્યાવિદ થાય, પણ એ એમની અધૂરી ઓળખાણ કહેવાય. એ સંસ્કૃતજ્ઞ, સિક્કાશાસ્ત્રી, પુરાતત્ત્વવિદ અને ઇતિહાસકાર પણ હતા. બંગાળીમાં એમણે નવ ઐતિહાસિક નવલકથાઓ લખી છે, આ રીતે તેઓ સાહિત્યકાર પણ હતા, જો કે એ જુદો મુદ્દો થયો. રાખાલદાસ બેનરજીના ૧૯૩૦માં અવસાન બાદ એમણે લખેલો મુએં જો દડોનો અહેવાલ *મુએં જો દડો- અ ફરગોટન રિપોર્ટ* નામે પ્રકાશિત થયેલો.

બાકીની વિગતોમાં એમણે અર્થઘટન આપ્યાં છે એથી એ વિશે કહેવું યોગ્ય નથી. પણ હડપ્પીય મહોરોને એમણે 'ધન' તરીકે ઘટાવી છે તે પુરાવાથી કે વિદ્વાનોના અર્થઘટનથી પણ સમર્થિત નથી, એટલું કહેવું આવશ્યક છે. ❑❑❑

'નવનીત સમર્પણ'ના આ વખતના અંકમાં 'શબ્દમૂળની શોધ' વિષય અંતર્ગત આપનો લેખ વાંચ્યો. જેમાં આપે 'ટંડેલ' શબ્દ વિશે માહિતી આપી છે. જે મુજબ 'ટંડેલ' એટલે વહાણનો મુખ્ય ખલાસી અથવા સુકાની. એ વ્યવસાય પરથી એ નામની અટક પણ પ્રચલિત બની છે. માન્યું. એકદમ સાચી વાત છે. પણ એક વધુ બાબત પર હું આપનું ધ્યાન દોરવા માગું છું. જેમ કે, અમારા જાફરાબાદ બંદરમાં વહાણના માલિકને પણ 'ટંડેલ' તરીકે ઓળખવામાં આવે છે, પછી તે વ્યક્તિ દરિયામાં જતો હોય કે ન જતો હોય એ બાબત ગૌણ છે. માત્ર એનું પોતાની માલિકીનું વહાણ હોય એટલે એ વ્યક્તિ કાંઠે 'ટંડેલ' તરીકે ઓળખાય. ખાસ કરીને પોતાની બોટના ખલાસી તો 'ટંડેલ' જ કહે. જેનો આડકતરો અર્થ તેમને મન 'વહાણનો શેઠ' એવો પણ કરી શકાય.

અને હા, અમારા બંદર પૂરતી વાત કરું તો અહીં વહાણના સુકાનીને 'ટંડેલ' તરીકે નહિ પણ 'દોઢિયા' તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે વેરાવળ કે માંગરોળ જેવા બંદર પર આ માટે 'ટંડેલ' શબ્દ જ પ્રયોજાય છે. આભાર સહ....

વિષ્ણુ સોમાભાઈ ભાલિયા, જાફરાબાદ. મો. 9723703776

તમારી દૃષ્ટિએ

'નવનીત સમર્પણ' ડિસેમ્બર અંક ખૂબ સરસ. વિવિધ કાવ્યો, વાર્તાઓ, સંવાદ, પરિચય, સાઈકીએટ્રીસ્ટની ડાયરી, ધીરુબહેન પટેલની 'આગંતુક-ઉત્તરાર્ધ અને બીજું ઘણું ગમ્યું,

જયંત રાઠોડની વાર્તા - 'હેકલસરો' ખાસ અને વિશિષ્ટ લાગી. વાર્તાના મધ્યથી, વાર્તાનો માહોલ વાચકને વાર્તામાં તાણી જાય અને બનતી તમામ ઘટનાઓમાં પોતાને હાજર અનુભવે એવો જામ્યો અને અંત સુધી જળવાયો. 'અકસ્માત' વાર્તા પણ સ્પર્શી જાય એવી - ઘણા લોકો જીવનની દોડમાં દેખીતી રીતે પ્રગતિ પામ્યા પછી પોતાની અસલ જાતને ખોઈ દીધા જેવું અનુભવે છે તે એમાં પ્રતીત થયું.

રાજકોટ - કોમલ ત્રિવેદી

* * *

'નવનીત સમર્પણ'માં આવતી શ્રેણી 'ભાવનગરનાં મારાં સંસ્મરણો...' લેખમાં એક ક્ષતિ જણાય છે. માફ કરજો. અમો સરોજબહેન મહેતાનાં કુટુંબીજનો છીએ. ડો. રજની વ્યાસના પિતાશ્રી રમણીકલાલ ત્રિવેદી છે. સરોજબહેનને એકમાત્ર ભાઈ હતા. તેમની કોઈ બહેન નથી. સ્વામીરાવ વિશેની વિગત સાચી છે. અમારા કુટુંબના વડીલ અરુણભાઈ ભટ્ટ તે મીરાં ભટ્ટના જીવનસાથી. તેઓ આત્મારામ ભટ્ટના સુપુત્ર. ગઈકાલે તેમને મળ્યા વડોદરામાં જ. તેમણે પૂર્તિ કરી કે પૃથ્વીસિંહ તેજ સ્વામીરાવ. તેમણે મોટી ઉંમરે લગ્ન કર્યાં તે વાત સાચી. પરંતુ તેમનાં પત્ની તે સરોજબહેન મહેતાના મોટી બહેન તે અસત્ય. ઇતિહાસવિદો કહે છે કે ૬૦ વર્ષે જે પ્રસંગોની સ્મૃતિ જળવાઈ રહે છે તે ઇતિહાસ. તેથી નમ્રતાભાવે અમે ફરજ સમજી અને આ લખી રહ્યા છીએ. આમાં અમારો કોઈ અહંકાર નથી.

- રજની અને ભાસ્કર વ્યાસ

ગતાંકમાં એની નોંધ મૂકી છે. -સં

* * *

આંગતુકનો ઉતરાર્ધ વાંચવા પહેલાં પૂર્વાધ ફરી એકવાર વાંચ્યો. ઉતરાર્ધ વાંચતાં ભાવુક થઈ જવાયું (છેલ્લા પ્રકરણ સિવાય). ઈશાન જેટલો સરળ છે એટલો જ Unattached છે. ધીરુબહેને આ બધું જરૂર અનુભવ્યું હશે એના સિવાય આટલી સરળતાથી આ વાત કહી ન શકે.

જાન્યુઆરીના અંકમાં શ્રી કૌશિક ઘેલાણીના કારણે જિમ કૉર્બેટ નેશનલ પાર્ક વિશે જાણકારી મળી. પાર્કના ફોટોગ્રાફ્સ ખૂબ જ સુંદર છે.

ફેબ્રુઆરીના અંકમાં મારાં પ્રિય લેખિકા વર્ષા અડાલજાની મુલાકાતને (શરીફા વીજળીવાળા) કારણે ખબર પડી કે એમણે કેટલું બધું લખ્યું છે. નાટકોમાં પણ કામ કર્યું છે. શરીફાબહેનના 'બદલતા દેશકાળ' વિશેના પ્રશ્નનો એમણે ખૂબ સરસ ઉત્તર આપ્યો છે.

મુંબઈ - કિરણ ગાંધી

ફેબ્રુઆરી-૨૧ના અંકમાં પ્રદીપ સંઘવીનો 'લતા' લેખ મારા જેવા પ્રકૃતિપ્રેમીને રોમરોમમાં રાજીપો આપી ગયો. એવી જ બીજી કૃતિ તે સુગંધનું સરનામું 'નીતિ દવે'ની બોગનવેલ, જૂઈ, ચમેલી, મધુમાલતી, વર્ષાવેલી તો બીજા લેખમાં બુચના વૃક્ષનું આલેખન. ભૂતકાળનાં દૃશ્યો નજર સમક્ષ તરવરવાં લાગ્યાં. સદ્ગત ડોલરભાઈ માંકડની સંસ્થા ગંગાજલા વિદ્યાપીઠ - અલીઆબાડાના પ્રાંગણમાં પ્રવેશતાં જ બુચનાં ફૂલો નતમસ્તક ઝૂકીને તમને આવકારે, સાથે શિરીષ, બોરસલી, કદંબ, ગરમાળો, ગુલમહોર વગેરે પણ તમારું સ્વાગત કરવામાં પાછાં ન પડે. તો મધુમાલતી અને બોગનવેલ તો ઘરેઘરે પોતાની સુગંધનો દરિયો ફેલાવે. આવું નિસર્ગદર્શન કરાવવા બદલ બંને લેખકોને ધન્યવાદ.

જામનગર - કૃષ્ણા અનડકટ

* * *

પુસ્તક રૂપે 'નવનીત સમર્પણ' વાંચવા ટેવાયેલો છું એટલે લોકડાઉનને કારણે લગભગ ચારેક મહિના 'નવનીત સમર્પણ' મળ્યું નહીં, તો એની ગેરહાજરીનો ખાલીપો અનુભવાયો. સારી વાંચન સામગ્રી પીરસવા બદલ 'નવનીત સમર્પણ'ને અભિનંદન.

ભાવનગર - કિરણ પંડ્યા

* * *

જાન્યુઆરી ૨૦૨૧નો અંક ખૂબ ગમ્યો. આ અંકમાંની શ્રી ગિરીશ ભટ્ટ લિખિત વાર્તા 'વાવ' એક રસપ્રદ અને ભાવવાહી રચના છે. સરળ શૈલીમાં લખાયેલ આ કૃતિ માટે લેખકને અભિનંદન. સુભાષ ભટ્ટ લિખિત પુસ્તક-પ્રેમી જયંત મેઘાણી અંગેનો પરિચય લેખ વાંચ્યો. ગુજરાતી ભાષાની સેવામાં તેઓએ સમર્પિત કરેલ જીવન સદાય સ્મરણીય રહેશે. શ્રી રવીન્દ્રનાથ ટાગોરની કૃતિઓના અભ્યાસી અને અનુવાદક જયંત મેઘાણીને શત શત વંદન.

અમદાવાદ - આઈ. બી. પરમાર

* * *

'નવનીત સમર્પણ' માર્ચ-૨૦૨૧ના અંકમાં આપના સંવાદીયને ખૂબ આવકાર અને હંમેશના ઇંતજાર. આ વખતના કાવ્યોના શબ્દો સાદા સરળ તાજગીભર્યા પરંતુ કવિતાનું માંચડું એવું મજબૂત બનાવી મૂક્યું કે એના વિષયવસ્તુને બરાબર જ ઝિલાયું છે.

હિમાંશી શેલતની વાર્તા વશીકરણ એમની Versatilityનો પુરાવો છે.

આરાધના ભટ્ટે લીધેલી યજ્ઞેશ દવેની મુલાકાત સરસ છે.

કવિ કાન્તની ખુરશી-૨૪માં પ્રવીણસિંહ ચાવડાએ ખુલ્લા દિલે મનુભાઈ પંચોળી પ્રત્યે આદરભાવ બતાવ્યો તે ધન્યવાદને પાત્ર છે.

The Lady with the Dogનો વીનેશ અંતાણીએ સરસ અનુવાદ કરેલ છે.

બધાં જ લખાણો આવકાર્ય છે.

મુંબઈ - કીર્તિચંદ્ર શાહ



ભવન્સ - વૃત્ત

ભારતીય વિદ્યા ભવન અને ઇન્ફોસિસ ફાઉન્ડેશનના ઉપક્રમે 'મિલાપ'

ભારતીય વિદ્યા ભવનની સાંસ્કૃતિક સંસ્થા ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટ્સ અને ઇન્ફોસિસ ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત ઉપક્રમે યોજાતી સાંસ્કૃતિક કાર્યક્રમશ્રેણી 'મિલાપ'નું આયોજન તા. ૧૪ ફેબ્રુઆરીના રોજ ભવન્સના જે. એ. ઓડિટોરિયમમાં થયું હતું.



વિવિધ શાસ્ત્રીય અને પાશ્ચાત્ય વાદ્યો સાથે ગાયનની પ્રસ્તુતિ કરતાં આ કાર્યક્રમની રચના જાણીતા તબલાંવાદકશ્રી સપન અંજારિયાએ કરી હતી. તેમની સાથે તાલવાદ્યો પર પાર્થ સોમાણી, હાર્મોનિયમ પર તેજસ સોની, સરોદ પર ઋચા બેડેકર ટોકે, ડ્રમ પર ધૈવત જાની અને ગાયનમાં મીરાંદે શાહે સાથ આપ્યો હતો.

પ્રવર્તમાન સંજોગોમાં મર્યાદિત પ્રેક્ષકસંખ્યાને ધ્યાનમાં રાખીને યોજાયેલા આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય શાસ્ત્રીય અને પાશ્ચાત્ય સંગીતનાં વિવિધ વાદ્યોની જુગલબંદી દ્વારા પ્રેમ અને મિલનનો સંદેશ આપવાનો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીગર રાણાએ કર્યું હતું.

કોલકાતા કેન્દ્ર

બંધારણ દિવસની ઉજવણી: ભવન્સ ગંગાબક્ષ કનોરિયા વિદ્યામંદિરે ૨૬ નવેમ્બર ૨૦૨૦ના બંધારણ દિવસની ખૂબ ઉત્સાહ અને દેશભક્તિ સાથે ઓનલાઈન ઉજવણી કરી હતી. વિવિધ વર્ગના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યશાસ્ત્રના શિક્ષકો સમક્ષ ખૂબ ઉત્સાહપૂર્વક બંધારણના આમુખનું વાંચન કર્યું હતું.

મુંબઈ કેન્દ્રઃ વિદ્યાર્થીઓને ભગવદ્‌ગીતાનો સંદેશ

મુંબઈ કેન્દ્રે ૨૫ ડિસેમ્બર ૨૦૨૦ના ગીતા જયંતીની ઉજવણી અનુસ્નાતક અને સંશોધન વિભાગના ડો. ગિરિશ બી. જાની અને સહાયક હિતેશ ત્રિવેદીએ ભગવદ્‌ગીતાના પઠન સાથે કરી હતી.

સંસ્કૃત પરીક્ષા વિભાગના સહાયક પરીક્ષામંત્રી ડો. શિવગોપાલ મિશ્રાએ 'વિદ્યાર્થીઓ માટે ભગવદ્‌ગીતાનો સંદેશ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

હિતેશ ત્રિવેદીએ વેદિક પ્રાર્થના ગાઈ હતી. શ્રી કૃષ્ણકુમાર ઝા સહાયક પરીક્ષામંત્રીએ સ્વાગત પ્રવચનમાં ગીતા જયંતીનું મહત્ત્વ જણાવ્યું હતું અને વ્યાકરણાચાર્ય વક્તા શિવગોપાલ મિશ્રાનો પરિચય આપ્યો હતો. શિવ ગોપાલ મિશ્રાએ ભગવદ્‌ગીતામાં શૈક્ષણિક માપદંડ ઉપરાંત વિવિધ મુદ્દાઓનું વિશ્લેષણ કર્યું હતું.

ભારતીય વિદ્યા ભવને સ્થાપક-પ્રમુખ કુલપતિ ડો. ક. મા. મુનશીને ૫૦મી પુણ્યતિથિ ૮મી ફેબ્રુઆરી ૨૦૨૧ના શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ભવન્સ અનુસ્નાતક અને સંશોધન વિભાગના અતિરિક્ત નિદેશક ડો. ગિરિશ બી. જાનીએ ભગવદ્‌ગીતાના ૧૨ અને ૧૫મા અધ્યાયનું અને વિષ્ણુસહસ્રનામનું પઠન કર્યું હતું. સહાયક શ્રી હિતેશ ત્રિવેદી (સાહિત્યાચાર્ય)એ ભગવદ્‌ગીતા અને કુલપતિ મુનશીજી વિશે ઓનલાઈન વક્તવ્ય આપ્યું હતું.

ભવન્સ સંસ્કૃત પરીક્ષામંત્રી શ્રી કૃષ્ણકુમાર ઝાએ વેદિક પ્રાર્થના અને સ્વાગતપ્રવચન કર્યાં હતાં અને મુનશીજીને શ્રદ્ધાંજલિ આપી હતી. સહાયક પરીક્ષામંત્રી ડો. શિવગોપાલ મિશ્રાએ વક્તાની ઓળખ કરાવી હતી.

હિતેશ ત્રિવેદીએ મુનશીજીને શ્રદ્ધાંજલિ અર્પતાં મુનશીજીના પુસ્તક 'ભગવદ્‌ગીતા અને અર્વાચીન જીવન'ના થોડા મુદ્દા રજૂ કર્યા હતા.

સહાયક પરીક્ષામંત્રી શ્રીમતી જ્યોતિ જાધવે આભારવિધિ કર્યો હતો.

'વેદિક જ્યોતિષ વિષયક પાસા અંગે નવી અવધારણા' ઉપર પ્રા. શરદ જોશીનું વક્તવ્ય

સ્વ. શ્રી નિરંજન જોશીની પુણ્યસ્મૃતિમાં વિશ્વ જ્યોતિષ સંસ્થાન, મુંબઈ દ્વારા જ્ઞાનમાલા મહોત્સવ ૨૦૨૦ અંતર્ગત ૨૫ ડિસેમ્બરે વાર્ષિક વ્યાખ્યાનમાળાનું ઓનલાઇન આયોજન થયું હતું. તેમણે વેદિક, સાયણ, તજિકા, જૈમિનિય, વાસ્તુ અને નાડી જ્યોતિષને લગતા વિવિધ મુદ્દા સવિસ્તાર સમજાવ્યા હતા.



પ્રા. શરદ જોશી

જન્મકુંડલીમાં મંગળ, ગુરુ અને શનિનાં સ્થાન અંતર્ગત વેદિક અવધારણા કઈ રીતે માતા અથવા માતૃભૂમિના આશીર્વાદ કે શ્રાપનો ફલાદેશ આપે છે એ ઉદાહરણસહ સમજાવ્યું. પૂર્વજન્મનાં કર્મોનું ફળ આ જન્મમાં કઈ રીતે ભોગવવાનું થાય છે એનો પણ એમાં ઉલ્લેખ હતો.

વ્યાખ્યાન બાદ પ્રશ્નોત્તરી થઈ હતી. વિશ્વ જ્યોતિષ સંસ્થાનના શિક્ષક શ્રી કેતન વાગડિયાએ કાર્યક્રમનાં સંચાલન અને આભારવિધિ કર્યાં હતાં.

વર્તમાન ગ્રહસ્થિતિની વૈશ્વિક અને વ્યક્તિગત સ્તરે અસર વિષય પર ડો. કે. કે. પાંડેનું વ્યાખ્યાન

મકરસંક્રાંતિ પ્રસંગે ભવન્સ જ્યોતિષ ભારતીએ સૂર્યપૂજાનું આયોજન કર્યું હતું અને વેદાંગ જ્યોતિષ વિભાગ, કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત વિશ્વ વિદ્યાલય, રામટેક-મહારાષ્ટ્રના ખ્યાતનામ સંસ્કૃત વિદ્વાન પ્રા. ડો. ક્રિષ્ણાકુમાર પાંડેનું ૨૭ ડિસેમ્બર, ૨૦૨૦ના વૈશ્વિક અને વ્યક્તિગત સ્તર પર વર્તમાન ગ્રહોની સ્થિતિની અસર વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

સૂર્યપૂજા કાર્યક્રમનો ઓનલાઈન આરંભ વેદિક પ્રાર્થના સાથે થયો. વેદિક પ્રાર્થના ચિંતન જોશીએ કરી. સ્વાગત પ્રવચન અને વક્તાની ઓળખવિધિ પ્રા. શરદ જોશીએ કર્યાં હતાં.

મેનેજિંગ સમિતિના અધ્યક્ષ ડો. દિનેશ કે. દફ્તરીએ જ્યોતિષના શિક્ષકો અને વિદ્યાર્થીઓને વિનંતી કરી કે કુદરતી આફતો, મહામારી અને અણધારેલી પરિસ્થિતિઓનો સંકેત મેળવવા માટે સઘન સંશોધન કરવું જોઈએ. જેથી તેને નિવારવા પગલાં લઈ શકાય. શુભકાર્યો માટે શુભમુહૂર્તના માહત્મ્ય ઉપર એમણે ભાર મૂક્યો હતો.

ડો. કે. કે. પાંડેએ જ્યોતિષ શાસ્ત્રનાં વિવિધ અંગો અને જીવન પર ગ્રહોની અસર વિશે વાત કરી.વર્તમાન પરિસ્થિતિમાં અનુકૂળ પરિવર્તન મે' ૨૦૨૧ પછી આવશે તેવું ગ્રહોની બદલાતી સ્થિતિના સંદર્ભે ભવિષ્ય ભાખ્યું હતું. વિભાગીય સભ્યો સર્વ શ્રી રાજેશ કાચા, સીમંત મહારાણા, કુણાલ વોરા, અર્ચના ભીડે અને ઊર્મિ પાસદે ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને સફળ સમાપન સુધી સહકાર આપ્યો હતો. શ્રીમતી મનીષા ગોયલે આભારવિધિ કર્યો હતો.

નડિયાદ કેન્દ્રઃ પુસ્તક વિમોચન

ભારતીય વિદ્યા ભવન નડિયાદ કેન્દ્ર માત્ર બાળકો જ નહિ પણ જિજ્ઞાસુ વયસ્કોના વિકાસ માટે સુધ્ધાં પ્રયાસશીલ છે. જેમને અંગ્રેજી બોલવાની ક્ષમતા વધારવાની ઇચ્છા હોય અને અંગ્રેજી શીખી કારકીર્દિનાં નવાં શિખરો સર કરવાં



હોય તેમના માટે કેન્દ્રે 'Speaking English -Made Easier' પુસ્તક પ્રગટ કર્યું છે. 'શ્રી હરિભાઈ વી. દેસાઈ ઇન્સ્ટિટ્યુટ ઓફ સ્કીલ ડેવેલેપમેન્ટ'ના આશ્રયે પ્રકાશિત પુસ્તકનું વિમોચન ૧૨ ડિસેમ્બર ૨૦૨૦ના થયું હતું. આ પુસ્તકનાં લેખક શાળાનાં આચાર્યા શ્રી વંદના શ્રીવાસ્તવ અને અંગ્રેજી વિભાગનાં શ્રી દીપાલી પટેલ છે. ગુજરાતીઓ માટે ખૂબ ઉપયોગી આ પુસ્તક નડિયાદ કેન્દ્રના મોભી શ્રી જીતુભાઈ ત્રિવેદીને સમર્પિત કરવામાં આવ્યું છે.

શાસ્ત્રીય ગાયન

૧૭ ડિસેમ્બર ૨૦૨૦ના ભવન્સ ગંગાબક્ષ કનોરિયા વિદ્યામંદિર, SPIC MACAY અને infoanalyticaએ કિરાણા ઘરાણાના ડો. જયતીર્થ મેવુન્ડીજી દ્વારા હિંદુસ્તાની ગાયનની પ્રસ્તુતિનું માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે zoom પર સહ-આયોજન કર્યું હતું. ગાયનનો રેકોર્ડિંગ વિડિયો Spic Macay દ્વારા મોકલાયો હતો અને ફેસબુક પર પણ પ્રસારણ થયું હતું. ત્યારબાદ પ્રશ્નોત્તર સત્રમાં પંડિતજીએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ગાયન વિષયક પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા.



આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

વિનોદ જોશી: 'પ્રયાગ', 32 - શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર 364001.

સાહિલ: નિસા, 3/15, દયાનંદ નગર, રાજકોટ-360002. મો. 9428790069

પ્રફુલ્લ પંડ્યા: રૂમ નં. 4, ભાનુશાલી વાડી, જલારામ મંદિરની બાજુમાં, કુંડ પરિસર, આક્રોલી, વજ્રેશ્વરી, થાણા-401204

અર્પણ ક્રિસ્ટી: બી-1/6, સ્તુતિ એપાર્ટમેન્ટ, લાલભાઈ સેન્ટરની સામે, મણીનગર, (પૂર્વ), અમદાવાદ-380008

યોગેશ વૈદ્ય: mryogi62@gmail.com. M. 9099093023

સુધીર પટેલ: sudhir12@gmail.com

રમણીક સોમેશ્વર: દ્વારા: ડૉ. દર્શના ધોળકિયા, ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે, ભુજ (કચ્છ)-370001, મોબાઈલ: 9429342100

ભાવેશ ભટ્ટ: એચ-503, સ્વામિનારાયણ કેસલ-1, અર્જુન-આશ્રમની પાસે, ગ્રીનસિટી રોડ, નિર્ણયનગર, અમદાવાદ-382481

જિત ચુડાસમા: મુ.પો. : ઠાડચ, તા : પાલિતાણા, જિ.: ભાવનગર, પિન કોડ : ૩૬૪૧૪૦.

મનોહર ત્રિવેદી: 20, શિવહરિ રો હાઉસ, કનકપુર હાઉસિંગ રોડ, સચિન, સુરત-394 230.

ભગવતીપ્રસાદ પંડ્યા: 'નાદબ્રહ્મ', 2-અક્ષર નગર, ગાંધી ગ્રામ, રાજકોટ, પીન-360007.

ગુણવંત શાહ: ટહુકો, જયપ્રકાશ નારાયણ માર્ગ (જે. પી. રોડ), ૧૩૯, વિનાયક સોસાયટી, વડોદરું-૨૦.

સતીશ વૈષ્ણવ: ૩૦૨, સોનેટ, એફ.સી.આઇ.પાસે, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

પારુલ એચ. ખખ્ખર: 'તીર્થ', ૧૫૩-ગુરુકૃપાનગર, ચિત્તલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧.

અમી ભાયાણી: 19, ગોલ્ડ વિલા, આકૃતિ સોસાયટી, બાવડિયા કલાન, ભોપાલ, મધ્યપ્રદેશ-462026.

સતીશચંદ્ર વ્યાસ: vyas.shabd@gmail.com

ગિરીશ ભટ્ટ: પ્રશાંતિ નિલયમ, માધવ નગર, સુરેન્દ્રનગર, પીન-363001.

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.

સરોજ પોપટ: B/22, તક્ષશીલા ટાવર, વસ્ત્રાપુર, અમદાવાદ-380015.

જ્યોતિભાઈ દેસાઈ: બી-503, એવરેસ્ટ ડિગ્નિટી, ભાયલી સ્ટેશનની બાજુમાં, વડોદરા-391 410.

અમૃત ગંગર: ઇ-૫૦૪ પંચશીલ ગાર્ડન્સ, મહાવીર નગર, કાંદિવલી પશ્ચિમ, મુંબઈ-૪૦૦ ૦૬૭.

પ્રદીપ સંઘવી: એ/43-44, પ્રભુ નિવાસ, વર્તક નગર, બોરીવલી (વેસ્ટ). ફોન-28986452.

દીપક જોશી: એ/6, પ્રમુખ જિયોન બંગ્લોઝ, પ્રમુખનગર રોડ, સરગાસણ, ગાંધીનગર-382 421. મો. 99784 05662

બાદલ પંચાલ: 2-80, હરીબાગ બિલ્ડિંગ, સનમિલ રોડ, લોઅર પરેલ, મુંબઈ-400 013.



વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

વિવેક : સંગીતા, મને લાગે છે... કે I love you!

સંગીતા : પણ મારે તો ચાર વર્ષથી બોયફ્રેન્ડ છે જ ને તું...

વિવેક : થેંક્યુ ડાર્લિંગ, આ શોધવા તારા પપ્પાએ મને પચાસ હજાર આપ્યા હતા... હવે તું તારે જા.

☺ ☺ ☺

ભૂરાને ચાર-પાંચ વરસની બેકારી પછી એક ડેમ પર દેખરેખ રાખવાનું કામ મળ્યું. એને કહ્યું હતું કે વોર્ડની પરીક્ષામાં નાપાસ થનારા આવે તો એમને સમજાવવાના. કહેવાનું કે પરીક્ષા તો પાછી આવતા વર્ષે આવશે. જિંદગી બીજી નંઈ મળે. વગેરે વગેરે... ભૂરો તો ભાઈ કામે ચડી ગયો હરખભેર... પેલ્લા જ દા'ડે એક બેન આવ્યાં. ભૂરાએ પૂછ્યુંઃ દસ કે બાર? બેન કહે : હું ગ્રેજ્યુએટ છું મુવા, તારે શી પંચાત?' ભૂરોઃ તો તમતારે ખાબકો... મારે તો બોર્ડવાળાને જ ના પાડવાની છે!

☺ ☺ ☺

મનિયો : કાકા, તમે મારા બાપાને ઓળખો છો?

પાનવાળો : ના કોનો છોકરો છો તું?

મનિયો : હવે માથાકૂટ મેલ્યને, એક કાચી સોપારી 135, 420નો માવો ને તાજનું એક પેકેટ દઈ દ્યો એટલે હું થાવ હાલતો.

☺ ☺ ☺

હાસ્યેન સમાપયેત

પિતા: ''જો બેટા તારા માટે નવા જોડા લાવ્યો છું.''

દીકરો: ''પણ પપ્પા આની સાઈઝ તો મોટી છે.''

પિતા: ''હા, પહેરવાના તો મારે છે, તારે તો માત્ર ખાવાના છે.''

☺ ☺ ☺

વિજ્ઞાનના શિક્ષક: ''કેમ કિશોર ક્લાસમાં ઝોકાં ખાય છે.''

કિશોર: ''ના સર, ગુરુત્વાકર્ષણના નિયમને લીધે માથું વારે વારે ઢળી પડે છે.''

☺ ☺ ☺

અસીલ: ''મારી ચિંતા કરવાના હું તમને દસ હજાર આપીશ.''

વકીલ: ''બહુ સારી વાત છે, ક્યાં છે દસ હજાર?''

અસીલ: ''એની જ તમારે ચિંતા કરવાની છે.''

☺ ☺ ☺

''આ ગરીબ બિચારો હજી ભૂતકાળમાં જ જીવે છે.''

''એમાં એનો વાંક નથી, ત્યારે સસ્તાઈ કેટલી હતી?''

☺ ☺ ☺

ફૂટબોલનો કોચ: ''ફૂટબોલ માત્ર રમત નથી, એ વ્યક્તિત્વ વિકાસનો પાયો છે, આત્મનિર્ભરતાનું પગથિયું છે, નેતૃત્વ વિકાસ માટે પગદંડી છે. જાઓ અને મેં કહ્યું છે બરાબર એમ જ રમજો. જરાય આઘુંપાછું ન થાય, સમજ્યા?''

☺ ☺ ☺

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

Total Pages 140

Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.